# महावीरचरियं

- सिरिगुणचंदगणी



३

# MAHAVIR CHARIYAM

OF

**SHRI GUNCHANDRA GANI**
IN PRAKRIT

**PART - 3**

**Sanskrit Translation**

**Muni Nirmalyashvijay**

**Gujarati Translation**

**Shri Atmanand Jain Sabha, Bhavnagar**

**PUBLISHERS**
**SHRI DIVYA DARSHAN TRUST**
**39, KALIKUND SOCIETY**
**DHOLKA - 387810**
**DIS : AHMEDABAD, STATE : GUJARAT (IND.)**
**Ph. : 02714-225482**

# INTRODUCTION


| | | |
|---|---|---|
| **ORIGINAL TEXT** | : | MAHAVIR CHARIYAM |
| **AUTHOR** | : | SHRI GUNCHANDRA GANI |
| **LANGUAGE** | : | PRAKRIT |
| **SANSKRIT TRANSLATION** | : | MUNI NIRMALYASH VIJAY |
| **GUJARATI TRANSLATION** | : | SHRI ATMANAND JAIN SABHA, BHAVNAGAR |
| **EDITED BY** | : | MUNI NIRMALYASH VIJAY |
| **TYPE SETTERS** | : | ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR, KOBA |
| **PRINTERS** | : | SHRI PARSHVA COMPUTERS, AHMEDABAD |
| **EDITION** | : | 1St |
| **COPY** | : | 500 |
| **PRICE** | : | ₹ 1600/- (WHOLE SET) |
| **AVAILABLE AT** | : | 1 PUBLISHERS<br>2 SHIRISH SANGHVI<br>702, RADHA KUNJ<br>OPP. WITTY KID'S SCHOOL<br>RAMCHANDRA LANE<br>MALAD (WEST)<br>MUMBAI - 400064<br>MO : 9892870790<br>3 MAHENDRA ZAVERI<br>502, SANSKRUTI COMPLEX<br>NR. ATITHI CHOWK<br>KALAWAD ROAD<br>RAJKOT - 360005<br>MO : 9825168834 |
| **ISBN** | : | 978-81-925531-2-2 |

ISBN 978-81-925531-2-2

9 788192 553122


This fresh edited text has been printed in four volumes.

પ્રાકૃતભાષાનિબદ્ધ

# મહાવીર ચરિયં

રચયિતા

## પરમ પૂજ્ય શ્રીગુણચંદ્રગણી

## ભાગ-૩

દિવ્યાશિષ

પરમ પૂજ્ય સકલસંઘ હિતચિંતક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.

શુભાશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.

સંસ્કૃત છાયાકાર

પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર
શ્રી વિશ્વકલ્યાણવિજયજી મ. સા. ના શિષ્યરત્ન પરમ પૂજ્ય વિદ્વદ્વર્ય
પંન્યાસ પ્રવર શ્રીયશોવિજયજી મ. સા. ના
શિષ્યાણુ મુનિ નિર્મલયશવિજય


ગુજરાતી અનુવાદક


શ્રી આત્માનંદ જૈન સભા, ભાવનગર

પ્રકાશક


શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી
મફલીપુર ચાર રસ્તા પાસે
ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૭૮૧૦
ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨

| | | |
|---|---|---|
| **ગ્રંથનું નામ** | : | મહાવીરચરિયમ્ |
| **કર્તા** | : | શ્રી ગુણચંદ્ર ગણી |
| **ભાષા** | : | પ્રાકૃત |
| **વિશેષતા** | : | શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના પૂર્વના ૨૭ ભવોનું તથા ૨૭મા ભવની ઐતિહાસિક ઘટનાઓનું, પ્રભુના સમકાલીન ભારતવર્ષની રાજકીય, ધાર્મિક પરિસ્થિતિ વગેરેનું ઐતિહાસિક તથા કાવ્યાત્મક રીતે રોચક વર્ણન |
| **સંસ્કૃત છાયા** | : | મુનિ નિર્મલયશવિજય |
| **ગુજરાતી અનુવાદ** | : | શ્રી આત્માનંદ જૈન સભા, ભાવનગર |
| **અક્ષરાંકન** | : | આચાર્ય શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા |
| **મુદ્રક** | : | શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ<br>મો. ૯૯૦૯૪૨૪૮૬૦ |
| **કુલ ભાગ** | : | ૪ |
| **આવૃત્તિ** | : | પ્રથમ **નકલ :** ૫૦૦ **મૂલ્ય :** ₹ ૧૬૦૦/- (સંપૂર્ણ સેટના) |
| **પ્રાપ્તિસ્થાન** | : | **૧) પ્રકાશક**<br>**૨) શ્રી શિરીષભાઇ સંઘવી**<br>૭૦૨, રાધાકુંજ<br>વી.ટી. સ્કુલની સામે<br>રામચંદ્ર લેન, મલાડ (વે.)<br>મુંબઇ - ૪૦૦૦૬૪<br>મો. ૯૮૯૨૮૭૦૭૯૦<br>**૩) શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી**<br>૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ<br>અતિથિ ચોકની પાસે,<br>કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫<br>મો. ૯૮૨૫૧૬૮૮૩૪ |





# સમર્પણમ્


આસન્નોપકારી
વર્તમાન શાસન
સ્થાપક
શ્રી વર્ધમાનસ્વામીના
ચરણોમાં
મોક્ષમાર્ગના
પ્રદર્શક
જિનશાસનને
જેમની
જન્મશતાબ્દીમાં આ
ગ્રંથનું કાર્ય થયું તેવા
વર્ધમાનતપોનિધિ
પરમ પૂજ્ય
આચાર્યદેવેશ શ્રીમદ્
વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી
મહારાજાના ચરણોમાં
આ ગ્રંથ
સમર્પિત
કરેલ છે.
અધ્યાત્મની રસાળતા
ચખાડનાર પૂના
જિલ્લોદ્ધારક પરમ
પૂજ્ય પંન્યાસપ્રવર
શ્રીવિશ્વકલ્યાણ વિ.
મ. ના ચરણોમાં
સતત કૃપાદૃષ્ટિ
& અમીદૃષ્ટિ
રાખનાર વર્તમાન
ગચ્છાધિપતિ પરમ
પૂજ્ય આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય
જયઘોષસૂરીશ્વરજી
મહારાજાના ચરણોમાં
ભવોદધિતારક
પરમ પૂજ્ય ગુરુદેવ
શ્રીયશોવિજયજી મ.
ના ચરણોમાં

# પ્રકાશકીય નિવેદન

અનેક શારીરિક, માનસિક, કાર્મિક ઉપાધિઓથી ઘેરાયેલા અને એટલે જ વ્યથિત, પીડિત એવા જીવોને જોઇ આજથી ૨૫૦૦ જેટલા વર્ષ પૂર્વે કરુણાથી પરિપ્લાવિત અંતઃકરણવાળા શ્રમણ ભગવાન મહાવીર મહારાજાએ જગતને પોતાની મધુરી વાણીથી પ્રતિબોધિત કર્યું. આજે પણ એ વાણી જગતને સાચો રાહ દર્શાવે છે. પરમાત્મા શ્રમણ ભગવાન મહાવીર મહારાજાએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ બાદ જે રાહ દર્શાવ્યો તે રાહ ઉપર સ્વયં પોતે ચાલ્યા હતા. કઠિનમાં કઠિન સાધના કરી હતી. એમની એ સાધનાનું વર્ણન ગમે તેવા સહૃદયી સજ્જનને આંસુ પડાવ્યા વિના રહે નહી. આવી દર્દનાક સાધના પરમાત્માએ હસતા હસતા કરી છે.

જૈનશાસનની માન્યતા અનુસાર પરમાત્મા થવાનો અધિકાર કોઇ એક વ્યક્તિને જ નથી મળ્યો. પણ, સહુ કોઇને મળેલ છે. સાધના કરનાર કોઇ પણ વ્યક્તિ પરમાત્મા થઇ શકે છે. પામરમાંથી પરમાત્મા સુધી પહોંચવું શક્ય છે. પરમાત્મા મહાવીરસ્વામી પણ રાતોરાત પરમાત્મા નથી બની ગયા. પણ ૨૭ ભવની યાત્રા તેમણે પણ ખેડી છે. ચડતી-પડતીના અનેક દિવસો આવે છે, પૂર્વના ભવોમાં કરેલી ભૂલોની સજા પરમાત્મા મહાવીરને ૨૭મા ભવમાં પણ ભોગવવી પડી છે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના જીવનને સંલગ્ન આવી ઘણી બધી વાતો **શ્રીગુણચંદ્રગણિવર્યજી**એ **'શ્રીમહાવીરચરિયં'** ગ્રન્થરૂપે ગૂંથી છે. અનેક બોધપાઠો આપતું આ ચરિત્ર ખરેખર ખૂબ જ આસ્વાદ્ય છે.

વર્ષો પૂર્વે **શ્રી આત્માનંદ જૈન સભા તરફથી** આ ગ્રંથનો ગુર્જરાનુવાદ પણ બહાર પડેલ. તે ગુર્જરાનુવાદમાં યથાયોગ્ય ફેરફાર કરી તથા મૂળ પ્રાકૃતગ્રંથની સંસ્કૃત છાયા કરવાનું ભગીરથ કાર્ય પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રીયશોવિજયજી** મ. સા. ના શિષ્યરત્ન પરમ પૂજ્ય મુનિરાજ **શ્રીનિર્મલયશવિજયજી** મ. સા. એ કર્યું છે. તેઓશ્રીએ આવા રૂડા ગ્રંથને પ્રકાશિત કરવાનો મોકો અમને આપી અમારી શ્રીસંસ્થા ઉપર અનુપમ ઉપકાર કર્યો છે.

પરમ પૂજ્ય સંકલસંઘ હિતચિંતક સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.** ના દિવ્યાશિષથી, પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાના શુભાશિષથી આવા પ્રકાશનોનો લાભ અમને મળતો રહે છે.

આ પ્રકાશન કાર્યમાં સંપૂર્ણ આર્થિક સહયોગ આપનારા **શ્રી ભુજ તપગચ્છ જૈન સંઘ**નો પણ અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**શ્રી આત્માનંદ જૈન સભા, ભાવનગર** તરફથી ગુર્જરાનુવાદને સંશોધિત કરી પુનઃ પ્રકાશન કરવા માટે સંમતિ મળી છે, તેના પણ અમે ખૂબ ખૂબ ઋણી છીએ.

તથા આ ગ્રંથના અક્ષરાંકન માટે **આચાર્ય શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા** તરફથી ખૂબ જ સ્તુત્ય સહયોગ મળેલ છે. તથા ગ્રંથના મુદ્રણ વગેરે કાર્ય માટે **શ્રીપાર્શ્વ કોમ્પ્યુટર્સ** તરફથી પણ પ્રશંસનીય સહકાર મળેલ છે.

તદુપરાંત આ કાર્યમાં જે જે સંસ્થા-વ્યક્તિ સહયોગી થયા છે તે સૌનો અમે આભાર માનીએ છીએ.

આવા રૂડા ગ્રંથના વાંચનનો વ્યાપ વધે અને શ્રીસંઘ તેના દ્વારા શીઘ્ર મુક્તિ પદને પ્રાપ્ત કરે એજ.

લિ.

**શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ વતી**

**કુમારપાળ વી. શાહ**

# મહાવીર ચરિયં

## ચાર ભાગના
## સંપૂર્ણ લાભાર્થી

# શ્રી ભુજ તપગચ્છ જૈન સંઘ
# ભુજ - કચ્છ

પાવન પ્રેરણા : પરમ પૂજ્ય વિદ્વદ્વર્ય પંન્યાસ પ્રવર શ્રી યશોવિજયજી મ. સા.

## ધન્ય શ્રુતભક્તિ !
## ભૂરિ ભૂરિ અનુમોદના

**નોંધ :** પ્રસ્તુત પ્રકાશનના ચારે ભાગ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી ગૃહસ્થે કિંમત ચૂકવ્યા વિના તેની માલિકી કરવી નહીં.

**વિભાગ પ્રમાણે ગ્રંથના પ્રસ્તાવોનું વર્ગીકરણ**

| | | |
|---|---|---|
| ભાગ-૧ | પ્રસ્તાવ ૧ થી ૩ | પૃ. ૧ થી ૩૨૪ |
| ભાગ-૨ | પ્રસ્તાવ ૪ | પૃ. ૩૨૫ થી ૬૩૦ |
| ભાગ-૩ | પ્રસ્તાવ ૫ થી ૭ | પૃ. ૬૩૧ થી ૧૦૮૦ |
| ભાગ-૪ | પ્રસ્તાવ ૮ | પૃ. ૧૦૮૧ થી ૧૪૮૦ |

# મંગલ આશીર્વચન

અનેક યુવાનોના રાહબર, સકલસંઘ હિતચિંતક સ્વર્ગસ્થ દાદાગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાની જન્મશતાબ્દીનું મંગલવર્ષ (વિ. સં. ૨૦૬૭) ચાલી રહ્યું હતું. પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાના શુભાશિષથી ચતુર્વિધ શ્રીસંઘમાં ઠેર ઠેર આરાધનાના મંડાણ મંડાયા હતા. શ્રમણસંઘ પણ નતૂન પ્રકાશનો શ્રીસંઘના ચરણોમાં સમર્પિત કરી રહ્યો હતો. આ શુભઅવસરને પામી કંઇક નવતર પ્રકાશન દાદાગુરુદેવશ્રીના ચરણે સમર્પિત કરવા માટે મેં મારા શિષ્યમુનિ **શ્રી નિર્મલયશવિજયજી**ને સહજ પ્રેરણા કરી.

પ્રાકૃતભાષાની જટિલતાને કારણે પ્રાકૃતભાષાના ઘણા ગ્રંથો, કે જે ઐતિહાસિક દસ્તાવેજ સમાન છે, અભ્યાસ વર્તુળમાંથી બાકાત રહી ગયા હતા. એમાં પણ **શ્રીગુણચંદ્રગણિવર્યજી** મ. સા. વિરચિત **'મહાવીર ચરિયં'** ગ્રંથ ઘણો જ અદ્‌ભુત છે. તેની છાયા કરવાની મેં પ્રેરણા કરી. તેમણે તે કાર્ય સહર્ષ સ્વીકાર્યું. મુનિશ્રીએ વૈયાવચ્ચયોગને તો આત્મસાત્ કર્યો જ છે, સાથે સાથે અંતર્મુખતા અને સાધના પ્રિયતા તેમના અનુપમ ગુણ છે. અત્યંત પરગજુ સ્વભાવના મુનિશ્રીએ ખૂબ જ સુંદર રીતે છાયાનું તથા સેટીંગ-સંપાદન વગેરેનું કાર્ય પાર પાડ્યું છે. મારી ઇચ્છાને માન આપી મારા ગુરુદેવશ્રી પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મ. સા. ની સેવામાં રાતદિવસ જોડાયેલા રહે છે. તથા પૂ. ગુરુદેવશ્રીની જ સેવામાં સહર્ષ જોડાયેલા મુનિ **શ્રીજ્ઞાનયશવિજયજી**ને સતત અભ્યાસ પણ કરાવી રહ્યા છે. તે વચ્ચે આ કાર્ય તેમણે પૂર્ણ કર્યું છે.

આ અવસરે અંતરના આશિષ સાથે એટલું જ કહીશ તેઓ આવા સુંદર કાર્યો કરવા દ્વારા અંતરંગ પુરુષાર્થને સાધી વહેલી તકે પરમપદને પામે.

**- પંન્યાસ યશોવિજય**

# પ્રસ્તાવના

રાજા શ્રેણિક પ્રભુ વીરને રોમ-રોમમાં વસાવી શક્યા તેનું રહસ્ય આપણે વિચારીએ તો બેઠા-બેઠા કંઈ સમજમાં ન આવે. પણ એક વાર પ્રભુ વીરના જીવનને જોતા આવડે તો 'અરિહંતતત્ત્વ કેવું લોકોત્તર તત્ત્વ છે ! તેમાં પણ આપણને મળેલા પરમાત્મા તો કંઈક વિશિષ્ટ જ છે' - એ સમજમાં આવ્યા વિના ન રહે. માટે જ પૂજ્ય ગુણચંદ્રગણિજીએ આપણી સામે પ્રભુવીરનું ચરિત્ર વિસ્તારથી મૂકી દીધું છે. ડગલેને પગલે અનેક પ્રકારના સંદેશા આપનાર આ ચરિત્રને "अतिपरिचयाद् अवज्ञा" સૂત્રને બાજુ પર મૂકીને શાંતિથી વાંચવાની - વિચારવાની - આપણા જીવનમાં અપનાવવાની જરૂર છે. પ્રસ્તુત પુસ્તકમાં પ્રભુવીરના ચરિત્ર સંબંધી પ્રસ્તાવ ૫ + ૬ + ૭ નો સમાવેશ કરવામાં આવેલ છે. પ્રભુ ઉપર પડેલ ઉપસર્ગોની સશસ્ત્ર ફોજ અને પ્રભુનો પ્રતિકાર વિનાનો કર્મપ્રતિકાર = નિર્લેપ સ્વીકાર અત્ર સુંદર રીતે રજૂ થયેલ છે.

પરમાત્મા અવશ્ય મોક્ષ મળવાનો હોવા છતાં સાધના કરવા સામે ચાલીને તૈયાર થયા. ઉગ્ર તપધર્મની આરાધના કરી અને આપણને શરીરથી મુક્ત થવા - દેહાધ્યાસથી દૂર થવા તપ કરવાની એક સુંદર પ્રેરણા આપી રહ્યા છે.

પ્રભુના જીવનની સૌથી મોટી કરુણા કદાચ ગોશાળો પરમાત્માને ભેગો થયો તે જ કહી શકાય. અને પરમાત્માની એક અત્યંત ઉન્નતતા કે સાવ અપાત્ર એવા ગોશાળાને ક્યારે પણ જવાની વાત ન કરી. ઊલટું શીતલેશ્યા દ્વારા બચાવ્યો, કાંટામાં ફેકાયેલા તેને ત્યાં ઉભા રહેવા દ્વારા કઢાવ્યો અને અંતે સમ્યક્ત્વ પણ પ્રાપ્ત કરાવ્યું. જીવમાત્ર પ્રત્યેની કરુણા માટે આ સિવાય બીજો શ્રેષ્ઠ આદર્શ શું મળવાનો ! પ્રભુની આંતરિક સાધનામાં રહેલા ક્ષમા-પ્રેમ-ઉદારતા-કરુણા જેવા ગુણોની અહીં સ્પષ્ટ પ્રતીતિ થાય છે.

એકાંત-મૌન-ધ્યાન-કાયોત્સર્ગ પૂર્વકની પ્રભુની બાહ્ય સાધના ખંડેરોમાં થઇ. ધ્યાન-કાઉસ્સગ્ગ જેવી ઉચ્ચ સાધના કરતા ભગવાને સંગમદેવ અને કટપૂતના વ્યંતરીના ઉપસર્ગો પણ સહન કર્યા. અત્યંત અસહ્ય રીતે કાનમાં ખીલા ઠોકાયાનો ઉપસર્ગ પણ પરમાત્માની આ સાધનામાં બાધક ન બન્યો. અહીં પરમાત્મા આચાર શુદ્ધિનો સુંદર આદર્શ આપણને આપે છે.

સંગમના કાળચક્રના ઉપસર્ગ અને છ માસના ઉપવાસ પછી પણ "સંગમ તું અમારી ચિંતા નહિ કર" બોલનારા ભગવાન જાણે ભવિષ્યના કાનમાં ખીલા ઠોકાવાના ઉપસર્ગના સ્વાગત માટે તૈયાર હોય એવું જણાવી રહેલ છે. પ્રભુની આ વીરતા ખરેખર તેમના નામને સાર્થક કરનારી છે.

પરમાત્માએ મજબૂરીથી સહન નથી કર્યું પણ સામે ચાલીને સહન કર્યું છે. માટે જ તેઓ અનાર્યભૂમિમાં બે વાર જાય છે અને અભિગ્રહ સાથેનો ૫ માસ ૨૫ દિવસનો ઉપવાસનો તપ પણ કરે છે. આ જ પ્રભુની લોકોત્તર ભૂમિકા છે.

'તીર્થંકર બીજાની સહાયથી કેવળજ્ઞાન મેળવતા નથી.' આ પ્રમાણે ઇન્દ્રને ભગવાને કહ્યું પછી પણ ભક્તિથી સિદ્ધાર્થને ભગવાનની પાસે રાખીને ઇન્દ્ર જાય છે. સિદ્ધાર્થદેવ જ્યારે પરમાત્માને ઉપસર્ગ આવે છે ત્યારે તો અદૃશ્ય જ થઇ જાય છે. આ જાણીને કર્મના ઉદયમાં સ્વીકારભાવ-સમતાભાવ કેળવવાની આપણી ભૂમિકા તૈયાર કરવાની છે.

પરમાત્મા ચંડકૌશિક સાપ અને શૂલપાણી યક્ષને દુઃખ વેઠીને પણ તારવાનું કામ કરે છે. એ પરથી યોગ્ય

જીવ હોય તો ઉપેક્ષા ન કરવી ફલિત થાય છે.

જેને સ્વાત્મકલ્યાણ કરવું છે તેણે બાહ્યજગત પ્રત્યે સર્વથા ઉદાસીન બની જવું પડશે અને સ્વાત્માનું સતત અનુસંધાન કેળવવું પડશે. આવું અણમોલ આધ્યાત્મિક રહસ્ય દૂઈજ્જંત તાપસની સાથેના પરમાત્માના પ્રસંગમાંથી મળે છે.

'ઉપસર્ગ' શબ્દ સાંભળતા જ પામર જીવોને એક વાર ધ્રુજારી આવી જાય. વળી મહાવીર મહારાજા ઉપર આવેલા ઉપસર્ગો એક અચ્છેરા સમાન રહેલા છે. કે જેની વાત કરતા શાસ્ત્રકારો જણાવે છે કે એક પણ ઉપસર્ગ જો સામાન્ય માણસ ઉપર આવે તો તે જીવી ન શકે. આવા કાતીલ બાહ્ય ઉપસર્ગોનું વર્ણન એકબાજુ પૂ. ગુણચંદ્રગણીજીએ રોચક રૂપે કરેલ છે તો બીજી બાજુ આચારાંગજીમાં પ્રભુની આંતરિક ધીરતા અને વીરતા પણ સુંદર રીતે બતાવવામાં આવી છે. તેને જાણ્યા વિના કદાચ આ ચરિત્ર અધુરું ગણાશે માટે તેના કેટલાક અંશો અત્ર રજૂ કરૂં છું.

* से सयं पवेसिया झाइ। (आ. ९/१/४७)

सः भगवान् स्वयमात्मना वैराग्यमार्गमात्मानं प्रवेश्य धर्मध्यानं शुक्लध्यानं वा ध्यायति (टीका)

= ભગવાન પોતે જ વૈરાગ્યમાં આત્માને પ્રવેશ કરાવીને ધર્મધ્યાન અથવા શુક્લધ્યાનને ધરતા હતા.

* गच्छइ णायपुत्ते असरणयाए। (आ. ९/१/५१)

विशोको विगतहर्षश्च भगवान् तान् मिथः कथाऽवबद्धात् मध्यस्थोऽद्राक्षीत।

= શોક અને હર્ષ રહિત ભગવાન પરસ્પર વાતો કરતા તેઓને મધ્યસ્થ રહીને જોતા હતા.

* णिक्खम्म एगया राओ बहिं चंकमिया मुहुत्तागं। (आ. ९/२/७०)

संसारपातायऽयं प्रमाद इत्येवमवगच्छन् पुनरप्रमत्तो भगवान् संयमस्थानेनोत्थितवान्।

= ઉંઘ ઉડાડવા પ્રભુ કડકડતી ઠંડી રાત્રિમાં મુહૂર્ત સુધી બહાર જઇ આવતા.

= પ્રમાદ સંસારમાં પાડનાર છે, એવું જાણતા પ્રભુ અપ્રમત્ત થઇને સંયમસ્થાનોમાં ચડતા ગયા.

* अह गामकंटए भगवं ते अहियासए अभिसमेच्चा। (आ. ९/३/८७)

= ગ્રામજનોના કાંટા જેવા વચનો પણ ભગવાન નિર્જરાનો હેતુ સમજીને સહન કરતા હતા.

* न पुनः भगवतः कदाचित् दौर्मनस्यमुत्पद्यते। (आ. ९/४/१०१, टीका)

= ભગવાનને કદી અશુભ વિચારો આવ્યા નથી.

* लद्धे पिंडे अलद्धे दविए। (आ. ९/४/१०७)

नाप्यलब्धे अपर्याप्तेऽशोभने वाऽऽत्मानमाहारदातारं वा जुगुप्सते।

= ભોજન ન મળે, ઓછુ મળે કે બરાબર ન મળે તો પોતાની, ભોજનની કે દાતારની નિંદા ભગવાન કરતા ન હતા.

* न पमायं सइंपि कुव्वित्था। (आ. ९/४/१०९)

= એક વાર પણ પ્રભુએ પ્રમાદ કે કષાય કર્યો નથી.

**મુ. નિર્મલયશ વિજય**

## श्रीवीरचरित्रस्य विषयानुक्रमः

### प्रस्तावः - ५

सोमब्राह्मणाय वस्त्रार्धदानम् .....६३२
कूर्मारग्रामे गोपोपसर्गः सिद्धार्थाय शक्राज्ञा, बहुलकारितपारणकं दूइज्जंताश्रमे गमनं वर्षायाः पक्षे गते निर्गमः अभिग्रहपंचकं .....६४१
वर्धमानग्रामस्यास्थिग्रामत्वे हेतुः वृषस्याप्रतिजागरणाद् द्वेषः मारिः चैत्यम् .....६६०
शूलपाणिकृता उपसर्गाः तत्प्रतिबोधः स्वप्नदशकं इन्द्रशर्मोक्तं तत्फलं (१) .....६७१
अच्छंदकस्य कुटिलता शक्रशिक्षादि .....६९१
सुवर्णवालुकायां वस्त्रार्धस्य पातः, नन्दिवर्धनाय लक्षेण दानं तस्य .....६९९
कनकखलाश्रमः (गोभद्रो विप्रः वनारसीप्रस्थानं विद्यासिद्धाकृष्टा रसवती युवतिश्च शीलदाढ्यं जालन्धरे चन्द्रलेखाचन्द्रकान्ते ईशानचंद्रः रक्षावलयं गंगायां प्रवेशः नास्तिकवाक् जालन्धरे गमनं ईशानचन्द्ररक्षा योगिनीशान्तिः परस्त्रीनियमः गृहे आगमनं भार्यामरणश्रवणं धर्मघोषस्य देशना दीक्षा मंडूकीविराधना क्रोधः ज्योतिष्कः तापसः चंडकौशिकः बोधः .....७०४
उत्तरवाचाला श्वेतांबिकायां प्रदेशिनृपकृता स्तुतिः .....७७९
सुरभिपुरं सुदंष्ट्रसुरोपसर्गः कंबलशंबलौ मथुरा जिनदासः साधुदासी गंगोत्तारः स्थूणाके गमनं पुष्यबोधः ..... ७८१

### प्रस्तावः - ६

राजगृहनालन्दायां तन्तुवायार्जुनशालायां वर्षावासः (२) ..... ८०४
उत्तरापथे सिलिन्ध्रे केशवशिवापुत्रो मंखः पूर्वप्रियोप-लब्धये पट्टिकाकृतिः मंखलीसुभद्रयोर्मंखत्वं गोशालजन्म, श्रीवीरेण मीलनं कोल्लाके शिष्यत्वं प्राग्गृहीताया नियतेः स्थालीस्फोटे दाढ्यं ब्राह्मणग्रामे उपनन्दगृहदाहः चंपायां वर्षावासः (३) कालाके पात्रालके च ताडनं कुमारे मुनिचन्द्राः चौराके सोमाजयन्तीभ्यां मोचनं पृष्ठचम्पायां वर्षावासः (४) कुतांगले दरिद्राः श्रावस्त्यां मनुष्यमांसं हरिद्रद्रुमेऽग्निः मंगलाग्रामे वासुदेवगृहे आवर्ते बलदेवगृहे च स्थानं चौराके मंडपदाहः कलंबुकायां कालमेघहस्तिनौ म्लेच्छदेशे गमनं पूर्णकलशे स्तेनवधः भद्दिलायां वर्षावासः (५) कदलीसमागमे जंबूखंडे चास्तारिकाभक्तं तंबाके नन्दिषेणाः कूपिके विजयाप्रगल्भाभ्यां मोचनं वैशालीप्रस्थानं (६) गोशालो बाधितः अयस्कार-घातः ..... ८०५
बिभेलकयक्षस्योत्थानपर्याणिका ..... ८६७
शालिशीर्षे कटपूतनोपसर्गः लोकावधिः .....९२२
आलम्भिकायां वर्षारात्रः (७) गोशालमीलनं .....९२५

कुण्डागे मधुमथनगृहे गोशालचेष्टा मर्दनग्रामे बलदेवगृहे च .....९२५
सालागग्रामे सालज्जोपसर्गपूजे ..... ९२८
लोहार्गले जितशत्रुकृतः सत्कारः .....९२९
पुरिमताले वग्गुरश्रेष्ठिकृता पूजा, धर्मघोषसूर्युक्तं पूजाफलं दानं च .....९३१
तुन्नागपथे श्रीभूमौ च गोशालस्य ताडनं राजगृहेऽष्टमो वर्षावासः (८) .....९४४
लाढावज्रभूमिशुद्धभूमिषूपसर्गाः वृक्षमूले
वर्षावासः (९) .....९४६
सिद्धार्थकूर्मारग्रामयोरन्तराले तिलप्रश्नादि .....९४९
वैश्यायनस्योत्थानपर्याणिका तेजोलेश्या
तन्निवारणं तदुपायप्रश्नोत्तरे .....९५०
कूर्मारसिद्धार्थपुरोरन्तराले तिलनिश्चयात् प्रवृत्तिपरिहारो नियतिवाददार्ढ्यं च श्रावस्त्यां तेजोलेश्या
पार्श्वन्तेवासिसंगमः .....९६७

## प्रस्तावः - ७

वैशाल्यां शंखसत्कारः गंडकिकायां
नाविकोपसर्गः ऋतुषट्कस्याविकारिता .....९७०
वाणिज्यग्रामे आनन्दगाथापतिः अवधिमान् .....९७४
श्रावस्त्यां वर्षारात्रः (१०) सानुषष्टिके
प्रतिमाः .....९७५
दृढभूमौ पेढाले संगमोपसर्गाः, संगमकस्य सौधर्मान्निर्वासनं ..... ९७८
आलंभिकायां विद्युत्कुमारेन्द्रस्तुतिः श्वेतांबिकायां हरिस्सहस्तुतिः श्रावस्त्यां स्कन्दप्रतिमासत्कारः कौशांब्यां
चन्द्रसूर्यावतारः वाराणस्यामिन्द्रपूजा राजगृहे ईशानार्चा मिथिलायां जनकस्तुतिः धरणेन्द्रवन्दना
१००२
राजगृहे वर्षारात्रः (११) भूतानन्दस्तुतिः जीर्णश्रेष्ठिभावना केवलिदेशना ..... १००६
चमरेन्द्रोत्पातः सुसुमारे ..... १०१४
भोगपुरे माहेन्द्रोपसर्गः सनत्कुमारेन्द्रनतिः नन्दीग्रामे नन्दिस्तुतिः ..... १०३९
चम्पापातः धारणीमरणं चन्दना
कुल्माषाभिग्रहः ..... १०४१
षाण्मासिकः कीलकोपसर्गः मध्यमापापायां कीलकनिर्गमः ..... १०६९
तपः संकलना केवलज्ञानं च ..... १०७६

## अह पञ्चमो पत्थावो

भाविरमणत्थसत्थं पेहंताविहु सबुद्धिविहवेण।
धीरा सहरिसमणिसं पत्थुयवत्थुं समत्थंति ।।१।।

इति विभाविऊणं व भविस्सोवसग्गवग्गसंसग्गासंखुद्धमाणसो महावीरजिणवरो गंभीरिमाइ-गुणरयणागरो दूरुज्झियनीसेसवसणोवि वासवोवरोहधरिएक्कचारुवसणो, मग्गणगणपूरि-आसोऽवि निव्वाणकरो मुक्कतुरयचारोवि दूरदमियदुट्ठिंदियासो, सकलत्तोऽवि परिचत्तपरिग्गहो, परिहरियकरिवरोवि मत्तकुंजरगमणो भयवं आपुच्छिऊण अहासन्निहियं नायवग्गं नायसंडवणाओ निग्गओ, कमेण य अतुरियं जुगमित्तनिहितचक्खुपसरो मुहुत्तावसेसंमि वासरे **कुम्मारगामं**

---

## अथ पञ्चमः प्रस्तावः

भाविनमनर्थसार्थं प्रेक्षमाणा अपि खलु स्वबुद्धिविभवेन।
धीराः सहर्षम् अनिशं प्रस्तुतवस्तु समर्थयन्ति ।।१।।

इति विभाव्य वा भविष्यदुपसर्गवर्गसंसर्गाऽसंक्षुब्धमानसः महावीरजिनवरः गम्भीरतादिगुणरत्नाकरः दूरोज्झितनिःशेषवसनोऽपि वासवोपरोधधृतैकचारुवसनः, मार्गणगणपूरिताऽऽशः अपि निर्वाणकरः, मुक्ततुरगचारः अपि दूरदमितदुष्टेन्द्रियाश्वः, सकलत्रोऽपि (=सकलत्राताऽपि) परित्यक्तपरिग्रहः, परिहृतकरिवरोऽपि मत्तकुञ्जरगमनः भगवान् आपृच्छ्य यथासन्निहितं ज्ञातवर्गं ज्ञातखण्डवनाद् निर्गतः, क्रमेण च अत्वरितं

---

## પ્રસ્તાવ પાચમો, ભવ સત્યાવીસમો, પ્રભુને ઉપસર્ગો

આવનારી મુશ્કેલીઓના સમૂહને જોયા છતાં ધીર પુરુષો સદા સહર્ષ વર્તમાનને પોતાના સુબુદ્ધિ-વૈભવથી સ્વીકારે છે, (૧)

એમ ધારી ભવિષ્યમાં થનારા અનેક ઉપસર્ગોમાં અક્ષુબ્ધ-ક્ષોભ ન પામનારા, ગાંભીર્યાદિ ગુણ-રત્નોના ભંડાર, સમસ્ત વસ્ત્રના ત્યાગી છતાં ઇંદ્રના ઉપરોધથી એક દેવદૂષ્યને ધારણ કરતા, માર્ગણ-યાચકોની આશાને પૂરનાર છતાં નિર્વાણ-મોક્ષ પમાડનાર = આશાઓનો અંત કરનાર, અશ્વથી ગમન કરવાનું તજ્યા છતાં દુષ્ટ ઇંદ્રિયરૂપ અશ્વને અત્યંત દમનાર, [1]સકલત્ર છતાં પરિગ્રહના ત્યાગી, ગજેંદ્રને ત્યજી દીધા છતાં મત્ત કુંજર-ગતિ એટલે ગજ સમાન ગતિવાળા એવા ભગવંત શ્રીમહાવીર પાસે રહેલા જ્ઞાતવર્ગની અનુજ્ઞા લઇ, તે જ્ઞાતખંડવનમાંથી

---

૧. કલત્રસહિત એવો અર્થ થાય છે, પરંતુ સકળનું રક્ષણ કરનાર એવો અર્થ અહીં સમજવો.

नाम संनिवेसं पाविओ, ठिओ य एगंते काउसग्गेणंति।

इओ व सिद्धत्थरायबालवयस्सो, कुंडगामपुरवत्थव्वो, महाजूयवसणविणासियासेसतहाविहदव्वनिचओ, भोगोवभोगलालसी, असंपज्जंतवंछियत्थो **सोमो** नाम बंभणो झीणविहवत्तणेण अचयंतो परिचियजणमज्झे निवसिऊण, गिहे मोत्तूण बंभणिं गओ वइरागराइसु दव्वोवज्जणनिमित्तं। तत्थ य अइनिविडत्तणओ अंतराइयकम्मस्स, अच्चंतपबलत्तणओ असायवेयणिज्जस्स, निप्फलत्तणओ पुरिसयारस्स, अवस्सं भवियव्वयाए तहाविहभावस्स सुचिरं कालं परिभमियस्सवि तेसु तेसु ठाणेसु न तस्स काणकवड्डुयमेत्तावि संपत्ती जाया। समइक्कंताणि य आसापिसायनडियस्स बहूइं वच्छराइं, अण्णया य-

धवलबलायादीहरवयणो अह तरलियविज्जुलियनयणो।
कलियसुररायचावो अंजणगिरिसिंगसारिच्छो ।।१।।

---

युगमात्रनिहितचक्षुप्रसरः मुहूर्ताऽवशेषे वासरे **कुमारग्रामं** नाम सन्निवेशं प्राप्तः, स्थितश्च एकान्ते कायोत्सर्गेण।

इतश्च सिद्धार्थराजबालवयस्यः, कुण्डग्रामपुरवास्तव्यः, महाद्यूतव्यसनविनाशिताऽशेषतथाविधद्रव्यनिचयः, भोगोपभोगलालसः, असम्प्राप्नुवद्वाञ्छितार्थः **सोमः** नामकः ब्राह्मणः क्षीणविभवत्वेन अशक्नुवन् परिचितजनमध्ये निवस्तुं, गृहे मुक्त्वा ब्राह्मणीं गतः वज्राऽऽकरादिषु द्रव्योपार्जननिमित्तम्। तत्र च अतिनिबिडत्वात् अन्तरायकर्मणः, अत्यन्तप्रबलत्वाद् असातवेदनीयस्य, निष्फलत्वात् पुरुषार्थस्य, अवश्यंभवितव्यतायाः तथाविधभावस्य सुचिरं कालं परिभ्रान्तस्याऽपि तेषु तेषु स्थानेषु न तस्य सच्छिद्रकपर्दिकामात्रायाः अपि सम्प्राप्तिः जाता। समतिक्रान्तानि च आशापिशाचनाटितस्य बहूनि वत्सराणि। अन्यदा च-

धवलबलाकादीर्घवदनः अथ तरलितविद्युदिवनयनः।
कलितसुरराजचापः अञ्जनगिरिशृङ्गसदृशः ।।१।।

---

ચાલી નીકળ્યા અને અનુક્રમે મંદ ગતિએ ચાલતાં, યુગ-ધોંસરી પ્રમાણ ચક્ષુ-દૃષ્ટિ સ્થાપી, એક મુહૂર્ત્ત-બે ઘડી દિવસ બાકી રહેતાં તે કુમારગ્રામ નામનાં સંનિવેશમાં ગયા અને એકાંતમાં ત્યાં કાયોત્સર્ગે રહ્યા.

એવામાં **સિદ્ધાર્થ** રાજાનો બાળમિત્ર કુંડગ્રામ નગરમાં વસનાર **સોમ** નામે બ્રાહ્મણ કે જેણે મહાદ્યૂતના વ્યસનથી પોતાનું સમસ્ત દ્રવ્ય નષ્ટ કર્યું, પોતે ભોગોપભોગમાં આસક્ત, વાંછિતાર્થને ન પામનાર, ધનક્ષીણ થવાથી સ્વજનોમાં રહેવાને અસમર્થ એવો તે પોતાના ઘરે બ્રાહ્મણીને મૂકી, દ્રવ્યોપાર્જનનિમિત્તે વજ્રાદિકની ખાણ તરફ ગયો, પરંતુ અંતરાયકર્મની તીવ્રતાથી, અશાતાવેદનીય ભારે પ્રબળ હોવાથી, પુરુષાર્થ નિષ્ફળ થતાં, તથાવિધ ભાવની અવશ્યભવિતવ્યતા હોવાથી તે તે સ્થાનોમાં લાંબો વખત ભ્રમણ કર્યા છતાં તેને એક કાણી =કૂટીકોડીની પણ પ્રાપ્તિ ન થઇ. એમ આશા-પિશાચના પંજામાં ફસાતાં તેના ઘણાં વરસો વ્યતીત થયાં.

એમ કરતાં એકદા ધવલ બલાકારૂપ દીર્ઘ વદનયુક્ત, વિજળીરૂપ ચપલ લોચન સહિત, ઇંદ્ર ધનુષ્યને ધરનાર, અંજનગિરિના શિખર સમાન (૧)

परिमुक्कगज्जिघोरट्टहासहयविरहियहिययवावारो।
वरिसायालो वेयालदारुणो झत्ति संपत्तो ।।२।। जुम्मं।

तं च दट्ठूण सो सुमरियनियकलत्तो तक्कालवियंभमाणनीलकंठरवसवण-चउग्गुणीकयउक्कंठो दीहं नीससिऊण चलिओ अविलंबियपयाणगेहिं सनयराभिमुहं। अइदूरत्तणेणं मग्गस्स दुब्बलत्तणओ सरीरस्स, असमत्थत्तणेणं सिग्घगमणस्स मासपंचमपज्जंते संपत्तो कुंडग्गामे नगरे। पविट्ठो नियगिहे। संभावियविढत्तदव्वाए अब्भुट्ठिओ पणइणीए। दिण्णं आसणं, पक्खालिया चरणा, पुच्छिओ सरीरकोसल्लं, वाहियं सरीरं, दंसिओ पणयभावो, भोयणकाले य उवट्ठाविया य कंठिगाइ हट्टे विणिवट्टिऊण विचित्ता रसवई, काराविओ भोयणं, तदुत्तरकालं ठिओ सयणिज्जे। बंभणीवि पहिट्ठहिययया समीवमागया तस्स, आरद्धा य पुच्छिउं, जहा-'अज्जपुत्त! केसु केसु देसंतरेसु परिभमिओ एत्तियं

---

परिमुक्तगर्जघोराऽट्टहासहतविरहिहृदयव्यापारः।
वर्षाकालः वेतालदारुणः झटिति सम्प्राप्तः ।।२।। युग्मम्।

तच्च दृष्ट्वा सः स्मृतनिजकलत्रः तत्कालविजृम्भमाणनीलकण्ठरवश्रवणचतुर्गुणीकृतोत्कण्ठः दीर्घं निःश्वस्य चलितः अविलम्बितप्रयाणकैः स्वनगराभिमुखम्। अतिदूरत्वेन मार्गस्य, दुर्बलत्वात् शरीरस्य, असमर्थत्वेन शीघ्रगमनस्य मासपञ्चमपर्यन्ते सम्प्राप्तः कुण्डग्रामनगरे। प्रविष्टः निजगृहे। सम्भावितार्जितद्रव्यया अभ्युत्थितः प्रणयिन्या। दत्तम् आसनम्, प्रक्षालितौ चरणौ, पृष्टं शरीरकौशल्यम्, वाहितं शरीरम्, दर्शितः प्रणयभावः, भोजनकाले च उपस्थापिता च कण्ठिकादि(?) हट्टे निवर्तयित्वा विचित्रा रसवती, कारितः भोजनम्, तदुत्तरकालं स्थितः शयनीये। ब्राह्मणी अपि प्रहृष्टहृदया समीपमागता तस्य, आरब्धा च प्रष्टुं

---

કરાયેલી ઘોર ગર્જનારૂપ અટ્ટહાસ્યથી વિરહી જનોના હૃદયને કંપાવનાર અને વેતાલ સમાન દારુણ એવો વર્ષાકાલ આવ્યો. (૨)

તેને જોતાં પોતાની પત્ની તેને યાદ આવી. એટલે તત્કાલ મયૂરના ટહુકા સાંભળતાં જેની ઉત્કંઠા ચારગણી વૃદ્ધિ પામેલ છે એવો તે લાંબો નિસાસો નાખી અવિલંબિત પ્રયાણોથી પોતાના નગર ભણી ચાલ્યો, પરંતુ લાંબો માર્ગ હોવાથી, તેમાં પણ શરીરે દુર્બળતા આવતાં શીઘ્ર ગમન કરવા અશક્ત હોવાથી પાંચ માસ થતાં તે કુંડગ્રામ નગરે પહોંચ્યો. ત્યાં પોતાના ઘરે જતાં દ્રવ્યની આશાએ બ્રાહ્મણીએ સન્મુખ આવીને તેનો સત્કાર કર્યો, તેને આસન આપ્યું અને તેણે પતિના ચરણ પખાળ્યા. વળી શરીરની કુશળતા પૂછી અંગે તેલ ચોળ્યું અને સ્નેહભાવ દેખાડ્યો. દુકાનમાં કાંકરા વગેરે વીણાવી ભોજન સમય થતાં તેણે વિચિત્ર રસવતી તૈયાર કરી તેને ભોજન કરાવ્યું. પછી તે શય્યામાં બેઠો, એટલે બ્રાહ્મણી પણ હૈયામાં હર્ષ પામતી તેની પાસે આવીને પૂછવા લાગી કે-'હે આર્યપુત્ર! તમે

कालं? केत्तियं वा दविणजायमज्जियंति?', तेण भणियं-पिए! केत्तिए साहेमि देसे?, किं वा कहेमि दविणज्जणं? तहाहि-

सिरिपव्वय-वइरागर-समुद्दपरतीर-रोहणगिरीसु।
रसकूविगासु विवरेसु भुयंगभीमेसु विविहेसु ।।१।।

भमिओ एत्तियकालं दव्वपिवासाए णेगठाणेसुं।
विहिओ य खन्नवाओ धमिया य सुवण्णपाहाणा ।।२।।

अंजणसिद्धिनिमित्तं दिव्वोसहिणो निरूविया बहुसो।
विहिया नरिंदसेवा वियाणिया मंततंताई ।।३।।

---

यथा 'आर्यपुत्र! केषु केषु देशान्तरेषु परिभ्रान्तः एतावत्कालम्? कियन्तं वा द्रविणजातमर्जितम्?।' तेन भणितम् 'प्रिये! कियन्तान् कथयामि देशान्? किंवा कथयामि द्रव्याऽर्जनम्? तथाहि-

श्रीपर्वत-वज्राऽऽकर-समुद्रपरतीर-रोहणगिरिषु।
रसकूपिकासु विवरेषु भुजङ्गभीमेषु विविधेषु ।।१।।

भ्रान्तः एतावत्कालं द्रव्यपिपासया अनेकस्थानेषु।
विहितश्च खननवादः ध्माताश्च सुवर्णपाषाणाः ।।२।।

अञ्जनसिद्धिनिमित्तं दिव्यौषधयः निरूपिताः बहुशः।
विहिता नरेन्द्रसेवा विज्ञाताः मन्त्रतन्त्रादयः ।।३।।

---

કયા કયા દેશોમાં આટલો બધો કાળ ભમ્યા? અને કેટલું ધન પેદા કર્યું? તે બોલ્યો-'હે પ્રિયે! હું કેટલા દેશ તને કહી સંભળાવું અથવા દ્રવ્યોપાર્જન પણ શું કહું? કારણ કે

શ્રી પર્વત, વજ્રાકર, સમુદ્રના બીજા કિનારા, રોહણાચલ, રસકૂપિકા તેમજ ભુંજગોવડે ભયંકર વિવિધ વિવરો એવા અનેક સ્થાનોમાં આટલો કાળ હું ધન-પિપાસાથી ભમ્યો, ખોદવા લાયક સ્થાન મેં ખોદી જોયાં અને સુવર્ણ-પાષાણો પણ ધમ્યા, (૧/૨)

અંજનસિદ્ધિના નિમિત્તે ઘણી દિવ્ય ઔષધિઓ તપાસી જોઇ, રાજસેવા પણ કરી અને મંત્ર-તંત્રાદિક પણ જાણ્યા, (૩)

असि-चाव-कुंत-चक्काइएसु सत्थेसु जणपसिद्धेसु।
पकओ परिस्समोविहु किं किं अहवा मए न कयं? ।।४।।

तहविहु पिए! न जाया भोयणमेत्तावि मज्झ सामग्गी।
तुह दंसणतण्हाए नियत्तिओ केवलं इण्हिं ।।५।।

इमं च आयण्णिऊण वज्जताडियव्व मुसियव्व सा माहणी कसिणवयणा, कोवफुरंताहरा, रत्तनयणा भणिउमाढत्ता-'आ पाविट्ठ! अवलक्खणसिरसेहर! वाहणसरिच्छ! निब्भग्गनिडाल! जइ एवं ता कीस एत्तियं कालं कडुघोसेडीफलाइं बुक्कमाणो ठिओऽसि!, किं निरास! तत्थ वसंतेण तुमए इमावि वत्ता न निसामिया? जहा पोक्खलावट्टगमेहोव्व अणवरय-कणगधाराहिं सिद्धत्थनरिंदनंदणो संवच्छरं जाव वरवरियापुव्वगं वरिसिओत्ति। किन्न

---

असि-चाप-कुन्त-चक्रादिषु शस्त्रेषु जनप्रसिद्धेषु।
प्रकृतः परिश्रमः अपि खलु किं किम् अथवा मया न कृतम् ।।४।।

तथाऽपि खलु प्रिये! न जाता भोजनमात्राऽपि मम सामग्री।
तव दर्शनतृष्णया निवर्तितः केवलम् इदानीम् ।।५।।

इदं च आकर्ण्य वज्रताडिता इव मुषिता इव सा ब्राह्मणी कृष्णवदना, कोपस्फुरद्वदना, रक्तनयना भणितुमारब्धा 'आ! पापिष्ठ!, अपलक्षणशिरोशेखर!, वाहन(=पशु)सदृश!, निर्भाग्यललाट! यद्यैवं तदा कथं एतावत्कालं कटुघीसोडीफलनि गर्जन् स्थितः असि?। किं निराश! तत्र वसता त्वया इयमपि वार्ता न निश्रुता, यथा पुष्कराऽऽवर्तमेघः इव अनवरतकनकधाराभिः सिद्धार्थनरेन्द्रनन्दनः संवत्सरं यावद् वर-

---

વળી અસિ, ધનુષ્ય, ભાલા, ચક્રાદિક જનપ્રસિદ્ધ શસ્ત્રોમાં પણ પરિશ્રમ કરવામાં બાકી ન રાખી. અરે! મેં દ્રવ્યની ખાતર શું શું ન કર્યું? (૪)

તથાપિ હે પ્રિયે! મને ભોજન માત્રની સામગ્રી પણ પ્રાપ્ત ન થઇ. અત્યારે તો કેવળ તારા દર્શનની અભિલાષાથી હું પાછો ફર્યો છું.' (૫)

એ પ્રમાણે સાંભળતાં જાણે વજ્રથી ઘાયલ થઇ હોય, જાણે લૂંટાઇ ગઇ હોય તેમ શ્યામ મુખે, કોપથી અધરોષ્ઠને ફફડાવતી અને રક્ત લોચન કરી તે કહેવા લાગી કે-'અરે! પાપિષ્ઠ! અરે કુલક્ષણા! અરે પશુ સમાન! નિર્ભાગ્ય શિરોમણિ! જો એમ હતું તો આટલો વખત કડવી ઘીસોડીનાં ફળ પકડતો ત્યાં શા માટે ભમતો રહ્યો? અરે અભાગીયા! ત્યાં રહેતાં તેં એવી વાત પણ ન સાંભળી કે પુષ્કરાવર્ત્ત મેઘની જેમ સિદ્ધાર્થનંદન એક વરસ પર્યંત ઇષ્ટ આપવા પૂર્વક સતત કનકધારાથી વરસ્યા. શું તું પોતે આ સન્મુખ જોતો નથી કે જન્મથી જે દરિદ્રો હતા છતાં રથ, અશ્વાદિક વાહનો લેતાં, દિવ્ય આભારણો પહેરતાં, ઊંચા મકાનો બંધાવી પોતાની સ્ત્રી સહિત રહેતાં,

पेच्छसि पुरओ आजम्मदारिद्दियावि रह-तुरयवाहणा, परिहियदिव्वाभरणा, कारियउत्तुंगभवणा, नियपणइणीपरिगया जिणप्पसाएण विलसंति?, किं वा न दिट्ठा पडिपुण्णमणोरहा उवलद्ध-कणयरासिणो सगिहेसु पडिनियत्तंता देसंतरागयजणा?।' बंभणेण भणियं-'पिए! दूरदेसंतर-निवासत्तणेण नो सुणियमेयं मए। किं करेमि विपरंमुहो हयविही दीहकालमणुभवियव्वा विसमदसा।' बंभणीए भणियं-'अज्जवि लहुं गच्छसु तस्स सगासे, करुणापरो खु सो भयवं निच्छियं तुमए मग्गिज्जमाणो किंपि दाविस्सइ'त्ति। एवं निसामिऊण धाविओ महावेगेण जिणाभिमुहो बंभणो। आपुच्छंतो पत्तो कुमारगामं। दिट्ठो काउस्सग्गठिओ सुरवइनिहित्त-सुगंधचुण्णपरिमलुम्मिलंतछप्पयछण्णदेहो भयवं जिणवरो। तिपयाहिणिकाऊण पणमिओ परमायरेणं, विण्णत्तो य जहा-'देव! निसामेसु मम वत्तं-

---

वरिकापूर्वकं वृष्टवान्। किं न प्रेक्षसे पुरतः आजन्मदरिद्राः अपि रथ-तुरगवाहनाः, परिहितदिव्याऽऽभरणाः, कारितोत्तुङ्गभवनाः निजप्रणयिनीपरिगताः जिनप्रसादेन विलसन्ति?। किं वा न दृष्टाः प्रतिपूर्णमनोरथाः उपलब्धकनकराशयः स्वगृहेषु प्रतिनिवर्तमानाः देशान्तरगतजनाः?।' ब्राह्मणेन भणितं 'प्रिये! दूरदेशान्तरनिवासत्वेन न श्रुतं मया। किं करोमि? विपराङ्मुखः हतविधिः, दीर्घकालम् अनुभवितव्या विषमदशा।' ब्राह्मण्या भणितं 'अद्यापि लघुः गच्छ तस्य सकाशम्, करुणापरः खलु सः भगवान् निश्चितं त्वया मार्ग्यमाणः किमपि दापयिष्यति।' एवं निःशम्य धावितः महावेगेन जिनाऽभिमुखं ब्राह्मणः। आपृच्छन् प्राप्तः कुमारग्रामम्। दृष्टः कायोत्सर्गस्थितः सुरपतिनिहितसुगन्धचूर्णपरिमलोन्मिलत्षट्पदछन्नदेहः भगवान् जिनवरः। त्रिप्रदक्षिणीकृत्य प्रणतः परमाऽऽदरेण, विज्ञप्तश्च यथा 'देव! निश्रुणु मम वृत्तम्-

---

જિનપ્રસાદથી વિલાસ કરી રહ્યા છે? અથવા દેશાંતરોથી આવેલા લોકો તારા જોવામાં ન આવ્યા કે જેઓ મનોરથ પૂર્ણ કરી, કનકરાશિ મેળવીને પોતાના ઘરભણી પાછા ફરતા હતા?' બ્રાહ્મણે કહ્યું કે-'હે પ્રિયા! દૂર દેશાંતરમાં વસવાથી મેં એ કશું સાંભળ્યું નહિ. શું કરુ કે મારું ભાગ્યજ વિપરીત છે, જેથી આટલો બધો લાંબો વખત મેં વિષમ દશા ભોગવી.' ત્યારે બ્રાહ્મણી બોલી-'અરે! હજી પણ તેમની પાસે સત્વર જા. તે ભગવાન કરુણાના ભંડાર છે, તેથી તું માગીશ તો અવશ્ય કંઇ પણ અપાવશે.' એમ સાંભળતાં બ્રાહ્મણ બહુ જ વેગથી જિનેશ્વર ભણી દોડ્યો અને પૂછતાં પૂછતાં તે કુમારગ્રામે પહોંચ્યો. ત્યાં છંદે નાખેલ સુગંધી ચૂર્ણના પરિમલ પર એકઠા થતા ભમરાઓથી જેમનો દેહ આચ્છાદિત છે એવા વીરપ્રભુ કાયોત્સર્ગે રહેલા તેના જોવામાં આવ્યા. એટલે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પરમ આદરથી પ્રભુને પ્રણામ કરી તેણે વિનવ્યું કે-'હે દેવ! મારી કર્મ-કથા સાંભળો.

कंठब्भंतरपक्खलियजीहमफुडक्खराए वाणीए।
को को न पत्थिओ नाह! दाणविपरंमुहोवि जणो? ।।१।।

कत्थ न वसिओ पहधूलिधूसरो देव! पहियगेहेसुं।
हयउयरपूरणट्ठा किं वा न कयं कुकम्ममवि? ।।२।।

दविणोवज्जणहेउं लहुं पविट्ठो कयंतवयणेवि।
नेवत्थंपि नडेण व तं नत्थि मए न जं धरियं ।।३।।

इय दूरदेसविहरणपरिसमुप्पन्नविविहरोगस्स।
विगओ एत्तियमेत्तो कालो मम मंदपुन्नस्स ।।४।।

---

कण्ठाऽभ्यन्तरप्रस्खलितजिह्वाऽस्फुटाऽक्षरया वाण्या।
कः कः न प्रार्थितः नाथ! दानविपराङ्मुखः अपि जनः? ।।१।।

कुत्र न उषितः पथधूलिधूसरः देव! पथिकगृहेषु।
हतोदरपूरणार्थं किं वा न कृतं कुकर्म अपि ।।२।।

द्रव्योपार्जनहेतुः लघुः प्रविष्टः कृतान्तवदनेऽपि।
नेपथ्यमपि नटेन इव तन्नास्ति मया न यद् धृतम् ।।३।।

इति दूरदेशविहरणपरिसमुत्पन्नविविधरोगस्य।
विगतः एतावन्मात्रः कालः मम मन्दपुण्यस्य ।।४।।

---

કંઠમાં જીલ્વા સ્ખલિત થતાં અસ્પષ્ટ વાણીથી હે નાથ! દાનમાં વિમુખ છતાં તેવા કયા જનની આગળ મેં પ્રાર્થના ન કરી? (૧)

હે દેવ! માર્ગની ધૂળથી ખરડાયેલ હું કયા મુસાફરખાનામાં ન વસ્યો? અને આ દુષ્ટ ઉદરને પૂરવા માટે મેં શું શું કુકર્મો ન કર્યાં? (૨)

દ્રવ્ય મેળવવા માટે હું તરત કૃતાંતના મુખમાં પણ પેઠો અને એવો કોઈ વેશ ન રહ્યો કે જે નટની જેમ મેં ધારણ ન કર્યો હોય. (૩)

એમ દૂર દેશાંતરમાં ભમતાં લાગેલા પરિશ્રમને લીધે મને વિવિધ રોગ ઉત્પન્ન થયાં, છતાં મંદભાગી મેં આટલો કાળ ગુમાવ્યો; (૪)

संपइ पुण ध(घ?)रिणीए आगयमेत्तस्स साहियं एयं।
जह संवच्छरसीमं दिन्नं तुमए महादाणं ।।५।।

केसिंपि नगर-पट्टण-गामागर-पवरदव्वभंडारा।
अन्नेसिं मयजलगंधबंधुरा उद्धुरा करिणो ।।६।।

अन्नेसिं पारस-बब्बरउल-वल्हीयसंभवा तुरया।
केसिंपि जच्चकंचणजडिया वरभूसणुग्घाया ।।७।।

इय संकप्पियभूरिप्पभेयदाणेण कप्पतरुणव्व।
निम्महिया नाह! तए तण्हा मेहेण व जणाणं ।।८।।

एक्कोच्चिय दुग्गयलोयतिलोयभूओ ठिओ अहं विहलो।
पुव्वभवजणियदुव्विसहदुट्ठकम्माणुभावेणं ।।९।।

---

सम्प्रति पुनः गृहिण्या आगतमात्रस्य कथितमेतत्।
यथा संवत्सरम् इदं दत्तं त्वया महादानम् ।।५।।

केभ्योऽपि नगर-पट्टण-ग्रामाऽऽकर-प्रवरद्रव्यभण्डाराः।
अन्येभ्यः मदजलगन्धबन्धुराः उद्धूराः करिणः ।।६।।

अन्येभ्यः पारस-बर्बरकुल-वाह्लीकसम्भवाः तुरगाः।
केभ्योऽपि जात्यकञ्चनजटिताः वरभूषणोद्घाताः ।।७।।

इति सङ्कल्पितभूरिप्रभेददानेन कल्पतरुः इव।
निर्मथिता नाथ! त्वया तृष्णा मेघेन इव जनानाम् ।।८।।

एकः एव दुर्गतलोकत्रिलोकभूतः स्थितोऽहं विफलः।
पूर्वभवजनितदुर्विसहदुष्टकर्माऽनुभावेन ।।९।।

---

પરંતુ અત્યારે ઘરે આવતાં જ મારી સ્ત્રીએ કહ્યું કે તમે એક વરસ પર્યંત મહાદાન આપ્યું (૫)

તેમાં કેટલાક લોકોને નગર, પાટણ, ગામ, આકર કે દ્રવ્યભંડાર આપ્યા અને અન્ય કેટલાકને મદોન્મત્ત હાથીઓ આપ્યા. (૬) વળી બીજા કેટલાકને પારસ-ઇરાન, બર્બર તથા બહલી-દેશના અશ્વો આપ્યા અને કેટલાકને જાત્ય કનકના પ્રવર આભૂષણો આપ્યાં. (૭)

એ પ્રમાણે અનેક પ્રકારે પુષ્કળ દાન કરતાં કલ્પવૃક્ષની જેમ હે નાથ! તમે મેઘની જેમ લોકોની તૃષ્ણાને પરાસ્ત કરી, (૮)

તેમ છતાં દરિદ્ર જનોમાં તિલક સમાન એવો હું એક જ પૂર્વના દુઃસહ દુષ્ટ કર્મોના પ્રભાવે વિફલ રહ્યો, (૯)

करुणारसवरिसणसित्तदुक्खसंतत्तसव्वभुवणवण!।
ता पसिय पणयवच्छल! पूरेसु मणोरहं मज्झ ।।१०।।

तुज्झ पयकमलसेवावियंभियं सग्ग-मच्च-पायाले।
जं कीलंति जहिच्छं सुरवइ-नरनाह-दणुवइणो ।।११।।

सिद्धत्थरायनंदण! तुमएऽविहु जइ कहंपि चत्तोऽहं।
पायालनिवडियस्स वि नत्थि धुवं ता मम परित्ता (धरित्ती) ।।१२।।

एमाइ दीणयावसगलंतनयणंसुधोयवयणेणं।
तह तेण विन्नविज्जइ जह भिज्जइ वीयरागोऽवि ।।१३।।

---

करुणारसवर्षणसिक्तदुःखसन्तप्तसर्वभुवनवन!।
तस्मात् प्रसीद! भुवनवत्सल! पूरय मनोरथं मम ।।१०।।

तव पादकमलसेवाविजृम्भितं स्वर्ग-मर्त्य-पातालेषु।
यद् क्रीडन्ति यथेच्छं सुरपति-नरनाथ-दैत्यपतयः ।।११।।

सिद्धार्थराजनन्दन! त्वयाऽपि खलु यदि कथमपि त्यक्तः अहम्।
पातालनिपतितस्याऽपि नास्ति ध्रुवं ततः मम पूर्तिः (धृतिः) ।।१२।।

एवमादिः दीनतावशगलन्नयनाश्रुधौतवदनेन।
तथा तेन विज्ञाप्यते यथा भिद्यते वीतरागः अपि ।।१३।।

---

માટે હે પ્રણતવત્સલ! હે કરૂણારસને વરસાવી દુઃખસંતપ્ત ભુવન-વનને સિંચનાર! તમે પ્રસન્ન થઇને મારો મનોરથ પૂર્ણ કરો. (૧૦)

સ્વર્ગ, મર્ત્ય અને પાતાળમાં દેવ, નરેશ અને દાનવપતિ જે યથેચ્છાએ ક્રીડા કરી રહ્યા છે, તે તમારા ચરણ કમળની સેવાનું ફળ છે. (૧૧)

હે સિદ્ધાર્થરાજ-નંદન! જો તમે પણ મને કોઇ રીતે તજી દેશો, મારા પ્રત્યે કરુણા નહિ લાવો તો પાતાલમાં પેસતાં મારો કોઈ આધાર જ નથી.' (૧૨)

એ પ્રમાણે દીનતાથી ગળતા અશ્રુ-જળવડે વદન તરબોળ થતાં તેણે એવી રીતે વિનંતિ કરી કે જેથી વીતરાગને પણ અજબ અસર થઈ. (૧૩)

भगवयावि एवमायण्णिऊण समुच्छलियापरिकलियकारुन्नपुण्णचित्तेण भणियं-'भो भो देवाणुप्पिय! परिचत्तासेससंगोऽहं संपयं। तुमं च अच्चंतदोगच्चभरविहुरियसरीरो। अओ जइवि असारिच्छमेयं तहावि गिण्हसु इमस्स देवदूसस्स अद्धं'ति। 'जं सामि! आणवेइ'त्ति भणिऊण हरिसवसुग्गयबहलपुलओ बंभणो वत्थस्स अद्धं गहिऊण कयप्पणामो अणुचिंतंतो पुणो पुणो सामिस्स अपुव्वमुदारत्तणं गओ नियगेहं, दिट्ठो य बंभणीए, पुच्छिओ परमायरेणं, साहिओ तेण देवदूसद्धलाभो। जाओ बंभणीए परमसंतोसो।

अन्नदिवसे य तेणवि समप्पियं तं दूसद्धं दसिगाबंधणत्थं तुन्नागस्स। तेणवि तारिसमदिट्ठपुव्वं पेच्छिऊण पुच्छिओ सो बंभणो-'भद्द! तुमए कहिं लद्धमेयं?, न जेण एरिसदूसाइं महीयले दीसंति।' बंभणेण भणियं-'मुद्ध! भगवया दिण्णं'ति। तुण्णागेण भणियं-'बीयंपि खंडमाणेहि,

---

भगवताऽपि एवमाऽऽकर्ण्य समुच्छलिताऽपरिकलितकारुण्यपूर्णचित्तेन भणितं 'भोः भोः देवानुप्रिय! परित्यक्ताशेषसङ्गः अहं साम्प्रतम्। त्वञ्च अत्यन्तदौर्गत्यभरविधुरितशरीरः। अतः यद्यपि असदृशमेतत् तथापि गृहाण अस्य देवदूष्यस्य अर्धम्' इति। 'यद् स्वामी आज्ञापयति' इति भणित्वा हर्षवशोद्गत-बहुपुलकः ब्राह्मणः वस्त्रस्य अर्धं गृहीत्वा कृतप्रणामः अनुचिन्तयन् पुनः पुनः स्वामिनः अपूर्वमुदारत्वं गतः निजगृहम्, दृष्टश्च ब्राह्मण्या, पृष्टः परमाऽऽदरेण, कथितः तेन देवदूष्यलाभः। जातः ब्राह्मण्याः परमसन्तोषः।

अन्यदिवसे च तेनाऽपि समर्पितं तद्दूष्यमर्धं दशिका(=प्रान्तभाग)बन्धनार्थं तन्तुवायस्य। तेनाऽपि तादृशमदृष्टपूर्वं प्रेक्ष्य पृष्टः सः ब्राह्मणः 'भद्र! त्वया कुत्र लब्धमेतत्?, न येन एतादृशदूष्यानि महीतले दृश्यन्ते।' ब्राह्मणेन भणितं 'मुग्ध! भगवता दत्तम्।' तन्तुवायेन भणितं 'द्वितीयमपि खण्डमानय, येन उभयखण्डमिलनेन तूणयामि एतत्, प्रतिपूर्णमिव दीनारलक्षमूल्यं प्राप्यते, अर्धाऽर्धेन च तव ममाऽपि द्रव्यं

---

એમ સાંભળતાં ઉછળતી અકલ્પ્ય કરુણાથી ભરેલા મનવાળા ભગવંતે કહ્યું કે-'હે દેવાનુપ્રિય! અત્યારે તો મેં બધો સંસર્ગ-પરિગ્રહ તજી દીધો છે અને તું અત્યંત દૌર્ભાગ્યના દુઃખથી આકુળ-વ્યાકુળ છે, તેથી જો કે અયોગ્ય છે છતાં આ દેવદૂષ્યનો અર્ધભાગ લઇ લે.' એટલે 'જેવી સ્વામીની આજ્ઞા' એમ કહેતાં હર્ષને લીધે રોમાંચિત થતો બ્રાહ્મણ અર્ધવસ્ત્ર લઇ, પ્રણામ કરી, સ્વામીની અપૂર્વ ઉદારતાને વારંવાર ચિંતવતો તે પોતાનાં ઘરે ગયો. ત્યાં બ્રાહ્મણીએ જોતાં પરમ આદરથી પૂછ્યું જેથી તેણે દેવદૂષ્ય-અર્ધનો લાભ કહી સંભળાવ્યો, જે સાંભળતાં બ્રાહ્મણી પરમ સંતોષ પામી.

પછી બીજે દિવસે તે વસ્ત્રાર્ધ તેણે દશી બાંધવા માટે તંતુવાય-વણકરને સોંપ્યું. એટલે તેણે પણ પૂર્વે કદી ન જોયેલ તે દિવ્ય વસ્ત્ર જોતાં બ્રાહ્મણને પૂછ્યું કે-'હે ભદ્ર! આ તને ક્યાંથી મળ્યું? કારણ કે આવાં વસ્ત્રો મહીતલપર મળતાં નથી.' બ્રાહ્મણે કહ્યું-'હે મુગ્ધ! એ તો મને ભગવંતે આપ્યું છે.' વણકરે કહ્યું -'એનો બીજો ખંડ પણ લઇ આવ કે જેથી બંને ખંડ મેળવીને સાંધું. એમ કરતાં અખંડની જેમ એનું એક લાખ સોનામ્હોર મૂલ્ય મળશે.

जेण उभयखंडमीलणेण तुण्णेमि एयं, पडिपुण्णं व दीणारलक्खमुल्लं पावेइ, अद्धद्धेण य तुज्झ ममंपि दव्वं भविस्सइ'त्ति। बंभणेण भणियं-'कहं पुण दुइज्जयं वत्थद्धं लभिस्सामि?।' जिणसमायारवियक्खणेण भणियं तुन्नागेण-'जया खाणुगाइफरिसेण सामिखंधदेसाओ निवडइ तया गिण्हिज्जासि।' एवं सोच्चा सो तल्लोभेण लग्गो भगवओ पिट्ठीए। जहा य तस्स तल्लाभो भविस्सइ तहा पुरओ भणिस्सामि।

अह **कुम्मारगा**मबहिया पडिवन्नपडिमस्स पलंबियभुयस्स भगवओ महावीरस्स समीवे सयलदिणवाहपरिस्संते छुहाभिहए चरमाणे वसहे भलाविऊण एगो अच्चंतपावसंगय-सरीरो विणय-णय-विण्णाणजा(ना)णविवज्जिओ गोवालो गावीदुहणनिमित्तं गओ गाममज्झे। तत्थ ट्ठियस्स वावारंतरवावडणेण लग्गा महती वेला। ते य बइल्लगा खणमेक्कं भगवओ समीवे चरिऊण खुहाभिहयसरीरा सणियं सणियं तिणभक्खणं कुणमाणा पविट्ठा अडविं।

---

भविष्यति' इति। ब्राह्मणेन भणितं 'कथं पुनः द्वितीयं वस्त्रार्द्धं लप्स्ये?।' जिनसमाचारविचक्षणेन भणितं तन्तुवायेन 'यदा स्थाणुकादिस्पर्शेन स्वामिस्कन्धदेशाद् निपतति तदा गृहीष्यसि।' एवं श्रुत्वा सः तल्लोभेन लग्नः भगवतः पृष्ठे। यथा च तल्लाभः भविष्यति तथा पुरतः भणिष्यामि।

अथ **कुमारग्राम**बहिः प्रतिपन्नप्रतिमस्य प्रलम्बितभुजस्य भगवतः महावीरस्य समीपे सकलदिनवाहपरिश्रान्तान् क्षुधभिहतान् चरतां वृषभान् भालयित्वा एकः अत्यन्तपापसङ्गतशरीरः विनय-न्याय-विज्ञानज्ञानविवर्जितः गोपालः गौदोहननिमित्तं गतः ग्राममध्ये। तत्र स्थितस्य व्यापारान्तरव्यापृतत्वेन लग्ना महती वेला। ते च वृषभाः क्षणमेकं भगवतः समीपं चरित्वा क्षुधभिहतशरीराः शनैः शनैः तृणभक्षणं कुर्वन्तः प्रविष्टाः अटवीम्। सः च गोपालः क्षणान्तरेण आगतः भगवतः समीपम्, वृषभान् अप्रेक्षमाणः प्रष्टुमारब्धवान् 'भोः देवार्य! ये

---

એથી આપણ બંનેને અર્ધોઅર્ધ દ્રવ્ય મળશે.' બ્રાહ્મણ બોલ્યો - 'હવે એનો બીજો ખંડ શી રીતે મળી શકે?' ત્યારે જિન-સામાચારીમાં વિચક્ષણ એવા તંતુવાયે કહ્યું-'જ્યારે વૃક્ષનું શુષ્ક થડ પ્રમુખમાં અટકતાં સ્વામીના સ્કંધ પરથી તે પડી જાય ત્યારે તું ઉપાડી લેજે.' એમ સાંભળતાં વસ્ત્રાર્ધના લોભે તે ભગવંતની પાછળ લાગ્યો. હવે તે વસ્ત્રાર્ધનો તેને કેવી રીતે લાભ થશે તે આગળ કહેવામાં આવશે.

હવે **કુમારગ્રામ**-સંનિવેશની બહાર પ્રતિમારૂપે રહેલા અને લંબમાન જેમની ભુજાઓ છે એવા ભગવંત મહાવીર પાસે અત્યંત પાપિષ્ઠ, વિનય-નયના વિજ્ઞાનથી વર્જિત એવો એક ગોવાળ, આખો દિવસ ચલાવવાથી થાકી ગયેલા અને ક્ષુધાથી પીડિત એવા ચરતા વૃષભ ભળાવીને તે ગાયો દોહવા નિમિત્તે ગામમાં ગયો. ત્યાં બીજું કાંઇ કામ કરવાનું હોવાથી તેને બહુ વખત લાગ્યો. એવામાં તે બળદ ક્ષણભર ભગવંતની સમીપે ચરી, ભારે ક્ષુધાતુર હોવાથી ઘાસ ચરતા હળવે હળવે અટવીમાં ચાલ્યા ગયા. ત્યાં ગોવાળ પ્રભુ પાસે આવ્યો અને પોતાના

सो य गोवालो खणंतरेण आगओ भगवओ समीवे, वसहे अपेच्छंतो पुच्छिउमारद्धो-'भो देवज्जया! जे तुह मए भलाविया पुव्वं वसहा ते साहेसु कत्थ गयत्ति?'। सामीवि असुणिंतोव्व तुण्हिक्को ठिओ। तेणावि नायं-नूणमेसो महाणुभावो न जाणइत्ति, तओ गिरिकंदरेसु य, नईसु य, निज्झरेसु य, महातरुगहणेसु य, गामंतरालेसु य, अन्नेसु य विविहप्पएसेसु य गोसामियभयभीओ विमणदुम्मणो तं मग्गणं काउमारद्धो। ते य वसहा सुचिरं सच्छंदप्पयारेण उवसंतछुहावेयणा पुणोवि समागया तत्थेव पएसे, भयवंतं दट्ठूण रोमंथता य ठियत्ति, सो य गोवालो अणुवलद्धगोणपउत्तिविसेसो, चउपहररयणिजागर-परिमिलाणनयणो, रेणुभरधूसरियसरीरो, खाणुकंटगाइपरिव्वहिओ सुचिरं परिभमिऊण वलिओ तेणेव पएसेण। दिट्ठा य ते सामिणो समीवे सुहनिसन्ना नियवसहा। अह रोसारुणियच्छो फरुसगिराए भयवंतं तज्जिउमाढत्तो, कहं चिय?-

---

तुभ्यं मया भालिताः पूर्वं वृषभाः ते कथय कुत्र गताः?।' स्वामी अपि अश्रुण्वन् इव तूष्णीं स्थितः। तेनाऽपि ज्ञातं 'नूनम् एषः महानुभावः न जानाति। ततः गिरिकन्दरेषु च, नदीषु च, निर्झरेषु च, महातरुगहनेषु च, ग्रामान्तरालेषु च, अन्येषु च विविधप्रदेशेषु च गोस्वामिकभयभीतः विमनोदुर्मनाः तन्मार्गणं कर्तुमारब्धवान्। ते च वृषभाः सुचिरं स्वच्छन्दप्रचारेण उपशान्तक्षुध्वेदनाः पुनरपि समागताः तत्रैव प्रदेशे, भगवन्तं दृष्ट्वा रोमन्थयन्तः (खादन्तः) च स्थिताः। सश्च गोपालः अनुपलब्ध-गोप्रवृत्तिविशेषः, चतुर्प्रहररजनीजागर-परिम्लाननयनः, रेणुभरधुसरितशरीरः स्थाणु-कण्टकादिपरिव्यथितः सुचिरं परिभ्रम्य वलितः तेनैव प्रदेशेन। दृष्टाः च ते स्वामिनः समीपं सुखनिषण्णाः निजवृषभाः। अथ रोषाऽरुणिताक्षः परुषगिरा भगवन्तं तर्जयितुमारब्धवान्। कथमेव-

---

બળદ જોવામાં ન આવતાં તેણે ભગવંતને પૂછ્યું કે-'હે દેવાર્ચક! જે પૂર્વે મેં તમને બળદ ભળાવ્યા હતા, કહો, તે ક્યાં ગયા?' એટલે જાણે સાંભળ્યું ન હોય તેમ સ્વામી પણ મૌન જ રહ્યા, જેથી તેણે પણ જાણ્યું કે - 'આ તો કોઇ મહાત્મા છે, તેથી કંઇ જાણતા નથી! પછી તે ગિરિગુફાઓમાં, નદીઓમાં, ઝરણા કે મોટાં વૃક્ષોની ઘટામાં, ગામમાં તેમજ અન્ય વિવિધ પ્રદેશમાં વૃષભ-સ્વામીથી ભય પામી, ભારે આકુળ-વ્યાકુળ થઇને તે શોધવા લાગ્યો. એવામાં લાંબો વખત સ્વચ્છંદે ચરતાં, ક્ષુધા-વેદના શાંત થવાથી તે વૃષભો ફરીને પણ તે જ પ્રદેશમાં આવ્યા અને ભગવંતને જોઈ ત્યાં વાગોળતા બેઠા. હવે તે ગોવાળ કે જે બળદોનો પત્તો ન મેળવી શક્યો, ચાર પ્રહર રાત્રિ-જાગરણ થવાથી જેનાં લોચન મ્લાન થઇ ગયાં છે, જેનું શરીર ધૂળથી ખરડાયેલ છે, સ્થાણુ અને કંટકાદિકથી પરભવ પામતાં લાંબો વખત ભમી ભમીને તે તે જ માર્ગે પાછો વળ્યો. ત્યાં સ્વામી પાસે સુખે બેઠેલા પોતાના બળદો તેણે જોયા, જેથી લાલ લોચન કરી ભારે કર્કશ વચનથી પ્રભુની તર્જના કરતાં તેણે કહ્યું કે -

देवज्ज! दुज्जणो इव दावेसि पसंतवत्थनेवत्थं।
अब्भिंतरओ पुण चित्तकुडिलया एरिसी तुज्झ ।।१।।

जं गोविऊण हरणट्ठया तुमं मज्झ संतिए वसहे।
नूणमियाणिं गच्छंतओऽसि जइ मं न पेच्छंतो ।।२।।

तावित्थ चंगिमा तुह वयस्स! अरि भल्लिमा विवेयस्स!
गोमट्टत्तणमण्णं किंपिय दक्खिन्नभावस्स ।।३।।

मन्ने पलंबियभुओ निरुद्धनीसेसबज्झवावारो।
तं जणमुसणनिमित्तं उवायजालं विचिंतेसि ।।४।।

---

देवार्य! दुर्जनः इव दर्शयसि प्रशान्तवस्त्रनेपथ्यम्।
अभ्यन्तरतः पुनः चित्तकुटिलता एतादृशी तव ।।१।।

यद् गोपयित्वा हरणार्थं त्वं मम सत्कान् वृषभान्।
नूनमिदानीं गतो आसीत् यदि मां न प्रेक्षमाणः ।।२।।

तावदत्र मनोहरता तव व्रतस्य! अहो भद्रता विवेकस्य!।
गौरवम् अन्यत् किमपि च दाक्षिण्यभावस्य ।।३।।

मन्ये प्रलम्बितभुजः निरुद्धनिःशेषबाह्यव्यापारः।
त्वं जनमोषणनिमित्तम् उपायजालं विचिन्तयसि ।।४।।

---

'હે દેવાર્ય! દુર્જનની જેમ બહારથી તો તું પ્રશાંત વેશ બતાવે છે, પણ અંતરમાં તો તારા મનની આવી કુટિલતા દેખાઇ આવી કે (૧)

મારા વૃષભો હરણ કરવા માટે તેં છુપાવી રાખ્યા અને જો તે મને જોયો ન હોત તો અવશ્ય તું તે લઇને ચાલ્યો જાત. (૨)

અહો! તારા વ્રતની આ સુંદરતા! અહો! તારા વિવેકની ભદ્રતા અને તારા દાક્ષિણ્ય ભાવની કંઇ જુદાજ પ્રકારની ખૂબી! (૩)

મને તો એમ લાગે છે કે-બધા બાહ્ય વ્યાપાર બંધ કરી, ભુજાઓ લાંબી મૂકી જે તું બકધ્યાન ધરે છે તે લોકોને છેતરવા નિમિત્તે માત્ર ઉપાયો જ ચિંતવતો લાગે છે.' (૪)

इय दुव्वयणेहिं तज्जिऊण सो दावणेण हणिउमणो गोवालो वेयालोव्व धाविओ भयवओऽभिमुहं। एत्थंतरे सोहम्मसभासीहासणनिसण्णो सहस्सनयणो सामिस्स सुहविहारोवलंभनिमित्तं ओहिं पउंजइ पेच्छइ य भयवंतं पडुच्च वेगेण धावमाणं तं गोवयं। तओ तत्थट्ठिओऽवि तं थंभिऊण सक्को दिव्वाए देवगईए उइण्णो जिणसमीवे, तज्जिउमारद्धो य तं गोवालयं, जहा-'रे दुरायार! पुरिसाहम! पसुनिव्विसेस! नूणं एयाण वसभाण चेव पुण्णेहिं न भक्खेसि तूमं तिणाइं, जो एयं सिद्धत्थनरिंदनंदणं परिचत्तकरि-तुरय-पाइक्क-संदणं, संपयमेव गहियपव्वजं, नियधम्मकज्जसज्जं सममुणियतण-मणिं वद्धमाणमहामुणिंपि न मुणेसि'त्ति। एवं निब्भच्छिऊण तं सक्को तिपयाहिणीकाऊण भयवंतं वंदेइ। सिरनमियकरकमलो य विन्नवेइ-'भयवं! तुम्ह दुवालस वरिसाणि जाव समणमेत्तेणवि दुक्खजणगा, इयरजणजीवियंतकरणखमा, पवरसूराणवि लोमुद्धोसजणगा उग्गा उवसग्गवग्गा

---

इति दुर्वचनैः तर्जयित्वा सः दाम्ना हन्तुमनाः गोपालः वेतालः इव धावितः भगवतः अभिमुखम्। अत्रान्तरे सौधर्मसभासिंहासननिषण्णः सहस्रणयनः स्वामिनः सुखविहारोपलम्भनिमित्तम् अवधिं प्रयुनक्ति प्रेक्षते च भगवन्तं प्रतीत्य वेगेने धावमानं तं गोपम्। ततः तत्रस्थितः अपि तं स्तम्भयित्वा शक्रः दिव्यया देवगत्या अवतीर्णः जिनसमीपम्, तर्जयितुम् आरब्धवान् च तं गोपालम् यथा 'रे दुराचार! पुरुषाधम! पशुनिर्विशेष! नूनम् एतेषां वृषभाणामेव पुण्यैः न भक्षयसि त्वं तृणानि, यः एनं सिद्धार्थनरेन्द्रनन्दनं परित्यक्तकरि-तुरग-पदाति-स्यन्दनम्, साम्प्रतमेव गृहीतप्रव्रज्याकम्, निजधर्मकार्यसज्जम्, समज्ञाततृणमणिम्, वर्द्धमानमहामुनिम् अपि न जानासि। एवं निर्भर्त्स्य तं शक्रः त्रिप्रदक्षिणीकृत्य भगवन्तं वन्दते। शिरोनतकरकमलः च विज्ञापयति 'भगवन्! तव द्वादश वर्षाणि यावत् श्रवणमात्रेणाऽपि दुःखजनकाः, **इतरजनजीवितान्तकरणक्षमाः,** प्रवरशूराणामपि रोमोद्धर्षजनकाः उग्राः उपसर्गवर्गाः भविष्यन्ति। तस्मात् कुरु प्रसादम्, अनुमन्यस्व

---

એમ દુર્વચનોથી તર્જના કરી, વેતાલની જેમ તે ગોવાળ દામણ લઇને હણવા માટે ભગવંત પ્રત્યે દોડ્યો. એવામાં સૌધર્મા-સભામાં સિંહાસન પર બેઠેલ ઇંદ્રે સ્વામીનો સુખ-વિહાર જાણવા નિમિત્તે અવધિજ્ઞાન યોજ્યું, તો પ્રભુ પ્રત્યે દોડતા તે ગોવાળને દીઠો. એટલે દેવલોકમાં રહેતાં જ તેને સ્તંભિત કરીને શક્ર દિવ્ય ગતિથી જિન સમીપે ઉતર્યો અને તે ગોપાળને તર્જવા લાગ્યો કે-'અરે! દુરાચારી! અરે પુરુષાધમ! અરે પશુ સમાન! આ વૃષભોના પુણ્યથી જ તું તૃણાદિ ખાતો નથી, જે હસ્તી, અશ્વ, સુભટોને તથા રથોને તજી અત્યારે જ પ્રવ્રજ્યા લેનાર, પોતાના ધર્મ-કાર્યમાં તત્પર અને તૃણ-મણિને સમાન ગણનાર સિદ્ધાર્થ રાજાના નંદન એવા વર્ધમાનસ્વામીને પણ તું જાણતો નથી?' એમ નિર્ભંછી ઇંદ્રે પ્રભુને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વાંદ્યા અને અંજલિ જોડી વિનંતિ કરી કે-'હે ભગવાન્! તમને બાર વરસ પર્યંત શ્રમણપણું પાળતાં દુઃખજનક, સામાન્ય જનોના જીવિતને તજાવનાર, પ્રવર

भविस्संति। ता कुणह पसायं, अणुमन्नह एत्तियं कालं मम, जेण समीवट्ठिओ वेयावच्चं भे करेमि'त्ति। एयं च आयन्निऊणुस्सारियकाउसग्गेण भणियं भयवया, जहा-भो भो देविंद!

तुह असरिसभत्तिमहाभरस्स जुज्जइ इमं न संदेहो।
किं तु न भूयं एयं नो भवइ न भावि कइयावि ।।१।।

जं तित्थयरा तुम्हारिसस्स निस्साए पुव्वकयकम्मं।
खवइंसु खविस्संति य खवेंति वा निच्छियं सक्क! ।।२।। जुम्मं।

अह परसामत्थेणवि जइ कम्मक्खउ घडेज्ज ता विहलो।
सिरलोय-बंभचेराइविविहतवचरणवावारो ।।३।।

अइसंकिलिट्ठचित्तत्तणेण दढबद्धरसविवागाणं।
सयमणुभवणं मोत्तुं कम्माण ण णिज्जरणमत्थि ।।४।।

---

एतावत्कालं माम्, येन समीपस्थितः वैयावृत्यं भवतः करोमि' इति। एवं च आकर्ण्य उत्सारितकायोत्सर्गेण भणितं भगवता-यथा 'भोः भोः देवन्द्र!

तव असदृशभक्तिमहाभरस्य युज्यते इदं न सन्देहः।
किन्तु न भूतमेतद्, नो भवति, न भावी कदापि ।।१।।

यत् तीर्थकराः युष्मादृशस्य निश्रया पूर्वकृतकर्म।
क्षपितवन्तः, क्षपिष्यन्ति च क्षपयन्ति वा निश्चितं शक्र! ।।२।। युग्मम्।

अथ परसामर्थ्येन यदि कर्मक्षयः घटयेत् तदा विफलः।
शिरोलोच-ब्रह्मचर्यादिविविधतपश्चरणव्यापारः ।।३।।

अतिसङ्क्लिष्टचित्तत्वेन दृढबद्धरसविपाकानाम्।
स्वयमनुभवनं मुक्त्वा कर्मणां न निर्जरणमस्ति ।।४।।

---

બલવંતોને પણ રોમાંચ પ્રગટાવનાર એવા ઉગ્ર ઉપસર્ગો થશે, માટે કૃપા કરી મને એટલો વખત અનુજ્ઞા આપો, તો હું આપની સમીપે રહીને વૈયાવચ્ચ કરતો રહું, એમ સાંભળતાં કાયોત્સર્ગ પારીને ભગવંતે જણાવ્યું કે -

'હે સુરેંદ્ર! તારી અસાધારણ ભક્તિ હોવાથી એમ બોલવું તને પાલવે તેમાં સંદેહ નથી, પરંતુ એવું ભૂત, ભવિષ્ય કે વર્ત્તમાન કાળે કદાપિ બનવાનું નથી કે તારા જેવાની નિશ્રાએ તીર્થંકરો પૂર્વકૃત કર્મ નિશ્ચય ખપાવી ગયા, ખપાવશે કે ખપાવે છે. (૧/૨)

વળી પરના સામર્થ્યવડે જો કર્મક્ષય ઘટિત થાય તો લોચ, બ્રહ્મચર્ય, વિવિધ તપોવિધાન વિગેરે બધું વિફળ સમજવું. (૩)

અત્યંત સંક્લિષ્ટ ચિત્તથી જેનો રસવિપાક પોતે દૃઢ બાંધેલ છે એવાં કર્મો પોતે ભોગવ્યા વિના તેની નિર્જરા નથી. (૪)

एगोच्चिय सुहमसुहं एस जिओ सहइ कम्मवसवत्ती।
अवयारुवयारकरा तस्सेव पभावओ हुंति ।।५।।

ता जे पुव्वं सिद्धा जे सिज्झिस्संति जे य सिज्झंति।
ते नियवीरियकम्मक्खएण अन्नोऽत्थि नोवाओ ।।६।।

एवंविह विविहमहोवसग्गवग्गं वियाणिउं पुव्विं।
पडिवन्नोऽहं संजममेत्तो का तेसु मम गणणा? ।।७।।

इय सुरनाहं विविहोवउत्तिजुत्तीहिं बोहिउं भयवं।
काउस्सग्गंमि ठिओ नूणं मियभासिणो गरुया ।।८।।

---

एकः एव शुभमशुभम् एषः जीवः सहते कर्मवशवर्ती।
अपकारोपकारकराः तस्यैव प्रभावतः भवन्ति ।।५।।

ततः ये पूर्वं सिद्धाः, ये सेत्स्यन्ति, ये च सिध्यन्ति।
ते निजवीर्यकर्मक्षयेन अन्योऽस्ति नोपायः ।।६।।

एवंविधान् विविधमहोपसर्गवर्गान् विज्ञाय पूर्वम्।
प्रतिपन्नवान् अहं संयममात्रं का तेषां मां गणना? ।।७।।

इति सुरनाथं विविधोपयुक्ति-युक्तिभिः बोधयित्वा भगवान्।
कायोत्सर्गे स्थितः नूनं मितभाषिणः गुरुकाः ।।८।।

---

કર્મને વશ રહેલ એકલો આ જીવ પોતે જ શુભ કે અશુભ ભોગવે છે, તે કર્મના પ્રભાવથી જ અન્ય અપકારી કે ઉપકારી બને છે; (૫)

માટે જે પૂર્વે સિદ્ધ થયા, સિદ્ધ થશે અને સિદ્ધ થાય છે તે પોતાના બળે કર્મનો ક્ષય કરીને જ, પરંતુ અન્ય ઉપાય નથી. (૬)

એવી રીતના વિવિધ મહા-ઉપસર્ગો પૂર્વે જાણીને જ મેં સંયમ આદર્યો છે, તો તેની મારે ક્યાં દરકાર કરવાની છે?' (૭)

એ પ્રમાણે વિવિધ ઉક્તિ-પ્રયુક્તિથી બોધ પમાડીને પ્રભુ કાયોત્સર્ગમાં રહ્યા, કારણ કે મહાપુરુષો મિતભાષી હોય છે. (૮)

एत्थ य पत्थावे भयवओ चेव जणणिभगिणीए पुत्तो कयतहाविहघोरबालतव-विसेससामत्थोवलद्धवंतरसुरभवो **सिद्धत्थो** नाम देवो समागओ तं पएसं। सो य भणिओ सुरिंदेण जहा-'भो सिद्धत्थय! एस भयवं तुह आसन्नसयणोत्ति एगं कारणं, बीयं पुण ममाएसो, ता सव्वहा पासट्ठिओ सामिस्स मारणंतियमुवसग्गं पडिक्खलेज्जासि'त्ति। सोऽवि एयमायन्निऊण देविंदसंभासणजायपरमतोसो 'तह'त्ति पडिसुणइ। पुरंदरोऽवि सट्ठाणं गओ।

अह जायंमि पभायसमए भयवं चलिओ तओ ठाणाओ, कमेण य पत्तो **कोल्लाग**संनिवेसे। तत्थ य **बहुलो** नाम माहणो परिवसइ। तस्स य गिहे महूसवो समारद्धो, निप्फाइया रसवई, जेमेइ सयलजणो। एत्थंतरे भयवं मुणियभिक्खासमओ अतुरियं, असंभंतो छट्ठपारणगे पविट्ठो भिक्खानिमित्तं गाममज्झे। उच्च-नीयगिहेसु य परिभमंतो संपत्तो बहुलस्स मंदिरं, दिट्ठो य अणेण अप्पडिमरूवो भयवं भवणंगणगओ। तं च दट्ठूण चिंतिउमारद्धो-अहो

---

अत्र च प्रस्तावे भगवतः एव जननीभगिन्याः पुत्रः कृततथाविधघोरबालतपोविशेष-सामर्थ्योपलब्धव्यन्तरसुरभवः **सिद्धार्थः** नामकः देवः समागतः तं प्रदेशम्। सः च भणितः सुरेन्द्रेण यथा 'भोः सिद्धार्थ! एषः भगवान् तव आसन्नस्वजनः इति एकं कारणम्, द्वितीयं पुनः ममाऽऽदेशः, ततः सर्वथा पार्श्वस्थितः स्वामिनः मारणान्तिकम् उपसर्गं प्रतिस्खलिष्यसि' इति। सोऽपि एवमाकर्ण्य देवेन्द्रसम्भाषणजातपरमतोषः 'तथे'ति प्रतिश्रुणोति। पुरन्दरः अपि स्वस्थानं गतः।

अथ जाते प्रभातसमये भगवान् चलितः तस्मात् स्थानात्, क्रमेण च प्राप्तः **कोल्लाक**सन्निवेशम्। तत्र च **बहुलः** नामकः ब्राह्मणः परिवसति। तस्य च गृहे महोत्सवः समारब्धः, निष्पादिता रसवतीः, भुञ्जन्ति सकलजनः। अत्रान्तरे भगवान् ज्ञातभिक्षासमयः अत्वरितम्, असम्भ्रान्तं षष्टपारणके प्रविष्टः भिक्षानिमित्तं ग्राममध्ये। उच्च-नीचगृहेषु च परिभ्रमन् सम्प्राप्तः बहुलस्य मन्दिरम्, दृष्टश्चाऽनेन अप्रतिमरूपः भगवान् भवनांऽगणगतः। तं च दृष्ट्वा चिन्तयितुमारब्धवान् 'अहो! अस्य महामुनेः शरीरलावण्यता!, अहो

---

એવામાં ભગવંતની માસીનો પુત્ર કે તથાવિધ ઘોર બાળ-તપના પ્રભાવે **સિદ્ધાર્થ** નામે વ્યંતર દેવતા થયો હતો તે ત્યાં આવ્યો, એટલે ઇંદ્રે તેને જણાવ્યું કે - 'હે સિદ્ધાર્થ! આ ભગવાન્ તારા નજીકના સંબંધી છે એ એક કારણ અને બીજું કારણ તને મારી આજ્ઞા છે કે તું સર્વથા સ્વામીની પાસે રહેતાં મરણાંતિક ઉપસર્ગને અટકાવજે.' એટલે તેણે પણ ઇંદ્રના એવા આદેશથી સંતોષ પામતાં તેમ રહેવાનું કબૂલ કર્યું, જેથી પુરંદર પોતાના સ્થાને ગયો.

પછી પ્રભાત થતાં ભગવાન્ ત્યાંથી ચાલ્યા અને અનુક્રમે **કોલ્લાગ** સંનિવેશમાં ગયા. ત્યાં **બહુલ** નામે બ્રાહ્મણ રહેતો હતો. તેના ઘરે મહોત્સવ હોવાથી રસોઈ તૈયાર કરવામાં આવી હતી અને બધા લોકો જમતા હતા. એવામાં ભિક્ષા સમય જાણી ભગવંત ઉતાવળ કર્યા વિના શાંત સ્વભાવે છઠ્ઠના પારણે ભિક્ષા નિમિત્તે ગામમાં ગયા. ત્યાં ઊંચ, નીચ ગૃહોમાં પરિભ્રમણ કરતાં તે બહુલના ઘરે ગયા. એટલે તેણે અપ્રતિમ રૂપશાળી ભગવંતને પોતાના

इमस्स महामुणिणो सरीरलावण्णया, अहो निरूवमरूवया, अहो सयललक्खणपडिपुण्णया, अहो पसंतायारत्तणं, अहो सस्सिरीयत्तणं, निच्छियं न होइ एसो सामन्नगुणो। ता धन्नोऽहं जस्स मम गिहमणुपत्तोत्ति परिभाविंतो उच्छलियबहल-पुलयजालो मुत्ताहलालंकिओव्व उट्ठिऊण परमायरेण घयमहुमिस्सं पायसं भगवओ पणामेइ। भयवंपि निच्छिद्दं चक्कंकुसलंछणलंछियं पसारेइ करकमलं।

अह पाणिसंपुडे बंभणेण खित्तंमि पायसे पवरे।
गयणयले सुरनिवहा ओयरिउं भत्तिभरभरिया ।।१।।

वायंति केवि जयदुंदुहीओ अन्ने मुयंति कुसुमाइं।
चेलुक्खेवं केवि य करंति अन्ने थुणंति जिणं ।।२।।

---

निरुपमरूपता!, अहो सकललक्षणपरिपूर्णता!, अहो प्रशान्ताऽऽचारता!, अहो सश्रीकता!, निश्चितं न भवति एषः सामान्यगुणः। तस्माद् धन्योऽहं यस्य मम गृहमनुप्राप्तः इति परिभावयन् उच्छलितबहुपुलकजातः मुक्ताफलाऽलङ्कृतः इव उत्थाय परमाऽऽदरेण घृत-मधुमिश्रं पायसं भगवते अर्पयति। भगवान् अपि निच्छिद्रं चक्राङ्कुशलाञ्छनलाञ्छितं प्रसारयति करकमलम्।

अथ पाणिसम्पुटे ब्राह्मणेन क्षिप्ते पायसे प्रवरे।
गगनतले सुरनिवहाः अवतीर्य भक्तिभरभृताः ।।१।।

वादयन्ति केऽपि जयदुन्दुभयः, अन्ये मुञ्चन्ति कुसुमानि।
वस्त्रक्षेपं केऽपि च कुर्वन्ति, अन्ये स्तुवन्ति जिनम् ।।२।।

---

ભવનાંગણે આવેલા જોયા. તેમને જોતાં બહુલને વિચાર આવ્યો કે-'અહો! આ મહામુનિના શરીરનું લાવણ્ય કેવું છે? અહો! અનુપમ રૂપસંપત્તિ! અહો! બધા લક્ષણોની પરિપૂર્ણતા! અહો પ્રશાંત આકાર! અહો! સૌભાગ્ય. એ સામાન્ય ગુણશીલ તો નથી જ! તેથી હું ધન્ય કે મારા ભવનાંગણે એ પધાર્યા.' એમ ભાવતાં જાણે મોતીથી. અલંકૃત હોય તેમ અત્યંત રોમાંચ પ્રગટ થતાં ઉઠીને તેણે પરમાદરપૂર્વક ઘી અને સાકરવાળી ખીર ભગવંતને વહોરાવી. એટલે પ્રભુએ નિચ્છિદ્ર તથા ચક્ર, અંકુશના લક્ષણે લાંછિત એવા કર-કમળ પ્રસાર્યા.

ત્યાં કર-સંપુટમાં બ્રાહ્મણે ઉત્તમ ખીર નાખતાં, દેવતાઓ આકાશતળે ઉતરી ભારે ભક્તિપૂર્વક કેટલાક જયદુંદુભિ વગાડવા લાગ્યા, કેટલાક પુષ્પો વરસાવવા લાગ્યા, કેટલાક વસ્ત્રક્ષેપ કરવા લાગ્યા, કેટલાક જિનગુણ ગાવા લાગ્યા, (૧/૨)

गंभीरगुरुगिराए अहो सुदाणंति केइ घोसंति।
अच्छिन्नकणयधाराहिं हरिसिया केइ वरिसंति ।।३।।

सेसोऽवि गामलोओ तहाविहं पेच्छिऊण अच्छरियं।
विम्हियहिययो सहसा जिणस्सगासं समल्लीणो ।।४।।

किं बहुणा?-भयवं पायसलाभेण निव्वुओ माहणोऽवि कणगेण।
विम्हियरसेण लोगो एवं जाओ महाणंदो ।।५।।

अह **चम्मचक्खूहिं अपेहिज्जंतो** पारिऊण भयवं अन्नत्थ विहरिओ। गामाणुगामेण परिभमंतस्स य सामिणो पव्वज्जासमयसुरक्खित्तकुसुम-वासचुन्नगंधवासियंमि सरीरे कयज्झंकाररवा निरंतरं परिमुक्कवणकुसुममयरंदा भमरनियरा पीडं उप्पायंति, चिरनिच्चूसणेण

---

गम्भीरगुरुगिरा अहो सुदानमिति केऽपि घोषयन्ति।
अच्छिन्नकनकधाराभिः हृष्टाः केऽपि वर्षयन्ति ।।३।।

शेषोऽपि ग्रामलोकः तथाविधं प्रेक्ष्य आश्चर्यम्।
विस्मितहृदयः सहसा जिनसकाशं समाऽऽलीनः ।।४।।

किं बहुना?-भगवान् पायसलाभेन निवृतः, ब्राह्मणः अपि कनकेन।
विस्मितरसेन लोकः एवं जातः महानन्दः ।।५।।

अथ **चर्मचक्षुर्भ्याम् अप्रेक्षमाणः** पारयित्वा भगवान् अन्यत्र विहृतवान्। ग्रामानुग्रामेण परिभ्रमतः च स्वामिनः प्रव्रज्यासमयसुरक्षिप्तकुसुम-वासचूर्णगन्धवासिते शरीरे कृतझङ्काररवाः निरन्तरं परिमुक्तवनकुसुममकरन्दाः भ्रमरनिकराः पीडामुत्पादयन्ति, चिरलीढेन च किञ्चिद् अप्राप्नुवन्तः रोषेण

---

કેટલાક ગંભીર મોટા ધ્વનિથી 'અહો! સુદાનં' એમ ઘોષણા કરવા લાગ્યા અને કેટલાક ભારે પ્રમોદ લાવી સતત કનકધારા વરસાવવા લાગ્યા. (૩)

આવું આશ્ચર્ય જોતાં ગામના અન્ય લોકો પણ વિસ્મય પામી તરતજ પ્રભુ પાસે આવ્યા. (૪)

વધારે તો શું પણ પ્રભુ ખીરના લાભથી, બ્રાહ્મણ કનકવડે અને લોકો આશ્ચર્ય-રસવડે તૃપ્ત થયા, એમ મહા-આનંદ પ્રવર્ત્તી રહ્યો. (૫)

પછી ચર્મ-ચક્ષુને અગોચર આહાર-વિધિ આચરીને ભગવંતે અન્યત્ર વિહાર કર્યો અને ગ્રામનુગ્રામે પરિભ્રમણ કરતાં, પ્રવ્રજ્યા સમયે દેવતાઓએ નાખેલ કુસુમો અને વાસચૂર્ણના ગંધથી વાસિત વિભુના શરીરે નિરંતર ઝંકારવ કરતા, વન-પુષ્પોના પરિમલને તજીને ભમરાઓ પીડા ઉપજાવતા, લાંબા વખતથી સતત ત્યાં રહેતાં કંઇ પણ ન

य किंचि अपावमाणा रोसेण नहेहिं विंधंति मुहेहिं खाइंति, वसंतसमए रोमकूवनिग्गयं सिणेहमापिवंति, सरीरमारूढा य समं विहरंति। गामतरुणायवि तेण गंधेण आयरसियचित्ता भणंति-'भयवं! अम्हंपि देहि इमं गंधजुत्तिं, सुरभो तुज्झ सरीरगंधो।' तहा नवनीलुप्पल-पलाससरिच्छमच्छिजुयलं, सुरभिनीसाससुभगं मुहकमलं रूवसंपयं च दट्ठूण मयरद्धयसर-पहारजज्जरियहिययाओ गामतरुणीओ गामाणुगामं परियट्टमाणस्स भगवओ निवासट्ठाणं पुच्छंति, बहुप्पयारं उवसग्गेंति यत्ति। एवं पव्वज्जादिणाओ आरब्भ चत्तारि मासा समहिया जाव सुरनिहित्तवासपच्चइया दुट्ठभमराइणो उवसग्गा जायत्ति।

अन्नया तेलोक्कतिलओ सयलगुणनिलओ सामी परियडंतो गओ **मोराग**संनिवेसे। तत्थ **दूइज्जंता** नाम तावसरूवधारिणो पासंडिणो परिवसंति, तेसिं च अहिवई **जलणसम्मो** नाम। सो य मित्तो सिद्धत्थरण्णोत्ति पुव्वनेहेण सामिं दट्ठूण 'सागयं'ति भणिऊण संमुहमुवट्ठिओ।

---

नखैः विधन्ति, मुखैः खादन्ति, वसन्तसमये रोमकूपनिर्गतं स्नेहमाऽऽपिबन्ति, शरीरमारूढाः च समं विहरन्ति। ग्रामतरुणाः अपि तेन गन्धेन आय(=लाभ)रसिकचित्ताः भणन्ति 'भगवन्! अस्माकमपि देहि इमां गन्धयुक्तिम्, सुरभिकः तव शरीरगन्धः।' तथा नवनीलोत्पल-पलाशसदृशमक्षियुगलम्, सुरभिनिःश्वाससुभगं मुखकमलं रूपसम्पद् च दृष्ट्वा मकरध्वजशरप्रहारजर्जरितहृदयाः ग्रामतरुण्यः ग्रामानुग्रामं परिवर्तमानस्य भगवतः निवासस्थानं पृच्छन्ति, बहुप्रकारम् उपसृजन्ति च। एवं प्रव्रज्यादिनाद् आरभ्य चत्वारि मासानि समधिकानि यावत् सुरनिहितवासप्रत्ययिकाः दुष्टभ्रमरादयः उपसर्गाः जाताः।

अन्यदा त्रिलोकतिलकः, सकलगुणनिलयः स्वामी पर्यटन् गतः **मोराक**सन्निवेशम्। तत्र **दुइज्जन्ताः** नामकाः तापसरूपधारिणः पाखण्डिनः परिवसन्ति। तेषां च अधिपतिः **ज्वलनशर्मा** नामा। सः च मित्रः सिद्धार्थराज्ञः इति पूर्वस्नेहेन स्वामिनं दृष्ट्वा 'स्वागतम्' इति भणित्वा सम्मुखम् उपस्थितः। भगवताऽपि

---

પામતા તે રોષ લાવી નખવડે વીંધતા, મુખવડે ડંખ મારતા, વસંત-સમયે રોમ-કૂપમાંથી નીકળેલ રક્ત પીતા અને શરીરે ચડેલા વિભુની સાથે વિચરતા હતા. વળી તે ગંધથી આકર્ષાયેલા ગામના તરુણ જનો પણ ભગવંતને કહેતા કે-'હે નાથ! અમને પણ આ ગંધયુક્તિ બતાવો, આપો, તમારા શરીરનો ગંધ ભારે સુગંધી છે, તેમજ નવનીલોત્પલ અને પલાસ સમાન લોચન-યુગલ, સુરભિ-શ્વાસવડે શોભિત મુખકમલ તથા રૂપસંપત્તિ જોતાં, કામબાણથી જર્જરિત થએલ ગ્રામ-તરુણીઓ ગ્રામાનુગ્રામ વિચરતા ભગવંતનું નિવાસસ્થાન પૂછતી અનેક પ્રકારના ઉપસર્ગ કરતી હતી. એમ પ્રવ્રજ્યા લીધા પછી કંઇક અધિક ચાર માસ, દેવોએ નાખેલ વાસચૂર્ણને લીધે દુષ્ટ ભમરાઓએ પ્રભુને ઉપસર્ગ કર્યો.

એકદા ત્રણ લોકના તિલક સમાન અને સમસ્ત ગુણોના ભંડાર એવા સ્વામી પર્યટન કરતાં **મોરાગ** સંનિવેશમાં ગયા. ત્યાં **દુઇજ્જંત** નામે પાખંડી કે જેઓ તાપસના વેશે રહેતા તેમનો **જ્વલનશર્મા** નામે અધિપતિ

भयवयावि पुव्वपओगेण चेव बाहा पसारिया। तओ कुलवइणा ससंभमं आपुच्छिऊण पुव्ववत्तं भणिओ भयवं-'कुमारवर! एत्थेव निवसह किंचिकालं, निप्पच्चवाओ एस आसमो, न य कोइ झाणविग्घकारी, वासारत्तस्सवि समुचिओत्ति, ता सव्वहा जइ संपयं न ठाउकामो तहावि वासासु इहावसेज्जासि'त्ति वुत्ते सामी तव्वयणं पडिसुणिय तत्थेव एगराई वोलेइ। तयणंतरं च-

पणट्ठपेमबंधणो असंखदुक्खनासणो।
पसंतचित्तसुंदरो सथेज्जजित्तमंदरो ।।१।।

बहूवसग्गसंगओ गओ व्व मंदगामिओ।
मिओव्व सुन्नसेवओ व(पि)उव्व रक्खणुज्जुओ ।।२।।

---

पूर्वप्रयोगेण एव बाहू प्रसारितौ। ततः कुलपतिना ससम्भ्रमम् आपृच्छ्य पूर्ववृत्तं भणितः भगवान् 'कुमारवर! अत्रैव निवस किञ्चित्कालम्, निष्प्रत्यपायः एषः आश्रमः, न च कोऽपि ध्यानविघ्नकारी, वर्षारात्रस्याऽपि समुचितः, तस्मात् सर्वथा यदि साम्प्रतं न स्थातुकामः तथाऽपि वर्षासु इह आवत्स्यताम्' इति उक्ते स्वामी तद्वचनं प्रतिश्रुत्य तत्रैव एकरात्रिं व्यतिक्रान्तवान्। तदनन्तरं च-

प्रणष्टप्रेमबन्धनः असङ्ख्यदुःखनाशकः।
प्रशान्तचित्तसुन्दरः स्वस्थैर्यजितमन्दरः ।।१।।

बहूपसर्गसङ्गकः गजः इव मन्दगामिकः।
मृगः इव शून्यसेवकः पिता इव रक्षणोद्यतः ।।२।।

---

હતો તે સિદ્ધાર્થ રાજાનો મિત્ર હોવાથી પૂર્વના સ્નેહને લીધે સ્વામીને જોતાં સ્વાગત ઉચ્ચારતાં તે સન્મુખ આવ્યો એટલે પ્રભુએ પણ પૂર્વસંસ્કારને લીધે હાથ પસાર્યો. પછી કુલપતિએ સહર્ષ પૂર્વવૃત્તાંત પૂછીને પ્રભુને કહ્યું કે-'હે કુમારવર! કેટલોક વખત તમે અહીં જ રહો આ આશ્રમ વિઘ્ન રહિત છે અહીં કોઇ ધ્યાનમાં અંતરાય કરે તેવો નથી જેથી ચાતુર્માસને માટે પણ લાયક છે, તો અત્યારે કદાચ તમે સર્વથા ન રહી શકો તો પણ ચોમાસામાં તો અહીં જ રહેજો, એમ તેણે કહેતાં તે વચન સ્વીકારી ભગવંત એક રાત્રિ ત્યાં જ રહ્યા. તે પછી

પ્રેમબંધનો નાશ કરનાર, અસંખ્ય દુઃખને દળનાર, પ્રશાંત ચિત્તવડે સુંદર, પોતાની સ્થિરતાથી મંદરાચલને જીતનાર, (૧)

અનેક ઉપસર્ગોને સહન કરનાર, ગજેંદ્રની જેમ મંદગામી મૃગની જેમ સેવકરહિત તથા પિતાની જે જીવ-રક્ષામાં તત્પર (૨)

मडब-खेड-कब्बडे अणेगलोगसंकडे।
सुरिंदविंदवंदिओ परिब्भमेइ सामिओ ।।३।। तिहिं विसेसियं।

एवं च हिंडमाणस्स जयगुरुणो पज्जंतमणुपत्तो गिम्हसमओ, उवागओ वासारत्तो, तओ थणियसद्दं कुणमाणेसु सजलजलहरेसु, मंदं मंदं निवडंतीसु वारिधारासु, नियनियगेहमणुवच्चंतेसु पहियजणेसु, माणससरं सरंतेसु रायहंसेसु सामी पडिनियत्तिऊण समागओ तत्थेव मोरागसंनिवेसे। दिट्ठो कुलवई, समप्पिओ तेण पेमसव्वस्समुव्वहंतेण संछन्नो मढो। वुत्थो तत्थ पलंबियभुओ काउस्सग्गेण भयवं। एवं वच्चंति वासरा।

अह वट्टमाणंमि पढमपाउसारंभे निट्ठिएसु चिरं संचियवुसतण-पलालपमुहचारिविसेसेसु, अणुग्गम्मंतेसु अभिणवतणाईसु कत्थवि किंपि भक्खणिज्जं अपावमाणाइं गोरूवाइं छुहापरिगयाइं

---

मडम्ब-खेट-कर्बटे अनेकलोकसङ्कटे।
सुरेन्द्रवृन्दवन्दितः परिभ्रमति स्वामी ।।३।। त्रिभिः विशेषितम्।

एवं च हिण्डमानस्य जगद्गुरोः पर्यन्तमनुप्राप्तः ग्रीष्मसमयः, उपागतः वर्षारात्रः। ततः स्तनितशब्दं कुर्वत्सु सजलजलधरेषु, मन्दं मन्दं निपतन्तीषु वारिधारासु, निजनिजगृहम् अनुव्रजत्सु पथिकजनेषु, मानससरसि सरत्सु राजहंसेषु स्वामी प्रतिनिवर्त्य समागतः तत्रैव मोराकसन्निवेशे। दृष्टः कुलपतिः, समर्पितः तेन प्रेमसर्वस्वमुद्वहता संछन्नः मठः। उषितवान् तत्र प्रलम्बितभुजः कायोत्सर्गेण भगवान्। एवं व्रजन्ति वासराणि।

अथ वर्तमाने प्रथमप्रावृषाऽऽरम्भे निष्ठितेषु चिरं सञ्चितवश्यतृण-पलालप्रमुखचारिविशेषेषु, अनुद्गच्छत्सु अभिनवतृणादिषु कुत्रापि किमपि भक्षणीयं अप्राप्नुवन्तः गोरूपाः क्षुधापरिगताः आगत्य तेषु

---

અને સુરેંદ્રવૃંદને વંદનીય એવા સ્વામી મડંબ, કર્બટ, ખેડ પ્રમુખ વિવિધ સ્થાન કે જે અનેક લોકોવડે સંકીર્ણ હતાં ત્યાં વિચરવા લાગ્યા. (૩)

એમ વિહાર કરતાં ગ્રીષ્મસમયનો અંત આવ્યો અને પછી ચોમાસું પણ આવી લાગ્યું કે જ્યાં પાણીથી ભરેલા વાદળો ગંભીર ગર્જના કરતા મંદ મંદ જળધારાઓ પડતી, પથિક જનો પોતપોતાના ઘર ભણી જતા અને રાજહંસો માનસ-સરોવર પ્રત્યે ચાલતા થયા. એટલે પ્રભુ પાછા વળીને ત્યાં જ મોરાગ સંનિવેશમાં આવ્યા. ત્યાં કુલપતિએ ભારે પ્રેમપૂર્વક એક તૈયાર મઠ-આશ્રમ સોંપ્યો. ભગવંત તે સ્થાને પ્રલંબમાન ભુજાએ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. એમ દિવસો જવા લાગ્યાં.

હવે પ્રથમ વર્ષાઋતુનો પ્રારંભ થતાં પૂર્વે લાંબા વખતથી સંઘરી રાખેલ સ્વાધીન પાંદડા, તૃણાદિક ચારો ખલાસ થવાથી અને નૂતન ઘાસ હજી ઉગેલ ન હોવાથી ક્યાંય પણ ભક્ષ્ય કંઇ ન મળતા ક્ષુધાથી પીડાતી ગાયો

आगंतूण तेसु तावसगिहेसु छायणतणभक्खणत्थमल्लियंति। तावसावि निट्ठुरलट्ठिप्पहारेण ताणि कुट्टिऊण निद्धाडिंति, दुवारट्ठिया य निच्चंपि सव्वायरेण रक्खंति नियउडवए। गोरूवाणि तेहिं ताडियाणि इओ तओ परिब्भमिऊण अविज्जमाणरक्खणं भगवओ मढं उवद्दविंति। तावसावि नियगिहट्ठिया तं विलुप्पमाणं पेच्छिऊण भयवओ उवरि परिओसमुव्वहंति- अहो अम्हे नियउडवए रक्खेमो, एस पुण समणो मणागंपि न रक्खेइ, ता किं करेमो?, कुलवइणा धरिओत्ति न किंपि पारिज्जइ पच्चक्खं फरुसमुल्लविउंति। एवं च पइदिणं जायमाणे परूढगाढमच्छराणुबंधा एगया गया ते कुलवइसगासे, सोवालंभं च भणिउमाढत्ता, जहा-सामि!

अम्ह गिहे तुम्हेहिं कोऽविहु मुक्को उ जो इमो समणो।
सो अच्चंतं नियकज्जकरणपडिबद्धवावारो ।।१।।

---

तापसगृहेषु छादनतृणभक्षणार्थम् आलीनाः। तापसाः अपि निष्ठुरयष्टिप्रहारेण तान् कुट्टयित्वा निर्घाटयन्ति, द्वारस्थिताः च नित्यमपि सर्वाऽऽदरेण रक्षन्ति निजोटजानि। गोरूपाः तैः ताडिताः इतस्ततः परिभ्रम्य अविद्यमानरक्षणं भगवतः मठम् उपद्रवन्ति। तापसाः अपि निजगृहस्थिताः तं विलुप्यमानं प्रेक्ष्य भगवतः उपरि परिदोषमुद्वहन्ति 'अहो! वयं निजोटजान् रक्षामः, एषः पुनः श्रमणः मनागपि न रक्षति ततः किं कुर्मः?, कुलपतिना धृतः इति न किमपि पार्यते प्रत्यक्षं परुषमुल्लपितुम्।' एवं च प्रतिदिनं जाते प्ररूढगाढमत्सराऽनुबन्धाः एकदा गताः ते कुलपतिसकाशम्, सोपालम्भं च भणितुम् आरब्धवन्तः यथा - 'स्वामिन्! -

अस्माकं गृहे युष्माभिः कोऽपि खलु मुक्तः खलु यः अयं श्रमणः।
सः अत्यन्तं निजकार्यकरणप्रतिबद्धव्यापारः ।।१।।

---

તે તાપસ આશ્રમો કે જ્યાં તૃણાદિક આચ્છાદિત કરેલ છે તે ખાવાને માટે આવવા લાગી, એટલે તાપસો પ્રચંડ લાકડીના પ્રહારોથી તેમને મારીને કાઢવા લાગ્યા અને દ્વાર પાસે હમેશાં બેસી રહીને બહુ ખંતથી પોતાના આશ્રમોની રક્ષા કરવા લાગ્યા. એમ તેમણે તાડન કરેલ ગાયો આમતેમ ભમી જેનું રક્ષણ કરનાર કોઈ નથી એવા ભગવંતના આશ્રમનું તૃણ ખાવા લાગી, જેથી પોતાના મઠમાં બેઠેલાં તે તાપસો ગાયોથી ખવાતા તે આશ્રમને જોઇ વિભુ પર ભારે દ્વેષ લાવીને કહેવા લાગ્યા કે-'અહો! અમે પોતાના મઠોનું રક્ષણ કરતા રહીએ છીએ અને આ શ્રમણ જરા પણ તેની દરકાર કરતો નથી તો શું કરીએ? કુલપતિએ એને બેસાડેલ છે તેથી સાક્ષાત્ આપણે કંઇ કઠણ શબ્દ કહી શકતા' નથી એમ પ્રતિદિન ચાલતાં ગાઢ મત્સરને ધારણ કરતા તે તાપસો એક વખતે કુળપતિ પાસે ગયા અને ઉપાલંભપૂર્વક કહેવા લાગ્યા કે-'હે સ્વામિન્!

તમે અમારા મઠમાં જે આ કોઈ શ્રમણને મૂક્યો છે તે પોતાનું કાર્ય કરવામાં જ અત્યંત તત્પર છે, (૧)

एयंपि नो वियाणइ गोरूवेहिं जहा गिहं एयं।
पइदिणमुवद्दविज्जइ रक्खइ न खणंतरं एगं ।।२।।

किं आलस्सं अहवाऽणुकंपणं अहव होज्ज व उवेहा।
निद्दक्खिण्णत्तं वा न याणिमो तस्सऽभिप्पायं ।।३।।

अहवा मुणित्ति गोरूववारणं नो करेति स महप्पा।
गुरु-देवपूयणपरा अम्हे समणा न किं होमो? ।।४।।

हे कुलवइ! जइ रुट्ठोसि अम्ह तं उडवयं हणिज्जंतं।
एएणावि पओगेण वंछसे ता लहुं कहसु ।।५।।

---

एतदपि नो विजानाति गोरूपैः यथा गृहम् एतत्।
प्रतिदिनम् उपद्रूयते रक्षति न क्षणान्तरम् एकम् ।।२।।

किमालस्यम् अथवा अनुकम्पनमथवा भवेद् वा उपेक्षा।
निर्दाक्षिण्यत्वं वा न जानीमः तस्याऽभिप्रायम् ।।३।।

अथवा मुनिरिति गोरूपवारणं नो करोति सः महात्मा।
गुरु-देवपूजनपराः वयं श्रमणाः न किं भवामः? ।।४।।

हे कुलपते! यदि रुष्टोऽसि अस्माकं त्वम् उटजं हन्यमानम्।
एतेनाऽपि प्रयोगेण वाञ्छसि ततः लघुः कथय ।।५।।

---

તે એટલું પણ જાણતો નથી કે ગાયો એ આશ્રમને પ્રતિદિન ક્ષીણ બનાવે છે છતાં એક ક્ષણ તે તેની રક્ષા કરતો નથી. (૨)

શું આલસ્ય, અનુકંપા, ઉપેક્ષા કે નિર્દાક્ષિણ્ય હશે? તેનો કેવો અભિપ્રાય છે તે અમે સમજી શકતા નથી. (૩)

અથવા તો તે મહાત્મા પોતાને મુનિ સમજીને ગાયોનું નિવારણ ન કરતો હોય તો અમે શ્રમણો દેવ-ગુરુની પૂજામાં પરાયણ કેમ ન થઇએ? (૪)

હે કુલપતિ! જો અમારા પર તમે રૂઠ્યા હો અને આ પ્રયોગથી મઠને નાશ કરવા માગતા હો તો સત્વર અમને જણાવી દો કે જેથી અમે તેની વાત પણ મૂકી દઇએ. તેની સાથે અમારે કાંઇ વિરોધ નથી. જે રૂષ્ટ થયો હોય છતાં સંતોષ પમાડવા લાયક હોય તો તેની સાથે માન શું? (૫/૬)

जेण विमुंचामो तस्स संकहं को मए सह विरोहो?।
रुट्ठोवि तोसणिज्जो जो किर को तेण सह माणो? ।।६।। जुम्मं।

तुह चित्तवित्तिमवियाणिऊण णूणं मुहा कओ रोसो।
तस्सोवरि अम्हेहिं का वा मूढाण होइ मई? ।।७।।

इय ईसाभरसम्मिस्सकोवदरफुरियअहरमुल्लविउं।
दूइज्जंतगमुणिणो कुलवइपासाउ निक्खंता ।।८।।

ते य तहा गच्छमाणे दट्ठूण कुलवई सव्वायरेण वाहरावेऊण भणिउमाढत्तो, जहा- 'भो महाणुभावा! किमेवं परिकप्पह?, को मज्झ दोसो?, मए वयंससिद्धत्थरायपुत्तोत्ति कलिऊण एयस्स मुणिणो गउरवं कयं, किं मए एयं वियाणियं जं एसो एवं नियगेहमुवेहिस्सइ?

---

येन विमुञ्चामः तस्य सङ्कथां कः तेन सह विरोधः?।
रुष्टोऽपि तोषणीयः यः किल कः तेन सह मानः? ।।६।। युग्मम्।

तव चित्तवृत्तिमविज्ञाय नूनं मुधा कृतः रोषः।
तस्योपरि अस्माभिः का वा मूढानां भवति मतिः? ।।७।।

इति ईर्ष्याभरसम्मिश्रकोपेषत्स्फुरिताधरम् उल्लप्य।
दूइज्जन्तकमुनयः कुलपतिपार्श्वाद् निष्क्रान्ताः ।।८।।

तान् च तथा गच्छतः दृष्ट्वा कुलपतिः सर्वाऽऽदरेण व्याहृत्य भणितुमारब्धवान् यथा 'भोः महानुभावाः, किमेवं परिकल्पयथ?, कः मम दोषः?, मया वयस्यसिद्धार्थराजपुत्रः इति कलयित्वा अस्य मुनेः गौरवं कृतम्, किं मया एतद् विज्ञातं यद् एषः एवं निजगृहम् उपेक्षिष्यते?, एवं स्थितेऽपि तथा करिष्यामि यथा

---

તમારી ચિત્તવૃત્તિ જાણ્યા વિના અમે તેના પર ખરેખર! વૃથા રોષ કર્યો અથવા તો મૂઢ જનોની મતિ કેવી હોય? (૭)

એ પ્રમાણે અત્યંત ઇર્ષ્યાથી યુક્ત કોપથી જરા કંપ પામતા અધરવડે બોલી દુઇજ્જંત તાપસો કુલપતિ પાસેથી ચાલતા થયા, (૮)

તેમને જતા જોઇ ભારે આદરપૂર્વક બોલાવીને કુલપતિએ કહ્યું કે-'હે મહાનુભાવો! તમે આવી કલ્પના કેમ કરો છો? એમાં મારો દોષ શો છે? મેં તો મિત્ર સિદ્ધાર્થ રાજાનો પુત્ર સમજીને એ મુનિનો સત્કાર કર્યો. શું એમ હું જાણતો હતો કે એ પોતાના મઠની આમ ઉપેક્ષા કરશે? તેમ છતાં હું એવો પ્રયત્ન કરીશ કે જેથી તમારો આશ્રમ

एवं ठिएवि तहा करिस्सं जहा न विणस्सइ तुम्ह आसमो, एत्तो मा वहिस्सह संतावं, मा चिंतिज्जह कुविगप्पजालं, तुम्हाणं अवरो को मम पिओत्ति?।' एवमायन्निऊण जायसंतोसा गया ते जहागयंति।

कुलवईवि गओ जिणसगासे, दिट्ठो उडवओ निलुत्तपुंखपुडविडओव्व नाममेत्तावसेसो। तं च पेच्छिऊण चिंतियं कुलवइणा-'अहो सम्ममुवइट्ठं तेहिं वरागेहिं, मए पुव्वं वियाणियं-मच्छरेण एए जंपंति, इयाणिं पुण एयदंसणे जहावट्ठियं नायंति, एवं संकप्पिऊण भयवंतं भणिउमाढत्तो-

चउरासमगुरुणो तं सुओऽसि सिद्धत्थभूवइस्स जओ।
तइलोक्कपिहियकित्ती ता तं पइ किंपि जंपेमि ।।१।।

तुज्झ पिउणावि एयं आसमपयमायरेण निच्चंपि।
रक्खियमिण्हिं पुत्तय! पालेयव्वं हवइ तुमए ।।२।।

---

न विनश्यति युष्माकमाऽऽश्रमः, इतः मा वहिष्यथ सन्तापम्, मा चिन्तयिष्यथ कुविकल्पजालम्, युष्मद् अपरः कः मम प्रियः?' इति। एवमाकर्ण्य जातसन्तोषाः गताः ते यथाऽऽगताः।

कुलपतिः अपि गतः जिनसकाशम्, दृष्टः उटजः निलुप्तपुङ्खपुटविटपः इव नाममात्राऽवशेषः तच्च प्रेक्ष्य चिन्तितं कुलपतिना 'अहो! सम्यग् उपदिष्टं तैः वराकैः। मया पूर्वं विज्ञातं-मत्सरेण एते जल्पन्ति, इदानीं पुनः एतद्दर्शने यथावस्थितं ज्ञातम्' इति। एवं सङ्कल्प्य भगवन्तं भणितुमारब्धवान्-

चतुराश्रमगुरोः त्वं सुतः असि सिद्धार्थभूपतेः यतः।
त्रिलोकप्रथितकीर्तिः तस्मात्त्वं प्रति किमपि जल्पामि ।।१।।

तव पित्राऽपि एतम् आश्रमपदमादरेण नित्यमपि।
रक्षितम् इदानीं पुत्र! पालयितव्यं भवति त्वया ।।२।।

---

નષ્ટ નહિ થાય. હવે તમે સંતાપ કરશો નહિ તેમ કુવિકલ્પો પણ ચિંતવશો નહિ. તમારા કરતાં મને પ્રિય કોણ છે? એમ સાંભળતાં સંતોષ પામીને તેઓ યથાસ્થાને ગયા.

પછી કુલપતિ પણ જિનેશ્વર પાસે ગયો અને ડાળી કે પાંદડા વિનાના વૃક્ષ સમાન તે મઠ નામ માત્ર જેવો દીઠો જેથી તેણે વિચાર કર્યો કે-'અહો! તે બિચારા તાપસોએ સાચું કહ્યું. મેં તો પ્રથમ ધાર્યું કે એઓ આમ મત્સરથી બોલે છે પરંતુ આશ્રમ જોવાથી હવે હું બરાબર સમજી શક્યો' એમ વિચારી ભગવંતને કહેવા લાગ્યો કે-'ચાર આશ્રમના ગુરુ એવા સિદ્ધાર્થ રાજાનો તું પુત્ર છે અને તારી કીર્તિ ત્રણે લોકમાં વિસ્તાર પામી છે, માટે મારે તને કંઇક કહેવાનું છે.- (૧)

હે પુત્ર! તારા પિતાએ પણ ભારે આદરપૂર્વક આ આશ્રમની જગ્યાનું સતત રક્ષણ કર્યું છે તો હવે તારે પણ તે પાળવાનું છે. (૨)

दुट्ठाण ताडणं चिय तुम्ह वयं तेण मुक्कपरिसंको।
कीस न गोरूवाइं तणभक्खणओ निवारेसि? ।।३।।

सउणीवि वच्छ! नियनीडरक्खणं कुणइ सव्वजत्तेणं।
भूभारधरणधीरो किं पुण तुम्हारिसो पुरिसो? ।।४।।

अम्हारिसजइजणरक्खणट्ठया निच्छियं पयावइणा।
तुम्हारिसा महायस! निप्फाइज्जंति सप्पुरिसा ।।५।।

अन्नह गोरूवेहि व दुट्ठेहिं धम्मपच्चणीएहिं।
उवहम्मंता अम्हे कं सरणं किर पवज्जंता? ।।६।।

---

दुष्टानां ताडनमेव तव व्रतं तेन मुक्तपरिशङ्कः।
कथं न गोरूपाणि तृणभक्षणतः निवारयसि? ।।३।।

शकुनिरपि वत्स! निजनीडरक्षणं करोति सर्वयत्नेन।
भूभारधरणधीरः किं पुनः युष्मादृशः पुरुषः? ।।४।।

अस्मादृशयतिजनरक्षणाय निश्चितं प्रजापतिना।
युष्मादृशाः महायशः! निष्पाद्यन्ते सत्पुरुषाः ।।५।।

अन्यथा गोरूपैः इव दुष्टैः धर्मप्रत्यनीकैः।
उपहन्यमानाः वयं कस्य शरणं किल प्रव्रजितास्मः? ।।६।।

---

દુષ્ટોને દંડ એ તમારું ખાસ વ્રત છે તો કંઇ પણ શંકા લાવ્યા વિના તૃણાદિક ખાતી ગાયોને કેમ અટકાવતો નથી? (૩)

હે વત્સ! એક પક્ષી પણ સર્વ પ્રયત્નપૂર્વક પોતાના માળાનું રક્ષણ કરે છે તો પૃથ્વીના ભારને ધારણ કરવામાં ધીર એવા તમારા જેવા પુરુષનું તો કહેવુંજ શું? (૪)

હે મહાયશ! અમારા જેવા યતિજનોની રક્ષા માટે નિશ્ચય પ્રજાપતિ તમારા જેવા સત્પુરુષોને ઉત્પન્ન કરે છે. (૫)

વળી એ પશુઓની જેમ ધર્મના દ્વેષી દુષ્ટ જનોથી પરાભવ પામતા અમે કોના શરણે જઇશું? (૬)

ता गिहनाहोव्व कुमार! वससु तुह संतियं इमं सव्वं।
पइं दिट्ठे पियमित्तं सिद्धत्थनिवं सरेमि अहं ।।७।।

इय संथवणोवालंभ-पणय-सिक्खवणगब्भवयणेहिं।
भणिऊण जिणं सो तावसाहिवो पडिगओ सगिहं ।।८।।

अह तेसिं भयवं तो मुणिउं अप्पत्तियं महासत्तो।
जयजीवहिएक्करओ चिंतेउमिमं समाढत्तो ।।९।।

मज्झ निमित्तेण इमे पाविंति अबोहिबीयमइभीमं।
ता सव्वहा न जुत्तं एत्तोऽवत्थाणमिह काउं ।।१०।।

---

तस्माद् गृहनाथः इव कुमार! वस तव सत्कम् इदं सर्वम्।
(तव) प्रति दृष्टे प्रियमित्रं सिद्धार्थनृपं स्मराम्यहम् ।।७।।

इति संस्तवनोपालम्भ-प्रणय-शिक्षापनगर्भवचनैः।
भणित्वा जिनं सः तापसाधिपः प्रतिगतः स्वगृहम् ।।८।।

अथ तेषां भगवान् ततः ज्ञात्वा अप्रीतिं महासत्त्वः।
जगज्जीवहितैकरतः चिन्तयितुमिदं समारब्धवान् ।।९।।

मम निमित्तेन इमे प्राप्नुवन्ति अबोधिबीजम् अतिभीमम्।
तस्मात् सर्वथा न युक्तमितः अवस्थानमिह कर्तुम् ।।१०।।

---

માટે હે કુમાર! તમે ગૃહપતિની જેમ ભલે અહીં સુખે રહો. આ બધું તમારું જ છે. તમને જોતાં પ્રિયમિત્ર, સ્વામી સિદ્ધાર્થ રાજા મને યાદ આવે છે. (૭)

એ પ્રમાણે સંસ્તવ, ઉપાલંભ, પ્રણય, શિખામણગર્ભિત વચનોવડે વીરને કહીને તે તાપસપતિ પોતાના સ્થાને ગયો, (૮)

એટલે મહાસત્ત્વશાળી અને જગજ્જીવના એક હિતકારી એવા ભગવંતે તેમને અપ્રીતિ થયેલ જાણીને વિચાર કર્યો કે-(૯)

'મારા નિમિત્તે એ લોકો અતિભયંકર મિથ્યાત્વ પામશે, માટે હવે અહીં રહેવું તે કોઇ રીતે યુક્ત નથી. (૧૦)

इय भुवणगुरू संचिंतिऊण जाएऽवि वरिसयालंमि।
ठाणाओ तओ चलिओ परपीडावज्जिणो गरुया ।।११।।

एत्तो च्चिय अन्नेहिंवि परपीडावज्जणंमि जइयव्वं।
जहसत्तीए एयं जम्हा सद्धम्मसारोत्ति ।।१२।।

एयं चेव भगवया वेरग्गकारणमुव्वहंतेण तिव्वा पंच अभिग्गहा गहिया, तंजहा- (१) अचियत्तकारए उग्गहंमि न वसियव्वं, (२) निच्चं उस्सग्गं करेयव्वं, (३) एगदुवयणवज्जं मोणेण ठाइयव्वं, (४) पाणिपत्ते भोत्तव्वं। एगे किर सूरिणो एवं भणंति, तं च किर कहं?- 'सपत्तो धम्मो पन्नवेयव्वो'त्ति भगवया पढमपारणगे परपत्तंमि भुत्तं, तेण परं पाणिपत्तंमि जाव छउमत्थोत्ति, (५) गिहत्थो य न अब्भुट्ठेयव्वोत्ति पंचमो। एवं च गहियपंचाभिग्गहो

---

इति भुवनगुरुः संचिन्त्य जातेऽपि वर्षाकाले।
स्थानात् तस्मात् चलितः परपीडावर्जिनः गुरुकाः ।।११।।

अतः एव अन्यैः अपि **परपीडावर्जने यतितव्यम्**।
यथाशक्त्या **एषः** यस्मात् **सद्धर्मसारः** ।।१२।।

एवमेव भगवता वैराग्यकारणमुद्वहता तीव्राः पञ्च अभिग्रहाः गृहीताः तद्यथा (१) अप्रीतिकारके अवग्रहे न वस्तव्यम्, (२) नित्यम् उत्सर्गः कार्यः, (३) एक-द्विवचनवर्जं मौनेन स्थेयम्, (४) पाणिपात्रे भोक्तव्यम्। एके किल सूरयः एवं भणन्ति तच्च किल कथम्-सपात्रः धर्मः प्रज्ञापनीयः इति भगवता प्रथमपारणके परपात्रे भुक्तम्, तेन परं पाणिपात्रे यावत् छद्मस्थः, (५) गृहस्थश्च न अभ्युत्थेयः इति

---

એમ ધારી વર્ષાકાલ વિદ્યમાન છતાં પ્રભુ તે સ્થાનથી ચાલતા થયા; કારણ કે મહાપુરુષો પર-પીડાને ટાળે છે, (११)

માટે આ દૃષ્ટાંતથી અન્ય જનોએ પણ પરપીડા ટાળવાનો યથાશક્તિ યત્ન કરવો એ સદ્ધર્મનો સાર બતાવેલ છે. (१२)

પછી એ વૈરાગ્યનું કારણ સમજતા પ્રભુએ આ પ્રમાણે પાંચ તીવ્ર અભિગ્રહો ધારણ કર્યા-૧. અપ્રીતિ થાય તેવા અવગ્રહમાં ન રહેવું, ૨. નિત્ય કાયોત્સર્ગ કરવો, ૩. એક કે બે વચન બોલવા ઉપરાંત મૌન રહેવું, ૪. પાણિ = હાથીરૂપી પાત્રમાં આહાર કરવો. તેમાં કેટલાક આચાર્યો એમ કહે છે કે-'પાત્રા સહિતના ધર્મની પ્રરૂપણા કરવી', તેથી પ્રથમ પારણે પ્રભુએ પરપાત્રમાં ભોજન કર્યું, તે પછી છદ્મસ્થાવસ્થા સુધી પાણિપાત્રમાં આહાર કર્યો. ૫. વળી ગૃહસ્થનો વિનય ન કરવો-એ પાંચમો અભિગ્રહ. એ પ્રમાણે પાંચ અભિગ્રહ લઇ, અર્ધમાસને અંતે ત્યાંથી

अद्धमासावसाणे तत्तो नीहरित्ता **अट्ठियग्गामं**मि वच्चइ। तस्स पुण अट्ठियगामस्स पढमं वद्धमाणनाममासि, तं च किर कहं ववगयंति? निसामेह कारणं-

**कोसंबी**ए नयरीए असंखदविणसंचओ **धणो** नाम सेट्ठी परिवसइ। तस्स अणेगोवजाइयसएहिं पसूओ **धणदेवो** नाम पुत्तो, अच्चंतं पाणप्पिओ वीसासट्ठाणं च, सो य अन्नया अणेगकुवियप्पदुट्ठसत्तभीसणं, समुल्लसंतमयणकुसुमसरं, रंगंततण्हामिगवण्हियापडलं, दुव्वारपसरेंदियचोरभयावहं, दुरुत्तारमूढयामहानिन्नगाविसमं अरन्नं व रउद्दं संपत्तो तारुण्णं। तव्वसेण य वसइ वेसागिहेसु, रमइ जूयं, पइदियहं विद्दवइ अत्थसंचयं, कुणइ विविहे विलासे, उवचरेइ दुल्ललियगोट्ठिं, पोसेइ नडनाडइज्जगायणपमुहं अनिबद्धं जणं, नाऽवेक्खइ कुलमेरं, न परिचिंतेइ सयणाववायंति। एवं च वच्चंतेसु य वासरेसु, खीणेसु दव्वपडिपुण्ण-

---

पञ्चमः। एवं च गृहीतपञ्चाऽभिग्रहः अर्धमासाऽवसाने तस्माद् निहृत्य **अस्थिकग्रामं** व्रजति। तस्य पुनः अस्थिकग्रामस्य प्रथमं **वर्धमान** नाम आसीत्, तच्च किल कथं व्यपगतमिति निश्रुणुत कारणम् -

कौशम्ब्यां नगर्याम् असङ्ख्यद्रव्यसञ्चयवान् **धनः** नामकः श्रेष्ठी परिवसति। तस्य अनेकोपयाचितशतैः प्रसूतः **धनदेवः** नामकः पुत्रः अत्यन्तः प्राणप्रियः विश्वासस्थानं च। सः च अन्यदा अनेककुविकल्पदुष्ट-सत्त्वभीषणम्, समुल्लसन्मदनकुसुमसरम्, रङ्गत्तृष्णामृगजलपटलम्, दुर्वारप्रसरदिन्द्रियचौरभयाऽऽवहम्, दुरुत्तारमूढता-महानिम्नगाविषमम्, अरण्यमिव रौद्रं सम्प्राप्तः तारुण्यम्। तद्वशेन च वसति वेश्यागृहेषु, रमते द्यूतम्, प्रतिदिवसं विद्रवति अर्थसञ्चयम्, करोति विविधान् विलासान्, उपचरति दुर्ललितगोष्ठीम्, पोषयति नटनाटितगायनप्रमुखम् अनिबद्धं जनम्, नाऽपेक्षते कुलमर्यादाम्, न परिचिन्तयति स्वजनाऽपवादम्। एवं च व्रजत्सु च वासरेषु, क्षीणेषु द्रव्यप्रतिपूर्णमहानिधानेषु, शून्यीभूतेषु कोष्ठाऽऽगारेषु चिन्तितं धनश्रेष्ठिना

---

નીકળી, પ્રભુ **અસ્થિકગ્રામે** ગયા. હવે તે અસ્થિક ગામનું પ્રથમ **વર્ધમાન** નામ હતું, તે કેમ બદલી ગયું તેનું કારણ સાંભળો.

**કૌશાંબી** નગરીમાં અપરિમિત ધનનો સ્વામી **ધન** નામે શેઠ રહેતો. તેને સેંકડો માનતાઓ કરતાં **ધનદેવ** નામે પુત્ર થયો, જે અત્યંત પ્રિય અને વિશ્વાસનું સ્થાન થઈ પડ્યો, તે અનુક્રમે અનેક કુવિકલ્પરૂપ દુષ્ટ પ્રાણીવડે ભીષણ કામદેવના કુસુમ-બાણ જ્યાં ઉછળી રહ્યાં છે, તૃષ્ણારૂપ મૃગ-જળના તરંગયુક્ત, દુર્વાર ઇંદ્રિય-પ્રચારરૂપ ચોરોવડે ભયાનક, દુસ્તર મૂઢતારૂપ મહાનદીવડે વિષમ એવા અરણ્યની જેમ રૌદ્ર તારૂણ્યને પામ્યો, તેના વશે તે વેશ્યાના ઘરમાં વસવા લાગ્યો. પ્રતિદિન જુગાર રમતો, ધનનો નાશ કરતો, વિવિધ વિલાસમાં વર્ત્તતો, દુર્લલિત-દુષ્ટ ચેષ્ટા આચરતો, નટ-નાટકાદિકના ગાયનમાં મસ્ત બનેલા લોકોને પોષતો, પોતાના કુળની મર્યાદા કે સ્વજનોનો અપવાદ તે જરા પણ ખ્યાલમાં ન લાવતો. એમ દિવસો જતાં દ્રવ્યથી પરિપૂર્ણ નિધાનો ક્ષીણ થતાં અને કોઠાર

महानिहाणेसु, सुन्नीभूएसु कोट्ठागारेसु चिंतियं धणसेट्ठिणा-अहो अज्जपज्जयाइपुरिसपरंपरागयंपि अपरिकलियसंखंपि खयं व पत्तमियाणिं मम धणं, ता न जुत्तं एत्तो पुत्तस्स उवेहणंति निच्छिऊण एगंते भणिओ धणदेवो-पुत्त! तुम्हारिसाणं उवभोगाइनिमित्तमेव अत्थोवज्जणमम्हाणं, न एत्तो विसिट्ठं ठाणमत्थि। केवलं जराजज्जरियसरीरोऽहमियाणिं असमत्थो चंकमणमेत्तेऽवि, अखमो समहिगभासियव्वेवि अपरिहत्थो कलाकोसल्लेवि। ता वच्छ! तुमए एस सव्वो कुडुंबभारो धम्मववहारोय अणुचिंतणिज्जो। सो य अत्थं विणा न तीरए मुहुत्तमवि सोढुं, अत्थोत्ति नाम पवरो पुरिसत्थो। तहाहि-

अत्थेण सुगुणमुणिजणखेत्तनिहित्तेण सुहफलोण्णमियं।
निप्फाइज्जइ सद्धम्मसस्सयं विणु पयासेण ।।१।।

---

'अहो! आर्यक-प्रार्यकादिपुरुषपरम्पराऽऽगतमपि अपरिकलितसङ्ख्यमपि क्षयमिव प्राप्तमिदानीम् मम धनम्, तस्मान्न युक्तं इतः पुत्रस्य उपेक्षणमिति निश्चित्य एकान्ते भणितः धनदेवः 'पुत्र! युष्मादृशानाम् उपभोगादिनिमित्तमेव अर्थोपार्जनम् अस्माकम्, न एतस्माद् विशिष्टं स्थानमस्ति। केवलं जराजर्जरितशरीरोऽहम् इदानीम् असमर्थः चङ्क्रमणमात्रेऽपि, अक्षमः समधिकभाषितव्येऽपि, अनिपुणः कलाकौशल्येऽपि। तस्माद् वत्स! त्वया एषः सर्वः कुटुम्बभारः धर्मव्यवहारश्च अनुचिन्तनीयः। सः च अर्थं विना न शक्यते मुहूर्तमपि सोढुम्, अर्थः इति प्रवरः पुरुषार्थः। तथाहि -

अर्थेन सुगुणमुनिजनक्षेत्रनिहितेन शुभफलोन्नतम्।
निष्पाद्यते सद्धर्मशस्यं विना प्रयासेन ।।१।।

---

ખાલી થઈ જતાં ધનશ્રેષ્ઠી વિચારવા લાગ્યો કે-'અહો આજ પર્યંત દાદા-પરદાદાની પરંપરાએ પ્રાપ્ત થએલ અને તે અસંખ્ય છતાં હવે મારું ધન લગભગ ખલાસ થવા આવ્યું છે, માટે પુત્રની ઉપેક્ષા કરવી તે યુક્ત નથી એમ નિશ્ચય કરીને તેણે ધનદેવને એકાંતમાં કહ્યું કે-

'હે પુત્ર! તારા જેવાના ભોગોપભોગાદિના નિમિત્તે જ અમારે અર્થોપાર્જન કરવાનું છે, એ કરતાં અન્ય વિશિષ્ટ સ્થાન નથી; છતાં અત્યારે હું જરાથી જર્જરિત થયેલ હોવાથી ચાલવામાત્રમાં પણ અસમર્થ થયો છું, અધિક બોલવામાં અશક્ત અને કળા-કૌશલમાં કાયર બન્યો છું; માટે હે વત્સ! આ બધો કુટંબભાર અને ધર્મવ્યવહાર તારે ચલાવવાનો છે અને તે અર્થ-દ્રવ્ય વિના એક મુહૂર્ત્ત પણ ચલાવી ન શકાય. અર્થ એ શ્રેષ્ઠ પુરુષાર્થ છે, કારણ કે-

ગુણી મુનિજનરૂપ ખેતરમાં નાખેલ ધનરૂપી બીજવડે વિના પ્રયાસે શુભ ફળવડે લચી રહેલ સદ્ધર્મરૂપ ધાન્ય તૈયાર થાય છે. (૧)

किं पुत्त! तए न सुयं जिणाण दिन्नाउ जेहिं भिक्खाओ।
पढमाउ ते य तम्मिवि केऽवि जणा सिवपयं पत्ता ।।२।।

केई तइयभवेणं सुरवरसोक्खाइं भुंजिउं धीरा।
सट्ठाणनिहित्ततहविहऽत्थसामत्थओ सिद्धा ।।३।।

अत्थेणं चिय कोमुइमयंकतुल्लाणणाउ तरुणीओ।
आबद्धपाणिसंपुडमाणाए ल हुं पयट्टंति ।।४।।

निंदियकुलुब्भवोविहु सयलकलावज्जिओविहु धणेणं।
पुरिसो गुरुव्व देवोव्व पुच्छणिज्जो हवइ लोए ।।५।।

---

किं पुत्र! त्वया न श्रुतं जिनेभ्यः दत्ता यैः भिक्षाः।
प्रथमतः ते च तस्मिनपि केऽपि जनाः शिवपदं प्राप्ताः ।।२।।

केऽपि तृतीयभवेन सुरवरसौख्यानि भुक्त्वा धीराः।
स्वस्थाननिहिततथाविधाऽर्थसामर्थ्यतः सिद्धाः ।।३।।

अर्थेन एव कौमुदीमृगाङ्कतुल्याननाः तरुण्यः।
आबद्धपाणिसम्पुटं आज्ञायां लघुः प्रवर्त्तन्ते ।।४।।

निन्दितकुलोद्भवोऽपि खलु सकलकलावर्जितोऽपि खलु धनेन।
पुरुषः गुरुः इव देवः इव प्रष्टव्यः भवति लोके ।।५।।

---

હે વત્સ! શું તે નથી સાંભળ્યું કે જેમણે જિનેશ્વરોને પ્રથમ ભિક્ષા આપી, તેમાં કેટલાક ભવ્યાત્માઓ તો તે જ ભવમાં શિવપદને પામ્યા, (૨)

કેટલાક ધીરજનો દેવતાનાં દિવ્ય સુખો ભોગવી શુભ સ્થાને વાપરેલ તથાવિધ ધનના સામર્થ્યથી ત્રીજે ભવે સિદ્ધ થયા. (૩)

અર્થ વડે કૌમુદી અને મૃગાંક સમાન મુખવાળી સ્ત્રીઓ સત્વર અંજલિ જોડીને આધીન રહે છે. (૪)

નિંદનીય કુળમાં ઉત્પન્ન થયા છતાં અને બધી કળાથી વર્જિત છતાં ધનવડે પુરુષ, ગુરુ અને દેવતાની જેમ લોકમાં સલાહ લેવા લાયક બને છે. (૫)

जे सूरा समरसिरे जे माणेणं गिरिंदसारिच्छा।
जे भव्वकव्वबंधेण जंति कित्तिं परं भुवणे ।।६।।

जे रूवमरट्टेणं मयरद्धयमवि हसंति किर पुरिसा।
अत्थड्ढाण जणाणं तेवि हु सेवं पवज्जंति ।।७।। जुम्मं।

अच्छउ दूरे अन्नो नियगिहिणीऽविहु न जेण धणहीणं।
आयरइ नरं पुत्तय! सयलोऽविहु लज्जए तेण ।।८।।

चिरसंथुयावि चिर(सह)कीलियावि निच्चं कओवयारावि।
गोहच्चकारगंपिव मित्तावि मुयंति धणरहियं ।।९।।

---

ये शूराः समरशिरसि, ये मानेन गिरीन्द्रसदृक्षाः।
ये भव्यकाव्यबन्धेन यान्ति कीर्तिं परां भुवने ।।६।।

ये रूपोत्कर्षेण मकरध्वजमपि हसन्ति किल पुरुषाः।
अर्थाऽऽढ्यानां जनानां तेऽपि खलु सेवां प्रपद्यन्ते ।।७।। युग्मम्।

आस्तां दूरे अन्यः निजगृहिणी अपि खलु न येन धनहीनम्।
आद्रियते नरं पुत्र! सकलोऽपि खलु लजते तेन ।।८।।

चिरसंस्तुतानि अपि चिर(सह)क्रीडितानि अपि नित्यं कृतोपकाराणि अपि।
गोहत्याकारमिव मित्राणि अपि मुञ्चन्ति धनरहितम् ।।९।।

---

તેમજ જે શૂરવીરો સમરાંગણમાં તત્પર હોય છે, માનવડે જેઓ મેરૂ સરખા, ભવ્ય કાવ્ય-બંધથી જેઓ લોકમાં પરમ યશ પામે છે (૬)

રૂપમદથી જેઓ કામદેવને હસી કહાડે છે તેવા પુરુષો પણ ધનવંત જનોની સેવા સ્વીકારે છે. (૭)

હે પુત્ર! અન્ય તો દૂર રહો પરંતુ પોતાની ગૃહિણી પણ ધનહીન ધણીનો આદર કરતી નથી, કે જેથી સકલ-કલાવાન પણ શરમાય છે. (૮)

ચિરકાલ જેમને વખાણ્યા છતાં સાથે લાંબો વખત રમ્યા છતાં, તથા સદા ઉપકાર કર્યા છતાં મિત્રો પણ ગૌહત્યા કરનારની જેમ ધન રહિત જનને તજી દે છે. (૯)

હે પુત્ર! વધારે શું કહું?

किं बहुणा दढदालिद्ददूमि(स)यं माणुसं विणासंतो।
सव्वंकसो कयंतोवि पुत्त! आलस्समुव्वहइ ।।१०।।

इय सव्वगुणाहाणं सधणत्तं तदियरं च दोगच्चं।
नियबुद्धीए नाउं पुत्तय! उचियं समायरसु ।।११।।

जइ ववसायं वंछसि काउं दविणज्जणत्थमिह भद्द!।
ता एसो पत्थावो जावऽज्जवि अत्थि किंपि धणं ।।१२।।

सव्व-विणासे जाए अग्गिंपि समप्पिही न ते कोऽवि।
किं पुण ववहारकए भंडोल्लं जीविगाजोग्गं? ।।१३।।

एवं निसुणिऊण भणियं धणदेवेण-'ताय! जइ एवं ता किं तुमए उवेहिओऽहमेत्तियं

---

किं बहुना दृढदारिद्र्यदूतं (दुःखितम्) मानुषं विनाशयन्।
सर्वंकर्षः कृतान्तः अपि पुत्र! आलस्यमुद्वहति ।।१०।।

इति सर्वगुणाऽऽधानं सधनत्वं तदितरं च दौर्गत्यम्।
निजबुद्ध्या ज्ञात्वा पुत्र! उचितं समाचर ।।११।।

यदि व्यवसायं वाञ्छसि कर्तुं द्रव्यार्जनार्थमिह भद्र!
ततः एषः प्रस्तावः यावदद्यापि अस्ति किमपि धनम् ।।१२।।

सर्वविनाशे जाते अग्निमपि समर्पयिष्यति न तुभ्यं कोऽपि।
किं पुनः व्यवहारकृते राशिः जीविका योग्या ।।१३।।

एवं निश्रुत्य भणितं धनदेवेन 'तात! यद्येवं ततः किं त्वया उपेक्षितोऽहम् एतावन्तं कालम्?, किं

---

ભારે દારિદ્રથી દીન બનેલ મનુષ્યનો વિનાશ કરતાં સર્વ શક્તિમાન કૃતાંતને પણ આલસ્ય થાય છે. (૧૦) એ પ્રમાણે સર્વ ગુણના આધાન-આધારરૂપ સધનત્વ અને અન્ય નિર્ધનત્વને સ્વબુદ્ધિથી જાણી યોગ્ય લાગે તેમ કર. (૧૧)

હે ભદ્ર! જો દ્રવ્યોપાર્જન કરવા વ્યવસાય કરવો હોય, તો અદ્યાપિ હજી અવસર છે, કારણ કે કંઇક ધન બાકી છે. (૧૨)

જો તે સર્વ વિનષ્ટ થઇ જશે, તો તંને કોઇ (રસોઈ કરવા) અગ્નિ પણ આપશે નહી, એટલે વ્યવહાર ચલાવવા આજીવિકાયોગ્ય ભંડોળની તો વાત જ શી કરવી?' (૧૩)

એમ સાંભળતાં ધનદેવ બોલ્યો કે-'હે તાત! જો એમ છે, તો તમે આટલો વખત મારી ઉપેક્ષા કેમ કરી? શું

कालं? किं मए अवगणियं कयाइ तुम्ह वयणं? दंसिया अणुचिया पडिवत्ती? सुरुट्ठताडणेणवि पासिओ विरूवो मुहरागो? जं विणस्समाणेऽवि घरसारे ण सिक्खविओऽम्हि। अहवा अलं पुव्वगयवइयरसोयणेण, पसीयह मे, देह आएसं, दुट्ठमहिलंव आकरिसेमि दूरगयंपि लच्छिं, नंदह तुब्भे बहुं कालं, केत्तिमेत्तमेयं'ति। सेट्ठिणा भणियं'पुत्त! किं न मुणेमि तुह कलाकोसल्लं?। न जाणामि साभावियं भुयबलं?, न लक्खेमि अंगीकयभरधुरधवलत्तणं?, न बुज्झामि महिट्ठं चित्तावट्ठंभं?, अओच्चिय मए एत्तियदिणाइं न किंपि भणिओऽसि, विसमदसावडियस्सवि पुत्त! किमसज्झं तुह परक्कमस्स?, ता इयाणिंपि कुणसु समुज्जमं, पूरेसु पणइजणमणोरहे दलेसु दुज्जणदुट्ठचिंतियं, अब्भुद्धरेसु विहलियं जणं, पयडेसु मयंकनिम्मलं नियकुलं'ति। धणदेवेण भणियं-'ताय! किं पुणरुत्तवयणवित्थरेणं?, पगुणीकरेसु सपडि सत्थं सव्व(मग्ग)संवाहगं च।' इय भणिए सेट्ठिणा नाऊण से निच्छयं वाहरावेया

---

मया अवगणितं कदाचित् तव वचनम्?, दर्शिता अनुचिता प्रतिपत्तिः?, सुरुष्टताडनेनाऽपि दृष्टः विरूपः मुखरागः? यद् विनश्यमानेऽपि गृहसारे न शिक्षापितोऽहम्। अथवा अलं पूर्वगतव्यतिकरशोचनेन, प्रसीद मम, देहि आदेशम्, दुष्टमहिलामिव आकृषामि दूरगतामपि लक्ष्मीम्, नन्दस्व यूयं बहु कालम्, कियन्मात्रमेतत्?' इति। श्रेष्ठिना भणितं 'पुत्र! किं न जानामि तव कलाकौशल्यम्!, न जानामि स्वाभाविकं भुजबलम्?, न लक्षयामि अङ्गीकृतभरधुरधवलत्वम्?, न बुध्ये महिष्ठं चित्ताऽवष्टम्भम्। अतः एव मया एतावन्दिनानि न किमपि भणितः असि, विषमदशापतितस्याऽपि पुत्र! किमसाध्यं तव पराक्रमस्य?। तस्माद् इदानीमपि कुरु समुद्यमम्, पूरय प्रणयिजनमनोरथान्, दलय दुर्जनदुष्टचिन्तितम्, अभ्युद्धर विघटितं जनम्, प्रकटय मृगाङ्कनिर्मलं निजकुलम्' इति। धनदेवेन भणितं 'तात! किं पुनरुक्त-वचनविस्तारेण?, प्रगुणीकुरु सपदि

---

મેં કદી તમારા વચનની અવગણના કરી છે? અનુચિત રીતભાત કદી બતાવી છે? રોષ લાવી તાડન કરતાં પણ તમે કોઇવાર મારા મુખ પર ક્રોધનો અંશ જોયો છે? કે ઘરનું સર્વસ્વ વિનષ્ટ થઇ જતાં પણ તમે મને શિખામણ ન આપી. અથવા તો ગયેલી વાતનો શોક કરવાથી પણ શું? હવે તમે મારા પર પ્રસાદ લાવી આદેશ આપો કે દુષ્ટ મહિલાની જેમ દૂર ચાલી ગએલ લક્ષ્મીને પણ ખેંચી લાવું, એટલે તમે લાંબો વખત આનંદમાં મ્હાલો. આ તે શું માત્ર છે?' ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું કે-'હે પુત્ર! હું ક્યાં તારું કળા-કૌશલ જાણતો નથી? સ્વાભાવિક ભુજબળની મને ક્યાં ખબર નથી? અંગીકાર કરેલ કાર્ય-ભારમાં તારા ઉત્સાહથી ક્યાં હું અજાણ્યો છું? તારો મહાન મનોબળ પણ જાણું છું, અને એટલા માટે જ આટલા દિવસ મેં તને કાંઇ કહ્યું નહિ. હે વત્સ! વિષમ દશામાં પડ્યા છતાં તારા પરાક્રમને શું અસાધ્ય છે? માટે હવે ઉદ્યમ બરાબર ચલાવ અને પ્રણયી જનના મનોરથ પૂર્ણ કર. દુર્જનના દુષ્ટ વિચારને દળી નાખ, દીન જનોનો ઉદ્ધાર કર અને ચંદ્ર સમાન નિર્મળ સ્વકુળને ખ્યાતિમાં લાવ.' ધનદેવ બોલ્યો-'હે તાત! પુનરૂક્ત વચનનો વિસ્તાર કરવાથી શું? તમે સત્વર સાર્થ અને માર્ગનાં સર્વ સાધન તૈયાર કરાવો.' એમ કહેતા તેનો નિશ્ચય જાણીને શ્રેષ્ઠીએ પોતાના પુરુષોને બોલાવી કહ્યું કે-'અરે! તમે શંબલાદિ સહિત

नियपुरिसा, भणिया य-'अरे! करेह संबलगाइसमेयं समग्गं मग्गसंवाहगं, संजत्तेह विविहमहामोल्लभंडपडिपुण्णं सगडसमूहं, उवणेह बलिट्ठं लट्ठखंधगोणगणं, पव्वत्तेह कम्मकरजणं, वाहरह पहरणत्थं गोहसत्थं'ति। 'जं सामी आणवेइ'त्ति पडिसुणिऊण गया पुरिसा। अकालविलंबं समायरियं सव्वं, निवेइयं च सेट्ठिणो। सो य धणदेवो ण्हाओ, कयविलेवणो, केसबद्धसियकुसुमो, परिहियपंडुरवत्थो, पणयदेवगुरुचरणो, आपुच्छियजणणि-जणगसयणवग्गो, गणिम-धरिम-मेय-पारिच्छेज्जपडिपुन्नपंचसयसगडीसत्थसमेओ सुमुहुत्ते पट्ठिओ दूरदेसंतरं। ताहे पेच्छंतो अपुव्वापुव्वसंनिवेसे, किणंतो अन्नोन्नभंडाइं, आपुच्छंतो देसंतरसमायारं, विण्णासंतो विचित्तभासाविसेसे, देंतो दीण-दुत्थियाण दाणं अइगओ दीहमद्धाणं। कमेण रणज्झणिरवसहकंठपलंबन्तघंटियारावनिरुद्धावरसद्दवावारो, अणेगसहाइ-

---

सार्थं सर्वमार्गसंवाहकं च। इति भणिते श्रेष्ठिना विज्ञाय तस्य निश्चयं व्याहारिताः निजपुरुषाः भणिताश्च 'अरे! कुरुत शंबलादिसमेतं समग्रं मार्गसंवाहकम्, प्रगुणीकुरुत विविधमहामूल्यभाण्डपरिपूर्णं शकटसमूहम्, उपनयत बलिष्ठं मनोहरसम्बन्धगोगणम्, प्रवर्तयध्वं कर्मकरजनम्, व्याहरत प्रहरणस्थं सुभटसार्थम्' इति। 'यत् स्वामी आज्ञापयति' इति प्रतिश्रुत्य गताः पुरुषाः। अकालविलम्बं समाचरितं सर्वम्, निवेदितं च श्रेष्ठिनम्। सः च धनदेवः स्नातः, कृतविलेपनः, केशबद्धश्वेतकुसुमः, परिहितश्वेतवस्त्रः, प्रणतदेव-गुरुचरणः, आपृष्टजननी-जनक-स्वजनवर्गः, गणिम-धरिम-मेय-परिच्छेद्यप्रतिपूर्णपञ्चशत-शकटीसार्थसमेतः सुमुहूर्ते प्रस्थितः दूरदेशान्तरम्। तदा प्रेक्षमाणः अपूर्वाऽपूर्वसन्निवेशान्, क्रीणन् अन्योन्यभाण्डानि, आपृच्छन् देशान्तरसमाचारम्, विजानन् विचित्रभाषाविशेषान्, ददन् दीन-दुःस्थितेभ्यः दानं अतिगतः दीर्घमध्वानम्।

---

માર્ગની બધી સામગ્રી સજ્જ કરો. મહાકિંમતી વિવિધ કરિયાણા ભરીને શકટ-સમૂહ તૈયાર રાખો, મજબૂત સ્કંધવાળા બલિષ્ટ બળદો લાવો, કિંકર જનોને કામે લગાડો, આયુધો સહિત સુભટોને બોલાવો.' એટલે 'જેવી સ્વામીની આજ્ઞા' એમ આદેશ સ્વીકારીને તે પુરુષો ચાલ્યા અને વિલંબ વિના તે બધું તેમણે તૈયાર કરાવ્યું તથા શ્રેષ્ઠીને નિવેદન કર્યું. પછી ધનદેવે સ્નાન-વિલેપન આચરી, કેશકલાપમાં શ્વેત પુષ્પો બાંધી, ધવલ વસ્ત્ર પહેરી, દેવ-ગુરુને નમસ્કાર કરી, માતપિતા તથા સ્વજન-વર્ગની અનુજ્ઞા લઇ, ગણિમ[1] ધરિમ[2], પરિમેય[3] અને પરિચ્છેદ્ય[4] એ ચાર પ્રકારના કરિયાણાથી પૂર્ણ પાંચસો ગાડાના સાર્થ સહિત તેણે શુભ મુહૂર્ત્તે દૂર દેશ પ્રત્યે પ્રયાણ કર્યું. ત્યાં માર્ગમાં અપૂર્વ અપૂર્વ સંનિવેશ-ગામડાં જોતાં, અન્ય અન્ય કરિયાણા ખરીદતાં અને વેચતાં, દેશાંતરના સમાચાર પૂછતાં, વિચિત્ર ભાષાઓને જાણતાં અને દીન કે દુઃસ્થિતને દાન આપતા તે બહુ જ લાંબે પંથે નીકળી ગયો. એમ અનુક્રમે વૃષભોના કંઠે લટકતી અને રણઝણાટ કરતી ઘંટડીઓના અવાજથી ઈતર શબ્દ-વ્યવહાર

---

૧. ગણીને વેચાય તેવી વસ્તુ. ૨. જોખીને વેચવા લાયક. ૩. માપીને વેચવા લાયક ૪. પરિચ્છેદ-નિર્ણય કરીને વેચવા લાયક વસ્તુ.

जणपयट्टियगंतियागणो पहुत्तो वद्धमाणगगामसमीवं। तस्स य अन्तरावि समनिन्नुन्नय-गंभीरखड्डविसमप्पवेसा आनाभिमेत्तसुहुमवेलुगापडहत्थविसालपुलिणा महल्लचिक्खल्लाणु-विद्धतुच्छसलिला **वेगवई** नाम नई। तहिं च पविट्ठाओ सगडीओ। ताओ पुण उभयपासावलंबिणा जणेण सुसमणेणेव धरियपवणेण (धरियवयणेण) सारहिणा निगिण्हंतेण वसहनिवहं कोद्दालाइणा पगुणिज्जंतेण चक्कमग्गेण कहकहवि कट्ठेण पावियाओ अद्धमग्गं। अह विसमत्तणओ नदीए, दूरपहखीणसामत्थत्तणओ वसभाणं, अइभारियत्तणओ सगडीणं बाढमायासिया सारहिणो अविगणियकसखं(बं)धाइघाया निवडिया महीयले बलीवद्दा। बाढमुव्विग्गो धणदेवो, वाउलीहूओ परियणो। तत्थ य सत्थे एगो वसभो सयलगोमंडलप्पहाणो सप्पुरिसो इव लीलाए च्चिय समुद्धरियमहाभारो विसमप्पएसनित्थारणसमत्थो य अत्थि।

---

क्रमेण रणरणायमानवृषभकण्ठप्रलम्बमान-घण्टिकाऽऽरावनिरुद्धाऽपरशब्दव्यापारः, अनेकसहायिजनप्रवर्तित-गन्त्रिकागणः प्रभूतः (=प्राप्तः) वर्द्धमानग्रामसमीपम्। तस्य च अन्तराऽपि समनिम्नोन्नतगम्भीरखातविषमप्रवेशा आनाभिमात्रसूक्ष्मवालुकापटग्रस्तविशालपुलिना महाकर्दमाऽनुविद्धतुच्छसलिला वेगवती नामिका नदी। तत्र च प्रविष्टाः शकट्यः। ताः पुनः उभयपार्श्वाऽवलम्बिना जनेन सुश्रमणेनेव धृतपवनेन (धृतवचनेन) सारथिना निगृह्णता वृषभनिवहं कुद्दालादिना प्रगुण्यमानेन (=प्रगुणीकृतेन) चक्रमार्गेण कथंकथमपि कष्टेन प्राप्ताः अर्धमार्गम्। अथ विषमत्वाद् नद्याः, दूरपथक्षीणसामर्थ्यत्वाद् वृषभाणां, अतिभारितत्वात् शकटीनाम् बाढं आयासिताः सारथयः, अविगणितकशास्खन्धादि(बन्धादि)घाताः निपतिताः महीतले बलीवर्दाः। बाढमुद्विग्नः धनदेवः, व्याकूलीभूतः परिजनः। तत्र च सार्थे एकः वृषभः सकलगोमण्डलप्रधानः सत्पुरुषः इव लीलया एव समुद्धृतमहाभारः विषमप्रदेशनिस्तारणसमर्थः च अस्ति। सः च तथाविधविषमनिपतितेन

---

નિરોધ પામતાં અને અનેક સ્હાયક જનોએ ગાડીઓ ચલાવતાં તે **વર્ધમાનક** ગામની સમીપે પહોંચ્યો. ત્યાં વચમાં સમ, નીચા, ઊંચા, ઊંડા ખાડાને લીધે પ્રવેશ કરવો વિષમ હોવાથી નાભિ સુધી (=૩ ફૂટ) સૂક્ષ્મ વેળુથી ભરેલા અને ઉંચા ઢગવાળા વિશાળ કાંઠા તથા પાણી અલ્પ છતાં ભારે કાદવથી પૂર્ણ એવી **વેગવતી** નામે નદી આવી. તેમાં ગાડીઓ ચાલી અને તેમની બંને બાજુ પવનરોધી સુશ્રમણની જેમ વૃષભોને મુખમાં પકડીને ચલાવતા તથા કોદાળી પ્રમુખવડે પૈડાંને હડસેલી મહાકષ્ટે આગળ ધકેલતાં બહુ મહેનતે તે ગાડીઓને સારથિ લોકોએ અર્ધમાર્ગે પહોંચાડી, એટલે આગળ નદી બહુ વિષમ હોવાથી, દૂર પથથી આવતાં બળદો થાકી જવાથી તથા ગાડીઓ અતિભારથી ભરેલ હોવાથી સારથીઓ થાકી ગયા, ચાબુકના ઘાતને ન ગણકારતા વૃષભો જમીન પર પડ્યા, ધનદેવ ભારે ખેદ પામ્યો અને પરિજનો બધા આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. હવે તે સાર્થમાં એક વૃષભ કે જે બધા વૃષભોમાં મુખ્ય, સત્પુરુષની જેમ લીલામાત્રથી મહાભારને ઉપાડનાર તથા વિષમ પ્રદેશથકી પાર ઉતારવાને સમર્થ હતો એટલે તેને તથાપ્રકારની વિષમ અવસ્થામાં આવી પડેલ ધનદેવે યાદ કર્યો અને પુષ્પના પૂજનપૂર્વક સત્કારીને તેને ગાડીમાં જોતર્યો, કે તત્કાળ કંઇપણ સ્ખલના પામ્યા વિના નિષ્કપટ સામર્થ્યથી તે ભારથી ભરેલ ગાડીને લીલામાત્રથી

सो य तहाविहविसमनिवडिएण सुमरिओ धणदेवेण प(पु?)प्फुक्कारपुव्वयं च सक्कारिऊण जोत्तिओ सो सगडीए। तक्खणं अखेवेण य गओ सो निक्कवडसामत्थेण गहिऊण लीलाए भारियंपि तं नईए परकूलं। जहा सा एगा, एवं पंचसयाणिवि सगडीणं निव्वाहियाणि तेण विसमप्पएसाउत्ति। अविय-

एगत्तो सो वसहो अन्नत्तो सयलगोणसंघाओ।
उत्तारइ सगडीओ **सब्भावस्सत्थि किमसज्झं!** ।।१।।

अइदुद्धरभरपरिकड्ढणेण तुट्टं तडत्ति से हिययं।
वयणुग्गीरियरुहिरो धसत्ति धरणीयले पडिओ ।।२।।

तं च तारिसमवत्थंतरं पत्तमवलोइऊण धणदेवो परिमुक्कसेसकायव्वो सोयभरमुव्वहंतो वाहरावेइ विज्जे, कारवेइ चिगिच्छं, सयमेव समीवट्ठिओ बंधवं व मित्तं व पडिजागरेइ।

---

स्मृतः धनदेवेन पुष्पोत्करपूर्वकं च सत्कार्य योजितः सः शकट्याम्। तत्क्षणम् अक्षेपेण च गतः सः निष्कपटसामर्थ्येन गृहीत्वा लीलया भारितामपि तां नद्याः परकूलम्। यथा सा एका एवं पञ्चशतानि अपि शकटीनां निर्वाहितानि तेन विषमप्रदेशात्। अपि च -

एकतः सः वृषभः अन्यतः सकलगोसङ्घातः।
उत्तारयति शकट्यः **सद्भावस्याऽस्ति किम् असाध्यम्?** ।।१।।

अतिदुर्धरभरपरिकर्षणेन त्रुटितं तडिति तस्य हृदयम्।
वदनोद्गीरितरुधिरः धस् इति पृथिवीतले पतितः ।।२।।

तं च तादृशमवस्थान्तरं प्राप्तमवलोक्य धनदेवः परिमुक्तशेषकर्तव्यः शोकभरमुद्वहन् व्याहारयति वैद्यान्, कारयति चिकित्साम्, स्वयमेव समीपस्थितः बान्धवमिव, मित्रमिव प्रतिजागर्ति। अन्यदिवसे च

---

ખેંચીને નદીના પર કાંઠે પહોંચ્યો. એમ તેણે પાંચસો ગાડીઓ વિષમ પ્રદેશમાંથી ઉતારી પાર કરી કારણ કે

એક તરફ તે વૃષભ અને બીજી બાજુ બધાં બળદો થયા એટલે ગાડીઓ બધી પાર ઉતરી. સદ્ભાવને શું અસાધ્ય હોઈ શકે? (૧)

પરંતુ અતિદુર્ધર ભાર ખેંચવાથી તે બળદનું હૃદય તડતડાટ કરતું તૂટી પડ્યું તથા મુખમાંથી રુધિર વમતો તે ધબાક થઇને ધરણી પર પડી ગયો. (૨)

એમ તેને તેવી વિષમ દશાને પામેલ જોઇ બીજા બધાં કામ તજી, ભારે શોક કરતા ધનદેવે વૈદ્યોને બોલાવ્યા, તેની ચિકિત્સા કરાવી અને પોતે પાસે રહેતાં એક બંધુ અને મિત્રની જેમ જાગવા લાગ્યો. એવામાં એક દિવસે તેને

अन्नदिवसे य भणिओ सो परियरेण जहा-'सत्थवाह! किमेगगोणनिमित्तं उवेहिज्जंति नियकज्जाइं?, किं न मुणह तुब्भे सीयंति वणियपुत्ता?, विणस्संति कियाणगाइं? वोलंति बहवे वासरा, समीवमणुसरइ वासारत्तो'त्ति। धणदेवेण भणियं-'एवमेयं, किं तु न सक्केमि एयं वरागं परममित्तं व सब्भावसारं मोत्तुं।' परियरेण भणियं-'तुब्भे जाणह जमेत्थोचियंति। तओ तप्परिहारकायरमणेणवि धणदेवेण सद्दाविया वद्धमाणगगामप्पहाणा पुरिसा, सुहासणत्था तंबोलाइदाणेण सम्माणिऊण सप्पणयं वसहस्स समक्खं भणियं जहा-'एसो मम पवरवसभो एरिसदुट्ठत्थाममवत्थंतरं पत्तो। ता तुम्हेहिं एयस्स इमिणा रूवगसएण ओसहचरणाइचिंताए संमं वट्टियव्वं। एसो तुम्ह नासगो इव समप्पिओ मए, न सव्वहा अन्नहा कायव्वं'ति निरूविऊण सो मयहत्तरजणे मोयाविऊण वसहस्स पुरओ बहुं चारिं पाणियं च, ससिणेहं

---

भणितः सः परिजनेन यथा 'सार्थवाह! किम् एकगोनिमित्तमुपेक्षसे निजकार्याणि?, किं न जानासि त्वं सीदन्ति वणिक्पुत्राः?, विनश्यन्ति क्रयाणकानि?, व्यतिक्रमन्ते बहवः वासराः?, समीपमनुसरति वर्षारात्रः?' इति। धनदेवेन भणितं 'एवमेव, किन्तु न शक्नोमि एतं वराकं परममित्रमिव सद्भावसारं मोक्तुम्।' परिजनेन भणितं 'त्वं जानीहि यदत्रोचितम्' इति। ततः तत्परिहारकायरमनसाऽपि धनदेवेन शब्दापिताः वर्धमानकग्रामप्रधानाः पुरुषाः, सुखासनस्थाः ताम्बूलादिदानेन सम्मान्य सप्रणयं वृषभस्य समक्षं भणितं यथा-एषः मम प्रवरवृषभः एतादृशदुःस्थामाम् अवस्थान्तरां प्राप्तः। तस्माद् युष्माभिः अस्य अनेन रूप्यकशतेन औषध-चारणादिचिन्तायां सम्यग् वर्तितव्यम्। एषः तुभ्यं न्यासः इव समर्पितः मया, न सर्वथा अन्यथा कर्तव्यम्' इति निरूप्य सः महत्तरजनेषु मोचयित्वा वृषभस्य पुरतः बह्वीं चारीं जलं च, सस्नेहेन क्षमित्वा

---

પરિજને કહ્યું કે-'હે સાર્થવાહ! એક બળદની ખાતર અન્ય કાર્યોની શા માટે ઉપેક્ષા કરો છે? શું તું જાણતો નથી કે વણિક પુત્રો સીદાય છે કરિયાણાંનો નાશ થાય છે, ઘણા દિવસો નકામાં જાય છે? અને હવે તો વર્ષાકાલ પણ બહુ નજીક છે. ધનદેવ બોલ્યો-'તમે કહો છો તે બરાબર છે, પરંતુ પરમ મિત્રની જેમ સદ્‌ભાવશાળી આ બિચારાને હું મૂકી શકતો નથી.' ત્યારે પરિજને કહ્યું કે-'અહીં શું ઉચિત છે, તે તમે જાણો' પછી તે વૃષભનો પરિહાર કરવામાં કાયર છતાં ધનદેવે વર્ધમાનક ગામના પ્રધાન પુરુષોને બોલાવ્યા. તેમને શુભ આસન પર બેસારી, તાંબૂલાદિકથી સત્કાર કરી, પ્રેમપૂર્વક વૃષભ સમક્ષ તેમને જણાવ્યું કે આ મારો પ્રવર વૃષભ આવી દુષ્ટ અવસ્થાને પામ્યો છે, તો તમે આ સો રૂપિયાથી એના ઔષધ અને ચારા-પાણીની બરાબર કાળજી રાખજો. આ મારી એક થાપણની જેમ હું તમને સોંપુ છું માટે કંઇ પણ વિપરીત ન કરશો.' એમ ગામના મુખીજનોને ભળાવી વૃષભની આગળ સ્નેહપૂર્વક બહુ ચારો-પાણી મૂકાવી, પ્રેમથી તેને ખમાવીને ધનદેવ સાર્થવાહ પોતાના અભીષ્ટ સ્થાને ગયો. ત્યાં ગાઢ વેદનાથી વ્યાકુલ બની જેઠ માસના સૂર્ય તાપથી સંતપ્ત થતાં ગ્રીષ્મની ઉષ્ણતાથી તપેલ મહીતલ પર દેહે દાઝતાં અને વિષમ-વિરસ શબ્દ કરતાં તે દિવસો ગાળવા લાગ્યો. વળી પેલા તૃણાદિક હતાં તે બીજાં જાનવરો ખાઇ ગયા એટલે ચારા-પાણી વિના તથા ગાઢ વ્યાધિથી પીડા પામતા અત્યંત દીનતાથી ચોતરફ અવલોકન કરતાં

खामिऊण य तं जहाभिमयं गओ धणदेवसत्थवाहो। सो य वसभो गाढवेयणाभिभूओ जेट्ठमासदिणयरनिट्ठुरकरोलिकरालिओत्ति गिम्हुण्हतत्तमहियलडज्झमाणदेहो विरसमारसंतो दिणं गमेइ। तंपि से तिणाइयं अवरगोरूवेहिं भक्खिज्जइ। सोऽवि चारिवारिरहियत्तणेण गाढवाहिपीडियत्तणेण य सदीणं दिसाओ अवलोएमाणो तणसलिलहत्थे तं पएसं वोलंते जणे दट्ठूण चिंतेइ-'नूणं मम निमित्तं एए इममुवाहरंति'त्ति। लोगोऽवि तं अइक्कमित्ता नियनियकज्जेसु पयट्टइ। एवं च सो वसभो पइदिणं तहादंसणविहलियासो, चम्मट्ठिपंजरावसेसो एवं सो परिकप्पेइ-'अहो महापाविट्ठो, वज्जगंठिनिट्ठुरमाणसो, निग्घिणो, चंडालविसेसो, असच्चसंधो, कलिकालकलिलकलुसिओ एस गामजणो, जेण मम एवं दुहियस्स अच्छउ दूरे करुणाए तण्णपूलगाइदाणं जं तइया धणदेवसत्थवाहेण मम समक्खं जवसाइ जीवणमप्पियं तंपि गसिऊण ठिओ'त्ति। एवं च पइदिणं पओसमुव्वहंतो अकामतण्हाए, अकामछुहाए, अकामतिव्ववेयणाए आउलीकयसरीरो महानगरदाहमज्झपडिओ इव देहदाहाभिभूओ मरिऊण

---

च तं यथाभिमतं गतः धनदेवसार्थवाहः। सः च वृषभः गाढवेदनाऽभिभूतः ज्येष्ठमासदिनकरनिष्ठुरकराली-(=सूर्य)करालितः ग्रीष्मोष्णतप्तमहीतलदह्यमानदेहः विरसमाऽऽरसन् दिनं गमयति। तदपि तस्य तृणादिकं अपरगोरूपैः भक्ष्यते। सोऽपि चारी-वारिरहितत्वेन गाढव्याधिपीडितत्वेन च सदीनं दिशः अवलोकयन् तृण-सलिलहस्तान् तं प्रदेशं व्यतिक्रामतान् जनान् दृष्ट्वा चिन्तयति 'नूनं मम निमित्तम् एते इदमुपाऽऽहरन्ति' इति। लोकोऽपि तमतिक्रम्य निज-निजकार्येषु प्रवर्तते। एवं च सः वृषभः प्रतिदिनं तथादर्शनविफलिताऽऽशः, चर्माऽस्थिपञ्जराऽवशेषः एवं सः परिकल्पयति 'अहो! महापापिष्ठः, वज्रग्रन्थिनिष्ठुरमानसः, निर्घृणः, चण्डालविशेषः, असत्यसन्धः, कलिकालकलिलकलुषितः एषः ग्रामजनः, येन मम एवं दुःखितस्य आस्तां दूरं करुणया तृणपूलादिदानं, यद् तदा धनदेवसार्थवाहेन मम समक्षं यवसादि जीवनम् अर्पितं तमपि ग्रसित्वा स्थितः' इति। एवं च प्रतिदिनं प्रदोषमुद्वहन् अकामतृषया, अकामक्षुधा, अकामतीव्रवेदनया आकुलीकृतशरीरः, महानगरदाहमध्यपतितः इव देहदाहाऽभिभूतः मृत्वा तस्मिनेव ग्रामे अग्रोद्याने **शूलपाणि**नामकः

---

તૃણ-પાણી હાથમાં લઇ, ત્યાંથી નીકળતા લોકોને જોતાં તે ચિંતવતો કે-'ખરેખર! આ લોકો મારા નિમિત્તે તૃણાદિ લાવે છે.' એવામાં લોકો તેને મૂકીને પોતપોતાના કાર્યોમાં પ્રવર્ત્તતા. એમ પ્રતિદિન તેવું જોતાં તે વૃષભ છેવટે નિરાશ થતો. વખત જતાં તે ચર્મ અને અસ્થિ-હાડકાંના પંજર રૂપ બનતાં વિચારવા લાગ્યો કે-'અહો! આ ગ્રામ્ય જનો મહાપાપિષ્ટ, વજ્રની ગાંઠ જેવા નિષ્ઠુર મનવાળા, દયાહીન, ચંડાલ જેવા, પોતાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ અને કલિકાલરૂપ કાદવથી કલુષિત લાગે છે કે આમ દુઃખ પામતા મને કરૂણાથી તૃણાદિ આપવાનું તો દૂર રહો, પરંતુ તે વખતે ધનદેવ સાર્થવાહે મારી સમક્ષ ચારા-પાણી માટે જે આપ્યું હતું, તે પચાવી બેઠા' એ પ્રમાણે પ્રતિદિન દ્વેષ ધરતાં અકામ તૃષ્ણા, અકામ ક્ષુધા, તીવ્ર વેદનાથી શરીર ભારે વ્યાકુળ થતાં, મહાનગરના દાહમાં જાણે પડ્યો હોય

तंमि चेव गामे अग्गुज्जाणे **सूलपाणि**नामो वाणमंतरो समुप्पन्नो। तहिं च उववण्णो समाणो तहाविहं देवरिद्धिं पेच्छिऊण विमरिसिउमारद्धो-'अहो मए पुव्वभवे किं दाणं दिन्नं?, किं वा तवं तवियं?, कस्स्स वा उवयारे ठियं?, को वा धम्मो सम्ममाराहिओ?, कत्थ वा सुतित्थे सरीरच्चाओ कओत्ति?', इइ विमंसिऊण पउत्तो ओही, दिट्ठं च तं तहाविगरालरूवं बलीवद्दसरीरं। ताहे समुच्छलिओ से महाकोवानलो, वियंभिओ अविवेओ, समुल्लसिओ अकज्जकरणपरिणामो। तयणंतरं पेच्छंतु दुरायारा नियपावपायवस्स फलंति विभाविंतेणं तेण विउव्विया सयलगामवासिजणाण मारी। तप्पभावेण य अणवरयं मरिउमारद्धा उत्तिममज्झिमजहन्ना बहवे जणा, जायंति य पइदिणं अक्कंदियरवा। कहं चिय? -

हा नाह! पाणवल्लह! कत्थ गओ मज्झ देसु उल्लावं।
हा हा कयंत! निक्किव! कह सहसा ववसिओ एवं? ।।१।।

---

वानव्यन्तरः समुत्पन्नः। तत्र च उपपन्नः सन् तथाविधां देवर्द्धिं प्रेक्ष्य विमर्षितुं आरब्धवान् 'अहो! मया पूर्वभवे किं दानं दत्तम्?, किं वा तपः तप्तम्?, कस्य वा उपकारे स्थितवान्?, कः वा धर्मः सम्यगाऽऽराद्धः, कुत्र वा सुतीर्थे शरीरत्यागः कृतः?' इति विमर्श्य प्रयुक्तः अवधिः, दृष्टं च तत् तथाविकरालरूपं बलीवर्दशरीरम्। तदा समुच्छलितः तस्य महाकोपानलः, विजृम्भितः अविवेकः, समुल्लसितः अकार्यकरणपरिणामः। तदनन्तरं प्रेक्षन्ताम् दुराचाराः निजपापपादपस्य फलमिति विभावयता तेन विकुर्विता सकलग्रामवासिजनेषु मारी। तत्प्रभावेण च अनवरतं मर्तुमारब्धाः उत्तम-मध्यम-जघन्याः बहवः जनाः, जायन्ते च प्रतिदिनम् आक्रन्दरवाः। कथमेव?

हा नाथ! प्राणवल्लभ! कुत्र गतः, मम देहि उल्लापम्।
हा हा कृतान्त! निष्कृप! कथं सहसा व्यवसितवान् एवम् ।।१।।

---

તેમ દેહ-દાહથી અતિસંતપ્ત થઇ મરણ પામી તે જ ગામની પાસેના ઉદ્યાનમાં **શૂલપાણિ** નામે વાણવ્યંતર થયો અને ત્યાં ઉત્પન્ન થતા તેવા પ્રકારની દેવ-ઋદ્ધિ જોઇને તે વિચારવા લાગ્યો કે-'અહો! પૂર્વ ભવે મેં શું દાન આપ્યું હશે? શું તપ આચર્યું હશે? કોનો ઉપકાર કર્યો હશે? અથવા કયો ધર્મ બરાબર આરાધ્યો હશે? કે ક્યાં સુતીર્થમાં દેહત્યાગ કર્યો હશે?' - એમ ચિંતવતાં અવધિ જ્ઞાનનાં ઉપયોગે તે અત્યંત વિકરાળ વૃષભનું શરીર તેના જોવામાં આવ્યું. એટલે મહાકોપાનળ ઉછળ્યો, અવિવેક ઉદય પામ્યો અને અકાર્ય કરવાનો ઇરાદો તેને ઉત્પન્ન થયો. તરતજ તેણે ધાર્યું કે-'આ દુરાચારો પોતાના પાપરૂપ વૃક્ષનું ફળ ભલે જુવે' એમ ચિંતવી, બધા ગ્રામ્યજનોમાં તેણે મરકી વિકુર્વી, તેના પ્રભાવે નિરંતર ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ-એવા ઘણા લોકો મરવા લાગ્યા અને પ્રતિદિન આક્રંદ-શબ્દો આ પ્રમાણે થવા લાગ્યા.

'હા! નાથ! પ્રાણવલ્લભ! તમે ક્યાં ગયા? મને જવાબ તો આપો! હા! હા! નિર્દય કૃતાંત! તેં એકદમ આવું કેમ કર્યું? (૧)

हा वच्छ! किमुच्छंगेऽवि तं गओ अइगओ सि पंचत्तं।
मम मंदभाइणीए अहो किलेसो मुहा जाओ ।।२।।

हा जणणि! तहा कट्ठेण पालिउं मं निलक्खणमियाणिं।
कह निरवराहएच्चिय न देसि तं मज्झ पडिवयणं? ।।३।।

हा भाय! बंधुवच्छल! हा हा तं भइणि! निक्कवडपेम्मे।
एक्कपए च्चिय चलियाइं कीस मुत्तूण मं दुहियं? ।।४।।

हा वच्छे! बहुदविणव्वएण परिणाविया पयत्तेण।
तहविहु इमं अवत्थं संपत्ता हा हयासोऽम्हि ।।५।।

हा जक्ख-बंभ-हरि-सूर-बुद्ध-जिण-खंद-रुद्दपमुहसुरा।
तह पूइयावि संपइ किमुवेक्खह तो कुणह रक्खं ।।६।।

---

हा वत्स! किमुत्सङ्गेऽपि त्वं गतः अतिगतः असि पञ्चत्वम्।
मम मन्दभागिन्याः अहो! क्लेशः मुधा जातः ।।२।।

हा जननि! तथा कष्टेन पालयित्वा मां निर्लक्षणामिदानीम्।
कथं निरपराधामेव न ददासि त्वं माम् प्रतिवचनम् ।।३।।

हे भ्रातः, बन्धुवत्सल! हा हा त्वं भगिनि! निष्कपटप्रेमाः।
एकपदे एव चलिताः कथं मुक्त्वा मां दुःखिताम् ।।४।।

हा वत्से! बहुद्रव्यव्ययेन परिणायिता प्रयत्नेन।
तथाऽपि खलु इमामवस्थां सम्प्राप्ता हा! हताशोऽहम् ।।५।।

हा यक्ष-ब्रह्म-हरि-सूर्य-जिन-स्कन्द-रुद्रप्रमुखाः सुराः।
तदा पूजिताः अपि किमुपेक्षध्वम् ततः कुरुत रक्षाम् ।।६।।

---

હા! વત્સ! ઉત્સંગમાં બેઠે બેઠે તું મરણ કેમ પામ્યો? અહા! મંદભાગી મને વૃથા ક્લેશ થઇ પડ્યો. (૨)

હા! જનની! તેં મહાકષ્ટે નિર્લક્ષણ છતાં મારું પાલન કર્યું અને અત્યારે કંઇ પણ અપરાધ ન હોવા છતાં મને કેમ બોલાવતી નથી? (૩)

હા! બંધુવત્સલ ભ્રાતા! ભગિની! તમે સાચા પ્રેમી છતાં દુઃખિત એવા મને તજીને એકી સાથે કેમ ચાલ્યા ગયા? (૪)

હા! વત્સે! બહુ દ્રવ્ય ખરચીને તને મહામહેનતે પરણાવી; છતાં આવી અવસ્થા પામી. હા! મારી આશા વૃથા થઇ, (૫) હા! યક્ષ, બ્રહ્મા, હરિ, સૂર્ય, બુદ્ધ, જિન, સ્કંદ, રૂદ્ર પ્રમુખ હે દેવો! તમને પૂજ્યા છતાં અત્યારે કેમ અમારી ઉપેક્ષા કરો છો? માટે રક્ષા કરો.' (૬)

इय अणवरयं तिय-चच्चरेसु लोयस्स रोयमाणस्स।
परिमुक्कावरकज्जस्स जंति दुक्खेण दिवसाइं ।।७।।

एवं च जुगंतसमएव्व रोगेहि य, छिद्दपवेसेहि य, पियजणविरहदुक्खेहि य, हिययसंघट्टेहि य मरमाणंमि अणेगलोगे सुन्नीभवंतेसु पवरमंदिरेसु, वुच्छिज्जमाणेसु य अइगरुयकुलेसु, मडयकोडिसंकुलासु गामरत्थासु भयभीओ अवसेसो जणो जीवियरक्खण-निमित्तं लिहावेइ रक्खावलयं, पाणिपल्लवेसु बंधेइ दिव्वोसहीओ, कुणइ महागहपूयं, समायरइ पियरपिंडप्पयाणं, परावत्तेइ विविहमंते, समीवट्ठियं, धरइ दिव्वमणिगणं, पयट्टावेइ होमविहिं, आपुच्छइ जाणयजोइसिए, समारंभइ गिहदेवयाणं ण्हवणबलिपूयामहूसवं। अन्नंपि जं कोइ समाइसइ तं सव्वं तहट्ठियं निव्वत्तेइ। तहवि ओइण्णमहाजरोव्व, पढमछुहाभिभूयपंचाणणोव्व, निकाइयकम्मनिवहोव्व न मणागंपि सो सूलपाणिवंतरो उवसमं गच्छइत्ति। अह गामजणो

---

इति अनवरतं त्रिक-चत्वरेषु लोकस्य रुदतः।
परिमुक्ताऽपरकार्यस्य यान्ति दुःखेन दिवसानि ।।७।।

एवं च युगान्तसमये इव रोगैः च, छिद्रप्रवेशैः च, प्रियजनविरहदुःखैः च, हृदयसंघट्टैः च म्रियमाणे अनेकलोके, शून्यीभवत्सु प्रवरमन्दिरेषु, व्युच्छिद्यमानेषु च अतिगुरुकुलेषु, मृतककोटिसङ्कुलासु ग्रामरथ्यासु भयभीतः अवशेषजनः जीवितरक्षणनिमित्तं लेखयति रक्षावलयम्, पाणिपल्लवेषु बध्नाति दिव्यौषधयः, करोति महाग्रहपूजाम्, समाचरति पितृपिण्डप्रदानम्, परावर्तयति विविधमन्त्रान्, समीपस्थितं धारयति दिव्यमणिगणम्, प्रवर्तयति होमविधिम्, आपृच्छति ज्ञातज्योतिष्कान्, समारभते गृहदेवतानां स्नपन-बलिपूजामहोत्सवम्। अन्यदपि यद् कोऽपि समाऽऽदिशति तत्सर्वं तथास्थितं निर्वर्तयति। तथापि अवतीर्णमहाज्वरः इव, प्रथमक्षुधभिभूतपञ्चाननः इव, निकाचितकर्मनिवहः इव न मनागपि सः शूलपाणिव्यन्तरः उपशमं

---

એ રીતે નિરંતર ત્રિક, ચત્વરોમાં રુદન કરતા અને અન્ય કાર્યને તજી લોકો દુઃખથી દિવસો ગાળવા લાગ્યા. (૭)

એમ પ્રલય-કાળની જેમ રોગો, દોષો, પ્રિયવિરહનાં દુઃખો કે હૃદય-સંઘટ્ટવડે અનેક લોકો મરણ પામતાં, પ્રવર ભવનો શૂન્ય થઇ જતાં, અતિમોટાં કુળો વિચ્છેદ પામતાં અને ગામની શેરીઓ ઘણાં મડદાંથી સંકીર્ણ થતાં શેષ લોકો ભયભીત બની પોતાના જીવિતની રક્ષા નિમિત્તે રક્ષા-વલય આળેખાવતા, દિવ્ય ઔષધીઓ હાથમાં બાંધતા, મહાગ્રહોની પૂજા કરતા, પિતૃઓને પિંડ-દાન આચરતા વિવિધ મંત્રો જપાવતા, પાસે રહેલ દિવ્ય મણિઓ બાંધતા, હોમ વિધિ કરાવતા, પ્રવીણ જ્યોતિષીઓને પૂછતા, ગૃહદેવતાઓના ન્હવણ બલિ-પૂજા પ્રમુખના મહોત્સવો શરૂ કરાવતા, તેમજ અન્ય પણ જે કાંઇ અનુષ્ઠાન કોઇ બતાવતા, તે સર્વ તે રીતે તેઓ આચરવા લાગ્યા, તો પણ આવેલા મહાજ્વર, પ્રથમ ક્ષુધાથી આકુળ થયેલ પંચાનન-સિંહ કે નિકાચિત કર્મસંચયની જેમ તે શૂલપાણિ વ્યંતર લેશ પણ શાંત ન થયો. એટલે મરકી શાંત ન થતી જોઇ, ગામના લોકો ધન, કનકાદિકથી સમૃદ્ધ

अणिवत्तगं दट्ठूण मारिं धण-कणगसमिद्धाइं गो-महिसि-तुरगाइपरिकिन्नाइं गिहाइं मोत्तूण जीवियट्ठयाइं नियनियकुडुंबाइं घेत्तूण अन्नन्नगामेसु गओ। तत्थवि गयं महावेरिओव्व उवद्दवइ सो तग्गामवासिलोयं। एगया य तेसिं चिंता जाया-'न नज्जइ तत्थ अम्हेहिं देवो वा, दाणवो वा, खेत्तवालो वा, जक्खो वा, रक्खसो वा विराहिओ होज्जा, तम्हा तहिं चेव गंतूण पसाएमो'त्ति संपधारिऊण समागया तत्थेव गामे, उवट्ठाविया बलि-कुसुम-धूवाइसामग्गी। तयणंतरं ण्हाया, पंडुरवत्थकयउत्तरासंगा, लंबंतविमुक्ककेसा सव्वसमुदाएणं तिय-चउक्क-चच्चरेसु पडिसडियभूयगिहेसु, रुद्दखंदावसहेसु, उज्जाणेसु य बलिं च कुसुमपयरं च मुंचमाणा उड्ढमुहा जोडियकरंजलिणो एवं जंपिउं पउत्ता-

'भो अंतरिक्खनिलया देवासुर-जक्ख-रक्ख-किंपुरिसा।
दिव्वाइसयसमेया निसुणह विन्नत्तियं एयं ।।१।।

---

गच्छति। अथ ग्रामजनः अनिवर्तिकां दृष्ट्वा मारीं धन-कनकसमृद्धानि गो-महिष-तुरगादिपरिकीर्णानि गृहाणि मुक्त्वा जीवितार्थं निज-निज कुटुम्बकानि गृहीत्वा अन्याऽन्यग्रामेषु गतः। तत्राऽपि गतं महावैरिकः इव उपद्रवति सः तद्ग्रामवासिलोकम्। एकदा च तेषां चिन्ता जाता 'न ज्ञायते तत्र अस्माभिः देवः वा, दानवः वा, क्षेत्रपालः वा, यक्षः वा, राक्षसः वा विराद्धः भवेत्, तस्मात् तत्रैव गत्वा प्रसादयामः' इति सम्प्रधार्य समागताः तत्रैव ग्रामम्, उपस्थापिता बलि-कुसुम-धूपादिसामग्री। तदनन्तरं स्नाताः, पाण्डुरवस्त्रकृतोत्तरासङ्गाः, लम्बमानविमुक्तकेशाः सर्वसमुदायेन त्रिक-चतुष्क-चत्वरेषु परिशाटितभूतगृहेषु, रुद्र-स्कन्दवृषभेषु, उद्यानेषु च बलिं च कुसुमप्रकरं च मुञ्चन्तः उर्ध्वमुखाः योजितकराञ्जल्यः एवं जल्पितुं प्रवृत्ताः -

'भोः भोः अन्तरीक्षनिलयाः देवाऽसुर-यक्ष-राक्षस-किंपुरुषाः।
दिव्याऽतिशयसमेताः निश्रुणुत विज्ञप्तिकम् एतत् ।।१।।

---

અને ગાય, ભેંસ, અશ્વાદિકથી પૂર્ણ એવાં ઘરો મૂકી, પોતાના જીવિત માટે કુટુંબીજનોને લઇ, અન્ય અન્ય ગામોમાં ચાલ્યા ગયા. ત્યાં પણ મહાશત્રુની જેમ તે ગામવાસી લોકોને વ્યંતર પરાભવ પમાડવા લાગ્યો. આથી એકદા તેમણે વિચાર કર્યો કે-'ત્યાં અમોએ કોઇ દેવ, દાનવ, ક્ષેત્રપાત્ર, યક્ષ કે રાક્ષસ વિરાધ્યો હોય તેવું કાંઇ લાગતું નથી, છતાં હવે ત્યાં જઇને જ કંઈ આરાધના કરીએ.' એમ ધારીને તેઓ પાછા તે જ ગામમાં આવ્યા. ત્યાં તેમણે બલિ, પુષ્પ, ધૂપાદિકની સામગ્રી તૈયાર કરી. પછી સ્નાનપૂર્વક શ્વેત વસ્ત્રનું ઉત્તરાસંગ કરી, લટકતા કેશ છૂટા મૂકી, બધા સાથે મળીને, ત્રિક, ચતુષ્ક અને ચત્વર કે જ્યાં ભૂતાલયો જીર્ણ થઈ ગયાં હતાં, રૂદ્ર, સ્કંદાદિકના મંદિરોમાં તેમ જ ઉદ્યાનોમાં બલિ અને પુષ્પો મૂકતાં, ઊર્ધ્વમુખે અંજલિ જોડીને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા કે-

'અંતરિક્ષમાં રહેલા, દિવ્ય અતિશયયુક્ત એવા હે દેવ, અસુર, યક્ષ, રાક્ષસ અને કિંપુરુષો! તમે આ અમારી વિનંતિ સાંભળો. (૧)

इस्सरियमएणं वा अन्नाणेणं व अविणएणं वा।
जं अवरद्धं तुम्हं तं सव्वं खमह अम्हाणं ।।२।।

पणएसु सदुच्चरिओहखामणाउज्जएसु सत्तेसु।
जं तुम्हारिस देवा खमंति गरुयावराहंपि ।।३।।

कोवस्स फलं दिट्ठं पेच्छामो संपयं पसायस्स।'
इति भणिए सो देवो गयणठिओ वुत्तुमारद्धो ।।४।।

रे रे विणट्ठसीला! धट्ठा निप्पिट्ठसिट्ठजणचिट्ठा।
लोहमहागहनडिआ एत्तो मे खामणं कुणह ।।५।।

---

ऐश्वर्यमदेन वा अज्ञानेन वा अविनयेन वा।
यद् अपराद्धं युष्माकं तत्सर्वं क्षमस्व अस्माकम् ।।२।।

प्रणतेषु स्वदुश्चरितौघक्षमणोद्यतेषु सत्वेषु।
यद् युष्मादृशाः देवाः क्षमन्ते गुरुकाऽपराधमपि ।।३।।

कोपस्य फलं दृष्टं प्रेक्षामहे साम्प्रतं प्रासादस्य।'
દુઃખસંતપ્ત પ્રાણીઓ પર જે ઉપકાર કરવો એ જ ક્ષણ-નશ્વર અને દુઃખભાગી જીવિતનું ફળ છે.' (૪)

ત્યારે વિદ્યાસિદ્ધે કહ્યું કે-'હે ભદ્ર! આમ શામાટે બોલે છે? તમારા જેવા પાસે પણ શું વિપરીત વાત થઇ શકે? (૫)

નિદ્રાથી નેત્ર ઘુમ્યા છતાં સજ્જન પુરુષો જે વચન બોલે છે તે પોતાના જીવિત કરતાં પણ અધિક પાળે છે. (૬)

મને મિથ્યાકારી અથવા મિથ્યા બોલનાર સાંભળતાં કાત્યાયની દેવી પણ લજ્જા પામે, તો અન્ય જનને માટે શું કહેવું? (૭)

માટે હે ગોભદ્ર! આ બાબતમાં મારા પ્રત્યેનો અવિશ્વાસ તજી દે. અન્ય કાંઇ વર માગી લે. મારા પ્રણયનો ભંગ ન કર.' (૮)

एयमायन्निऊण गोभद्देण भणियं-'जइ एवं ता परिहरेसु परमहिलापसंगं। एसो हि कारणं वेरपरंपराए, कुलभवणं अणत्थसत्थाणं, वत्तणी नरयनगरस्स, बंधवो दुव्विणयस्स, ठाणं परिभवस्स, आगरो अकित्तीए, मसिकुच्चओ नियकुलस्स, निलओ पावपडलस्स, मूलंकसो गुणकलावस्स, जणगो उत्तरोत्तराधम्मपरिणईए। एत्तोच्चिय भुय(व?)णपयडावि वेरिभुयदंडकंडचंडिमखंडणेक्कसुंडावि असेसविज्जाइसयसालिणोऽवि पाविया लंकाहिवइपभिइणो विणासं। एत्तो च्चिय अविगणियतणनिव्विसेसनियजीवियव्वा, अमुणियजुत्ताजुत्तकायव्वा, तिक्खदुक्खलक्खंपि अभिकंखंति पाणिणोत्ति। ता मूसगोव्व मज्जारस्स, घयकुंभोव्व हुयवहस्स, पयंगोव्व पईवस्स, सारंगो इव पंचाणणस्स सुहाभिलासी दूरमवक्कमइ कुसलो परदारस्स'त्ति निसामिऊण समुप्पण्णगाढपच्छायावो, वेरग्गमग्गाणुलग्गचित्तो विज्जासिद्धो भणिउमाढत्तो-'गोभद्द! साहु समुवइट्ठं, साहु समुवइट्ठं, समुद्धरिओऽहं

---

एवमाकर्ण्य गोभद्रेण 'यद्यैवं तदा परिहर परमहिलासङ्गम्। एषः हि कारणं वैरपरम्परायाः, कुलभवनम् अनर्थसार्थानाम्, वर्त्तनी नरकनगरस्य, बान्धवः दुर्विनयस्य, स्थानं परिभवस्य, आकरः अकीर्त्याः, मषीकुर्चकः निजकुलस्य, निलयः पापपटलस्य, मूलंकृषः गुणकलापस्य, जनकः उत्तरोत्तरधर्मपरिणत्याः। एतस्मादेव भुवनप्रकटाऽपि वैरिभुजदण्डकाण्डचण्डिमाखण्डनैकशौण्डा अपि अशेषविद्यातिशयशालिनः अपि प्राप्ताः लङ्काधिपतिप्रभृतयः विनाशम्। एतस्मादेव अविगणिततृणनिर्विशेषनिजजीवितव्याः, अज्ञातयुक्तायुक्तकर्तव्याः तीक्ष्णदुःखलक्षमपि अभिकाङ्क्षन्ते प्राणिनः। तस्माद् मूषकः इव मार्जारतः, घृतकुम्भः इव हुतवहतः, पतङ्गः इव प्रदीपतः, सारङ्गः इव पञ्चाननतः शुभाऽभिलाषी दूरम् अपक्रामति कुशलः परदारेभ्यः' इति निःशम्य समुत्पन्नगाढपश्चात्तापः, वैराग्यमार्गाऽनुलग्नचित्तः विद्यासिद्धः भणितुमारब्धवान् 'गोभद्र! साधु

---

એમ સાંભળી ગોભદ્રે કહ્યું-'જો એમ હોય તો પરસ્ત્રીનો પ્રસંગ તજી દે, કારણ કે પરસ્ત્રીગમન એ વૈરપરંપરાનું કારણ છે, અનર્થોનું એ કુલભવન છે, નરક-નગરનો એ માર્ગ છે, દુર્વિનયનો એ બાંધવ છે, પરિભવનું સ્થાન છે, અપકીર્ત્તિની ખાણ છે, પોતાના કુળને મલિન કરવામાં એ મશીના કુચા સમાન છે, પાપ-પટલનું એ સ્થાન છે, ગુણ-સમૂહનો મૂળથી નાશ કરનાર છે, ઉત્તરોત્તર અધર્મ-પરિણતિને ઉપજાવનાર છે અને વળી એનાથી જ જગતમાં વિખ્યાત છતાં, વૈરીઓનાં પ્રચંડ ભુજદંડનું ખંડન કરવામાં અસાધારણ શૂરવીર છતાં તથા અશેષ વિદ્યાના અતિશયવડે શોભાયમાન છતાં લંકાધિપતિ રાવણ પ્રમુખ ઘણા રાજાઓ વિનાશ પામ્યા તેમજ એનાથી જ પોતાના જીવિતને તૃણ તુલ્ય ગણનાર અને યુક્તાયુક્ત કર્ત્તવ્યથી અજ્ઞાત એવા પ્રાણીઓ તીક્ષ્ણ અગણિત દુઃખો પણ માથે વ્હોરી લે છે; માટે માર્જાર ને ઉંદરની જેમ, અગ્નિ ને ઘૃતકુંભની જેમ, પ્રદીપ ને પતંગની જેમ, સિંહને હરિણની જેમ સુખાભિલાષી કુશળ પુરુષ પરદારા-સંગને દૂરથી જ તજી દે છે.' એમ સાંભળતાં ગાઢ પશ્ચાત્તાપ ઉત્પન્ન થવાથી મન વૈરાગ્ય-માર્ગે સંલગ્ન થતાં વિદ્યાસિદ્ધ કહેવા લાગ્યો કે-'હે ગોભદ્ર! બહુજ સારો ઉપદેશ કર્યો, અપાર પાપરૂપ સમુદ્રથી તમે મારો ઉદ્ધાર કર્યો. હવે સ્વદાર-પરિભોગ સિવાય આજન્મ મારે શેષ

तुमए अपारपावपारावाराओ, होउ संपयं सदारपरिभोगं मोत्तूणाऽऽमरणंतं निवित्ती मम सेसमहिलापसंगस्स'त्ति। गोभद्देण भणियं-'अज्ज! जाओ इयाणिं मम वंछियत्थलाभो, एत्तो सुमरिज्जासि मं सुहिसयणाइकहंतरेसु'त्ति। एवं वुत्ते विज्जासिद्धो जोडियपाणिपल्लवो पणामं काऊण सव्वेसिं सिणेहवससंदंतवाहफुरंतनयणो, सायरमवलोइज्जमाणो चंदकंतापमुहेहिं अद्दंसणमुवगओत्ति। चक्खुपहमइक्कंतेऽवि तंमि खणं विरहवेयणासुन्नत्तणमणुभविऊण भणियं गोभद्देण-अहो से वयणविन्नासो, अहो पावपरिहारो, अहो भीरुत्तणं, अहो विणीयया, अहो सुगुणज्जणसमुज्जमो, अहो असरिसदक्खिणत्तणंति।' चंदलेहाए भणियं-'तुहाणुभावो खलु एसो, न हि नरिंदसामत्थमंतरेण भुयगफणाफलगमइक्कमिउमभिसक्कइ सालूरो, न तिक्खंकुसकरारोहगं विणा पहे पयट्टइ मत्तदोघट्टो'त्ति। एवं च विविहसंकहाहिं ठाऊण कइवय दिणे अन्नदियहे य भणियं गोभद्देण, जहा-'बहूइं दिणाइं मम गिहनिग्गयस्स ता

---

समुपदिष्टम्, समुद्धृतोऽहं त्वया अपारपापपारावारतः, भवतु साम्प्रतं स्वदारापरिभोगं मुक्त्वा आमरणान्तं निवृत्तिः मम शेषमहिलाप्रसङ्गस्य' इति। गोभद्रेण भणितं 'आर्य! जातः इदानीं मम वाञ्छितार्थलाभः, इतः परं स्मरिष्यसि मां सुहृत्-स्वजनादिकथान्तरेषु' इति। एवम् उक्ते विद्यासिद्धः योजितपाणिपल्लवः प्रणामं कृत्वा सर्वेषां स्नेहवशस्यन्दन्बाष्पस्फुरन्नयनः, सादरमवलोक्यमाणः चन्द्रकान्ताप्रमुखैः अदर्शनमुपगतः। चक्षुपथम् अतिक्रान्तेऽपि तस्मिन् क्षणं विरहवेदनाशून्यत्वम् अनुभूय भणितं गोभद्रेण 'अहो! तस्य वचनविन्यासः, अहो पापपरिहारः!, अहो भीरुता!, अहो विनीतता!, अहो सद्गुणाऽर्जनसमुद्यमः!, अहो असदृशदाक्षिण्यता।' चन्द्रलेखया भणितं 'तव अनुभावः खलु एषः, न हि नरेन्द्रसामर्थ्यमन्तरेण भुजङ्गफणफलकमतिक्रान्तुम् अभिशक्नोति शालूरः, न तीक्ष्णाऽङ्कुशकराऽऽरोहकं विना पथि प्रवर्तते मत्तहस्ती। एवं च विविधसङ्कथाभिः स्थित्वा कतिपयदिनानि अन्यदिने च भणितं गोभद्रेण यथा-बहूनि दिनानि मम गृहनिर्गतस्य ततः

---

મહિલા સંગનો ત્યાગ છે.' ગોભદ્ર બોલ્યો-'હે આર્ય! હવે મને વાંછિતાર્થનો લાભ થયો. હવે પછી સ્વજન-સંબંધીઓની કથામાં તમે મને યાદ કરજો.' એમ કહેતાં અંજલિ જોડી, બધાને પ્રણામ કરી, સ્નેહ-વશ લોચનમાં અશ્રુપ્રવાહ વહેતાં, ચંદ્રકાંતા પ્રમુખથી સાદર જોવાતો તે વિદ્યાસિદ્ધ અદૃશ્ય થયો. તે ચક્ષુપથથી દૂર થતાં પણ ક્ષણભર વિરહ-વેદનાવડે શૂન્યતા અનુભવી ગોભદ્ર કહેવા લાગ્યો-'અહો! તેનો વચન-વિન્યાસ, અહો! પાપ-પરિહાર, અહો! ભીરૂતા, અહો! વિનીતતા, અહો! સુગુણ ઉપાર્જન કરવાનો સમુદ્યમ, અહો! અસાધારણ દાક્ષિણ્ય.' ચંદ્રલેખા બોલી હે-ભદ્ર! એ બધો તારો પ્રભાવ છે, કારણ કે ગારૂડિકના સામર્થ્ય વિના દેડકું કાંઈ સાપની ફણા પર આક્રમણ કરવાને સમર્થ ન થઈ શકે, તીક્ષ્ણ અંકુશ ધારણ કરતા મહાવત વિના મદમસ્ત હાથી માર્ગે ન ચાલે.' એમ વિવિધ સંકથા કરતાં કેટલાક દિવસ ત્યાં રહી, એક દિવસે ગોભદ્રે કહ્યું કે-'મને ઘરથી નીકળ્યે ઘણા દિવસો થયા, માટે મને જવાની અનુજ્ઞા આપો. કંઈ સમજાતું નથી કે સગર્ભા તમારી ભાભી અત્યારે કેમ દિવસ

अणुजाणह मं गमणत्थं, न जाणिज्जइ कहंपि तुम्ह भाउज्जाया संपयमावण्णसत्ता निवसइ'त्ति, एवमायण्णिऊण चंदलेहाए पुणोवि कइवय वासराणि धरिऊण अन्नसमए य पभूयरयणदाणपुव्वगं सम्माणिऊण विसज्जिओ गोभद्दो सट्ठाणं पत्तो कहाणगविसेसेणं नियगामं।

अह जाव पिययमादंसणूसुओ नियगेहाभिमुहं वच्चइ ताव दूराओ च्चिय दिट्ठं भग्गदुवारदेसं रेणुपडलसंछन्नं, दरीपसुत्तसाणघुरघुरियघोरघोसभीसणं, अणेगकोल-बिलाउलं सुसाणं व भयावहं तं गिहं। तारिसं च दट्ठूण खुभियहियएण पुच्छिया सहेज्जिया। तीएवि चिरकालागयं दट्ठूण तं जायपणयाए आहूओ सगिहे, दावियं आसणं, कयं चरणसोयणं। भणियं च-'गोभद्द! करेसु ताव भोयणं'ति। तेणावि तहाविहगेहदंसणजायसरीरदाहेण आपुट्ठा पुणोवि एसा सघरवुत्तंतं। तीएऽवि 'अणिट्ठं भोयणावसाणे सीसइ'त्ति लोयवायं परिभाविंतीए

---

अनुजानीहि मां गमनार्थम्, न ज्ञायते कुत्राऽपि तव भातृजाया साम्प्रतम् आपन्नसत्त्वा निवसति।' एवम् आकर्ण्य चन्द्रलेखया पुनः अपि कतिपयवासराणि धृत्वा अन्यसमये च प्रभूतरत्नदानपूर्वकं सम्मान्य विसर्जितः गोभद्रः स्वस्थानं प्राप्तः कथानकविशेषेण निजग्रामम्।

अथ यावत् प्रियतमादर्शनोत्सूकः निजगृहाऽभिमुखं व्रजति तादद् दूरादेव मार्गद्वारदेशं रेणुपटलसंछन्नम्, दरीप्रसुप्तश्वान'घुरघुरित'घोषभीषणम्, अनेककोलबिलाऽऽकुलं स्मशानमिव भयावहं तद्गृहम्। तादृशं च दृष्ट्वा क्षुब्धहृदयेन पृष्टाः सहायिका (=प्रातिवेश्मिका?)। तयाऽपि चिरकालाऽऽगतं दृष्ट्वा तं जातप्रणयया आहूतः स्वगृहे, दापितमासनम्, कृतं चरणशौचम्। भणितं च 'गोभद्र! कुरु तावद् भोजनम्' इति। तेनाऽपि तथाविधगृहदर्शनजातशरीरदाहेन आपृष्टा पुनरपि एषा स्वगृहवृत्तान्तम्। तयाऽपि अनिष्टं भोजनाऽवसाने शिष्यते इति लोकवादं परिभावयन्त्या भणितं 'पितृगृहं गता तव गृहिणी, शेषं पुनः कथयिष्यामि, विधेहि

---

ગાળતી હશે?' એમ સાંભળતાં ચંદ્રલેખાએ ફરીને પણ કેટલાક દિવસ તેને રોક્યો. પછી ઘણા રત્ન-દાનપૂર્વક સન્માન આપીને ગોભદ્રને વિસર્જન કર્યો, એટલે વિશેષ કથાનક વડે તે પોતાને ગામ પહોંચ્યો.

હવે પ્રિયતમાને જોવાની ઉત્સુકતાથી ગોભદ્ર જેટલામાં પોતાના ઘર ભણી જાય છે તેટલામાં દૂરથી જ જેનું દ્વાર ભગ્ન છે, ઘણી રજથી આચ્છાદિત, ખાડા ખોદીને સૂતેલા કૂતરાઓના ઘુરઘુરિત ઘોર ઘોષવડે ભીષણ, અનેક ઉંદરોનાં બિલોથી વ્યાપ્ત અને શ્મશાનની જેમ ભયાનક એવું ઘર તેના જોવામાં આવ્યું, જે જોતાં હૃદયમાં ક્ષોભ પામી તેણે એક પાડોશણને હકીકત પૂછી. એટલે તેણે પણ લાંબા કાળે તેને આવેલ જોઈ, હેત લાવીને પોતાના ઘરે બોલાવ્યો અને તેને આસન અપાવી, પાદ-શૌચ કરાવીને તેણે કહ્યું કે-'હે ગોભદ્ર! તમે પ્રથમ ભોજન કરો.' જેથી તથાવિધ ગૃહ જોતાં શરીરે બળતરા ઉત્પન્ન થવાથી ફરીને પણ તેણે પાડોશણને પોતાના ઘરનો વૃત્તાંત પૂછ્યો. ત્યારે 'અનિષ્ટ ભોજનના અંતે કહેવું' એ લોકવાદ વિચારતાં તેણીએ કહ્યું કે-'તારી સ્ત્રી પોતાના પિતાના ઘરે ગઇ છે. બીજું પછી કહીશ. પ્રથમ ભોજન કરી લે.' એટલે હૃદયમાં વ્યાકુળતા વધતી હોવા છતાં તેણીના

भणियं-'पियहरं गया तुह घरिणी, सेसं पुणो कहिस्सामि विहेसु ताव भोयणं।' तओ आउलहिययएणावि तदणुवित्तीए कयमणेणाहारग्गहणं। तयणंतरं आयंतस्स सुहासणगयस्स निवेइयमणाए-'गोभद्द! तुह गयस्स कइवयदिवसावसाणे विओगदुक्खेण वा, तहाविहवाहिवसेण वा परिकिसियसरीराए सिवभद्दाए अयंडेच्चिय समुप्पन्ना गाढं सूलवेयणा, आउलियं सरीरं, ओसहेहिवि न जाओ विसेसो, गया य मुहुत्तमेत्तेण पंचत्तं'ति। एयं च सो आयन्निऊण विओगवज्जजज्जरियहियओ खणंतरमुच्छिओ इव विगमिऊण मुक्कपोक्कारकरुणसद्दं रोइउं पवत्तो, समासासिओ पासवत्तिणा जणेण, कयाइं मयलोइयकिच्चाइं, कालेण य जाओ अप्पसोगो। अन्नया य भणिओ लोगेहिं, जहा-'गोभद्द! कीरउ कलत्तसंगहो, विमुच्चउ सोगो, एसच्चिय गई संसारविलसियाणं।' तेण भणियं-भो दूरमसरिसमेयं, तहाहि-

---

तावद् भोजनम्।' ततः आकुलितहृदयेनाऽपि तदनुवृत्या कृतमनेन आहारग्रहणम्। तदनन्तरम् आयातस्य सुखासनगतस्य निवेदितम् अनया 'गोभद्र! तव गतस्य कतिपयदिवसाऽवसाने वियोगदुःखेन वा, तथाविधव्याधिवशेन वा परिकृशितशरीरां शिवभद्राम् अकाण्डे एव समुत्पन्ना गाढं शूलवेदना, आकुलितं शरीरम्, औषधैः अपि न जातः विशेषः, गता च मुहूर्त्तमात्रेण पञ्चत्वम्।' एवं च सः आकर्ण्य वियोगवज्रजर्जरितहृदयः क्षणान्तरमूर्च्छितः इव विगम्य मुक्तपूत्कारकरुणशब्दं रोदितुं प्रवृत्तवान्, समाश्वासितः पार्श्ववर्तिना जनेन, कृतानि मृतलौकिककृत्यानि, कालेन च जातः अल्पशोकः। अन्यदा च भणितः लोकैः यथा 'गोभद्र! कुरु कलत्रसङ्ग्रहम्, विमुञ्च शोकम्, एषैव गतिः संसारविलसितानाम्। तेन भणितं 'भोः दूरम् असदृशम् एतत्, तथाहि -

---

આગ્રહથી ગોભદ્રે ભોજન કર્યું. પછી આવીને આસન પર બેસતાં, તેણીએ તેને જણાવ્યું કે-'હે ગોભદ્ર તું જતાં કેટલાક દિવસ પછી વિયોગ-દુઃખે કે તથાવિધ વ્યાધિને લીધે શરીરે બહુ જ કૃશ થઈ જતાં શિવભદ્રાને અકાળે તીવ્ર શૂળ વેદના જાગી, શરીર ભારે આકુળ-વ્યાકુળ થવા લાગ્યું, ઔષધો કરતાં પણ આરામ ન થયો. જેથી તે મુહૂર્ત્તમાત્રમાં મરણ પામી.' એ પ્રમાણે સાંભળતાં વિયોગરૂપ વજ્રથી હૃદય જર્જરિત થતાં ક્ષણવાર જાણે મૂર્ચ્છા પામ્યો હોય તેમ વીતાવી, મોઢેથી પોક મૂકીને તે કરુણ શબ્દે રોવા લાગ્યો. ત્યાં પાસે રહેતા લોકોએ તેને શાંત કર્યો. પછી તેણે મૃતકાર્યો કર્યાં અને વખત જતાં તેનો શોક ઓછો થયો. એવામાં એકાદ લોકોએ તેને જણાવ્યું કે-'હે ગોભદ્ર! શોક તજીને તમે હવે ફરીથી કન્યા પરણો. સંસારની ગતિ એવી જ હોય છે.' તે બોલ્યો-'અરે! એ તો બહુ જ અઘટિત છે, કારણ કે

पढमं दव्वोवज्जणकएण देसंतरं गओऽहमहो।
चिरकालकिलेसवसा तल्लाभे नियगिहं पत्तो ।।१।।

किर भुंजिस्सामि अहं इण्हिं नियपणइणीए परियरिओ।
पंचविहविसयसोक्खं निरवेक्खो सेसकज्जेसु ।।२।।

भवियव्वयावसेणं अक्काले च्चिय दिवं गया सावि।
एवं ठियंमि अन्ना परिणिज्जइ केण कज्जेण? ।।३।।

जह सा मरणं पत्ता अहुणुव्वूढावि तह जइ मरेज्जा।
ता होज्ज निप्फलच्चिय पुणोऽवि सव्वेऽवि आरंभा ।।४।।

---

प्रथमं द्रव्योपार्जनकार्येण देशान्तरं गतोऽहम् अहो!।
चिरकालक्लेशवशात् तल्लाभे निजगृहं प्राप्तवान् ।।१।।

किल भोक्ष्ये अहमिदानीं निजप्रणयिन्या परिवृत्तः।
पञ्चविधविषयसौख्यं निरपेक्षः शेषकार्येषु ।।२।।

भवितव्यतावशेन अकाले एव दिवंगता साऽपि।
एवं स्थिते अन्या परिणीयते केन कार्येण ।।३।।

यथा सा मरणं प्राप्ता अधुना उद्वूढाऽपि तथा यदि म्रियेत।
तदा भवेद् निष्फलाः एव पुनरपि सर्वेऽपि आरम्भाः ।।४।।

---

પ્રથમ તો અહો! દ્રવ્ય ઉપાર્જન કરવા માટે હું દેશાંતર ગયો, ચિરકાળ ક્લેશથી તે મેળવીને હું મારા ઘરે આવ્યો. (૧)

ત્યાં આવતાં આવતાં વિચાર થયો કે-'હવે બીજાં કાર્યોની દરકાર કર્યા વિના પોતાની સ્ત્રી સાથે હું પાંચ પ્રકારનાં વિષય-સુખો ભોગવીશ.' (૨)

પરંતુ ભવિતવ્યતા યોગે તે અકાળે જ મરણ પામી, તો હવે બીજી સ્ત્રી પરણવાનું શું પ્રયોજન છે? (૩)

જેમ તે મરણ પામી તેમ બીજી પરણતાં તે પણ જો પંચત્વ પામે, તો ફરીને કરેલ બધા આરંભો નિષ્ફળજ થાય. (૪)

नियजीवियस्सवि कहं विस्सासो बुज्झए सयन्नेण?।
आगयगयाइं जं किर कुणइ व मुहमारुयमिसेण ।।५।।

संघडण-विहडणापडुपरक्कमे निक्किवे कयंतंमि।
सच्छंदं वियरंते कत्थ व जाएज्ज थिरबुद्धी? ।।६।।

दइया-धण-परियणसंगमेसु जइ सरिसवोवमं सोक्खं।
पाविज्ज विप्पओगे नियमा मेरूवमं दुक्खं ।।७।।

इय पज्जत्तं मह घरणिविसयतण्हाए बहुकिलेसाए।
एत्तियमेत्तंमि वए विसयासा हीलणाठाणं ।।८।।

---

निजजीवितस्याऽपि कथं विश्वासः बुध्यते सकर्णेन।
आगतगतानि यद् किल करोति इव मुखमारुतमिषेण ।।५।।

सङ्घटन-विघटनापटुपराक्रमे निष्कृपे कृतान्ते।
स्वच्छन्दं विचरति कुत्र वा जायेत स्थिरबुद्धिः ।।६।।

दयिता-धन-परिजनसङ्गमेषु यदि सर्षपोपमं सुखम्।
प्राप्स्यामि विप्रयोगे नियमा मेरूपमं दुःखम् ।।७।।

इति पर्यन्तं मम गृहिणीविषयतृष्णाभिः बहुक्लेशाभिः।
एतावन्मात्रे वयसि विषयाशा हीलनास्थानम् ।।८।।

---

વળી પોતાના જીવિતનો પણ શો વિશ્વાસ? કારણ કે એમ સમજાય છે કે તે યત્નપૂર્વક શ્વાસ-વાયુના મિષે ગમનાગમન કર્યા કરે છે. (૫)

સંઘટન અને વિઘટન કરવામાં ભારે પરાક્રમી, નિષ્કૃપ અને સ્વચ્છંદે ગમન કરનાર કૃતાંત જ્યાં વિદ્યમાન છે, ત્યાં સ્થિર બુદ્ધિ ક્યાં રાખી શકાય? (૬)

વળી દયિતા, ધન અને પરિજનના સંગમમાં જ્યારે સરસવ જેટલું સુખ છે, તો તેના વિયોગમાં અવશ્ય મેરૂ પ્રમાણ દુઃખ રહેલ છે. (૭)

એમ હોવાથી બહુ ક્લેશયુક્ત તરુણીના વિષયની તૃષ્ણાથી સર્યું. વળી આટલી અવસ્થામાં વિષયની આશા એ અવગણનાનું સ્થાન છે.' (૮)

एवं तन्निच्छयं मुणिऊण तुसिणीए ठिओ जणो। सो य धम्मकज्जेसु उज्जओ जाओ।

अन्नदियहे समोसरिओ तत्थ पंचसयमुणिपरिवुडो, छत्तीसगुणरयणरयणायरो, नीसेसपाणिगणरक्खणपरो, सुगहियनामो **धम्मघोस**सूरी। गया तस्स वंदणत्थं बहवे जणा। गोभद्दोऽवि भवविरत्तमणो जाणिऊण तदागमणं पत्तो सूरिसमीवे, पहिट्ठचित्तो य पणमिऊण से पायपंकयं गुरुणा दिन्नासीसो उवविट्ठो भूमिवट्ठे, सूरिणावि पारद्धा धम्मदेसणा, जहा-

जीववहालियवज्जणमदत्तधणगहणमेहुणनिवित्ती।
जो य परिग्गहचाओ एयं धम्मस्स सव्वस्सं ।।१।।

जीववहे आसत्ता सत्ता अट्ठप्पयारमवि कम्मं।
बंधंति जंति नरए पावंति य तिक्खदुक्खाइं ।।२।।

---

एवं तन्निश्चयं ज्ञात्वा तुष्णीकः स्थितः जनः। सः च धर्मकार्येषु उद्यतः जातः।

अन्यदिवसे समवसृतः तत्र पञ्चशतमुनिपरिवृत्तः, षट्त्रिंशद्गुणरत्नरत्नाकरः, निःशेषप्राणिगणरक्षणपरः, सुगृहीतनामकः **धर्मघोष**सूरिः। गताः तस्य वन्दनार्थं बहवः जनाः। गोभद्रः अपि भवविरक्तमनः ज्ञात्वा तदाऽऽगमनं प्राप्तः सूरिसमीपम्, प्रहृष्टचित्तश्च प्रणम्य तस्य पादपङ्कजं गुरुणा दत्ताशिषः उपविष्टः भूमिपृष्ठे। सूरिणाऽपि प्रारब्धा धर्मदेशना यथा -

जीववधाऽलीकवर्जनम् अदत्तधनगहण-मैथुननिवृत्ती।
यश्च परिग्रहत्यागः एतद् धर्मस्य सर्वस्वम् ।।१।।

जीववधे आसक्ताः अष्टप्रकारमपि कर्म।
बध्नन्ति यान्ति नरकं प्राप्नुवन्ति च तीक्ष्णदुःखानि ।।२।।

---

આવો તેનો નિશ્ચય જાણીને લોકો મૌન રહ્યા અને ગોભદ્ર ધર્મકાર્યોમાં ઉદ્યત થયો.

એક દિવસે પાંચ સો મુનિઓથી પરિવરેલ, છત્રીશ ગુણ-રત્નોના રત્નાકર, સમસ્ત પ્રાણીઓનું રક્ષણ કરવામાં સાવધાન અને સતત સ્મરવા લાયક એવા **ધર્મઘોષસૂરિ** ત્યાં પધાર્યા. તેમને વંદન કરવા ઘણા લોકો ગયા. એવામાં તેમનું આગમન જાણવામાં આવતાં, ભવથી વિરક્ત થયેલ ગોભદ્ર પણ આચાર્ય પાસે ગયો અને ભારે હર્ષપૂર્વક તેમના ચરણકમળમાં પ્રણામ કરી, આશિષ લઈ તે ભૂમિ પર બેઠો. એટલે સૂરીશ્વરે પણ ધર્મદેશનાનો પ્રારંભ કર્યો-

'હે ભવ્યાત્માઓ! જીવવધ, મૃષાવાદ, અદત્તગ્રહણ, મૈથુન અને પરિગ્રહનો જે ત્યાગ, એ જ ધર્મનું મુખ્ય સ્વરૂપ છે. (૧)

જીવવધમાં આસક્ત થયેલા પ્રાણીઓ આઠ પ્રકારના કર્મ બાંધે છે, નરકે જાય છે, અને ત્યાં તીક્ષ્ણ દુઃખો પામે છે. (૨)

तत्तो उव्वट्टित्ता तिरिक्खजोणीसु लक्खमेयासु।
उववज्जंति वराया नियदुच्चरिएण बहुकालं ।।३।।

जे उ नियजीवियसमं सम्मं रक्खंति सव्वपाणिगणं।
ते सयललोयलोयणससहरतुल्ला हवंति जणा ।।४।।

दीहाऊउववेया वररूवा दिव्वदेवसोक्खाइं।
अणुभुंजिऊण नूणं कमेण मोक्खंमि वच्चंति ।।५।।

भूयत्थनिण्हयकरं पाणिविणासेक्ककारणं घोरं।
जं वयणं तं सव्वंपि वज्जणिज्जं सुबुद्धीहिं ।।६।।

इह लोए च्चिय जीहानिकंतणं निंदणं च लोयाओ।
पावंति वितहभासणपरायणा परभवे य दुहं ।।७।।

---

ततः उद्वर्त्य तिर्यग्योनिषु लक्षमेयासु।
उपपद्यन्ते वराकाः निजदुश्चरितेन बहुकालम् ।।३।।

ये तु निजजीवितसमं सम्यग् रक्षन्ति सर्वप्राणिगणम्।
ते सकललोकलोचनशशधरतुल्याः भवन्ति जनाः ।।४।।

दीर्घायूपपेताः वररूपाः दिव्यदेवसौख्यानि।
अनुभूय नूनं क्रमेण मोक्षे व्रजन्ति ।।५।।

भूतार्थनिह्नवकरं प्राणिविनाशैककारणं घोरम्।
यद्वचनं तत्सर्वमपि वर्जनीयं सुबुद्धिभिः ।।६।।

इहलोके एव जिह्वा निष्कर्तनं निन्दनं च लोकेभ्यः।
प्राप्नुवन्ति वितथभाषणपरायणाः परभवे च दुःखम् ।।७।।

---

ત્યાંથી નીકળતાં લાખો તિર્યંચ-યોનિઓમાં તે બિચારા પોતાના દુશ્ચરિત્રથી લાંબો કાળ ઉત્પન્ન થાય છે. (૩)

તેમજ જેઓ સર્વ પ્રાણીઓને પોતાના જીવિત સમાન સમજી સમ્યક્ પ્રકારે સંભાળે છે, તે લોકો સર્વ લોકોના લોચનને આનંદ પમાડવામાં ચંદ્રમા તુલ્ય થાય છે, (૪)

અને દીર્ઘાયુષ્ય, સુંદર રૂપ અને દિવ્ય દેવસુખો ભોગવી અનુક્રમે અવશ્ય મોક્ષે જાય છે. (૫)

વળી સત્યાર્થ છુપાવનાર, પ્રાણીઓના વિનાશના એક કારણરૂપ એવું જે ઘોર વચન, તે બધું સુબુદ્ધિ જનોએ વર્જવા લાયક છે. (૬)

મૃષાવાદી લોકો આ ભવમાં જીલ્વા-છેદન અને લોકનિંદા તથા પરભવે દુઃખ પામે છે. (૭)

एत्तो विरत्तचित्ता कुडिलत्तणवज्जिया मियाभासी।
जे ते अवजसपंकेण नेव छिप्पंति कइयावि ।।८।।

पडिबुद्धकमलपरिमलसममुहनिस्सासससुरहियदियंता।
पूइज्जंति जणेण य आएज्जगिरा य जायंति ।।९।।

जो परधणं विलुंपइ सो झंपइ सुगइगिहकवाडाइं।
निबिडाइं कम्मनिगडाइं कुणइ तुच्छेहियसुहत्थं ।।१०।।

एत्तो च्चिय दोगच्चं पइजम्मं उवचिणेइ मूढप्पा।
सुय-दइयाविरहुब्भवदुहं च पावेइ दुव्विसहं ।।११।।

---

एतस्माद् विरक्तचित्ताः कुटिलतावर्जिता मितभाषी।
ये ते अपयशःपङ्केन नैव स्पृश्यन्ति कदाऽपि ।।८।।

प्रतिबुद्धकमलपरिमलसममुखनिःश्वाससुरभिकृतदिगन्ताः।
पूज्यन्ते जनेन च आदेयगिरा च जायन्ते ।।९।।

यः परधनं विलुप्यति सः आच्छादयति सद्गतिगृहकपाटे।
निबिडानि कर्मनिगडानि करोति तुच्छैहिकसुखार्थम् ।।१०।।

एतेनैव दौगत्यं प्रतिजन्मनि उपचिनोति मूढात्मा।
सुत-दयिताविरहोद्भवदुःखं च प्राप्नोति दुर्विसहम् ।।११।।

---

એ મૃષાવાદથી જે વિરક્ત, કુટિલતાથી વર્જિત અને મિતભાષી છે, તેઓ અપયશના પંકે કદાપિ લિપ્ત થતા નથી. (૮)

વળી વિકાસિત કમળના પરિમલ સમાન મુખ-શ્વાસવડે દિશાઓને સુગંધી કરનાર એવા તે જનો લોકોમાં પૂજા-પ્રતિષ્ઠા પામે છે, તેમજ આદેયવચની થાય છે. (૯)

જે પરધનને ઓળવે છે તે સુગતિરૂપ ગૃહના દ્વાર બંધ કરે છે અને તુચ્છ ઐહિક સુખોના કારણે કર્મ-બંધનોને મજબૂત બનાવે છે. (૧૦)

તે મૂઢાત્મા એનાથી પ્રતિજન્મે દારિદ્રય ઉપાર્જન કરે છે અને સુત, દયિતાના દુઃસહ વિરહ-દુઃખને પામે છે, (૧૧)

जे पुण संतोसपरा तणंपि गिण्हंति नेव य अदिन्नं।
ते देवाणवि पुज्जा हवंति किं पुण मणुस्साणं? ।।१२।।

वड्ढंति धणविलासा निवडंति न आवयाउ कइयावि।
पुज्जंति य निव्विग्घं मणोरहा तेसि नीसेसा ।।१३।।

जे अणिगिहियप्पाणो इहभवसुहलेसमेत्तपडिबद्धा।
दासव्व कामलुद्धा मुद्धा जुवईण वट्टंति ।।१४।।

नरवइसेवण-संगामकरणपमुहाइं विविहवसणाइं।
मेहुणसन्नाभिरया असइंपि लहंति ते पुरिसा ।।१५।। जुम्मं।

---

ये पुनः सन्तोषपराः तृणमपि गृह्णन्ति नैव च अदत्तम्।
ते देवानामपि पूज्याः भवन्ति किं पुनः मनुष्याणाम् ।।१२।।

वर्धन्ते धनविलासाः निपतन्ति न आपदः कदापि।
पूर्यन्ते च निर्विघ्नं मनोरथाः तेषां निःशेषाः ।।१३।।

ये अनिगृहीताऽऽत्मानः इहभवसुखलेशमात्रप्रतिबद्धाः।
दासः इव कामलुब्धाः मुग्धाः युवतीषु वर्तन्ते ।।१४।।

नरपतिसेवन-सङ्ग्रामकरणप्रमुखानि विविधव्यसनानि।
मैथुनसंज्ञाऽभिरताः असकृदपि लभन्ते ते पुरुषाः ।।१५।। युग्मम्।

---

તેમજ જેઓ સંતોષી બની, અદત્ત તૃણમાત્ર પણ લેતા નથી તેઓ દેવોને પણ પૂજનીય થાય છે, તો મનુષ્યોને માટે શું કહેવું? (૧૨)

તેમના ધનવિલાસ વધે છે, આપદાઓ કદી આવતી નથી અને તેમના બધા મનોરથ નિર્વિઘ્ને સિદ્ધ થાય છે. (૧૩)

જેઓ પોતાના આત્માનો નિગ્રહ કર્યા વિના આ ભવસંબંધી લેશ સુખમાત્રમાં પ્રતિબંધ પામતાં કામલુબ્ધ બની, દાસની જેમ મુગ્ધ થઇને સ્ત્રીઓને આધીન વર્તે છે, (૧૪)

તે પુરુષો રાજસેવા, સંગ્રામ પ્રમુખના વિવિધ વ્યસનો-દુઃખો, મૈથુન-સંજ્ઞામાં આસક્ત બનવાથી વારંવાર પામે છે (૧૫)

कामविवरंमुहा पुण नर-सुर-जणपूयणिज्जकमकमला।
देहुब्भवमविणस्सरपरमाणंदं सइ चरंति ।।१६।।

पडिपुण्णबंभपालणपवित्तगत्ताण पुरिससीहाण।
सुमरणमेत्तेणं चिय विज्जा मंता य सिज्झंति ।।१७।।

जे न परिग्गहविरइं कुणंति पावेसु संपयट्टंति।
बंधंति कोसियारोव्व अप्पयं ते सकिरियाए ।।१८।।

पइदियहलाभवसवड्ढमाणगुरुलोभदूमियसरीरा।
सव्वत्थ ममत्तपरिग्गहेण सुचिरं किलिस्संति ।।१९।।

---

कामविपराङ्गमुखाः पुनः नर-सुरजनपूजनीयक्रमकमलाः।
देहोद्भवमविनश्वरपरमानन्दं सदा चरन्ति ।।१६।।

प्रतिपूर्णब्रह्मपालनपवित्रगात्राणां पुरुषसिंहानाम्।
स्मरणमात्रेण एव विद्याः मन्त्राणि च सिध्यन्ति ।।१७।।

ये न परिग्रहविरतिं कुर्वन्ति, पापेषु सम्प्रवर्तन्ते।
बध्नन्ति कोशिकारः इव आत्मानं ते स्वक्रियया ।।१८।।

प्रतिदिवसलाभवशवर्धमानगुरुलोभदूत(=खिन्न)शरीराः।
सर्वत्र ममत्वपरिग्रहेण सुचिरं क्लिश्यन्ति ।।१९।।

---

અને કામવિમુખ પુરુષો, દેવ અને મનુષ્યોને પૂજનીય બની, દેહોદ્ભવ, અવિનશ્વર પરમ આનંદને સદા અનુભવે છે. (૧૬)

સંપૂર્ણ બ્રહ્મવ્રત પાળવાથી પવિત્ર થયેલા પુરુષસિંહને વિદ્યા અને મંત્રો સ્મરણ-માત્રથી સિદ્ધ થાય છે. (૧૭)

જેઓ પરિગ્રહની વિરતિ ન કરતાં પાપમાં પ્રવૃત્ત થાય છે, તેઓ કોશેટાના કીટની જેમ સ્વક્રિયાથી પોતાને બાંધે છે. (૧૮)

પ્રતિદિવસ લાભ થતાં ભારે લોભ વધવાથી શરીરે ક્લેશ પામતાં સર્વત્ર પરિગ્રહની મમતાથી તેઓ ચિરકાળ દુઃખિત થાય છે. (૧૯)

अपरिग्गहा उण नरा ससरीरेऽविहु ममत्तपडिबंधं।
न कुणंति वत्थ-पत्ताइएसु सेसेसु का गणणा? ।।२०।।

एत्तो च्चिय तिव्वयरोवसग्गवग्गेऽवि ते ण झाणाओ।
मंदरगिरिव्व विचलंति मोक्खसोक्खं च साहंति ।।२१।।

इय भो देवाणुपिया! अविरयविरयाण दोसगुणसहियं।
कहियं तुम्हाण मए सुद्धं सद्धम्मसव्वस्सं ।।२२।।

चिंतामणिव्व दुलहं संसारमहोयहिंमि भमिराणं।
जीवाण नूणमेयं सकम्मगुरुभारपिहियाणं ।।२३।।

---

अपरिग्रहाः पुनः नराः स्वशरीरेऽपि खलु ममत्त्वप्रतिबन्धम्।
न कुर्वन्ति वस्त्र-पात्रादिकेषु शेषेसु का गणना? ।।२०।।

एतस्मादेव तीव्रतरोपसर्गवर्गेऽपि ते न ध्यानतः।
मन्दरगिरिः इव विचलन्ति मोक्षसौख्यं च साधयन्ति ।।२१।।

इति भोः देवानुप्रियाः! अविरतविरतानां दोष-गुणसहितम्।
कथितं युष्माकं मया शुद्धं सद्धर्मसर्वस्वम् ।।२२।।

चिन्तामणिः इव दुर्लभं संसारमहोदधौ भ्रमताम्।
जीवानां नूनमेतत् स्वकर्मगुरुभारपिहितानाम् ।।२३।।

---

અને અપરિગ્રહી પુરુષો પોતાના શરીરે પણ મમત્વ અને રાગ કરતા નથી, તો શેષ વસ્ત્ર-પાત્રાદિમાં તો મમતા કેમ કરે? (૨૦)

એથી જ તેઓ તીવ્ર ઉપસર્ગોમાં પણ મેરૂની જેમ ધ્યાનથી ચલાયમાન ન થતાં મોક્ષસુખને સાધે છે. (૨૧)

હે દેવાનુપ્રિયો! એ પ્રમાણે અવિરતિ અને વિરતિના દોષો અને ગુણો મેં તમને કહ્યા. એ વિરતિ જ શુદ્ધ ધર્મનું સર્વસ્વ છે. (૨૨)

સંસાર-સાગરમાં ભમતા અને સ્વકર્મના મોટા ભારથી દબાયેલા જીવોને એ જ ચિંતામણિની જેમ દુર્લભ છે. (૨૩)

एयंमि उ संपत्ते तं न जए जं न पावियं होइ।
ता एयंमि पयत्तो कायव्वो कुसलबुद्धीहिं ।।२४।।

एयं च निरइयारं न साहुदिक्खं विणा घडइ जम्हा।
पडिवज्जह पव्वज्जं तम्हा दुहसेलवज्जसमं ।।२५।।

एवं च गुरुणा उवइट्ठे सद्धम्ममग्गे पडिबुद्धा बहवे पाणिणो, पलीणा मिच्छत्तवासणा, जाओ केसिंचि सव्वविरइपरिणामो, अन्नेसिं समुप्पन्ना देसविरइबुद्धित्ति। एत्थंतरे संसारासारयं परिभावेंतो तक्कालतिव्ववेरग्गसमुग्गयपवज्जापरिणामो गोभद्दो गुरुसमीवं गंतूणं विन्नविउमारद्धो- 'भयवं! अमयं व परिणयं मम तुम्ह वयणं समुल्लसिओ विवेओ, तुट्टा गेहवासणा, ता तुब्भेहिं निज्जामगेहिं पव्वज्जाजाणवत्तमारुहिऊण भवोदहिं लंघिउमिच्छामि।' गुरुणा भणियं-

---

एतस्मिन् तु सम्प्राप्ते तन्न जगति यन्न प्राप्तं भवति।
तस्माद् एतस्मिन् प्रयत्नः कर्तव्यः कुशलबुद्धिभिः ।।२४।।

एतच्च निरतिचारं न साधुदीक्षां विना घटते यस्मात्।
प्रतिपद्यस्व प्रव्रज्यां तस्माद् दुःखशैलव्रजसमाम् ।।२५।।

एवं च गुरुणा उपदिष्टे सद्धर्ममार्गे प्रतिबुद्धाः बहवः प्राणिनः, प्रलीना मिथ्यात्ववासना, जातः केषाञ्चित् (=एकेषां) सर्वविरतिपरिणामः, अन्येषां समुत्पन्ना देशविरतिबुद्धिः। अत्रान्तरे संसाराऽसारतां परिभावयन्, तत्कालतीव्रवैराग्यसमुद्गतप्रव्रज्यापरिणामः गोभद्रः गुरुसमीपं गत्वा विज्ञप्तुमारब्धवान्-

'भगवन्! अमृतमिव परिणतं मम तव वचनम्, समुल्लसितः विवेकः, त्रुटिताः गृहवासनाः, तस्माद् युष्माभिः निर्यामकैः प्रव्रज्यायानपात्रमारुह्य भवोदधिं लङ्घितुम् इच्छामि।' गुरुणा भणितं 'भद्र! युक्तमेतत्

---

એ ધર્મસર્વસ્વ પ્રાપ્ત થતાં, એવું જગતમાં કાંઈ નથી કે જે પ્રાપ્ત ન થયું હોય; માટે કુશળ બુદ્ધિના પુરુષોએ એમાં જ સતત પ્રયાસ કરવો. (૨૪)

કારણ કે એ નિરતિચાર સાધુદીક્ષા વિના ઘટિત નથી, માટે દુઃખના પર્વતને તોડવામાં વજ્ર સમાન એવી પ્રવ્રજ્યાને તમે આદરો.' (૨૫)

એ પ્રમાણે ગુરુએ ઉપદેશ આપતાં ઘણા પ્રાણીઓ સદ્ધર્મ-માર્ગનો પ્રતિબોધ પામ્યા, કેટલાકની મિથ્યાત્વ-વાસના નાશ પામી, કેટલાકને સર્વવિરતિનો ભાવ થયો, ઘણાને દેશવિરતિની ઈચ્છા થઇ. એવામાં સંસારની અસારતાનો વિચાર કરતાં, તત્કાલ તીવ્ર વૈરાગ્યને લીધે પ્રવ્રજ્યાના પરિણામ ઉત્પન્ન થતાં ગોભદ્ર ગુરુ સમીપે જઇને વિનવવા લાગ્યો કે-'હે ભગવન! તમારું વચન મને અમૃતની જેમ પરિણમ્યું છે, વિવેક પ્રગટ થયો છે અને ગૃહવાસના તૂટી, માટે નિર્યામક તુલ્ય તમારા હાથે પ્રવ્રજ્યારૂપ યાનપાત્ર પર આરૂઢ થઇને હું ભવ-સાગર

'भद्द! जुत्तमेयं तुम्हारिसाणं।' तओ सूरिं पणमिऊण गओ गेहे, रयणविक्कओवलद्धदव्वेण दिन्नं दीणाणाहाईणं महादाणं। अह पसत्थे तिहिमुहुत्ते सूरिसमीवे गहिया पव्वज्जा, जाओ महातवस्सी, पालेइ निरयारं समणधम्मं, अहियासेइ सम्मं परीसहे, पउंजइ बालगिलाणाईणं विणयं, भावेइ भावणाजालं, पढेइ समयसत्थं, परिचिंतेइ तब्भावत्थं, कुणइ अपुव्वापुव्वतवचरणं। एवं च विसुज्झमाणस्स तस्स वोलिंति वासरा। अन्नया य गुरुमापुच्छित्ता समारद्धाइं तेण मासक्खमणाइं, परिसुसियं च से सरीरं, तहावि बालाईण कज्जेसु अणिगूहियसामत्थो सव्वत्थ पयट्टइत्ति।

अन्नसमए य सो खमगो गओ खुड्डगेण समं वासियभत्तस्स। तेण य पहे गच्छमाणेण जुगमेत्तनिहित्तचक्खुपसरेणवि कहवि दिव्वजोगवसा चंपिया चलणेसु मंडुक्किया, विवन्ना

---

युष्मादृशानाम्।' ततः सूरिं प्रणम्य गतः गृहम्, रत्नविक्रयोपलब्धद्रव्येण दत्तं दीनाऽनाथादीनां महादानम्। अथ प्रशस्ते तिथि-मुहूर्त्ते सूरिसमीपं गृहीता प्रव्रज्या, जातः महातपस्वी, पालयति निरतिचारं श्रमणधर्मम्, अध्यास्ते सम्यग् परीषहान्, प्रयुङ्क्ते बाल-ग्लानादीनां विनयम्, भावयति भावनाजालम्, पठति स्वमतशास्त्रम्, परिचिन्तयति तद्भावार्थम्, करोति अपूर्वाऽपूर्वतपश्चरणम्। एवं च विशुध्यमानस्य तस्य व्यतिक्रामन्ते वासराः। अन्यदा च गुरुम् आपृच्छ्य समारब्धानि तेन मासक्षपणानि, परिशोषितं च तस्य शरीरम्, तथाऽपि बालादीनां कार्येषु अनिगूहितसामर्थ्यः सर्वत्र प्रवर्तते।

अन्यसमये च सः क्षपकः गतः क्षुल्लकेन समं वासितभक्ताय। तेन च पथे गच्छमानेन युगमात्रनिहितचक्षुप्रसरेणाऽपि कथमपि दैवयोगवशात् मृदिता चरणे मण्डूकी, विपन्ना च सा, पृष्ठस्थितेन

---

ઓળંગવા ઇચ્છું છું.' ગુરુ બોલ્યા-'હે ભદ્ર! તમે જેવાને એ યુક્ત જ છે.' પછી આચાર્યને નમીને તે ઘરે ગયો. ત્યાં રત્નાદિક વેચતાં મળેલ ધનથી દીનાદિકને મહાદાન આપી, પ્રશસ્ત તિથિ અને મુહૂર્ત્તે આચાર્ય પાસે તેણે દીક્ષા અંગીકાર કરી, ગોભદ્ર એક મહાતપસ્વી થયો. શ્રમણ-ધર્મને તે નિરતિચાર પાળતો, પરીષહો સમ્યક્ પ્રકારે સ્હેતો, બાલ, ગ્લાનાદિકનો વિનય સાચવતો, ભાવનાઓ ભાવતો, સિદ્ધાંતશાસ્ત્ર ભણતો, તેના ભાવાર્થને ચિંતવતો તથા અપૂર્વ અપૂર્વ તપ કરતો, એમ પોતાના આત્માને શોધતાં તેના દિવસો જવા લાગ્યા. એકદા ગુરુની અનુજ્ઞા લઇને તેણે માસખમણો શરૂ કર્યાં, જેથી તેનું શરીર શુષ્ક થઇ ગયું, છતાં બાલ, ગ્લાનાદિકના કામમાં પોતાનું બળ ન ગોપવતાં તે સર્વત્ર પ્રવર્ત્તતો.

એવામાં એક વખતે તે શ્રમણ કોઇ નાના સાધુની સાથે ગોચરી નિમિત્તે નીકળ્યા, અને યુગપ્રમાણ દૃષ્ટિ પ્રસાર્યા છતાં કોઇ રીતે દૈવયોગે, માગે જતાં તેના પગ નીચે દેડકી આવી અને તે મરણ પામી, એટલે પાછળ

य सा, पट्ठिट्ठिएण य भणिओ सो खुड्डएण-'जहा खमग! तुमए एसा विराहिया, ता सम्मं निरूवेहि।' सोऽवि एवमायन्निऊण ईसिसमुप्पन्नरोसावेसो असूयाए इयरजणचरण-चंपणपणट्ठजीवाओ मंडुक्कलियाओ दंसिंतो भणइ-'अरे दुट्ठसिक्ख! इमावि मए मारिया? इमावि मए मारिया? इमावि मए मारिय'त्ति। खुड्डगेण नायं-'होउ ताव, वियाले सयमेव गुरुपुरओ आलोइस्सइ'त्ति। एवं च पत्थुयकज्जं काऊण पडिनियत्ता दोवि नियया समं। कमेण य जाओ संझासमओ, आरद्धं आवस्सयं, गुरुपुरओ य खमयरिसी आलोइत्ता देवसियं उवविट्ठो, नवरं मा विस्सुमरियं होहित्ति चिंतयंतेण खुड्डएण कहिओ मंडुक्कियावइयरो खमगस्स। एत्थंतरे निट्ठुरविगिट्ठतव-चरणसंतत्तत्तणेणं सरीरस्स, माहणजम्मसुलभत्तणेणं तहाविहतिव्वकोवुब्भवस्स पणट्ठो से विवेओ, समुद्धाइओ महया वेगेणं खुड्डगताडणनिमित्तं, अंतरा य आगच्छमाणो निट्ठुरथंभसिरावडणघाइय-मम्मपएसो तहाविहकलुसाभिप्पायविराहियसामन्नो कालं काऊण उववन्नो जोइसियदेवेसु। कोहदूसियस्स एवंविहा विडंबणा, जेण-

---

च भणितः सः क्षुल्लकेन यथा 'क्षमक! त्वया एषा विराद्धा, तस्मात् सम्यग् निरूपय। सोऽपि एवमाऽऽकर्ण्य इषत्समुत्पन्नरोषाऽऽवेशः असूयया इतरजनचरणमर्दनप्रणष्टजीवाः मण्डूकीन् दर्शयन् भणति 'अरे दुष्टशिक्ष! इयमपि मया मारिता?, इयमपि मया मारिता? इयमपि मया मारिता?।' क्षुल्लकेन ज्ञातं 'भवतु तावद्, विकाले स्वयमेव गुरुपुरतः आलोचयिष्यति।' एवं च प्रस्तुतकार्यं कृत्वा प्रतिनिवृत्तौ द्वौ अपि निजाऽऽश्रमम्। क्रमेण च जातः सन्ध्यासमयः, आरब्धम् आवश्यकम्, गुरुपुरतश्च क्षपकर्षिः आलोच्य दैवसिकम् उपविष्टः, नवरं मा विस्मृतं भविष्यति इति चिन्तयता क्षुल्लकेन कथितः मण्डूकीव्यतिकरः क्षपकस्य। अत्रान्तरे निष्ठुरविकृष्टतपश्चरणसन्तप्तत्वेन शरीरस्य, ब्राह्मणजनसुलभत्वेन तथाविधतीव्रकोपोद्भवस्य प्रणष्टः तस्य विवेकः, समुद्धावितः महता वेगेन क्षुल्लकताडननिमित्तम्, अन्तरा च आगच्छन् निष्ठुरस्तम्भशिरः-आपतनघातित(=हत?)मर्मप्रदेशः तथाविधकलुषाऽभिप्रायविराहितश्रामण्यः कालं कृत्वा उपपन्नः ज्योतिष्कदेवेषु। क्रोधदूषितस्य एवंविधा विडम्बना, येन -

---

આવતા પેલા ક્ષુલ્લકે તેને કહ્યું કે-'હે ક્ષમાશ્રમણ! તમે આની વિરાધના કરી માટે બરાબર જુઓ.' એમ સાંભળતાં, કંઇક રોષાવેશ ઉત્પન્ન થવાથી ઈર્ષ્યાપૂર્વક, ઇતર જનોના ચરણથી ચંપાઇને મરણ પામેલ દેડકીઓ બતાવતાં તે બોલ્યો કે-'અરે! દુષ્ટ-શિક્ષિત! આ પણ મેં મારી? આ પણ મેં મારી? આ પણ મેં મારી કેમ?' ત્યારે ક્ષુલ્લકે વિચાર્યું કે-'સાંજે પ્રતિક્રમણમાં પોતે ગુરુ પાસે આલોયણ લેશે.' પછી પ્રસ્તુત કામ કરીને તે બંને પોતાના સ્થાને આવ્યા. અનુક્રમે સંધ્યા સમય થતાં, આવશ્યક ક્રિયા કરતાં ક્ષપકઋષિ દૈવસિક પ્રાયશ્ચિત્ત ગુરુ પાસે આલોવીને તે બેઠો, એવામાં પેલી વિરાધના વિસ્મૃત ન થાય એમ ધારી ક્ષુલ્લકે તે તપસ્વીને દેડકીનો વ્યતિકર સંભળાવ્યો. એટલે નિષ્ઠુર-વિકૃષ્ટ તપ કરવાથી શરીર સંતપ્ત થતાં અને બ્રાહ્મણજન્મમાં તથાવિધ તીવ્ર કોપ ઉત્પન્ન થવાની સુલભતાને લઈને તેનો વિવેક નાશ પામ્યો, જેથી તે ક્ષુલ્લકને મારવા માટે અતિવેગથી દોડ્યો; પણ આવતાં વચમાં મજબૂત સ્તંભમાં શિર પછડાતાં મર્મ-પ્રદેશમાં વાગવાથી તથાવિધ કલુષ પરિણામથી સંયમ વિરાધી, કાલ કરીને તે જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થયો. કોપને આધીન થયેલાને એવા પ્રકારની વિડંબના તો થાય જ, કારણ કે-

छट्ठट्ठमाइदुक्करविगिट्ठतवभेयसेवणुब्भूयं।
गुरु-बाल-सिक्ख-गेलण्ण-पंडियविणओवणीयंपि ।।१।।

दसविहजइजणकिरियापरिपालणपोसियंपि सुहपुन्नं।
खणमेत्तेणवि तेणं तणं व कोहग्गिणा दड्ढं ।।२।। जुम्मं।

एत्तोच्चिय पसमविवज्जियाण सव्वा निरत्थिया किरिया।
उक्किट्ठतवोऽविहु होइ केवलं भुक्खमारो सो ।।३।।

जह पव्वयाण मेरू, नईण गंगा, मियाण पंचमुहो।
पक्खीण जहा गरुडो, सेसाही सयलभुयगाण ।।४।।

जह साहूण जिणिंदो, मणीण चिंतामणी तहा पसमो।
सारो समत्थधम्मस्स तेण एत्थेव जइयव्वं ।।५।। जुम्मं।

---

षष्टाऽष्टमादिदुष्करविकृष्टतपोभेदसेवनोद्भूतम्।
गुरु-बाल-शैक्षक-ग्लान-पण्डितविनयोपनीतमपि ।।१।।

दशविधयतिजनक्रियापरिपालनपोषितमपि शुभपुण्यम्।
क्षणमात्रेणाऽपि तेन तृणमिव क्रोधाग्निना दग्धम् ।।२।। युग्मम्

अतः एव **प्रशमविवर्जितानां सर्वा निरर्थिका क्रिया**।
उत्कृष्टतपोऽपि खलु भवति केवलं क्षुत्पीडनं तत् ।।३।।

यथा पर्वतेषु मेरुः, नदीषु गङ्गा, मृगानां पञ्चमुखः।
पक्षिषु यथा गरुडः शेषाहिः सकलभुजगेषु ।।४।।

यथा साधुषु जिनेन्द्रः, मणिषु चिन्तामणिः तथा **प्रशमः**।
**सारः समस्तधर्मस्य** तेन अत्रैव यतितव्यम् ।।५।। युग्मम्।।

---

છઠ્ઠ, અઠ્ઠમાદિક દુષ્કર વિકૃષ્ટ-વિગઈ તપના સેવનથી ઉત્પન્ન થયેલ, ગુરુ, બાલ, ગ્લાન, પંડિતનો વિનય કરતાં મેળવેલ અને દશવિધ યતિધર્મની ક્રિયાના પાલનથી પરિપુષ્ટ થયા છતાં તેણે પોતાનું અસાધારણ પુણ્ય ક્રોધાગ્નિવડે એક ક્ષણમાત્રમાં તૃણની જેમ બાળી નાખ્યું. (૧/૨)

એટલા માટે જ પ્રશમ રહિત પુરુષની બધી ક્રિયાઓ નિરર્થક છે, તેમજ ઉત્કૃષ્ટ તપ પણ કેવળ ભૂખમરા જેવો છે. (૩)

પર્વતોમાં જેમ મેરૂ, નદીઓમાં જેમ ગંગા, પશુઓમાં જેમ સિંહ, પક્ષીઓમાં ગરૂડ, સર્વ ભુજંગોમાં શેષનાગ,

अलं पसंगेणं। सो खमगजिओ जोइसदेवेसु अहाउयं पालिऊण चुओ समाणो कणगखले आसमपए पंचतावससयाहिवइस्स कुलवइणो गिहिणीए उववन्नो दारगत्तणेणं, जाओ य उचियसमए। कयं से कोसिओत्ति नामं। सो य सभावेणं चंडरोसो, थेवावराहेऽवि सेसतावसकुमारे कुट्टेति। ते य तेण ताडिज्जमाणा नियनियपिऊणं साहेंति। तेहि य केण कुट्टियत्ति पुच्छिज्जमाणा निवेइंति कोसिएणं। तत्थ अन्नेऽवि तावसकुमारगा कोसियाभिहाणा अत्थि अओ न मुणिज्जइ केणावित्ति तव्विसेसोवलंभनिमित्तं तप्पभिइं ठावियं **चंडकोसिओ**त्ति नामं, तद्दिणाओ आरब्भ पावियं च पसिद्धिं, एवं सो चंडकोसिओ जाओत्ति।

अन्नया य कुलवई पंचत्तमुवगओ, पच्छा सो सेसतावसेहिं कुलवइपए निवेसिओ

---

अलं प्रसङ्गेन। सः क्षपकजीवः ज्योतिष्कदेवेषु यथायुष्कं पालयित्वा च्युतः समानः कनकखले आश्रमपदे पञ्चतापसशताऽधिपस्य कुलपतेः गृहिण्याः उपपन्नः दारकत्वेन, जातश्च उचितसमये। कृतं तस्य कौशिकः इति नाम। सः च स्वभावेन चण्डरोषः, स्तोकाऽपराधेऽपि शेषतापसकुमारान् कुट्टयति। ते च तेन ताड्यमानाः निजनिजपितृणां कथयन्ति। तैश्च केन कुट्टितः इति पृच्छ्यमानाः निवेदयन्ति 'कौशिकेन'। तत्र अन्येऽपि तापसकुमाराः कौशिकाऽभिधानाः सन्ति अतः न ज्ञायते केनाऽपि इति तद्विशेषोपलम्भनिमित्तं तत्प्रभृति स्थापितं **चण्डकौशिकः** इति नाम, तद्दिनाद् आरभ्य प्राप्ता च प्रसिद्धिम्, एवं च सः चण्डकौशिकः जातः' इति।

अन्यदा कुलपतिः पञ्चत्वमुपगतः। पश्चात् सः शेषतापसैः कुलपतिपदे निवेशितः सन् तत्र वनखण्डे

---

સાધુઓમાં જેમ જિનેશ્વર અને મણિઓમાં જેમ ચિંતામણિ તેમ સર્વ ધર્મોમાં પ્રશમ એ સારરૂપ છે; માટે એમાં જ અધિક પ્રયત્ન કરવો. (૪/૫)

બસ, એ કરતાં વધારે કહેવાનું શું હોઇ શકે?

હવે તે ક્ષપકનો જીવ જ્યોતિષી દેવનું આયુષ્ય પાળી, ચવતાં કનક ખલ આશ્રમમાં પાંચ સો તાપસોના અધિપતિ કુલપતિની ભાર્યાના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો, ઉચિત સમયે જન્મ પામ્યા પછી તેનું કૌશિક એવું નામ રાખવામાં આવ્યું. તે સ્વભાવે ભારે કોપ કરનાર અને અલ્પ અપરાધ છતાં અન્ય તાપસ-કુમારોને તે કૂટવા લાગ્યો. તેનાથી તાડન પામતાં તેઓ પોતપોતાના પિતાને કહેવા લાગ્યા. તેમને પૂછતાં તેઓ કૌશિકનું નામ બતાવતા, પણ ત્યાં અન્ય તાપસ-કુમારો પણ કૌશિક-નામધારી હતા તેથી મારનાર કોણ છે? તે સમજાતું નહિ. એવામાં કોઇએ તેના વિશેષ લક્ષણ કહ્યાં ત્યારથી તેનું **ચંડકૌશિક** એવું નામ રાખવામાં આવ્યું. તે દિવસથી તેનું નામ પ્રસિદ્ધિ પામતાં, તે એ રીતે **ચંડકૌશિક** થયો.

એવામાં એકદા કુલપતિ મૃત્યુ પામતાં, અન્ય તાપસોએ તેને કુલપતિના સ્થાને સ્થાપ્યો. તે ઉપવનમાં તેની

समाणो तत्थ वणसंडे अच्चंतं अज्झोववण्णो, अणवरयं अपुव्वापुव्वपायवसेयण-पालणपरो कालं गमेइ, सेसतावसे य पुप्फफलाइं तहिं गेण्हंते पयत्तेण निवारेइ। ते य तत्थ कुसुममेत्तंपि अपावमाणा गुरुम्मि व गुरुपुत्तगंमि पवट्टियव्वंति सुमरिऊण तव्वयणमविकूलंता दिसोदिसिं गया। जोऽवि गोवालगाई तत्थ फलाइनिमित्तमेइ तंपि हंतूण सो निद्धाडेइ। जाया य समीवगामनगरेसु पसिद्धी जहा चंडकोसिओ उववणं अवलोइउंपि न देइ।

अन्नया य सो निसियधारं परसुं घेत्तूण वइकरणनिमित्तं कंटिगाणयणाय गओ दूरवणसंडे।

इओ य आसमपयासन्नं सेयवियापुरिवत्थव्वेहिं रायपुत्तेहिं फलगहणनिवारणाकुविएहिं, मुणियतग्गमणवुत्तंतेहिं पुव्वामरिसेण आगंतूण ओक्खया तरुपोयगा, छिंदिया सरलतरुणतरुवरा, पाडियाइं फलाइं, हयमहिओ कओ से उडवओ, भग्गा कलसगा, फोडिया कमंडलू,

---

अत्यन्तम् अध्युपपन्नः, अनवरतं अपूर्वाऽपूर्वपादपसेचन-पालनपरः कालं गमयति, शेषतापसान् च पुष्पफलानि तत्र गृह्णतः प्रयत्नेन निवारयति। ते च तत्र कुसुममात्रमपि अप्राप्नुवन्तः गुरौ इव गुरुपुत्रे प्रवर्तितव्यम् इति स्मृत्वा तद्वचनम् अविकूलयन् दिशोदिशिं गतवन्तः। योऽपि गोपालकादिः तत्र फलादिनिमित्तम् आगच्छति तमपि हत्वा सः निर्घाटयति। जाता च समीपग्राम-नगरेषु प्रसिद्धिः यथा चण्डकौशिकः उपवनम् अवलोकयितुमपि न दत्ते।

अन्यदा च सः निशितधारं परशुं गृहीत्वा वृत्तिकरणनिमित्तं कण्टिकाऽऽनयनाय गतः दूरवनखण्डे। इतश्च आश्रमपदाऽऽसन्नं श्वेतविकापुरीवास्तव्यैः राजपुत्रैः फलग्रहणनिवारणाऽऽकुपितैः, ज्ञाततद्गमनवृत्तान्तैः पूर्वाऽऽमर्षेण आगत्य उत्खाताः तरुपोतकाः, छिन्नाः सरलतरुणतरुवराः, पातितानि फलानि, हतमहीकः कृतः तस्य उटजः, भञ्जिताः कलशाः, स्फोटितानि कमण्डलूनि, खण्डिताः द्राक्षामण्डपाः, प्रणाशितानि

---

આસક્તિ બહુ જ વધી પડી. નિરંતર અપૂર્વ અપૂર્વ વૃક્ષોને સિંચતાં અને પાળતાં તે વખત વીતાવતો. અન્ય તાપસો ત્યાં પુષ્પ કે ફળો લેવા આવતાં તેમને તે બલાત્કારથી અટકાવતો, એટલે ત્યાં એક પુષ્પ માત્ર પણ ન પામવાથી 'ગુરુની જેમ ગુરુપુત્ર પ્રત્યે વર્ત્તવું' એ વાક્ય સંભારતાં, તેના વચનને પ્રતિકૂળ ન થતાં, તેઓ અન્ય સ્થાને ચાલ્યા ગયા. કોઈ ગોવાળ પ્રમુખ ફળ નિમિત્તે ત્યાં આવે તો તેને પણ મારીને તે કહાડી મૂકતો. એટલે સમીપના ગામ-નગરોમાં એવી પ્રસિદ્ધિ થઇ કે-'ચંડકૌશિક ઉપવન જોવા પણ આપતો નથી.'

પછી એક વખતે અત્યંત તીક્ષ્ણ કુહાડો લઇ, વાડ કરવા નિમિત્તે કાંટા લેવા માટે બહુ જ દૂર વનમાં નીકળી ગયો. એવામાં તે આશ્રમની નજીક શ્વેતાંબી નગરીમાં વસનારા રાજપુત્રો કે જેમને ફળગ્રહણ કરતાં પૂર્વે તેણે અટકાવ્યા હતા તેથી કોપાયમાન થયેલા અને તેના ગમનનો વૃત્તાંત જાણવામાં આવતાં પૂર્વના ક્રોધવશે આવી તેમણે નાનાં વૃક્ષો ઉખેડી નાખ્યાં, કંઇક મોટાં વૃક્ષોને કાપી નાખ્યાં, ફળો પાડ્યાં, આશ્રમને છિન્નભિન્ન કર્યો, ઘટાદિ ભાંગી નાખ્યા, કમંડળ ફોડી નાખ્યું, દ્રાક્ષ-મંડપો તોડી નાખ્યા, કદલીગૃહો ભાંગીને પાડી નાખ્યાં અને બીજું પણ

खंडिया दक्खामंडवा, पणासियाइं कयलीहराइं, अन्नंपि जहासत्तीए उवद्दविउमारद्धत्ति। एत्थंतरे दिट्ठतहाविहासमभंगवइयरेहिं गोवालगेहिं गंतूण सिट्ठं चंडकोसियस्स, जहा-'तुह उववणं कुमारेहिं हणिज्जइ'त्ति, सो एवमायन्निऊण कोवेण जलणोव्व धगधगन्तो परसुमुग्गीरिऊण धाविओ पवणवेगेण तदभिमुहं। दिट्ठो य एंतो कुमारेहिं, ते य मुणी अवज्झोत्ति चिंतिऊण पलाणा नियनयराभिमुहं। चंडकोसिओऽवि तयणुमग्गलग्गो वाहरइ-

रे खत्तियाहमा! मज्झ उववणं छिंदिऊणवि परोक्खं।
इण्हिं नियजणणीए किं पुण उयरंमि पविसिहिह? ।।१।।

मा वेगेण पलायह वट्टह सवडंमुहा खणं एक्कं।
तालफलाणिव सीसे जेण कुहाडेण पाडेमि ।।२।।

---

कदलीगृहाणि, अन्यदपि यथाशक्तिम् उपद्रवितुमारब्धाः। अत्रान्तरे दृष्टतथाविधसमभङ्गव्यतिकरैः गोपालकैः गत्वा शिष्टं चण्डकौशिकस्य, यथा तव उपवनं कुमारैः हन्यते। सः एवमाऽऽकर्ण्य कोपेन ज्वलनः इव प्रज्वलन् परशुम् उद्गीर्य धावितः पवनवेगेन तदभिमुखम्। दृष्टश्च आगच्छन् कुमारैः, ते च 'मुनिः अवध्यः' इति चिन्तयित्वा पलायिताः निजनगराऽभिमुखम्। चण्डकौशिकः अपि तदनुमार्गलग्नः व्याहरति-

रे क्षत्रियाऽधमाः! मम उपवनं छित्त्वाऽपि परोक्षम्।
इदानीं निजजनन्याः किं पुनः उदरे प्रवेक्ष्यध्वे? ।।१।।

मा वेगेन पलायत वर्तध्वं सम्मुखाः क्षणमेकम्।
तालफलानि इव शीर्षाणि येन कुठारेण पातयामि ।।२।।

---

જે કાંઈ બન્યું તે ભાંગવા-તોડવામાં તેમણે બાકી ન રાખી. એવામાં તથાવિધ આશ્રમ-ભંગની ઘટના જોતાં ગોવાળોએ જઈને ચંડકૌશિકને જણાવ્યું કે-'કુમારો તારા ઉપવનને ભાંગી રહ્યા છે.' એમ સાંભળતાં, અગ્નિની જેમ ક્રોધથી ધગધગતો, કુહાડો લઇને પવનના વેગે તેમની તરફ દોડ્યો. ત્યાં કુમારોએ તેને આવતો જોઈ 'મુનિ અવધ્ય છે.' એમ સમજી, તેઓ પોતાના નગર ભણી દોડી ગયા. ચંડકૌશિક પણ તેમની પાછળ લાગીને બોલ્યો કે-

'હે અધમ ક્ષત્રિયો! મારા ઉપવનને મારી ગેરહાજરીમાં તોડીને અત્યારે શું ફરી તમારી જનનીના ઉદરમાં પેસશો? (૧)

વેગથી તમે આમ ભાગો નહિ, એક ક્ષણ મારી સામે આવો કે જેથી તાલફળોની જેમ આ કુહાડાથી તમારાં શિર પાડી નાખું.' (૨)

एमाइ असब्भे गालिगब्भवयणे समुल्लवेंतो सो।
तह कहवि कोववसवियललोयणो धाविओ तुरियं ।।३।।

जह खाणुखलणनिवडणअड्डट्ठियपरसुछिन्नसीसस्स।
अवमाणदंसणाउव्व तस्स लहु अइगयं जीयं ।।४।।

अह अट्टज्झाणगओ मरिउं सो तम्मि चेव वणसंडे।
मुच्छावसेण जाओ भीमो दिट्ठीविसो सप्पो ।।५।।

ते य तावसा तम्मरणवइयर निसामिऊण समागया तंमि वणसंडे ठाउमारद्धा य। अन्नया य पुव्वसिणेहाणुबन्धसमुप्पन्नवणरक्खणपरिणामेण इओ तओ परिब्भमंतेण दिट्ठा ते दिट्ठीविससप्पेण, तओ सरोससूरबिंबावलोयणुग्गिरियजलणजालाकलावेण निद्दड्ढा अभिमुहट्ठिया

---

एवमादीनि असभ्यानि अपशब्दगर्भवचनानि समुल्लपन् सः।
तथाकथमपि कोपवशविकललोचनः धावितः त्वरितम् ।।३।।

यथा स्थाणुस्खलननिपततितिर्यक्स्थितपरशुछिन्नशीर्षस्य।
अपमानदर्शनादिव तस्य लघुः अतिगतं जीवम् ।।४।।

अथ आर्त्तध्यानगतः मृत्वा सः तस्मिन्नेव वनखण्डे।
मूर्च्छावशेन जातः भीमः दृष्टिविषः सर्पः ।।५।।

ते च तापसाः तन्मरणव्यतिकरं निःशम्य समागताः तस्मिन् वनखण्डे स्थातुमारब्धाः च। अन्यदा च पूर्वस्नेहाऽनुबन्धसमुत्पन्नवनरक्षणपरिणामेन इतस्ततः परिभ्रमता दृष्टाः ते दृष्टिविषसर्प्पेण। ततः सरोषसूर्यबिम्बाऽवलोकनोद्गिरितज्वलनज्वालाकलापेन निर्दग्धाः अभिमुखस्थिताः अनेन, अदग्धाङ्गाः च

---

ઇત્યાદિ અસભ્ય અને ગાલિગર્ભિત વચન બોલતાં અને કોપથી લોચન વિકલ થઈ જતાં તે એવી રીતે શીઘ્ર ગતિથી દોડ્યો કે સ્થાણુ-શુષ્ક થડ સાથે અથડાઇને પડતાં આડે આવેલ પોતાના કુહાડાવતી શિર છેદાઇ જતાં, જાણે અપમાન જોવાથી જ તેનો જીવ તરત નીકળી ગયો. (૩/૪)

એટલે આર્ત્તધ્યાનથી મરણ પામતાં મૂર્ચ્છાને લીધે તે જ વનખંડમાં તે ભયંકર દૃષ્ટિવિષ સર્પ થયો. (૫)

એવામાં તેના મરણનો વ્યતિકર સાંભળતાં તે પૂર્વના તાપસો તે વનખંડમાં આવીને રહેવા લાગ્યા. પછી એકદા પૂર્વના સ્નેહાનુબંધથી તેને વનરક્ષાના પરિણામ ઉત્પન્ન થતાં, આમતેમ પરિભ્રમણ કરતાં તે તાપસો દૃષ્ટિવિષ સર્પના જોવામાં આવ્યા, જેથી રોષ સહિત સૂર્યબિંબને જોતાં અગ્નિજ્વાળા પ્રગટાવીને તેણે સામે રહેલા તાપસોને બાળી નાખ્યા અને બીજા ચોતરફ પલાયન કરી ગયા. એમ તે ત્રિકાળ વનખંડમાં ચોતરફ ફરીને જે કોઇ

अणेण, अदङ्कंगा य पलाणा दिसोदिसिं। एवं च तिसंझं सो वणसंडं तिपयाहिणीकाऊण जं सउणगमवि पासइ तंपि दहेइ। अन्नेऽवि तम्मग्गेण वोलेमाणे तडियकप्पडियपमुहे पंथिगे विद्दवेइ, अह तब्भएण अवहो जा जाओ सो मग्गो, एसा चंडकोसियसप्पस्स उप्पत्ती।

अह तेण सप्पेण उववणंतरे परिब्भमंतेण दिट्ठो जक्खमंडवियाए पडिमं ठिओ वद्धमाणजिणवरो। तं च दट्ठूण समुच्छलियकोवानलो 'अहो मम सामत्थं एस न मुणइ'त्ति विगप्पिऊण तरणिमंडलावलोयणचउगुणीभूयविणिस्सरंतविसुम्मिस्सदुस्सहसिहिसिहाभासुरच्छिविच्छोहो निद्दहिउकामो भयवन्तं पेच्छिउमारद्धो-

अह जयगुरुणो देहे दिट्ठी दिट्ठीविसस्स पडिफलिया।
पिऊससीयले साऽणुभावओ झत्ति विज्झाया ।।१।।

---

पलायिताः दिशोदिशि। एवं च त्रिसन्ध्यां सः वनखण्डं त्रिप्रदक्षिणीकृत्य यं शकुनकमपि पश्यति तमपि दहति। अन्यानपि तन्मार्गेण व्यतिक्रामतः तटिक-कार्पटिकप्रमुखान् पथिकान् विद्रवति। अथ तद्भयेन अवहः (वह् धातु) यावद् जातः सः मार्गः, एषा चण्डकौशिकस्य उत्पत्तिः।

अथ तेन सर्पेण उपवनाऽन्तरे परिभ्रमता दृष्टः यक्षमण्डपिकायां प्रतिमायां स्थितः वर्द्धमानजिनवरः। तं च दृष्ट्वा समुच्छलितकोपानलः 'अहो! मम सामर्थ्यम् एषः न जानाति' इति विकल्प्य तरणिमण्डलाऽवलोकनचतुर्गुणीभूतविनिस्सरद्विषोन्मिश्रदुःसहशिखिशिखाभासुराक्षिविक्षोभः निर्दग्धुकामः भगवन्तं प्रेक्षितुमारब्धवान्।

अथ जगद्गुरोः देहे दृष्टिः दृष्टिविषस्य प्रतिफलिता।
पीयुषशीतले सा अनुभावतः झटिति विध्याता ।।१।।

---

પક્ષીને જોતો તેને પણ બાળી નાખતો, તેમજ તે માર્ગે જતાં કાર્પટિક, ભિક્ષુક પ્રમુખ પથિકોને પણ તે પૂર્ણ પરાભવ પમાડતો, એથી તેના ભયને લીધે તે માર્ગ બંધ પડી ગયો. એ ચંડકૌશિક સર્પની ઉત્પત્તિ કહી.

હવે ઉપવનમાં ભમતાં તે સર્પે, યક્ષમંદિરમાં પ્રતિમાએ રહેલા વર્ધમાનસ્વામીને જોયા. એટલે કોપાગ્નિ જાગતાં, 'અહો! આ મારા સામર્થ્યને જાણતો નથી' એમ ધારી, રવિબિંબને જોવાથી ચારગણું વિષ નીકળતાં, મયૂરના પીંછા સમાન ચળકતા અક્ષિ-વિક્ષોભવડે ભારે દુઃસહ એવો તે સર્પ ભગવંતને બાળવાની ઇચ્છાથી વારંવાર જોવા લાગ્યો.

ત્યારે દૃષ્ટિવિષની દૃષ્ટિ જિનેંદ્રના અમૃત સમાન શીતલ શરીર પર પડતાં, તે અદ્‌ભુત પ્રભાવથકી તરત જ ઓલવાઇ ગઈ. (૧)

असमत्था निद्दहिउं जाया जिणनाहलोममित्तंपि।
ताहे पडिहयसत्ती तंडवियपयंडफणभित्ती ।।२।।

गरलकणुक्करसम्मिस्सगरुयपम्मुक्कफारफुंकारो।
वेगेणं डसिउमणो पहाविओ जिणवराभिमुहं ।।३।।

तओ तिव्वविसुब्भडाहिं दाढाहिं जिणं डसिऊण पच्छाहुत्तं अवक्कमेइ, मा उग्गविसविहयजीवियव्वो ममोवरि एस निवडिहित्ति। भयवंतं च तहट्ठियं चेव दट्ठूण पुणो पुणो तिन्नि वारे जाव डसित्ता अमरिसेणं पलोयंतो अच्छइ, तहावत्थाणे य जिणसोमबिंबावलोयणोवसंतदुट्ठदिट्ठिविसविगारो सो करुणाए भणिओ भयवया-उवसम भो चंडकोसिया!, उवसम महाणुभाव!, किन्न सरसि सयं चिय अणुभूयं तं वइयरं?।

---

असमर्था निर्दग्धुं जाता जिननाथरोममात्रमपि।
तदा प्रतिहतशक्तिः ततप्रचण्डफणभित्तिः ।।२।।

गरलकणोत्करसम्मिश्रगुरुप्रमुक्तस्फारफुत्कारः।
वेगेन दशितुमनः प्रधावितः जिनवराऽभिमुखम् ।।३।।

ततः तीव्रविषोद्भटाभिः दंष्ट्राभिः जिनं दशित्वा पश्चाभिमुखं अपक्रामति, मा उग्रविषविहतजीवितव्यः मम उपरि एषः निपततु। भगवन्तं च तथास्थितं एव दृष्ट्वा पुनः पुनः त्रिः वारं यावद् दशित्वा आमर्षेण प्रलोकयन् आस्ते, तथाऽवस्थाने च जिनसौम्यबिम्बाऽवलोकनोपशान्तदुष्टदृष्टिविषविकारः सः करुणया भगवता भणितः 'उपशाम्य भोः चण्डकौशिक!, उपशाम्य महानुभाव! किं न स्मरसि स्वयमेव अनुभूतं तद्व्यतिकरम्?

---

જ્યારે પ્રભુના લોમ માત્રને બાળવા પણ તે દૃષ્ટિ અસમર્થ થઇ, એટલે શક્તિ પ્રતિહત થતાં તેણે પોતાની પ્રચંડ ફણારૂપી દીવાલને ફેલાવી અને વિષકણોથી મિશ્ર મોટા ફુંફાડા મારતાં ડસવાની ઇચ્છાથી વેગપૂર્વક તે ભગવંત ભણી દોડ્યો, (૨/૩)

અને તીવ્ર વિષવડે પ્રચંડ દાઢાથી પ્રભુને ડસી, 'ઉગ્ર વિષથી મરણ પામતાં એ મારા પર ન પડે' એમ ધારી તેણે પાછા વળીને જોયું. ત્યાં ભગવંતને તેવી જ સ્થિતિમાં રહેલા જોઈ, ફરી ફરી ત્રણ વાર ડસી ક્રોધથી તે જોતો રહ્યો, પણ પ્રભુને તથાસ્થિત જોતાં, તેમની સૌમ્યાકૃતિ જોવાથી તેનો દુષ્ટ દૃષ્ટિવિષનો વિકાર ઉપશાંત થતાં, ભગવંતે કરૂણાથી તેને બોલાવતાં કહ્યું કે-'હે ચંડકૌશિક! શાંત થા. હે મહાનુભાવ! ઉપશાંત થા. જે પ્રસંગ તેં પોતે જ અનુભવ્યો તે શું યાદ નથી? કે

पुव्वभवे जं समणो कोवविराहियसमग्गसामन्नो।
कुच्छियजोइसदेवत्तलच्छिमणुपाविओ मरिउं ।।१।।

तत्तो इह वणसंडे तावसपुत्तो य जं तुमं जाओ।
तत्तोऽविय तिव्वविसो इण्हिं सप्पत्तणं पत्तो ।।२।।

ता भद्द! एत्तोऽवि मुंच कोवं, एसो हि विग्घभूओ परमसुहसंपयाणं, पडिखलणमल्लो कल्लाणवल्लीणं, महापडिवक्खो पवरविवेयस्स, जलणो कुसलाणुट्ठाणवणसंडस्स, जणओ दुग्गदुग्गइपडणस्सत्ति, सव्वहा अलमेत्तो कोवाणुबंधेणंति। इमं च सोच्चा भुयगस्स पुव्वाणुभूयसरणवसेण ईहावूहमग्गणगवेसणं करेमाणस्स जायं जाइसरणं, दिट्ठं च पुव्वाणुट्ठियं तवचरणं, सामण्णपरिपालणं तव्विराहणोवलद्धजोइसियसुरजम्मं च। अह उम्मीलियविवेओ,

---

पूर्वभवे यत्श्रमणः कोपविराधितसमग्रश्रामण्यः।
कुत्सितज्योतिष्कदेवत्वलक्ष्मीम् अनुप्राप्तः मृत्वा ।।१।।

ततः इह वनखण्डे तापसपुत्रः च यः त्वं जातः।
ततोऽपि च तीव्रविषः इदानीं सर्पतां प्राप्तः ।।२।।

तस्माद् भद्र! इतः अपि मुञ्च कोपम्, एषः हि विघ्नभूतः परमसुखसम्पदाम्, प्रतिस्खलनमल्लः कल्याणवल्लीनाम्, महाप्रतिपक्षः प्रवरविवेकस्य, ज्वलनः कुशलाऽनुष्ठानवनखण्डस्य, जनकः दुर्गदुर्गतिपतनस्य इति, सर्वथा अलमेतेन कोपानुबन्धेन। इदं च श्रुत्वा भुजगस्य पूर्वानुभूतस्मरणवशेन ईहाऽपोहमार्गणागवेषणाः कुर्वतः जातं जातिस्मरणम्। दृष्टं च पूर्वाऽनुष्ठितं तपश्चरणम्, श्रामण्यविराधनम्, तद्विराधनोपलब्ध-ज्योतिष्कसुरजन्म च। अथ उन्मिलितविवेकः, समुल्लसितधर्मपरिणामः, जातपापजुगुप्सः आदक्षिणप्रदक्षिणापूर्वकं

---

પૂર્વભવે શ્રમણ છતાં કોપથી સમસ્ત સંયમને વિરાધી, મરણ પામીને કુત્સિત જ્યોતિષી દેવની લક્ષ્મી પામ્યો. (૧)

ત્યાંથી આ વનખંડમાં તું તાપસપુત્ર થયો અને ત્યાંથી અત્યારે દૃષ્ટિવિષવાળો સર્પરૂપે થયો છે, (૨)

તો હે ભદ્ર! હજી પણ કોપ તજી દે; કારણ કે પરમ સુખ-સંપદામાં એ વિઘ્નભૂત છે, કલ્યાણલતાને તોડી પાડવામાં એ મદોન્મત્ત હાથી સમાન છે, શ્રેષ્ઠ વિવેકનો એ મહાશત્રુ છે, શ્રેષ્ઠ અનુષ્ઠાનરૂપ વનખંડને બાળવામાં એ અગ્નિ સમાન છે તથા વિકટ દુર્ગતિમાં એ લઈ જનાર પિતા તુલ્ય છે; માટે હવે કોપાનુબંધ સર્વથા તજી દે.' એમ સાંભળતાં પૂર્વાનુભવના સ્મરણવશે ઇહાપોહ કરતાં તે ભુજંગને જાતિસ્મરણ જ્ઞાન થયું. એટલે પૂર્વે આચરેલ તપ-ચરણ, સંયમ-પાલન અને તેને વિરાધવાથી મળેલ જ્યોતિષી-દેવત્વ તેના જોવામાં આવ્યું; તેથી વિવેક પ્રગટતાં, ધર્મ-પરિણામ ઉલ્લાસ પામતાં અને પાપની દુગંચ્છા થતાં, પરમ ભક્તિપૂર્વક પ્રદક્ષિણા આપી, ભગવંતને

समुल्लसियधम्मपरिणामो, जायपावदुगुंछो आयाहिणपयाहिणापुव्वगं परमभत्तीए भयवंतं भुवणगुरुं वंदिऊण अणसणं पडिवज्जइ। भयवंपि मुणइ जहा एस पडिबुद्धो कयाणसणो य, तहावि तअणुकंपाए तत्थेव काउस्सग्गगओ परिवालेइत्ति। चंडकोसिओऽवि मा कहवि रोसवसेण नयणग्गिणा पाणविणासो होज्जत्ति परिभाविऊण बिलनिहित्ततुंडो पयडियसेससरीरो परमवेरग्गावडियमई चिंतेइ-

कह गुणरयणोयहिणा गुरुणा सह संगमो पुरा जाओ?।
कह पव्वज्जारयणं अपत्तपुव्वं मए पत्तं? ।।१।।

कह वा पीऊसंपिव असेसदोसग्गिविज्झवणदक्खं?।
सम्ममहीयं सुत्तं विचित्तनयभंगदुव्विगमं? ।।२।।

---

परमभक्त्या भगवन्तं भुवनगुरुं वन्दित्वा अनशनं प्रतिपद्यते। भगवान् अपि जानाति यथा-एषः प्रतिबुद्धः कृताऽनशनश्च, तथापि तदनुकम्पया तत्रैव कायोत्सर्गगतः परिपालयति। चण्डकौशिकः अपि मा कथमपि रोषवशेन नयनाग्निना प्राणविनाशः भवेद् इति परिभाव्य बिलनिहिततुण्डः प्रकटित शेषशरीरः परमवैराग्याऽऽपतितमतिः चिन्तयति-

कथं गुणरत्नोदधिना गुरुणा सह सङ्गमः पुरा जातः?।
कथं प्रव्रज्यारत्नम् अप्राप्तपूर्वं मया प्राप्तम्? ।।१।।

कथं वा पीयुषमिव अशेषदोषाऽग्निविध्यापनदक्षम्।
सम्यगधीतं सूत्रं विचित्रनयभङ्गदुर्विगमम्? ।।२।।

---

વંદન કરીને તેણે અનશન આદર્યું, ત્યારે ભગવાને પણ જાણ્યું કે-'આ પ્રતિબોધ પામ્યો અને અનશન લીધું.' તથાપિ તેની અનુકંપાને લીધે પ્રભુ ત્યાં જ કાયોત્સર્ગ કરી રહ્યા છે.

અહીં ચંડકૌશિક પણ વિચાર કરે છે કે-'રોષવશે કોઈ રીતે નયનાગ્નિવડે કોઈના પ્રાણનો નાશ ન થાય.' એમ ધારી મુખ બીલમાં અને શેષ શરીર બીલની બહાર રાખી, પરમ વૈરાગ્યની ભાવનાથી તે ચિંતવવા લાગ્યો કે-'અહો! ગુણ-રત્નોના સાગર એવા ગુરુ સાથે પૂર્વે કેવો સમાગમ થયો અને પૂર્વે ન પ્રાપ્ત થયેલ એવું પ્રવ્રજ્યા રત્ન મને કેવું પ્રાપ્ત થયું? (૧)

અથવા અમૃતની જેમ બધા દોષાગ્નિને શમાવવામાં સમર્થ અને વિચિત્ર નય-ભંગવડે દુર્ગમ એવું સૂત્ર હું સમ્યક્ પ્રકારે કેવું ભણ્યો? (૨)

कह वा मासक्खमणाइ दुक्करं तह चिरं तवो चरियं?।
कह दुद्धरंपि चरियं अकलंकं बंभचेरंपि? ।।३।।

खणमेत्ततिव्वकोवप्पभावओ कह इमं समग्गंपि।
विफलत्तणमणुपत्तं? हा मुद्धो मंदभागोऽहं ।।४।।

इण्हिं तु पयइभीसणभुयंगभावं गओ हयासोऽहं।
मुणिधम्मस्स अजोग्गो कमुवायं संपवज्जामि? ।।५।।

हा पाव जीव! तइया जह सिरलोयाइ विविहदुक्खाइं।
सहियाइं तहा खुड्डगवयणंपि य कीस नो सहियं? ।।६।।

---

कथं वा मासक्षपणादि दुष्करं तथा चिरं तपः चरितम्?।
कथं दुर्धरमपि चरितम् अकलङ्कं ब्रह्मचर्यमपि? ।।३।।

क्षणमात्रतीव्रकोपप्रभावतः कथमिदं समग्रमपि।
विफलत्वमनुप्राप्तम्? हा! मुग्धः मन्दभागः अहम् ।।४।।

इदानीं तु प्रकृतिभीषणभुजङ्गभावं गतः हताश! अहम्।
मुनिधर्मस्य अयोग्यः कमुपायं सम्प्रपद्ये ।।५।।

हा पाप जीव! तदा यथा शिरोलोचादिविविधदुःखानि।
सोढानि तथा क्षुल्लकवचनमपि च कस्मान्न सोढम्? ।।६।।

---

કે માસખમાણાદિક તેવા દુષ્કર તપનું મેં ચિરકાલ કેવું આરાધન કર્યું? ક્યાં દુર્ધર છતાં અકલંક ચારિત્ર અને બ્રહ્મચર્ય? (૩)

આ બધું એક ક્ષણ માત્રના તીવ્ર ક્રોધના પ્રભાવથી કેમ વિફલતા પામ્યું? હા! હું મુગ્ધ અને મંદભાગી! (૪)

અત્યારે હતાશ હું સ્વભાવથી ભયંકર એવા ભુજંગભાવને પામ્યો. મુનિધર્મને અયોગ્ય એવો હું હવે શો ઉપાય લઉં? (૫)

હા! પાપી જીવ! તે વખતે શિરલોચાદિક ઘણાં દુઃખો તેં જેમ સહન કર્યા તેમ ક્ષુલ્લકનું એક વચન પણ કેમ સહન ન કર્યું? (૬)

किं मूढ! नियसिरंमी एवं पज्जालिओ तए जलणो?।
सुहकामिणा हणिज्जइ अप्पा किं अप्पणो चेव? ।।७।।

इय उत्तरोत्तरपवड्ढमाणवेरग्गमग्गमणुलग्गो।
सप्पो झंपियदप्पो संलीणंगो मओव्व ठिओ ।।८।।

अह भयवंतं समीवमुवगयं पेच्छिऊण गोवालादयो तरुवरतिरोहियसरीरा तहा निच्चलस्सवि भुयंगमस्स उवरिं अविस्ससेमाणा चेयणापरिक्खणनिमित्तं पाहाणखंडे खिवंति। तेहिं ताडिज्जमाणोऽवि जाव न मणागंपि विचलइ एसो ताव समीवमागच्छन्ति, कट्ठेण य घट्टेंति। तहावि अप्फंदमाणे तंमि सेसलोयस्स साहेंति, जहा-दिट्ठीविससप्पो देवज्जएणं उवसामिओ, न संपयं डहइत्ति। ताहे लोगो आगंतुं सामिं वंदित्ता तंपि वंदइ, महिमं च

---

किं मूढ! निजशिरसि प्रज्वालितः त्वया ज्वलनः?।
सुखकामिना हन्यते आत्मा किं आत्मना एव? ।।७।।

इति उत्तरोत्तरप्रवर्धमानवैराग्यमार्गमनुलग्नः।
सर्पः ज्वालितदर्पः संलीनाङ्गः मृतः इव स्थितः ।।८।।

अथ भगवन्तं समीपमुपगतं प्रेक्ष्य गोपालादयः तरुवरतिरोहितशरीराः तथा निश्चलस्याऽपि भुजङ्गमस्य उपरि अविश्वसन्तः चेतनापरीक्षणनिमित्तं पाषाणखण्डानि क्षिपन्ति। तैः ताड्यमानः अपि यावन्न मनागपि विचलति एषः तावत् समीपमाऽऽगच्छन्ति, काष्ठेन च घट्टयन्ति। तथापि अस्पन्दमाने तस्मिन् शेषलोकस्य कथयन्ति, यथा 'दृष्टिविषसर्पः देवार्येण उपशामितः, न साम्प्रतं दशति।' तदा लोकः आगत्य स्वामिनम् वन्दित्वा तमपि वन्दन्ते, महिमानं च कुर्वन्ति। अन्याः अपि गोकुलिकविलयाः घृतमथितविक्रयणार्थं

---

હે મૂઢ! એવી રીતે તેં પોતાના શિરે જ અગ્નિ જગાડ્યો. સુખ-કામી શું પોતાના જ આત્માને મારે?' (૭)

એમ ઉત્તરોત્તર વધતા વૈરાગ્યમાં સંલગ્ન થયેલ, દર્પને દળનાર એવો તે સર્પ એક મૃતની જેમ અંગ સંકેલીને રહ્યો. (૮)

એવામાં ભગવંતને સમીપે આવેલ જોઇ, વૃક્ષોની આડે છૂપાયેલા ગોવાળ વિગેરે તે તથાપ્રકારે નિશ્ચલ રહેલ ભુજંગનો પણ વિશ્વાસ ન કરતાં, ચેતનાની ખાત્રી કરવા નાના પત્થર તેના પર ફેંકવા લાગ્યા. એમ મરાતાં પણ જ્યારે તે કંઇ ચલાયમાન ન થયો ત્યારે તેઓ પાસે આવીને કાષ્ઠવતી તેને ઘર્ષણ કરતાં, અને તેમ કરતાં તે ચલિત ન થયો એટલે તેઓ અન્ય લોકોને કહેવા લાગ્યા કે-'દેવાર્યે દૃષ્ટિવિષ સર્પને શાંત કર્યો. હવે તે કોઇને બાળતો નથી.' એટલે લોકો આવી સ્વામીને અને સર્પને પણ વંદન કરી મહિમા ગાવા લાગ્યા. વળી અન્ય ગોપાંગનાઓ પણ ઘી કે માખણ વેચવા ત્યાંથી જતાં-આવતાં, તે સર્પને ઘી ચોપડવા લાગી. તે ઘૃતના ગંધથી ખેંચાઇ આવેલ

करेइ। अन्नाओवि गोउलियविलयाओ घयमहियाविक्किणणत्थं तेणंतेण वच्चमाणीओ तं सप्पं तुप्पेण मक्खंति। घयगंधेण य (अहि)सरंततिक्खतुंडपिवीलिगापडलखज्जमाण-देहुप्पण्णतिव्ववेयणं सम्ममहियासमाणो अद्धमासियाए संलेहणाए कालं काऊण सहस्सारे देवलोए देवो अट्ठारसागरोवमो उववण्णोत्ति।

इय सुहपरंपराए निजुंजिऊण चंडकोसियं परमेसरो तिहुयणेक्कदिणयरो वीरो तत्तो निक्खमिऊण उत्तरचावाल(वाचाल?)सन्निवेसं गओ। तत्थ पक्खक्खमणपारणए पविट्ठो गोयरचरियाए, कमेण पत्तो **नागसेण**गाहावइस्स मंदिरं। तहिं च तद्दिणे दुवालसवरिसाओ पुत्तो समागओत्तिकाऊण पयट्टो महूसवो। जेमियो नियगजणो। सो य नियगजणो सामिणो रूवसंपयाए आणंदमुव्वहंतो परमण्णेणं भयवंतं पडिलाभेइ। एत्थंतरे 'अहो दाणं अहो दाणं'ति वाहरमाणेहिं, चेलुक्खेवं करेंतेहिं, कणगवुट्ठिं मुयमाणेहिं, चउविहतूरनियरं वायंतेहिं, गंधोदयं वरिसंतेहिं, दसद्धवन्नं कुसुमपयरं कीरंतेहिं, नच्चमाणेहिं, गायमाणेहिं, तिवइं

---

तेनाऽन्तेन व्रजन्त्यः तं सर्पं घृतेन म्रक्षन्ति। धृतगन्धेन च अभिसरत्तीक्ष्णतुण्डपिपीलिकापटलखाद्य-मानदेहोत्पन्नतीव्रवेदनां सम्यग् अध्यासमानः अर्धमासिकया संलेखनया कालं कृत्वा सहस्रारे देवलोके देवः अष्टादशसागरोपमः उपपन्नः।

इति सुखपरम्परायां नियोज्य चण्डकौशिकं परमेश्वरः त्रिभुवनैकदिनकरः वीरः ततः निष्क्रम्य उत्तरवाचालसन्निवेशं गतवान्। तत्र पक्षक्षपणपारणके प्रविष्टः गोचरचर्यायाम्, क्रमेण प्राप्तः **नागसेन**-गाथापतेः मन्दिरम्। तत्र च तद्दिने द्वादशवर्षे पुत्रः समागतः इति कृत्वा प्रवृत्तः महोत्सवः। जेमितवान् निजकजनः। सः च निजकजनः स्वामिनः रूपसम्पदा आनन्दमुद्वहन् परमान्नेन भगवन्तं प्रतिलभते। अत्रान्तरे 'अहो दानम् अहो दानम्' इति व्याहरद्भिः, वस्त्रक्षेपं कुर्वद्भिः, कनकवृष्टिं मुञ्चद्भिः, चतुर्विधतूरनिकरं वादयद्भिः, गन्धोदकं वर्षयद्भिः, दशार्धवर्णं कुसुमप्रकरं कुर्वद्भिः, नृत्यद्भिः, गायद्भिः,

---

કીડીઓએ પોતાના તીક્ષ્ણ મુખથી ડંખ મારી, દેહમાં તીવ્ર વેદના ઉપજાવ્યા છતાં બહુ જ સમતાથી તે બધું સહન કરતાં, અર્ધા માસની સંલેખનાપૂર્વક કાળ કરી, સહસ્રાર દેવલોકમાં અઢાર સાગરોપમના આયુષ્યવાળો તે દેવ થયો.

એ પ્રમાણે ચંડકૌશિકને સુખપરંપરામાં જોડી, ત્રિભુવનના એક દિનકર એવા વીર જિનેશ્વર ત્યાંથી નીકલતાં **ઉત્તરવાચાલ** સંનિવેશમાં ગયા. ત્યાં પક્ષક્ષમણના પારણે ગોચરીએ ચાલ્યા અને અનુક્રમે **નાગસેન** ગૃહસ્થના ઘરે ગયા. તે દિવસે ત્યાં બાર વરસે તેનો પુત્ર આવેલ હોવાથી મહોત્સવ ચાલતો અને સ્વજનો જમતા હતા. તેમણે સ્વામીની રૂપસંપત્તિથી આનંદ પામતાં, પ્રભુને પરમાન્નથી પ્રતિલાભ્યા. એવામાં 'અહો! દાન, અહો દાન.' એમ બોલતાં, વસ્ત્રોત્ક્ષેપ કરતાં, કનક વરસાવતાં, ચતુર્વિધ વાદ્યો વગાડતાં, ગંધોદક વરસાવતાં, પંચવર્ણનાં પુષ્પો

अप्फालेंतेहिं, सहरिसं थुणंतेहिं असुर-सुर-खयरनिवहेहिं भरियमम्बरविवरंति। जयगुरूवि पारिऊण **सेयवियं** नयरिं गओ, तत्थ य नमंतसामंतमउलिमंडलीमंडियपायपीढो सम्मद्दंसणमुणिय-जहट्ठियजिणोवइट्ठजीवाइतत्तप्पवंचो **पएसी** नाम नराहिवो परमसमणोवासओ। सो य भयवंतं आगयं मुणिऊण चाउरंगसेणापरिवारिओ सयलनयरजणसमेओ निग्गओ वंदणवडियाए। दिट्ठो सामी, तिपयाहिणीकाऊण य वंदिओ परमायरेणं, थोउं पयत्तो, कहं?-

जय भुवणेक्कनिसायर! सायरसुररायनमियकमकमल!।
मलविरहिय! हियकारय! रयतमभरहरणदिवसयर! ।।१।।

करुणारसनिव्वावियभवगिम्हुत्तत्तसत्ततरुनिवह!।
जिणनाह! तुमं पुव्वज्जिएहिं पुण्णेहिं दिट्ठोऽसि ।।२।।

---

त्रिपदीं आस्फालयद्भिः, सहर्षं स्तुवद्भिः असुर-सुर-खेचर-निवहैः भृतम् अम्बरविवरम्। जगद्गुरुः अपि पारयित्वा **श्वेतविकां** नगरीं गतः, तत्र च नमत्सामन्तमौलीमण्डलीमण्डितपादपीठः सम्यग्दर्शनज्ञात-यथास्थितजिनोपदिष्टजीवादितत्त्वप्रपञ्चः **प्रदेशी** नामकः नराधिपः परमश्रमणोपासकः। सश्च भगवन्तं आगतं ज्ञात्वा चातुरङ्गसेनापरिवृत्तः सकलनगरजनसमेतः निर्गतः वन्दनप्रतिज्ञया। दृष्टः स्वामी, त्रिप्रदक्षिणीकृत्य च वन्दितः परमाऽऽदरेण, स्तोतुं प्रवृत्तः, कथम् -

जय भुवनैकनिशाकर!, सादरसुरराजनतक्रमकमल!।
मलविरहित!, हितकारक!, रजःतमोभरहरणदिवसकर! ।।१।।

करुणारसनिर्वापितभवग्रीष्मोत्तप्तसत्त्व-तरुनिवह!।
जिननाथ! त्वं पूर्वाऽर्जितैः पुण्यैः दृष्टः असि ।।२।।

---

નાખતાં, ગાયન અને નૃત્ય કરતાં, હર્ષપૂર્વક ત્રિપદી પછાડતાં અને સ્તુતિ કરતાં સુરાસુર અને ખેચરોથી આકાશ સંકીર્ણ થઈ ગયું. ભગવંત પારણું કરીને ત્યાંથી **શ્વેતાંબી** નગરીમાં ગયા. ત્યાં નમતા સામંતોના મુગટોવડે જેનું પાદપીઠ અલંકૃત છે, સમ્યગ્દર્શનવડે યથાસ્થિત જિનોપદિષ્ટ જીવાદિ તત્ત્વના વિસ્તારને જાણનાર અને પરમ શ્રાવક એવો **પ્રદેશી** નામે રાજા હતો. ભગવંતને આવેલ જાણી, ચતુરંગ સેના તથા સમસ્ત નગરજનો સહિત તે વંદન કરવા ચાલ્યો. ત્યાં પ્રભુને જોતાં ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પરમ આદરથી વંદન કરીને તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો કે-

'હે ભુવનના એક નિશાકર! સાદર દેવેંદ્રોથી વંદિત, મલ રહિત, હિતકારી અને અંધકારને પરાસ્ત કરવામાં સૂર્ય સમાન હે નાથ! તમે જય પામો. (૧)

કરૂણારસથી, ભવ-ગ્રીષ્મવડે તપ્ત થયેલા સત્ત્વરૂપ વૃક્ષના સમૂહને શાંત કરનાર એવા હે જિનનાથ! પૂર્વોપાર્જિત પુણ્યે જ તમે દેખાયા છો. (૨)

तं चिय दिणं पसत्थं सोच्चिय समओ समत्थसुहहेऊ।
जत्थ भुवणेक्कबंधव! तुह मुहकमलं पलोएमो ।।३।।

अइनिस्सारस्सवि जीवियस्स पत्तं मए फलं अज्ज।
जं तुम्ह चरणफरिसणपवित्तियं उत्तमंगं मे ।।४।।

इय जिणनाहं थोउं बहुप्पयारं पराए भत्तीए।
राया पुरजणसहिओ जहागयं पडिनियत्तोत्ति ।।५।।

भयवंपि **सुरहिपुर**नयराभिमुहं वच्चइ। तत्थ य अंतरा पएसिनरवइसमीवमागच्छमाणा पंचहिं रहेहिं निज्जगा रायाणो भयवंतं दट्ठूण पूयं सक्कारं सव्वायरेण कुणंति। सामीऽवि नियप्पभावप्पबोहियसत्तसंघाओ, बहुविहउग्गतवविसेसपणस्समाणासेसनिविडकम्मंसो,

---

तदेव दिनं प्रशस्तं सः एव समयः समस्तसुखहेतुः।
यत्र भुवनैकबान्धव! तव मुखकमलं प्रलोकयामः ।।३।।

अतिनिःसारस्याऽपि जीवितव्यस्य प्राप्तं मया फलमद्य।
यत्तव चरणस्पर्शनपवित्रितम् उत्तमाङ्गं मम ।।४।।

इति जिननाथं स्तुत्वा बहुप्रकारं परयाभक्त्या।
राजा पुरजनसहितः यथाऽऽगतं प्रतिनिवृत्तः ।।५।।

भगवानपि **सुरभिपुर**नगराभिमुखं व्रजति। तत्र च अन्तरा प्रदेशिनरपतिसमीपमाऽऽगम्यमाणाः पञ्चभिः रथैः निर्याताः राजानः भगवन्तं दृष्ट्वा पूजां, सत्कारं सर्वाऽऽदरेण कुर्वन्ति। स्वामी अपि निजप्रभाव-प्रबोधितसत्त्वसङ्घातः बहुविधोग्रतपोविशेषप्रणश्यमाणाशेषनिबिडकर्मांऽशः, विशुद्धशीलसुरभिशरीरः सुरभिपुरं

---

હે ભુવનના એક બાંધવ! જ્યાં તમારું મુખ-કમળ દૃષ્ટિગોચર થાય છે, તે જ દિવસ પ્રશસ્ત અને તે જ સમય સમસ્ત સુખના કારણરૂપ છે. (૩)

જે મારું ઉત્તમાંગ તમારા ચરણ-સ્પર્શથી પવિત્ર થયું, તેથી અતિનિસ્સાર એવા જીવિતનું પણ મેં આજે ફળ મેળવ્યું.' (૪)

એ રીતે પરમ ભક્તિથી બહુ પ્રકારે જિનેશ્વરને સ્તવી રાજા નગરજનો સહિત પોતાના સ્થાને ગયો. (૫)

અહીં ભગવાન્ પણ **સુરભિપુર** નગર ભણી ચાલ્યા. ત્યાં માર્ગમાં **પ્રદેશી** રાજા પાસે આવતાં પાંચ રથો સહિત નીકળેલા રાજાઓએ પ્રભુને જોઇ ભારે આદરથી તેમનો પૂજા-સત્કાર કર્યો. પછી સ્વામી પણ પોતાના પ્રભાવથી ઘણા પ્રાણીઓને પ્રતિબોધ પમાડતા, બહુવિધ ઉગ્ર તપ-વિશેષથી સર્વ નિબિડ કર્માંશનો નાશ કરતા, વિશુદ્ધ

विसुद्धसीलसुरभिसरीरो सुरभिपुरं अइक्कमिऊण संपत्तो जलहिपवाहाणुकारिवारिपसरं सयलसरियापवरं गंगामहानइं, अविय-

पवणुच्छालियजलकणसेयवससिणिद्धतीरतरुसंडं।
अन्नोन्नप्फिडणविफुट्टलोलकल्लोलरवमुहलं ।।१।।

पप्फुरियफारडिंडीरपिंडपंडुरियतारतीरंतं।
जिणदंसणतोसवसा तक्खणविहियट्टहासं च ।।२।।

वणकुंजरकुलमज्जणविदलियसिप्पिउडमोत्तियसमिद्धं।
वियरंतहंस-सारस-रहंगरवमणहरदियंतं ।।३।।

---

अतिक्रम्य सम्प्राप्तः जलधिप्रवाहाऽनुकारिवारिप्रसरां सकलसरित्प्रवरां गङ्गामहानदीम्, अपि च -

पवनोच्छालितजलकणसेकवशस्निग्धतीरतरुखण्डम्।
अन्योन्यस्फेटनविस्फुटलोलकल्लोलरवमुखरम् ।।१।।

प्रस्फुरितस्फारडिण्डीरपिण्डपाण्डुरिततारतीरान्तम्।
जिनदर्शनतोषवशात् तत्क्षणविहिताऽट्टहासं च ।।२।।

वनकुञ्जरकुलमज्जनविदलितशुक्तिपुटमौक्तिकसमृद्धम्।
विचरद्धंस-सारस-रथाङ्गरवमनोहरदिगन्तम् ।।३।।

---

શીલવડે સુરભિ શરીરયુક્ત એવા તે **સુરભિપુર** ઓળંગી, સાગરના પ્રવાહ સમાન જળ-પ્રસારયુક્ત તથા બધી નદીઓમાં શ્રેષ્ઠ એવી **ગંગા** મહાનદી આગળ આવ્યા, કે જ્યાં

પવનથી ઉછળતા જળકણોના સિંચનવડે તીરસ્થ વૃક્ષો સ્નિગ્ધ થઈ રહ્યાં છે, અન્યોન્ય એકત્ર થઇને છૂટા પડતા લોલકલ્લોલના ધ્વનિવડે શબ્દાયમાન, (૧)

જિનેશ્વરના દર્શનથી સંતુષ્ટ થતાં તત્કાલ જાણે અટ્ટહાસ્ય કરતી હોય તેમ પ્રસરતા ભારે ફીણના પિંડવડે જેના તીરનો પ્રાંત ભાગ ઉજ્વલ થઇ રહ્યો છે, (૨)

વનહસ્તીઓના મજ્જનથી ભાંગેલ છીંપોના મોતીઆવડે સમૃદ્ધ, વિચરતા હંસ, સારસ અને ચક્રવાકના કલરવવડે મનોહર, (૩)

मज्जिरविलयाजणथोरथणहराघायभंगुरतरंगं।
रंगंतमच्छ-कच्छव-मयरोरगभीसणावत्तं ।।४।।

इय एरिसं सुरसरिं सरणागयवच्छलो जिणो जाव पेच्छइ कमलदलच्छो परतीरगमाभिलासेण ताव सुसिलिट्ठनिट्ठुरविसिट्ठतरुकट्ठफलगनिम्मविया परतीरगमणत्थं नाविएण पगुणीकया नावा। तहिं च समारूढो परतीरगामी जणो। भयवंपि आरुहिऊणं ठिओ तीसे एगदेसे। एवं च निलीणंमि जणे पवाहिया नावा, ऊसिओ सियवडो, चालियाइं अवल्लगाइं पयट्टा महावेगेण गंतुं नावा। एत्थंतरे तडट्ठिएण वासियं कोसिएण। तं च निसामिऊण भणियं **खेमिला**भिहाणनेमित्तिएणं-अहो इमो महासउणो इमं वाहरइ, जहा-'तुब्भे इह मारणंतियं आवइं पाउणिस्सह, केवलमेयस्स महारिसिस्स पभावेण अक्खयसरीरा नित्थरिस्सह'त्ति। एवं निसुणिऊण विम्हिया नावाजणा जाव अवरोप्परं विविहं संलवंति ताव पत्ता अगाहसलिलमज्झयारदेसं नावा।

---

मज्जन्विलयाजनस्थूलस्तनधराऽऽघातभङ्गुरतरङ्गम्।
रङ्गन्मत्स्य-कच्छप-मकरोरग भीषणाऽऽवर्तम् ।।४।।

इति एतादृशीं सुरसरितं शरणागतवत्सलः जिनः यावत्प्रेक्षते कमलदलाऽक्षः परतीरगमनाऽभिलाषेण तावत् सुश्लिष्ठनिष्ठुरविशिष्टतरुकाष्ठफलकनिर्मापिता परतीरगमनार्थं नाविकेन प्रगुणीकृता नौः। तस्मिन् च समारूढः परतीरगामी जनः। भगवानपि आरुह्य स्थितः तस्याः एकदेशे। एवं च निलीने जने प्रवाहिता नौः, उच्छ्रितः श्वेतपटः, चालिता आपल्लताः (हलेसा इति भाषायाम्) प्रवृत्ता महावेगेन गन्तुं नौः। अत्रान्तरे तटस्थितेन उक्तं कौशिकेन। तच्च निःशम्य भणितं **क्षेमिला**ऽभिधाननैमित्तिकेन 'अहो! अयं महाशकुनः इदं व्याहरति यथा 'यूयम् अत्र मारणान्तिकाम् आपदं प्राप्स्यथ, केवलम् एतस्य महर्षेः प्रभावेण अक्षतशरीराः निस्तरिष्यथ। एवं निश्रुत्य विस्मिताः नौजनाः यावद् अपरापरं विविधं संलपन्ति तावत्प्राप्ता अगाधसलिलमध्यदेशं नौः।

---

સ્નાન કરતી છાતીના આઘાતથી જેના તરંગો ભગ્ન થઇ રહ્યા છે, ફરતા મત્સ્ય, કાચબા, મગર અને ભુજંગોવડે ભીમ આવર્ત્તયુક્ત (૪)

એવી સુરસરિતાને શરણાગતવત્સલ અને કમળદળ સમાન લોચનવાળા પ્રભુ પરતીરે જવાની ઇચ્છાથી જેટલામાં જુવે છે તેટલામાં નાવિકે સામા કિનારે જવા માટે સુશ્લિષ્ટ, મજબૂત અને વિશિષ્ટ તરૂકાષ્ઠનાં પાટીયાંવડે બનાવેલ એવી નૌકા તૈયાર કરી. તેમાં પરકાંઠે જનારા લોકો આરૂઢ થયા અને ભગવંત પણ આરૂઢ થઈને તેના એક ભાગમાં બેસી રહ્યા. એટલે નૌકા ચલાવવામાં આવી, સઢ ઉંચો કર્યો અને હલ્લીસા ચલાવ્યા જેથી નાવ મહાવેગથી જવા લાગ્યું. એવામાં કિનારે રહેલ ઘુવડ બોલ્યો જે સાંભળતાં **ખેમલ** નામના નૈમિત્તિકે કહ્યું કે- 'અહો! આ મહાશકુન એમ કહે છે કે-તમે અહીં મરણાંતિક આપદા પામશો, પરંતુ આ મહર્ષિના પ્રભાવથી નિર્વિઘ્ને પાર ઉતરશો.' એ પ્રમાણે સાંભળી વિસ્મય પામતા નાવમાં બેઠેલા લોકો જેટલામાં પરસ્પર વિવિધ વાતો કરી રહ્યા છે તેટલામાં નૌકા અગાધ જળમાં પહોંચી.

एत्थावसरंमि जिणं नावारूढं पलोइउं पावो।
संभरियपुव्ववेरो **नागसुदाढो** विचिंतेइ ।।१।।

एसो सो जेण पुरा तिविट्ठुचक्कित्तणमुवगएणं।
गिरिकंदरमल्लीणो सीहत्ते वट्टमाणोऽहं ।।२।।

सच्छंदविविहकीलाविणोयलीलाविलासदुल्ललिओ।
परिजुन्नपडोव्व दुहा विफालिओ पाणिणा घेत्तुं ।।३।।

एयस्स किमवरद्धं तइया विजणे वणे वसंतेणं?।
जेण तहा निहओऽहं अनिमित्तियसत्तुणा इमिणा? ।।४।।

ता मज्झ पुन्नपगरिसवसेण जायं समीहियं अज्ज।
जं एस वेरिओ चक्खुगोयरं सयमिहावडिओ ।।५।।

---

अत्राऽवसरे जिनं नौरूढं प्रलोक्य पापः।
स्मृतपूर्ववैरः **नागसुदाढः** (=**सुदंष्ट्रः**) विचिन्तयति ।।१।।

एषः सः येन पुरा त्रिपृष्ठचक्रित्वमुपगतेन।
गिरिकन्दराम् आलीनः सिंहत्वे वर्तमानः अहम् ।।२।।

स्वच्छन्दविविधक्रीडाविनोदलीलाविलासदुर्ललितः।
परिजीर्णपटः इव द्विधा विस्फालितः पाणिभ्यां गृहीत्वा ।।३।।

एतस्य किम् अपराद्धं तदा विजने वने वसता?।
येन तथा निहतः अहम् अनिमित्तशत्रुणा अनेन ।।४।।

तस्माद् मम पुण्यप्रकर्षवशेन जातं समीहितं अद्य।
यदेषः वैरिः चक्षुगोचरं स्वयमिहाऽऽपतितः ।।५।।

---

એવામાં ભગવંતને નૌકામાં બેઠેલ જોઇ, પૂર્વના વૈરને યાદ કરતાં પાપી **નાગસુદાઢ** દેવ ચિંતવવા લાગ્યો કે-(૧)

'આ તે જ છે કે પૂર્વે **ત્રિપૃષ્ઠ** વાસુદેવના ભવમાં જેણે ગિરિગુફામાં રહેલ, સિંહપણામાં વર્ત્તમાન અને સ્વચ્છંદે વિવિધ ક્રીડાના વિનોદ અને લીલાવિલાસમાં મસ્ત એવા મને જીર્ણ પટની જેમ હાથમાં લઈને ચીરી નાખ્યો. (૨/૩)

તે વખતે નિર્જન વનમાં વસતાં મે એનો શો અપરાધ કર્યો હતો કે નિષ્કારણ શત્રુ એવા એણે મને તેવી રીતે મારી નાખ્યો, (૪)

તો પુણ્યપ્રકર્ષથી આજે મારી ઈચ્છા પૂર્ણ થઇ કે એ વૈરી પોતે અહીં જોવાયો. (૫)

जीयस्स एत्तियं चिय पसंसणिज्जं जए सुपुरिसाणं।
उवयारे उवयारो जं किज्जइ वेरिए वेरं ।।६।।

आसन्नमुवगयंपि हु मरणं मम चित्तनिव्वुइं जणइ।
जं पुव्ववइरसाहणमुवट्ठियं एत्थ पत्थावे ।।७।।

इय असरिसनिच्चामरिसपगरिसायंबअच्छिविच्छोहो।
सो चिंतिउं सुदाढो वेगेण जिणंतियं पत्तो ।।८।।

अह अंतलिक्खमुवागएण किलकिलारावं कुणमाणेणं तेण 'अरे रे कत्थ वच्चिह'त्ति भणिऊण विउव्विओ संवत्तगमहापवणो। तेण पहणिज्जमाणे उम्मूलिया तरुणो, टलटलिया कुलसेला, थरहरियं धरणिवट्टं, दूरमुच्छलियं गंगासलिलं, विसंठुला डोल्लिया नावा,

---

जीवस्य एतावद् एव प्रशंसनीयं जगति सत्पुरुषाणाम्।
उपकारे उपकारः यत् क्रियते वैरिणा वैरम् ।।६।।

आसन्नमुपगतमपि खलु मरणं मम चित्तनिवृत्तिं जनयति।
यद् पूर्ववैरसाधनमुपस्थितम् अत्र प्रस्तावे ।।७।।

इति असदृशनित्याऽऽमर्षप्रकर्षआताम्रअक्षिविक्षोभः।
सः चिन्तयित्वा सुदंष्ट्रः वेगेन जिनाऽन्तिकं प्राप्तः ।।८।।

अथ अन्तरीक्षमुपागतेन किल-किलाऽऽरावं कुर्वता तेन 'अरे रे! कुत्र व्रजिष्यसि' इति भणित्वा विकुर्वितः संवर्तकमहापवनः। तेन प्रहन्यमाने उन्मूलिताः तरवः, 'टलटल' ध्वनिताः कुलशैलाः, कम्पितं धरणीपृष्ठम्, दूरमुच्छलितं गङ्गासलिलम्, विसंस्थुला दोलिता नौः, भग्नः तडिति कूपस्तम्भः, जर्जरितः

---

સત્પુરુષો જગતમાં જીવિતનું ફળ એટલું જ બતાવે છે કે ઉપકાર પ્રત્યે ઉપકાર. અને વૈરી પ્રત્યે જે વૈર લેવામાં આવે, (૬)

જેથી અત્યારે મરણ પાસે આવ્યા છતાં મારા મનને સંતોષ થાય છે કે આ અવસરે પૂર્વનું વૈર લેવાનો પ્રસંગ મળ્યો.' (૭)

એમ અસાધારણ ક્રોધના પ્રકર્ષથી કંઇક લાલ લોચનપૂર્વક ચિંતવીને તે સુદાઢ તરતજ પ્રભુ પાસે આવ્યો. (૮)

પછી આકાશમાં રહી કિલકિલ અવાજ કરતાં તેણે કહ્યું કે-'અરે! હવે તમે ક્યાં જવાના છો?' એમ કહેતાં તેણે સંવર્ત્તક મહાપવન વિકુર્વ્યો. તેનાથી પ્રતિઘાત પામતાં વૃક્ષો ઉન્મૂલિત થયાં, કુલપર્વતો ચલાયમાન થયા, ધરણી કંપવા લાગી, ગંગાજળ આઘે ઉછળવા લાગ્યું, નૌકા આમતેમ ડોલવા લાગી, મુખ્ય સ્તંભ તડતડાટ કરતો ભાંગી

भग्गो तडत्ति कूवयखंभो, जज्जरिओ सियवडो, वामूढो कन्नधारो, मरणभयभीओ इट्ठदेवए सुमरिउं लग्गो नावाजणो, अवि य-

संचलियमच्छ-कच्छव-जलकरिकरघायजज्जरतरंगे।
तारापहमोगाढे सलिलुप्पीले महापबले ।।१।।

पव्वयमहोल्लकल्लोलपेल्लणुव्वेल्लिरी सफरिगव्व।
बोलेउं आढत्ता ताहे नावा सुदाढेण ।।२।। जुम्मं।

एत्थंतरे **कंबल-संबला**भिहाणा दो नागकुमारदेवा तक्खणचलियासणा परमत्थजाणणट्ठा जाव ओहिं पउंजंति ताव पासंति भयवंतं नावारूढं सुदाढेण जले बोलिउमाढत्तंति। तं च पासित्ता अलाहि सेसकज्जेहिं, सामिं ताव मोयावेमोत्ति चिंतिऊण वेगेण समागया तं पएसं। आवडिओ य एगो नागकुमारो सुदाढेण सह जुज्झिउं, बीएणवि

---

श्वेतपटः, व्यामूढः कर्णधारः, मरणभयभीतः इष्टदेवतां स्मर्तुं लग्नः नौजनः। अपि च-

सञ्चलितमत्स्य-कच्छप-जलकरिकरघातजर्जरतरङ्गे।
तारपथम् अवगाढे सलिलोत्पीले महाप्रबले (सति) ।।१।।

पर्वतमहाकल्लोलप्रेरणोद्वेलयन्ती शफरी इव।
ब्रोडितुं आरब्धा तदा नौः सुदंष्ट्रेण ।।२।। युग्मम्।

अत्रान्तरे **कम्बल-शम्बला**ऽभिधानौ द्वौ नागकुमारदेवौ तत्क्षणचलिताऽऽसनाः परमार्थज्ञानाय यावद् अवधिं प्रयुञ्जन्ति तावत् पश्यन्ति भगवन्तं नावारूढं सुदंष्ट्रेण जले ब्रोडितुम् आरब्धम्। तच्च दृष्ट्वा 'अलं शेषकार्यैः, स्वामिनम् तावद् मोचयावः' इति चिन्तयित्वा वेगेन समागताः तं प्रदेशम्। आपतितश्च एकः

---

ગયો, સઢ જર્જરિત થયો, નાવિક લાચાર બન્યો અને નાવમાં બેઠેલા લોકો મરણના ભયથી ઇષ્ટદેવને સંભારવા લાગ્યા. વળી

ચાલતા મત્સ્ય, કાચબા અને જળહસ્તીના કરાઘાતથી તરંગો જર્જરિત થતા અને મહાપ્રબલ જલપ્રવાહ આકાશમાર્ગે ઉછળે છતે પર્વતના જેવા મોટા કલ્લોલથી પ્રેરાઇને ચપળ બનેલ માછલીની જેમ સુદાઢ નાવને ડૂબાડવા લાગ્યો. (૧/૨)

એવામાં **કંબલ** અને **શંબલ** નામના બે નાગકુમાર દેવો તરત આસન ચલાયમાન થતાં જેટલામાં અવધિજ્ઞાનથી જુએ છે તો 'નાવારૂઢ ભગવંતને સુદાઢ ગંગાજળમાં ડૂબાડવા લાગ્યો છે.' એટલે 'હવે શેષ કાર્યોથી સર્યું. પ્રથમ ભગવંતને મૂકાવીએ' એમ ધારી એકદમ તેઓ તે સ્થાને આવ્યા. તેમાં એક નાગકુમાર સુદાઢ સાથે યુદ્ધ કરવા

वियडपाणिसंपुडेणुप्पाडिऊण नावा नइपरिसरंमि पमुक्का।

अह सो सुदाढनागो महिड्ढिओ जइवि तहवि खीणबलो।
आसन्नमरणनिब्भररणरणगुच्छायउच्छाहो ।।१।।

अप्पड्ढिएहिवि तया कंबलसंबलभिहाणदेवेहिं।
अहिणवदेवत्तणदिव्वसत्तिणा निज्जिओ झत्ति ।।२।।

उद्धियदाढे नागेव्व निव्विसे निम्मिए सुदाढंमि।
नागकुमारा ताहे वंदित्तु जिणं विणयपणया ।।३।।

मुंचंति पुप्फपयरं सुरहिं गंधोदयं च वरिसंति।
गायंति भत्तिभरनिस्सरंतरोमंचकंचुइया ।।४।।

---

नागकुमारः सुदंष्ट्रेण सह योद्धुम्, द्वितीयेनाऽपि विकटपाणिसम्पुटेन उत्पादयित्वा नौः नदीपरिसरे प्रमुक्ता।

अथ सः सुदंष्ट्रनागः महर्द्धिकः यद्यपि तथापि क्षीणबलः।
आसन्नमरणनिर्भर-रणरणकाऽवछादितोत्साहः ।।१।।

अल्पर्द्धिकाभ्यामपि तदा कम्बल-शम्बलाभिधानदेवाभ्याम्।
अभिनवदेवत्वदिव्यशक्तिना निर्जितः झटिति ।।२।।

उद्धृतदंष्ट्रः नागः इव निर्विषे निर्मिते सुदंष्ट्रे।
नागकुमारौः तदा वन्दित्वा जिनं विनयप्रणतौ ।।३।।

मुञ्चतः पुष्पप्रकरं, सुरभि गन्धोदकं च वर्षयतः।
गायतः भक्तिभरनिस्सरद्रोमाञ्चकञ्चुकाः ।।४।।

---

લાગ્યો અને બીજાએ વિસ્તૃત હસ્ત-સંપુટમાં ઉપાડીને નૌકા નદી કિનારે મૂકી.

હવે તે સુદાઢ જો કે મહર્દ્ધિક હતો, છતાં અત્યારે મરણ પાસે આવતાં તેનું બળ ક્ષીણ થયું અને ભારે વ્યાકુળતાથી વ્યાપ્ત થતાં તેનો ઉત્સાહ ભાંગી ગયો, (૧)

જેથી તે વખતે શંબલ અને કંબલ અલ્પ ઋદ્ધિવાળા છતાં અભિનવ દેવત્વની દિવ્ય શક્તિથી તેમણે સુદાઢને તરત જીતી લીધો. (૨)

એટલે દાઢ ખેંચી લેતાં નાગની જેમ સુદાઢને નિર્વિષ કરી, નાગકુમારો વિનયપૂર્વક ભગવંતને નમી, સુગંધી પુષ્પો તથા ગંધોદક વરસાવતા, ભારે ભક્તિથી રોમાંચિત થઇ ગાન કરવા લાગ્યા. (૩/૪)

एवं च अवलोइऊण जायपरमविम्हओ नावाजणो चिंतेइ-'अहो कोइ एस महापुरिसो माणुसवेसोवि अमाणुसाणुरूवप्पभावो, जओ एयप्पभावाओ अम्हे समुत्तिन्ना आवयामहन्नवाओ, ता जुज्जइ एस महप्पा पणमिउं'ति विभाविऊण निवडिओ तिहुयणगुरुणो चलणकमलंमि। कंबल-संबलावि जिणं पणमिऊण गया जहागयं।

अह के पुण कंबल-संबला पुव्वभवे हुंतत्ति सुणेह मूलुप्पत्तिं-अत्थि सयलमहियलविक्खाया, समुत्तुंगपसत्थसुपासतित्थयरथूभसोहिया **महुरा** नाम नयरी। तत्थ य अहिगयजीवाजीववियारो, नियसुद्धबुद्धिपगरिसोवलद्धपुन्नपावो, आसव-संवरपमोक्खतत्तवियारवियक्खणो, पंचाणुव्वयाइ-सावगधम्मपरिपालणबद्धलक्खो, जिणिंदसमयाणुरागरंजियहियओ, आगरो पसमाइगुणरयणाणं, निवासट्ठाणं गंभीरिमाए, संकेयभूमी करुणाए, वल्लहो धम्मियजणाणं, बहुमओ नरवइस्स, सव्वत्थ पावियसाहुवाओ **जिणदासो** नाम सावओ। **साहुदासी** नामेण से भारिया। ताणि य

---

एवं च अवलोक्य जातपरमविस्मयः नौजनः चिन्तयति 'अहो! कोऽपि एषः महापुरुषः मानुषवेषः अपि अमानुषरूपप्रभावः, यतः एतत्प्रभावतः वयं समुत्तीर्णाः आपद्-महार्णवतः, तस्माद् युज्यते एषः महात्मा प्रणन्तुमिति विभाव्य निपतितः त्रिभुवनगुरोः चरणकमलयोः। कम्बल-शम्बलौ अपि जिनं प्रणम्य गतौ यथाऽऽगतौ।

अथ कौ पुनः कम्बल-शम्बलौ पूर्वभवे आस्ताम् इति श्रुणुत मूलोत्पत्तिम्-अस्ति सकलमहीतलविख्याता, समुत्तुङ्गप्रशस्तसुपार्श्वतीर्थकरस्तूपशोभिता **मथुरा** नामिका नगरी। तत्र च अधिगतजीवाजीवविचारः, निजशुद्धबुद्धिप्रकर्षोपलब्धपुण्यपापः, आश्रव-संवरप्रमुखतत्त्वविचारविचक्षणः, पञ्चाऽणुव्रतादिश्रावकधर्म-परिपालनबद्धलक्ष्यः, जिनेन्द्रशास्त्राऽनुरागरञ्जितहृदयः, आकरः प्रशमादिगुणरत्नानाम्, निवासस्थानं गम्भीरतायाः, सङ्केतभूमिः करुणायाः, वल्लभः धार्मिकजनानाम्, बहुमतः नरपतेः, सर्वत्र प्राप्तसाधुवादः **जिनदासः**

---

એ પ્રમાણે જોતાં ભારે આશ્ચર્ય પામી નૌકામાંના લોકો વિચારવા લાગ્યા કે-'અહો! આ કોઇ મહાપુરુષ છે. એ મનુષ્યવેશે છતાં અલૌકિક પ્રભાવશાળી છે, કારણ કે એના પ્રભાવથી આપણે આપત્તિરૂપ મહાસાગરથી પાર ઉતર્યા માટે એ મહાત્મા વંદન કરવા યોગ્ય છે.' એમ ધારી તેઓ ત્રિભુવનગુરુના ચરણ-કમલમાં પડ્યા. કંબલ-શંબલ પણ પ્રભુને નમીને સ્વસ્થાને ગયા.

હવે તે કંબલ-શંબલ પૂર્વભવે કોણ હતા? તેમની મૂલોત્પત્તિ સાંભળો :- સકલ મહીતલમાં વિખ્યાત તથા ઊંચા અને પ્રશસ્ત સુપાર્શ્વનાથ પ્રભુના સ્તૂપ-થૂભથી શોભાયમાન **મથુરા** નામે નગરી છે. ત્યાં જીવાજીવાદિકના વિચારને જાણનાર, પોતાની શુદ્ધ બુદ્ધિના પ્રકર્ષથી જાણેલ પુણ્ય, પાપ, આશ્રવ, સંવર પ્રમુખ તત્ત્વવિચારમાં વિચક્ષણ, પંચ અણુવ્રતાદિ શ્રાવકધર્મ પાળવામાં સાવધાન, જિનશાસ્ત્રના અનુરાગથી હૃદયને રંજિત કરનાર, પ્રશમાદિ ગુણ-રત્નોનો ભંડાર, ગાંભીર્યનું નિવાસ-સ્થાન, કરુણાની સંકેતભૂમિ, ધાર્મિક જનોને વલ્લભ, નરપતિને બહુમાન્ય અને સર્વત્ર સાધુવાદ-સુકીર્તિને પામેલ એવો **જિનદાસ** નામે શ્રાવક હતો અને **સાધુદાસી** નામે તેની ભાર્યા હતી.

दोन्निवि अच्चंतधम्मकरणलालसाइं, अणवरयगुरूवएसपालणपरायणाइं, फासुयएसणिएहिं असण-पाण-खाइम-साइमेहिं मुणिजणं पडिलाभेमाणाइं कालं वोलंति। अन्नं च-

संसारावत्तविचिन्तणप्पभीयाइं जइवि अच्चत्थं।
जइवि य गिहवाससमुत्थदोसपरिसंकियमणाइं ।।१।।

तहविहु गिहंमि अन्नोन्नगाढपेमाणुबंधभावेणं।
समणत्तणं पवज्जिउकामाइंवि ताइं निवसंति ।।२।। जुम्मं।

तेहि य अन्नया सुगुरुपायमूले सुणिऊण तिरियाइअसंजयपाणिपरिग्गहतिव्व-पावोवलेवासमंजस्सं गहियं गो-महिसिचउप्पयाण पच्चक्खाणं, अन्ने य अंगी कया बहवे अभिग्गहविसेसा। अह धेणूणमभावे साहुदासी सावियगा दिवसे दिवसे गोरसं आभीरिहत्थाओ

---

नामकः श्रावकः। **साधुदासी** नाम्ना तस्य भार्या। तौ च द्वौ अपि अत्यन्तधर्मकरणलालसौ, अनवरत-गुरूपदेशपरायणौ, प्रासूकैषणीयैः अशन-पान-खादिम-स्वादिमैः मुनिजनं प्रतिलाभमानौ कालं व्यतिक्रमेते। अन्यच्च

संसाराऽऽवर्तविचिन्तनप्रभीतौ यद्यपि अत्यन्तम्।
यद्यपि च गृहवाससमुन्थदोषपरिशङ्कितमनौ ।।१।।

तथापि खलु गृहे अन्योन्यगाढप्रेमानुबन्धभावेन।
श्रमणत्वं प्रतिपत्तुकामौ अपि तौ निवसतः ।।२।। युग्मम्।

ताभ्यां चाऽन्यदा सुगुरुपादमूले श्रुत्वा तिर्यगाद्यसंयतप्राणिपरिग्रहतीव्रपापोपलेपाऽसमञ्जसं गृहीतं गो-महीषचतुष्पदानां प्रत्याख्यानम्। अन्ये च अङ्गीकृताः बहवः अभिग्रहविशेषाः। अथ धेनूनाम् अभावे साधुदासी श्राविका दिवसे दिवसे गोरसं आभीरीहस्ताद् गृह्णाति। अन्यदिवसे च तया आभीरी भणिता

---

તે બંને ધર્મસાધનમાં અત્યંત તત્પર બની, સતત ગુરુ ઉપદેશ પાળવામાં પરાયણ રહેતાં. પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી મુનિઓને પ્રતિલાભતાં કાળ નિર્ગમન કરે છે, અને વળી

સંસાર-ભ્રમણના ચિંતનથી જો કે અત્યંત ભીત છતાં, જો કે ગૃહવાસના દોષોથી મનમાં સાશંક છતાં અને શ્રમણત્વ સ્વીકારવાને આતુર છતાં અન્યોન્ય ગાઢ પ્રેમાનુબંધને લીધે તેઓ ગૃહવાસમાં રહે છે. (૧/૨)

એકદા સુગુરુ પાસે 'તિર્યંચાદિ-અસંયતનો પોતાના હાથે પરિગ્રહ વધારવો તે તીવ્ર પાપને વધારનાર હોવાથી અયુક્ત છે.' એમ સાંભળતાં તેમણે ગો-મહિષી પ્રમુખ ચતુષ્પદોનું પ્રત્યાખ્યાન લીધું અને બીજા પણ ઘણા અભિગ્રહો અંગીકાર કર્યા. પછી ગાય-ભેંસના અભાવે સાધુદાસી શ્રાવિકા પ્રતિદિન ગોવાલણ પાસેથી દૂધ લેવા લાગી.

गिण्हइ। अन्नदियहे य तीए आभीरी भणिया, जहा-'भद्दे! तुमं पइदियहं मम घरे महियं घेत्तूण आगच्छेज्जाहि, अहं जेत्तियं तुमं आणेसि तेत्तियं गिण्हिस्सामि, अन्नत्थ मा वच्चिहिसि।' पडिवन्नं च इमं तीए। एवं च पइदिणदंसणेणं निक्कवडकय-विक्कयकरणेण य समुप्पन्नो तासिं परोप्परं सिणेहाणुबंधो। अंतरंतरा य साविगा से गंधपुडिगाइदाणेण उवयारं करेइ। इयरीवि सविसेसं दुद्धं दहिं पणामेइ। अन्नया य आभीरीए कन्नगाविवाहो पारद्धो। तओ सा जिणदासं साहुदासिं च सपणयं भणिउमारद्धा-

जइवि न आसणदाणेऽवि तुम्ह सामत्थमत्थि मे किंपि।
तहवि सिणेहवसेणं किमवि अहं विन्नविउकामा ।।१।।

किर गुरुमणोरहेहिं सुहिसयणविसिट्ठगोट्ठिकज्जेण।
अम्हारिसेण जायइ सुचिरेण महूसवारंभो ।।२।।

---

यथा 'भद्रे! त्वं प्रतिदिवसं मम गृहे मथितं गृहीत्वा आगमिष्यसि, अहं यावन्मात्रं त्वं आनयसि तावन्मात्रं ग्रहीष्यामि, अन्यत्र मा व्रजिष्यसि। प्रतिपन्नं च इदं तया। एवं च प्रतिदिनदर्शनेन निष्कपटक्रय-विक्रयकरणेन च समुत्पन्नः तयोः परस्परं स्नेहाऽनुबन्धः। अन्तराऽन्तरा च श्राविका तस्याः गन्धपुटिकादिदानेन उपचारं करोति। इतराऽपि सविशेषं दुग्धम् अर्पयति। अन्यदा च आभीर्याः कन्याविवाहः प्रारब्धः। ततः सा जिनदासं साधुदासीं च सप्रणयं भणितुमारब्धा-

यद्यपि न आसनदानेऽपि युवयोः सामर्थ्यमस्ति मम किमपि।
तथाऽपि स्नेहवशेन किमपि अहं विज्ञप्तुकामा ।।१।।

किल गुरुमनोरथैः सुहृत्-स्वजनविशिष्टगोष्ठीकार्येण।
अस्मादृशाणां जायते सुचिरेण महोत्सवाऽऽरम्भः ।।२।।

---

એવામાં એક દિવસે તેણે ગોવાલણીને કહ્યું કે-'તું પ્રતિદિન દૂધ લઇને મારા ઘરે આવતી જજે. જેટલું દૂધ તું લાવીશ તેટલું હું લઇશ. બીજે ક્યાંય તું જતી નહિ.' ગોવાલણે તેનું આ વચન સ્વીકાર્યું. એમ પ્રતિદિન એક બીજાને જોવાથી અને નિષ્કપટ ક્રિય-વિક્રય કરવાથી તેમનો પરસ્પર સ્નેહાનુબંધ વધી પડ્યો. વચવચમાં શ્રાવિકા તેને સુગંધી દ્રવ્ય આપતી અને ગોવાલણ પણ તેના બદલામાં તેને વિશેષ દૂધ-દહીં આપવા લાગી.

એવામાં એકદા ગોવાલણે પોતાની કન્યાનો વિવાહ માંડ્યો એટલે જિનદાસ અને સાધુદાસીને તે પ્રેમપૂર્વક કહેવા લાગી કે-

'જો કે તમને આસન-દાન કરવાનું પણ મારામાં કાંઈ સામર્થ્ય નથી, તથાપિ સ્નેહાનુબંધને લીધે હું કાંઇક તમને વિનંતિ કરૂં છું. (૧)

મિત્ર-સ્વજન-સંબંધીઓમાં વિશેષતા બતાવવા માટે મોટા મનોરથ કરતાં લાંબા વખતે અમારા જેવાથી મહોત્સવનો પ્રારંભ થઇ શકે, (૨)

तुम्हारिसाण पुण पुव्वजम्मसुविढत्तपुन्नविभवाणं।
पइदियहमूसवच्चिय लीलाए संपयट्टंति ।।३।।

एयं च उल्लवंती सा भणिया सेट्ठिणा-'भद्दे! फुडक्खरेहिं भणसु जमिह पओयणं।' तीए भणियं-'अम्ह घरे विवाहो पारद्धो, अओ तुम्हेहिं तत्थ भोयणं कायव्वं।' सेट्ठिणा भणियं-'को दोसो?, कीरइ, केवलं बहुगेहवावारवावडत्तणेणं न पारेमो मुहुत्तमेत्तंपि गिहं परिच्चइउं, अओ न कायव्वो तुमए चित्तसंतावो, न वोढव्वो अब्भत्थणाभंगसमुब्भवो अवमाणो, न गणियव्वं निद्दक्खिन्नत्तणं, न मोत्तव्वो मणागंपि पुव्वपणओ, न हि निक्कवड-सिणेहाणुबंधो समवेक्खइ बज्झोवयारं, ता गच्छ नियगेहे, कुणसु समीहियपओयणं'ति पन्नविऊण समप्पियाइं धूयणवसणाइं, पणामियाइं तदुचियाइं वत्थाभरणाइं, दिन्नाइं कुंकुमाइविलेवणाइंति। सावि ताणि गहिऊण परमहरिसमुव्वहंती गया सगिहं। कओ विवाहो, मिलिया सुहिसयणवंधवा,

---

युष्मादृशाणां पुनः पूर्वजन्मस्वर्जितपुण्यविभवानाम्।
प्रतिदिवसम् उत्सवः एव लीलया सम्प्रवर्तन्ते ।।३।।

एतच्च उल्लपन्ती सा भणिता श्रेष्ठिना 'भद्रे! स्फुटाऽक्षरैः भण यदिह प्रयोजनम्।' तया भणितं 'अस्माकं गृहे विवाहः प्रारब्धः, अतः युष्माभ्यां तत्र भोजनं कर्तव्यम्।' श्रेष्ठिना भणितं 'कः दोषः? क्रियावहे, केवलं बहुगृहव्यापारव्यापृतत्वेन न पारयावः मुहूर्त्तमात्रमपि गृहं परित्यक्तुम्, अतः न कर्तव्यः त्वया चित्तसन्तापः, न वोढव्यः अभ्यर्थनाभङ्गसमुद्भवः अपमानः, न गणितव्यं निर्दाक्षिण्यत्वम्, न मोक्तव्यः मनागपि पूर्वप्रणयः, न हि निष्कपटस्नेहाऽनुबन्धः समपेक्षते बाह्योपचारम्, ततः गच्छ निजगृहे, कुरु समीहितप्रयोजनम्' इति प्रज्ञाप्य समर्पितानि धौतवसनानि, अर्पितानि तदुचितानि वस्त्राऽऽभरणानि, दत्तानि कुङ्कुमादिविलेपनानि। साऽपि तानि गृहीत्वा परं हर्षमुद्वहन्ती गता स्वगृहम्। कृतः विवाहः,

---

પરંતુ પૂર્વજન્મના પુણ્ય-પ્રકર્ષના પ્રભાવે તમારા જેવાને તો પ્રતિદિવસ લીલાપૂર્વક ઓચ્છવ જ પ્રવર્ત્તે છે.' (૩)

એમ ગોવાલણના કહેતાં જિનદાસ શેઠ બોલ્યો કે-'હે ભદ્રે! જે કાંઇ પ્રયોજન હોય તે પ્રગટ શબ્દોમાં જણાવી દે.' ત્યારે તે બોલી-'અમારા ઘરે વિવાહ આરંભ્યો છે, તો તમારે ત્યાં ભોજન કરવું.' શ્રેષ્ઠીએ કહ્યું-'તેમાં શો દોષ છે? કરીશું, પરંતુ ઘરના બહુ કામમાં પ્રવૃત્ત હોવાથી અમે એક મુહૂર્ત્ત માત્ર પણ ઘર તજી શકતા નથી માટે તારે કાંઇ મનમાં સંતાપ ન કરવો પ્રાર્થના-ભંગથી થતું અપમાન પણ ન ગણવું, નિર્દાક્ષિણ્યની કલ્પના ન કરવી અને પૂર્વસ્નેહનો જરાપણ ત્યાગ ન કરવો; કારણ કે નિષ્કપટ સ્નેહાનુબંધ બાહ્ય ઉપચારની અપેક્ષા રાખતો નથી; માટે પોતાના ઘરે જા અને ઇષ્ટ પ્રયોજન હાથમાં લે.' એ પ્રમાણે સમજાવી, નવાં વસ્ત્રો, તેને ઉચિત વસ્ત્રાલંકારો તથા કુંકુમાદિ વિલેપનો શ્રેષ્ઠીએ તેને આપ્યાં. તે લઇ પરમ હર્ષ પામતી ગોવાલણ પોતાના ઘરે આવી. ત્યાં વિવાહ

जाया महई सोहा, पसंसियाइं ताइं इयरजणेणं, जहा-'सुंदरो विवाहमहूसवो एएहिं कओ'त्ति। ताणि य पसंसं निसामिऊण चिन्तेंति-'अहो परमोवयारकारी महाणुभावो सेट्ठी जेण अम्ह विवाहे पवरोवगरणदाणेणं एवं सोभा निवत्तिया, ता कहमेयस्स पच्चुवयारे वट्टिस्सामो'त्ति संपेहिऊण उवचियसरीरे, अतुच्छपुच्छोवसोहिए, सुप्पमाणकुडिलचारुसिंगे, सरयससहरकिरणसरिसवण्णे, समाणदेहपरिमंडले, अच्चंतसुंदरगोरे, कंबल-संबलाभिहाणे तिवारिसिए गोवग्गपहाणे जुवाणवसहपोयगे गहिऊण गयाइं ताइं सेट्ठिभवणे, पणामिया य ते सेट्ठिणो। चउप्पयपरिग्गहकयपच्चक्खाणेण निवारिया ते सेट्ठिणा। तहावि अमुणियपरमत्थाणि भवणंगणे ते बंधिऊण गयाइं ताइं नियगेहे। तेण सावएण चिंतियं-अहो संकडमेवमावडियं, जओ-जइ मुच्चंति एए वराया ता लोगो हलाइसु वाहेइ तहाविहहीणसमायारो वा कोइ विद्दवेइ, अह एत्थेव धरिज्जंति ता निरुवयारित्तणेण

---

मिलिताः सुहृत्-स्वजनबान्धवाः, जाता महती शोभा, प्रशंसितानि तानि इतरजनेन यथा 'सुन्दरः विवाहमहोत्सवः एतैः कृतः' इति। ते च प्रशंसां निश्रुत्य चिन्तयन्ति 'अहो! परमोपकारी महानुभावः श्रेष्ठी येन अस्माकं विवाहे प्रवरोपकरणदानेन एवं शोभा निर्वर्तिता, तदा कथमेतस्य पत्युपकारे वर्तामहे?' इति सम्प्रेक्ष्य उपचितशरीरौ, अतुच्छपृच्छोपशोभितौ, सुप्रमाणकुटिलचारुशृङ्गौ, शरदशशधरकिरणसदृशवर्णौ, समानदेहपरिमण्डलौ, अत्यन्तसुन्दरगौरौ, कम्बल-शम्बलाऽभिधानौ त्रिवार्षिकौ गोवर्गप्रधानौ युवन्वृषभपोतौ गृहीत्वा गतास्ते श्रेष्ठिभवने, अर्पितौ य तौ श्रेष्ठिने। चतुष्पदपरिग्रहकृतप्रत्याख्यानेन निवारिताः ते श्रेष्ठिना। तथापि अज्ञातपरमार्थाः भवनाङ्गणे तौ बद्ध्वा गताः ते निजगृहे। तेन श्रावकेण चिन्तितं 'अहो! सङ्कटमेव आपतितम्, यतः यदि मुच्येते एतौ वराकौ तदा लोकः हलादिषु उह्यते, तथाविधहीनसमाचारः वा कोऽपि विद्रवति, अथ अत्रैव धार्येते तदा निरुपकारित्वेन दुरनुपालनीयौ भवतः इति क्षणं विकल्प्य

---

માંડ્યો. સ્વજન-સંબંધી બધા ભેગા થયા, મોટી શોભા થઇ અને અન્ય લોકોએ પણ તેની પ્રશંસા કરી કે-'અહો! પરમ ઉપકારી તો મહાનુભવ શ્રેષ્ઠી છે કે જેણે આપણા વિવાહમાં પ્રવર વસ્ત્રાભૂષણ આપી, આવી શોભા વધારી તો હવે એનો પ્રત્યુપકાર કેમ થાય?' એમ ધારી, શરીરે પુષ્ટ, લાંબા પુચ્છથી શોભતા, સુપ્રમાણ અને કુટિલ સુંદર શૃંગયુક્ત, શરદના ચંદ્રકિરણ સમાન ઉજ્વળ, સમાન આકૃતિવાળા, અત્યંત સુંદર કોંટવાળા, ગોવર્ગમાં પ્રધાન અને ત્રણ વરસના એવા **કંબલ** અને **શંબલ** નામના બે જુવાન વૃષભ લઇને તેઓ શેઠના ઘરે ગયા અને તે શ્રેષ્ઠીને સમર્પણ કર્યા. પરંતુ ચતુષ્પદ પરિગ્રહનું પ્રત્યાખ્યાન હોવાથી શ્રેષ્ઠીએ તેમનું નિવારણ કર્યું, છતાં પરમાર્થ ન જાણતા તેઓ તે વૃષભ શેઠના ગૃહાંગણે બાંધી પોતાના ઘરે ચાલ્યા ગયા. એટલે જિનદાસ શ્રાવકે વિચાર કર્યો કે-'અહો! આ તો મહામુશ્કેલી આવી પડી, કારણ કે એ બિચારાને મૂકી દઇએ તો લોકો હળાદિકમાં ચલાવે અથવા તેવો કોઈ હીનાચારી એમને સતાવે પણ ખરો, અને જો અહીં બાંધી મૂકીએ તો નિષ્પ્રયોજનને લીધે પાળવામાં બેદરકારી ઉભી થાય.' એમ ક્ષણભર વિચારી, જિનવચન સાંભળવાથી ઉપજેલ કરુણાવડે જેનું હૃદય પૂર્ણ છે એવા

दुरणुपालणिज्जा हवंतित्ति खणं विगप्पिऊण जिणवरवयणायन्नणसमुप्पन्नकरुणापूरपूरियहियएणं संगोविया सेट्ठिणा, पइदिणं दावेइ किणिऊण य तेसिं फासुगचारिं, पणामेइ वत्थगलियं सलिलं। एवं पइदिणं उदंते वट्टइ। सो य सावगो अट्ठमिचाउद्दसीसु आहारपोसहं सरीरसक्कारपोसहं बंभचेरपोसहं अव्वावारपोसहं च पडिपुन्नं काऊण सामाइयपडिवन्नो समणसमो, अइयारपंकपरिरक्खणपरो, धम्मसत्थपोत्थयं वाएइ, नियपरियणो य पंजलिउडो चित्तलिहिओव्व निसामेइ, तेऽवि कंबलसंबला अहाभद्दयाए तहाविहमोहणिज्जकम्मलाघवेण य थिरीकयसवणउडा, अव्वक्खित्तचित्ता सन्निहितणेण मुणियजुत्ताजुत्ता सम्मं सुणंति, जायभवभया य जद्दिवसं सावगो उववासं कुणइ तद्दिवसं तेऽवि चारिं पाणियं च परिचयंति, पुणो पुणो दिज्जमाणंपि न गिण्हंतित्ति।

अह तेसु तिरियजोणीसमुब्भवेसुवि तवं करेंतेसु।
सगुणत्ति पक्खवायं वहमाणो चिंतए सेट्ठी ।।१।।

---

जिनवरवचनाऽऽकर्णनसमुत्पन्नकरुणापूरपूरितहृदयेन सङ्गोपितौ श्रेष्ठिना, प्रतिदिनं दापयति क्रीत्वा च तयोः प्रासुकचारीम्, अर्पयति वस्त्रगलितं सलिलम्। एवं प्रतिदिनं उदन्तः वर्तते। सः च श्रावकः अष्टमी-चतुदश्योः आहारपौषधम्, शरीरसत्कारपौषधम्, ब्रह्मचर्यपौषधम् अव्यापारपौषधं च प्रतिपूर्णं कृत्वा सामायिकप्रतिपन्नः श्रमणसमः अतिचारपङ्कपरिरक्षणपरः धर्मशास्त्रपुस्तकं वाचयति, निजपरिजनश्च प्राञ्जलीपुटः चित्रलिखितः इव निश्रुणोति। तेऽपि कम्बल-शम्बलौ यथाभद्रतया तथाविधमोहनीयकर्मलाघवेन च स्थिरीकृतश्रवणपुटौ, अव्याक्षिप्तचित्तौ संज्ञित्वेन ज्ञातयुक्तायुक्तौ सम्यग् श्रुण्वतः, जातभवभयौ च यद्दिवसं श्रावकः उपोषितं करोति तद्दिवसं तौ अपि चारीं पानं च परित्यजतः, पुनः पुनः दीयमानमपि न गृह्णीतः।

अथ तयोः तिर्यग्योनिसमुद्भूतयोः अपि तपः कुर्वतोः।
सगुणौ इति पक्षपातं वहन् चिन्तयति श्रेष्ठी ।।१।।

---

જિનદાસે તે બાળવૃષભોને ઘરે બાંધ્યા. પ્રતિદિન તે પ્રાસુક ચારો લઇને તેમને આપતો અને વસ્ત્રે ગાળેલ પાણી પાતો. એમ પ્રતિદિન સાર-સંભાળ લેવા લાગ્યો. વળી તે શ્રાવક અષ્ટમી, ચતુર્દશીના દિવસે આહાર-પૌષધ, શરીર-સત્કારપૌષધ, બ્રહ્મચર્ય-પૌષધ અને અવ્યાપાર-પૌષધ એમ ચાર પ્રકારે પૌષધ લઇ, સામાયિકમાં શ્રમણ સમાન થઈ, અતિચાર-પંકથી રહિતપણે ધર્મશાસ્ત્રનું પુસ્તક વાંચતો અને તેના પરિજનો અંજલિ જોડી જાણે ચિત્રમાં આળેખાયા હોય તેમ એકચિત્તે તે સાંભળતા, તેમજ ભદ્રકભાવ અને તથાવિધ મોહનીયકર્મના લાઘવથી શ્રવણપુટ સ્થિર કરી, એકાગ્રમને, સંજ્ઞિપણાને લીધે યુક્તાયુક્તને જાણતા એવા તે કંબલ અને શંબલ વૃષભો પણ સમ્યક્ પ્રકારે સાંભળતાં અને સંસારથી ભીતિ પામતાં, જે દિવસે તે શ્રાવક ઉપવાસ કરતો તે દિવસે તેઓ પણ ચારા-પાણીનો ત્યાગ કરતા, વારંવાર આપ્યા છતાં તે લેતા નહિ.

હવે તે તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયા છતાં તપ કરતા હોવાથી 'એ ગુણવંત છે' એમ ધારી તેમનો પક્ષપાત કરતાં શ્રેષ્ઠી ચિંતવવા લાગ્યો કે- (૧)

एत्तियकालं अणुकंपणट्ठया दिन्नमेसिमसणाई।
साहम्मिगबुद्धीए एत्तो सव्वं करिस्सामि ।।२।।

साहम्मियवच्छल्लं जेण जिणिंदेहिं भुवणपणएहिं।
सम्मत्तसुद्धिहेउं निद्दिट्ठं धम्मियजणस्स ।।३।।

अप्पुव्वो कोइ धुवं अहो पभावो जिणिंदवयणस्स।
जं निसुणिऊण तिरियावि जंति वेरग्गमग्गंमि ।।४।।

इय चिंतिऊण सविसेसमायरं तेसिं दंसए सेट्ठी।
भव्वेसु पक्खवायं वहंति जं वीयरागाऽवि ।।५।।

एवं च उचियकायव्वपरायणस्स सम्ममुवसंतचित्तस्स सरंति वासरा। अन्नया य तीए

---

एतावत्कालं अनुकम्पनाय दत्तमेताभ्याम् अशनादिः।
साधर्मिकबुद्ध्या अतः परं सर्वं करिष्यामि ।।२।।

साधर्मिकवात्सल्यं येन जिनेन्द्रैः भुवनप्रणतैः।
सम्यक्त्वशुद्धिहेतुः निर्दिष्टं धार्मिकजनस्य ।।३।।

अपूर्वः कोऽपि ध्रुवं अहो प्रभावः जिनेन्द्रवचनस्य।
यद् निश्रुत्य तिर्यञ्चः अपि यान्ति वैराग्यमार्गे ।।४।।

इति चिन्तयित्वा सविशेषम् आदरं तयोः दर्शयति श्रेष्ठी।
भव्येषु पक्षपातं वहन्ति यद् वीतरागाः अपि ।।५।।

एवं च उचितकर्तव्यपरायणस्य सम्यग् उपशान्तचित्तस्य सरन्ति वासराः। अन्यदा च तस्यां नगर्यां

---

'આટલો વખત અનુકંપા લાવીને એમને ચારો-પાણી આપ્યાં અને હવે સાધર્મિક-બુદ્ધિથી બધું કરીશ; (૨)

કારણ કે જગતપૂજ્ય જિનેશ્વરોએ સ્વામિવાત્સલ્ય એ ધાર્મિક જનોને માટે સમ્યક્ત્વશુદ્ધિનું કારણ બતાવેલ છે. (૩)

અહો! જિનવચનનો પ્રભાવ કંઇક અપૂર્વ છે કે જે સાંભળીને તિર્યંચો પણ વૈરાગ્યના માર્ગે જાય છે. (૪)

એમ ધારીને શ્રેષ્ઠી તેમની પ્રત્યે વિશેષ આદર બતાવતો, કારણ કે વીતરાગો પણ ભવ્યોનો પક્ષપાત કરે છે. (૫)

એમ ઉચિત કર્ત્તવ્યમાં પરાયણ અને અંતરમાં અધિક ઉપશાંત થતાં જિનદાસના દિવસો વ્યતીત થતા.

नयरीए भंडीरजक्खस्स जणेण जत्ता पत्थुया। तत्थ य विविहतुरगाइवाहणाधिरूढो निग्गंतूण सयलपुरलोओ तस्स पुरओ वाहं करेइ। इओ य-जिणदाससेट्ठिणो पियमित्तो अच्चंतकोऊहलिओ जक्खजत्ताए वाहियालिं काउमणो सेट्ठिं अणापुच्छिऊण पणयभावेण कंबल-संबले गंतीए जोत्तिऊण गओ जक्खपुरओ, वाहिया महतीवेलं। ते य अच्चंतदरिसणिज्जायारत्तणेण अन्नन्नपणयिणा जणेण वाहिज्जमाणा, आरावेहनिस्सरंतरुहिरधारापरिगया, कोमलदेहा, अदिट्ठतहाविहवेयणा तुट्ठहियया नित्थामा जाया। तहाविहे य ते सेट्ठीगेहे बंधित्ता मित्तो पडिगओ। सेट्ठीवि भोयणसमए जाव जवसाइ घेत्तूणं एइ ताव पेच्छइ एए कंपंतदेहे, निस्सहगलंतनयणे, वणमुहनीहरंतसोणिए दोवि गोणए। एवंविहे य दट्ठूण रुट्ठो पुच्छइ-अहो केण दुरायारेण इमे वराया इमं अवत्थमुवणीया?। निवेइयं च से जहावित्तं परियणेणं। तदायन्नणेण य समुप्पन्नो महंतो चित्तसंतावो। कंबल-संबलावि दृढघायजज्जरिय-

---

भण्डिरयक्षस्य जनेन यात्रा प्रस्तुता। तत्र च विविधतुरगादिवाहनाऽधिरूढः निर्गत्य सकलपुरलोकः तस्य पुरतः वाहं करोति। इतश्च जिनदासश्रेष्ठिनः प्रियमित्रः अत्यन्त कौतूहलिकः यक्षयात्रायां वाहिकालीं कर्तुमनाः श्रेष्ठिनम् अनापृच्छ्य प्रणयभावेन कम्बल-शम्बलौ गन्त्रीं योजयित्वा गतः यक्षपुरतः, वाहिता महतीवेलाम्। तौ च अत्यन्तदर्शनीयाऽऽकारत्वेन अन्याऽन्यप्रणयिना जनेन उह्यमानौ, आरावेधनिस्सरद्रुधिरधारापरिगतौ, कोमलदेहौ, अदृष्टतथाविधवेदनौ त्रुटितहृदयौ निःस्थामौ जातौ। तथाविधौ च तौ श्रेष्ठिगृहे बद्ध्वा मित्रं प्रतिगतम्। श्रेष्ठी अपि भोजनसमये यावद् यवसादि गृहीत्वा एति तावत्प्रेक्षते एतौ कम्पमानदेहौ, निःसहगलन्नयनौ, व्रणमुखनिहरत्शोणितौ द्वौ अपि वृषभौ। एवंविधौ च दृष्ट्वा रुष्टः पृच्छति 'अहो! केन दुराचारेण इमौ वराकौ इमामवस्थाम् उपनीतौ?।' निवेदितं च तस्य यथावृत्तं परिजनेन। तदाऽऽकर्णनेन च समुत्पन्नः महान् चित्तसन्तापः। कम्बल-शम्बलौ अपि दृढघातजर्जरितशरीरौ, अनशनं

---

એકદા તે નગરીમાં લોકોએ **ભંડીર** યક્ષની યાત્રા માંડી. ત્યાં અનેક અશ્વાદિ વાહન પર આરૂઢ થઇ સમસ્ત પૌરજનો તેની આગળ વાહનો દોડાવતા. એવામાં જિનદાસ શેઠનો પ્રિય મિત્ર કે જે અત્યંત કૌતૂહલી હતો તેને યક્ષયાત્રામાં વાહન દોડાવવાની ઈચ્છા થતાં, પ્રણયભાવને લીધે શેઠને પૂછ્યા વિના કંબલ-શંબલને ગાડીમાં જોતરીને તે યક્ષ સમક્ષ ગયો. ત્યાં ઘણી વાર તેમને ચલાવ્યા. વળી તેમનો આકાર અત્યંત રમણીય હોવાથી અન્ય અન્ય પ્રણયી જનોએ ચલાવતાં, આરાવેધથી (આર મારતાં) નીકળતી રૂધિર-ધારાએ વ્યાપ્ત, કોમળ કાયવાળા, પૂર્વે તથાવિધ વેદનાથી અજ્ઞાત એવા તે બંને વૃષભો હૃદય તૂટતાં નિસ્તેજ થઈ ગયા. તેવી સ્થિતિમાં તેમને શેઠના ઘરે બાંધીને પેલો મિત્ર ચાલ્યો ગયો. એવામાં ભોજનસમય થતાં શેઠ પણ જેટલામાં જવ-તૃણાદિ લઇને આવ્યો તેવામાં શરીરે કંપતા, લોચનથી મંદ અશ્રુ વહેતા અને જેમના વ્રણના મુખમાંથી રક્તધાર વહી રહી છે એવા તે બંને વૃષભ શેઠના જોવામાં આવ્યા. તેમને એવી હાલતમાં જોતાં શ્રેષ્ઠી રોષ લાવીને પૂછવા લાગ્યો-'અરે! કયા દુરાચારે આ બિચારા વૃષભોને આવી દુર્દશા પમાડી?' એટલે પરિજને વીતક વાત કહી સંભળાવી, જે સાંભળતાં તેના મનમાં ભારે સંતાપ ઉત્પન્ન થયો. કંબલ-શંબલ પણ દૃઢ મારથી શરીરે જર્જરિત થતાં અનશન કરવાની

सरीरा, अणसणं काउमणा सायरं पुरओ उवणीयंपि चारिपाणियं न गेण्हंति, जाव य पुणो पुणो गवत्ताइयं दिज्जमाणं नेच्छंति ताव सेट्ठिणा मुणिऊण तदभिप्पायं दिन्नमेतेसिं भत्तपच्चक्खाणं, पडिवन्नं च साभिलासं एएहिं।

ताहे कारुन्नेणं विमुक्कनीसेसगेहवावारो।
सुसिणिद्धबंधवाण व तेसिं पासे ठिओ सेट्ठी ।।१।।

भणइ जहा 'रोसमहो मणागमेत्तंपि मा वहेज्जाह।
जं निद्दएण तेणं दुत्थावत्थं इमं नीया ।।२।।

संसारपवत्ताणं जंतूणं जेण कित्तियं एयं?।
न हु नामेगंतसुहो जणंमि जाओ जणो कोई ।।३।।

---

कर्तुमनसौ सादरं पुरतः उपनीतमपि चारी-पानं न गृह्णीतः, यावच्च पुनः पुनः तृणादिकं दीयमानं नेच्छतः तावत् श्रेष्ठिना ज्ञात्वा तदभिप्रायं दत्तम् एतयोः भक्तप्रत्याख्यानम्, प्रतिपन्नं च साभिलाषं एताभ्याम्।

तदा कारुण्येन विमुक्तनिःशेषगृहव्यापारः।
सुस्निग्धबान्धवयोः इव तयोः पार्श्वे स्थितः श्रेष्ठी ।।१।।

भणति यथा 'रोषम् अहो! मनाग्मात्रमपि मा वहतम्।
यद् निर्दयेन तेन दुस्थाऽवस्थायां अस्यां नीतौ ।।२।।

संसारप्रवृत्तानां जन्तूनां येन कियन्मात्रं एतत्।
न खलु एकान्तसुखः जगति जातः जनः कोऽपि ।।३।।

---

અભિલાષાથી સાદર તેમની આગળ મૂકતાં પણ ચારા-પાણીને લેતા નહિ. જ્યારે વારંવાર આપતાં પણ ઘાસ ન લેતા ત્યારે શ્રેષ્ઠીએ તેમનો અભિપ્રાય જાણી, તેમને ચારા-પ્રાણીનું પ્રત્યાખ્યાન આપ્યું, જે તેમણે આદરપૂર્વક અંગીકાર કર્યું.

પછી સમસ્ત ગૃહ-વ્યાપાર તજી, સ્નિગ્ધ બાંધવોની જેમ તેમની પાસે રહેતાં કરુણાપૂર્ણ શેઠ તેમને કહેવા લાગ્યો કે-'તે નિર્દયે તમને આવી દુષ્ટ અવસ્થાએ પહોંચાડ્યા તે કારણે તમે તેના પર લેશ માત્ર પણ રોષ કરશો નહિ. (૧/૨)

સંસારમાં પડેલા જીવોને એ શું માત્ર છે? કારણ કે જગતમાં એકાંતસુખી કોઈ જન્મ્યો નથી. (૩)

दढवज्जपंजरोदरगयंपि सेलाइदुग्गलीणंपि।
पुव्वकयमसुभकम्मं जीवं संकमइ कुवियं व ।।४।।

विद्दवइ तयणु विवसं सुबहुं अइविरसमारसंतं च।
कूडपडियं व चडयं बहुप्पयारं तडफडंतं ।।५।।

ता भो महाणुभावा! सम्मं अहियासणं विमोत्तूण।
अन्नो निज्जरणविही न विज्जए पुव्वपावस्स ।।६।।

उवचियपुन्ना तुब्भे सफलत्तणमुवगयं च भे जीयं।
जं दुक्खविमोक्खखमा पत्ता जिणधम्मसामग्गी' ।।७।।

---

दृढवज्रपञ्जरोदरगतमपि शैलादिदुर्गलीनमपि।
पूर्वकृतम् अशुभकर्म जीवं सङ्क्रामति कुपितमिव ।।४।।

विद्रवति तदनु विवशं सुबहु अतिविरसमारसन्तं च।
कूटपतितमिव चटकं बहुप्रकारं प्रपीडितम् ।।५।।

ततः भोः महानुभावौ! सम्यग् अध्यासनं मुक्त्वा।
अन्यः निर्जराविधिः न विद्यते पूर्वपापस्य ।।६।।

उपचितपुण्यौ युवां, सफलत्वमुपगतं च युवयोः जीवम्।
यद् दुःखविमोक्षक्षमा प्राप्ता जिनधर्मसामग्री' ।।७।।

---

દૃઢ પંજરમાં કે પર્વતના દુર્ગમાં લીન થયા છતાં પૂર્વકૃત અશુભ કર્મ, કુપિતની જેમ જીવને દબાવી દે છે, (૪)

અને પછી પરવશપણે અતિવિરસ પોકારો કરતાં, મારણ-યંત્રમાં પડેલ ચટક (પક્ષી વિશેષ) ની જેમ અનેક પ્રકારે તરફડતા જીવને તે ભારે સતાવે છે; (૫)

માટે હે મહાનુભવો! સમ્યક્ સહનશીલતાને ધારણ કરો, કારણ કે પૂર્વ પાપને ક્ષીણ કરવાનો અન્ય કોઇ ઉપાય નથી. (૬)

તમે તો પુણ્યશાળી છો અને તમારું જીવિત પણ સફળ થયું કે દુઃખમુક્ત કરવામાં સમર્થ એવી જિનધર્મની સામગ્રી તમે પામ્યા.' (૭)

इय एवमाइवयणेहि पसमसारेहिं अमयसरिसेहिं।
संठविया सुहमग्गे ते वसहा सेट्ठिणा सम्मं ।।८।।

एवं च विसुज्झमाणज्झवसाणा सरीरवेयणं सहमाणा सेट्ठिभणिज्जमाणं पंचनमोक्कारं पडियच्छमाणा कालं काऊण नागकुमारेसु देवेसु उववण्णा, ते इमे कंबल-संबलत्ति ।।

इओ य-भयवं महावीरो नावुत्तिन्नो संतो जलतीरंमि इरियावहियं पडिक्कमिय सुरसरियापरिसरे ईसिजलोल्लसुहुमवालुगोवरि मंदं मंदं पयाइं निसिंतो **थूणाग**संनिवेसे गंतुं पयत्तो। नवरि सामिणो पडिफलंतचक्क-कमल-कुलिसंकुस-कलस-पासायपमुहप-हाणलक्खणंकियं पयपंतिं नइपुलिणे पलोइऊण **पूसो** नाम सामुद्दलक्खणवियक्खणो चिंतिउमारद्धो-'अहो आजम्मकालाओऽवि अदिट्ठपुव्वा, अच्चंतमच्छरियभूया कस्सइ महाणुभावस्स

---

इति एवमादिवचनैः प्रशमसारैः अमृतसदृशैः।
संस्थापितौ सुखमार्गे तौ वृषभौ श्रेष्ठिना सम्यग् ।।८।।

एवं च विशुध्यमानाऽध्यवसायौ शरीरवेदनां सहमानौ श्रेष्ठिभण्यमानं पञ्चनमस्कारं प्रतीच्छमानौ कालं कृत्वा नागकुमारेषु देवेषु उपपन्नौ, तौ इमौ कम्बल-शम्बलौ।

इतश्च भगवान् महावीरः नावुत्तीर्णः सन् जलतीरे इर्यापथिकां प्रतिक्रम्य सुरसरित्परिसरे इषज्जलाऽऽर्द्रसूक्ष्मवालुकोपरि मन्दं मन्दं पदानि निसरन् **थूणाग**सन्निवेशे गन्तुं प्रवृत्तवान्। नवरं स्वामिनः प्रतिफलच्चक्र-कमल-कुलिशाङ्कुश-कलश-प्रासादप्रमुखप्रधानलक्षणाऽङ्कितां पदपङ्क्तिं नदीपुलीने प्रलोक्य **पूषः** नामकः सामुद्रलक्षणविचक्षणः चिन्तयितुमारब्धवान् 'अहो! आजन्मकालाद् अपि अदृष्टपूर्वा, अत्यन्तमाश्चर्यभूता कस्यापि महानुभावस्य षट्खण्डमहीमण्डलोपभोगिनः चक्रिणः इव प्रवरलाञ्छना पदपद्धतिः अत्र दृश्यते।

---

ઇત્યાદિ અમૃત તુલ્ય શ્રેષ્ઠ વચનોથી શ્રેષ્ઠીએ તે વૃષભોને બરાબર, શુભ માર્ગમાં સ્થાપન કર્યા. (૮)

એમ વિશુદ્ધ થતા અધ્યવસાયથી શરીર-વેદનાને સહન કરતા અને શ્રેષ્ઠીના કહેવા પ્રમાણે પંચ-નમસ્કારને સ્વીકારતા તે બંને મરણ પામીને **નાગકુમાર** દેવોમાં ઉત્પન્ન થયા. તે જ એ કંબલ-શંબલ હતા કે જેમણે ભગવંતને થતો ઉપસર્ગ દૂર કર્યો.

હવે નાવથી ઉતરતાં ભગવંત મહાવીર, નદી કિનારે ઇરિયાવહિયં પ્રતિક્રમી, ગંગાતીરે કિંચિત્ જલાર્દ્ર સૂક્ષ્મ વાલુકા-વેળુ ઉપર મંદ મંદ પગલે ચાલતાં થૂણાગ સંનિવેશ પ્રત્યે જવા લાગ્યા. એવામાં નદીતીરે પ્રતિબિંબિત થયેલ ચક્ર, કમળ, વજ, અંકુશ, કળશ, પ્રાસાદ પ્રમુખ પ્રધાન લક્ષણોથી લક્ષિત સ્વામીની પદપંક્તિ જોઇ, **પૂષ** નામે કુશળ સામુદ્રિક ચિંતવવા લાગ્યો કે-'અહો! આ જન્મથી પણ કદાપિ જોવામાં ન આવેલ અને અત્યંત આશ્ચર્યભૂત, છ ખંડ મહીમંડળના ભોક્તા કોઈ ચક્રવર્ત્તી મહાનુભાવના જેવી પ્રવર લાંછન યુક્ત અહીં પદપંક્તિ દેખાય છે. કદાચ

छक्खंडमहिमंडलोवभोगिणो चक्किणोव्व पवरलंछणा पयपद्धई एत्थ दीसइ। जइ पुण कहंपि कोइ अपत्तरज्जो वा, देसदंसणकोऊहली वा, तहाविहविसमदसावडिओ वा चक्कवट्टी एवं भमेज्जा, पेच्छामि तं महापुरिसं। जइ पुण एयावत्थंमि इमंमि सेविज्जमाणंमि मम समीहियत्थसिद्धी जाएज्ज'त्ति परिभाविऊण तुरियगइए जाव कइवयपयंतरमुवगओ ताव दिट्ठो अणेण थूणागसन्निवेसस्स बहिया बहलपल्लवालंकियकंकेल्लितरुणो हेट्ठओ पडिमासंठिओ जिणो, दट्ठूण य परमेसरस्स सिरिवच्छलंछियं वच्छयलं, दाहिणावत्तगंभीरं नाभिमंडलं, बालप्पवालपाडलं व करकमलं चिंतियमणेणं-न केवलं एयस्स चरणजुयले लक्खणं, सरीरंपि नियनियविभागाणुरूवलक्खणाणुगयं उवलक्खिज्जइ, ता कहं एवंविहा समत्थपसत्थलक्खणसंपया?, कहं परिजुन्नवत्थमेत्तंपि से न संपज्जइ? कहं वा समग्गभरहरज्जसिरिसूयणपरा तारिसा सामुद्दसत्थवयणविन्नासा?, कहं असंपज्जंतलुक्ख-भिक्खाहारकिसमेयस्स सरीरं?, अहो दूरं पच्चक्खेण विरुद्धं लक्खणसत्थं।

---

यदि पुनः कथमपि कोऽपि अप्राप्तराज्यः वा, देशदर्शनकौतूहली वा तथाविधविषमदशाऽऽपतितः वा चक्रवर्ती एवं भ्रमति, प्रेक्षे तं महापुरुषम्। यदि पुनः एतदवस्थायां अस्मिन् सेव्यमाने मम समीहितार्थसिद्धिः जायेत इति परिभाव्य त्वरितगत्या यावत् कतिपयपदान्तरम् उपगतः तावद्दृष्टः अनेन थूणागसन्निवेशस्य बहिः बहुपल्लवालङ्कृतकङ्केलितरोः अधः प्रतिमासंस्थितः जिनः, दृष्ट्वा च परमेश्वरस्य श्रीवत्सलाञ्छितं वक्षस्थलम्, दक्षिणावर्तगम्भीरं नाभिमण्डलम्, बालप्रवालपाटलमिव करकमलम् चिन्तितमनेन 'न केवलमस्य चरणयुगले लक्षणं, शरीरमपि निजनिजविभागाऽनुरूपलक्षणाऽनुगतम् उपलक्ष्यते। तदा कथम् एवंविधा समस्त प्रशस्तलक्षणसम्पद्?, कथं परिजीर्णवस्त्रमात्रमपि तस्य न सम्पद्यते?, कथं वा समग्रभरतराज्यश्रीसूचनपरा तादृशा सामुद्रशास्त्रवचनविन्यासा?, कथं असंपर्यन्तरुक्षभिक्षाऽऽहारकृशम् एतस्य शरीरम्? अहो! दूरं प्रत्यक्षेण विरुद्धम् लक्षणशास्त्रम्।

---

કાંઈ કારણે રાજ્ય ન પામેલ હોય, અથવા દેશો જોવામાં કૌતુકી હોય કે તથાવિધ વિષમ દશામાં પડેલ ચક્રવર્ત્તી એમ ભમતો હોવો જોઈએ; તો તે મહાપુરુષને જોઉં અને આવી અવસ્થામાં તેની સેવા કરતાં મારા વાંછિત સિદ્ધ થશે.' એમ ચિંતવી ઉતાવળે ચાલતાં જ્યાં કંઇક ગયો તેવામાં **थूणाग** સંનિવેશની બહાર અગણિત પલ્લવોથી અલંકૃત અશોકવૃક્ષની નીચે પ્રતિમાએ રહેલા જિનેશ્વર તેના જોવામાં આવ્યા અને પ્રભુના શ્રીવત્સલાંછિત વક્ષસ્થળ, દક્ષિણાવર્ત્તવડે ગંભીર નાભિમંડળ અને કોમળ પ્રવાલ સમાન રક્ત કરકમળને જોતાં તેણે વિચાર કર્યો કે-'એના ચરણયુગલમાં જ કેવલ લક્ષણો નથી પરંતુ શરીર પણ પોતપોતાના વિભાગને અનુરૂપ-યોગ્ય લક્ષણોવડે લાંછિત લાગે છે; તો સમસ્ત પ્રશસ્ત લક્ષણોની આવી સંપદા કેમ? જીર્ણ વસ્ત્ર માત્ર પણ એને કેમ મળતું નહિ હોય? અથવા તો સમગ્ર ભરતની રાજ્ય-લક્ષ્મીને સૂચવનાર સામુદ્ર-શાસ્ત્રનાં વચનો તેવાં કેમ? અને કષ્ટે સાંપડતા લુક્ષ ભિક્ષા-આહાર કરતાં એનું કૃશ શરીર કેમ? અહો! આ તો લક્ષણ-શાસ્ત્ર સાક્ષાત્ અતિ વિરુદ્ધ ભાસે છે.

चिरकालं सेसकलाकलावमवि उज्झिऊण जत्तेणं।
सामुद्दसत्थमेयं अव्वभिचारंति पढिओऽहं ।।१।।

इण्हिं तु एत्थ समणे निव्वसणे चक्खुगोयरं पत्ते।
लक्खणसत्थमसेसं नूणं दूरं विसंवइयं ।।२।।

हा हा धिरत्थु मज्झं परिस्समो जेण हरिणपोयव्व।
माइण्णियासमेणं लक्खणसत्थेण नडिओऽहं ।।३।।

मुट्ठीहिं हयं गयणं नवणीयत्थं विरोलियं सलिलं।
अघडंतत्थनिबद्धं जं एयं अहिगयं सत्थं ।।४।।

केलिप्पिएण मन्ने संघडियमिमं पयारणपरेण।
धुत्तकयं पिव कव्वं कालेणं होइ सिद्धंतो ।।५।।

---

चिरकालं शेषकलाकलापमपि उज्झित्वा यत्नेन।
सामुद्रशास्त्रमेतत् अव्यभिचारमिति पठितवानहम् ।।१।।

इदानीं तु अत्र श्रमणे निर्वसने चक्षुगोचरं प्राप्ते।
लक्षणशास्त्रमशेषं नूनं दूरं विसंवदति ।।२।।

हा! हा! धिक् मम परिश्रमः येन हरिणपोतः इव।
मृगतृष्णिकासमेन लक्षणशास्त्रेण नटितः अहम् ।।३।।

मुष्टिभिः हतं गगनं, नवनीतार्थं मथितं सलिलम्।
अघटमानाऽर्थनिबद्धं यदेतद् अधिगतं शास्त्रम् ।।४।।

केलिप्रियेण मन्ये सङ्घटितमिदं प्रतारणपरेण।
धूर्तकृतमिव काव्यं कालेन भवति सिद्धान्तः ।।५।।

---

અરે! શેષ કલાકલાપને પણ તજી, ભારે પ્રયત્ને 'આ સામુદ્રશાસ્ત્ર અવ્યભિચાર (પૂર્વાપર દોષ રહિત) છે.' એમ ધારી લાંબો કાળ મેં તેનો અભ્યાસ કર્યો; (૧)

પરંતુ અત્યારે વસ્ત્ર રહિત આ શ્રમણને જોતાં અશેષ લક્ષણશાસ્ત્ર અવશ્ય અત્યંત વિરુદ્ધ નીવડ્યું. (૨)

હા ! હા ! મારા પરિશ્રમને ધિક્કાર છે કે જેથી ઝાંઝવાના પાણીથી મૃગબાળ નાચે = હેરાન થાય તેમ હું લક્ષણશાસ્ત્રથી નાચ્યો. (૩)

અહો! મુષ્ટિવડે મેં આકાશનું તાડન કર્યું અને માખણ નિમિત્તે પાણી વલોવ્યું કે અઘટિત અર્થબદ્ધ એ શાસ્ત્રનો મેં અભ્યાસ કર્યો. (૪)

વળી મને લાગે છે કે કોઈ ક્રીડાપ્રિય માણસે છેતરવાની બુદ્ધિથી એ શાસ્ત્ર રચેલ લાગે છે, કારણ કે ધૂર્તકૃત કાવ્ય પણ વખત જતાં સિદ્ધાંત સમાન મનાય છે; (૫)

अलमेत्तो एएणं पलालकप्पेण दुट्ठसत्थेणं।
इय तक्किऊण **पूसो** परमविसायं गओ सहसा ।।६।।

एत्थंतरंमि सक्को सुहासणत्थो पउंजए ओहिं।
कह भयवं भवमहणो विहरइ परमेसरो वीरो?, ।।७।।

थूणागसन्निवेसे पेच्छइ पडिमट्ठियं जिणवरिंदं।
नेमित्तियं च पूसं दूसंतं अत्तणो सत्थं ।।८।।

तो सिग्घं वियडकिरीडकोडिमणिकिरणविच्छुरियगयणो तियसेसो जिणकमकमलवंदणत्थं लहुं एइ, जहाभणियविहिणा य नमंसिऊण सामिं महुरवयणेणं पूसं भणइ-'भद्द! किमेवं दूसेसि लक्खणसत्थं, नहु मिच्छाभासिणो महाणुभावा सत्थयारा, किं तुमए न सुओ एस ससुरासुरखयरनरनरेसरसिरपणयचलणो सिद्धत्थनरिंदनंदणो तिहुयणविक्खायकित्ती

---

अलम् अतः परं एतेन पलालकल्पेन दुष्टशास्त्रेण।
इति तर्कयित्वा **पूषः** परमविषादं गतः सहसा ।।६।।

अत्रान्तरे शक्रः सुखासनस्थः प्रयुङ्क्ते अवधिम्।
कुत्र भगवान् भवमथनः विहरति परमेश्वरः वीरः? ।।७।।

थूणागसन्निवेशे प्रेक्षते प्रतिमास्थितं जिनवरेन्द्रम्।
नैमित्तिकं च पूषं दूषयन्तं चाऽऽत्मनः शास्त्रम् ।।८।।

ततः शीघ्रं विकटकिरीटकोटिमणिकिरणविच्छुरितगगनः त्रिदशेशः जिनक्रमकमलवन्दनार्थं लघुः एति। यथाभणितविधिना च नत्वा स्वामिनम् मधुरवचनेन पूषं भणति 'भद्र! किमेवं दूषयसि लक्षणशास्त्रम्?, नो खलु मिथ्याभाषिणः महानुभावाः शास्त्रकाराः, किं त्वया न श्रुतः एषः ससुरासुर-खेचर-नरनरेश्वर-शिरःप्रणतचरणः सिद्धार्थनरेन्द्रनन्दनः त्रिभुवनविख्यातकीर्तिः धर्मवरचतुरन्तचक्रवर्ती खलमहिलामिव राजलक्ष्मीं

---

માટે હવે ઘાસ તુલ્ય એ દુષ્ટ શાસ્ત્રથી સર્યું.' એમ તર્ક કરતાં **પૂષ** એકદમ પરમ ખેદને પામ્યો. (૬)

એવામાં સિંહાસન પર બેઠેલ ઇંદ્રે અવધિજ્ઞાનથી જોયું કે-'ભવમથન ભગવંત કેમ વિચરે છે?' (૭)

ત્યાં **થૂણાગ** સંનિવેશમાં તેણે પ્રભુને પ્રતિમાસ્થિત જોયા અને **પૂષ** નૈમિત્તિકને પોતાના શાસ્ત્રને દૂષિત ગણતો જોયો. (૮)

એટલે કીંમતી મુગટના સંખ્યાબંધ મણિઓના કિરણોથી ગગનને વિચિત્ર બનાવતો દેવેંદ્ર તરતજ ભગવંતના ચરણકમળને વાંદવા આવ્યો અને યથાકથિત વિધિથી સ્વામીને નમીને મધુર વચનથી તે પૂષને કહેવા લાગ્યો-'હે ભદ્ર! લક્ષણશાસ્ત્રને આમ કેમ દૂષિત બનાવે છે? મહાનુભાવ શાસ્ત્રકારો કાંઇ મિથ્યાભાષી ન હતા. શું તેં સાંભળ્યું નથી કે સુરાસુરપતિ, વિદ્યાધર, નર, નરેશ્વરોએ જેમના ચરણે શિર નમાવેલ છે, ત્રિભુવનમાં જેમની કીર્તિ

धम्मवरचाउरंतचक्कवट्टी खलमहिलंव रायलच्छिं छड्डिऊण एवं विहरइ। अन्नं च-

एसो सो जस्सेसरियकोडिलेसंपि न घडइ समग्गो।
पायाल-सग्ग-नरखेत्तजायलोगो सुतुंगोऽवि ।।१।।

एसो च्चिय भवभयभीमकूवमज्जंतसत्तउद्धरणो।
वद्धंतुब्भडकलिकालदलणदक्खो इमो चेव ।।२।।

एसो च्चिय सिवमंदिरकवाडपुडविहडणेक्कतल्लिच्छो।
संजमलच्छिनिवेसियविसालवच्छत्थलो एस ।।३।।

एसो च्चिय करुणाजलनिव्वावियमच्छरग्गितत्तजणो।
अप्पडिमनाण-दंसणपमोक्खगुणगणनिही एस ।।४।।

---

त्यक्त्वा एवं विहरति। अन्यच्च-

एषः सः यस्यैश्वर्यकोटिलेशमपि न घटते समग्रः।
पातल-स्वर्ग-नरक्षेत्रजातलोकः सुतुङ्गः अपि ।।१।।

एषः एव भवभीमकूपमज्जत्सत्त्वोद्धारकः।
वर्धमानोद्भटकलिकालदलनदक्षः अयमेव ।।२।।

एषः एव शिवमन्दिरकपाटपुटविघटनैकतल्लिप्सः।
संयमलक्ष्मीनिवेशितविशालवक्षस्थलः एषः ।।३।।

एषः एव करुणाजलनिर्वापितमत्सराग्नितप्तजनः।
अप्रतिमज्ञान-दर्शनप्रमुखगुणगणनिधिः एषः ।।४।।

---

વિખ્યાત છે, ચતુર્વિધ ધર્મના જે પ્રવર ચક્રવર્ત્તી છે અને કુટિલ મહિલાની જેમ રાજ્યલક્ષ્મીને તજીને જે આમ એકાકી વિચરતા એ સિદ્ધાર્થ-નરેંદ્રના નંદન છે! અને વળી

આ તે જ કે જેમના ઐશ્વર્યના કરોડમા અંશે પણ પાતાલ, સ્વર્ગ અને મર્ત્યલોકના સમસ્ત શ્રેષ્ઠ લોકો પણ આવી ન શકે. (૧)

એ જ ભવભયરૂપ ભીમ કૂપમાં ડૂબતા પ્રાણીઓનો ઉદ્ધાર કરનાર અને એ જ વધતા જતા ઉદ્ભટ કલિકાલને દળવામાં દક્ષ છે. (૨)

એ જ શિવ-મંદિરના કપાટ ઉઘાડવા અતિ તત્પર અને એ જ સંયમ-લક્ષ્મીને પોતાના વિશાલ વક્ષસ્થળમાં સ્થાપન કરનાર છે. (૩)

એજ મત્સર-અગ્નિથી સંતપ્ત જનોને કરુણા-જળથી શાંત કરનાર અને એ જ અપ્રતિમ જ્ઞાન-દર્શન પ્રમુખ ગુણ-ગણના નિધાન છે.' (૪)

पच्चाइऊण एवं पूसं तिविहेण वयणनिवहेण।
पणमियजिणवरचरणो सहस्सनयणो गओ सग्गं ।।५।।

इय घोरपरीसहवेरिसमरविद्धंसणेक्कवीरस्स।
वीरस्स भुवणपहुणो चरियंमि सुहोहभरियंमि ।।६।।

सुरसूलपाणिकोसियमहाहिपडिबोहणत्थसंबद्धो।
पंचमओ पत्थावो समत्थिओ वित्थरेणेसो ।।७।।

**इइ सिरिगुणचंदगणिरइए महावीरचरिए सूलपाणिचंडकोसिअपबोहणो नाम पंचमो पत्थावो।**

---

प्रत्ययित्वा एवं पूषं त्रिविधेन वचननिवहेन।
प्रणतजिनवरचरणः सहस्रनयनः गतः स्वर्गम् ।।५।।

इति घोरपरीषहवैरिसमरविध्वंसनैकवीरस्य।
वीरस्य भुवनप्रभोः चरिते सुखौघभृते ।।६।।

सुरशूलपाणि-कौशिक-महाहिप्रतिबोधनार्थसम्बद्धः।
पञ्चमः प्रस्तावः समर्थितः विस्तरेण एषः ।।७।।

**इति श्रीगुणचन्द्रगणिरचिते महावीरचरित्रे**

**शूलपाणी-चण्डकौशिकप्रबोधनः नामकः**

**पञ्चमः प्रस्तावः**

---

એ પ્રમાણે વચન-સમૂહથી પૂષને વિશ્વાસ પમાડી, જિન-ચરણે ત્રિવિધ નમસ્કાર કરીને ઇંદ્ર સ્વર્ગે ગયો. (૫)

એ રીતે ઘોર પરિષહરૂપ શત્રુનો સંહાર કરવામાં એકવીર અને ભુવનગુરુ એવા વીરના, શુભ-સમૂહ ભરેલ ચરિત્રમાં શૂલપાણિ યક્ષ અને ચંડકૌશિક મહાસર્પને પ્રતિબોધ પમાડવાના સંબંધથી યુક્ત આ **પંચમ પ્રસ્તાવ** વિસ્તારથી કહી બતાવ્યો. (૬/૭)

## अह छट्ठो पत्थावो

पुव्वज्जियावज्जविणासणत्थं, एगागिणा वीरजिणेसरेण।
तितिक्खिया जे उवसग्गवग्गा, निदंसिया ते सयला कमेण ।।१।।

एत्तो य गोसालयदुव्विणेयजुत्तस्स तस्सेव महापहुस्स।
होहिंति जे ते उ निदंसइस्सं, एगग्गचित्ता निसुणेह तुब्भे ।।२।।

अह पुव्वोवइट्ठथूणागसन्निवेसाओ निक्खमिऊण गामाणुगामेण परिब्भमंतो, ठाणे ठाणे सुरविसरेण पूइज्जमाणो, अभणमाणोवि नियमाहप्पेण पाणिगणं पडिबोहिंतो पत्तो काणणुज्जाण-दीहियारमणिज्जं **रायगिहं** नयरं। तस्स य अदूरदेसे समुत्तुंगपासाय-सहस्ससमद्धासिओ **नालंदो** नाम संनिवेसो। तत्थ धण-कणगसमिद्धो **अज्जुणो** नाम तंतुवाओ परिवसइ, तस्स

## अथ षष्ठः प्रस्तावः

पूर्वाऽर्जिताऽवद्यविनाशनार्थम् एकाकिना वीरजिनेश्वरेण।
तितिक्षिताः ये उपसर्गवर्गाः निदर्शिताः ते सकलाः क्रमेण ।।१।।

इतः च गोशालकदुर्विनेययुक्तस्य तस्यैव महाप्रभोः।
भविष्यन्ति ये ते तु निदर्शयिष्यामः, एकाग्रचित्ताः निश्रुणुत यूयम् ।।२।।

अथ पूर्वोपदिष्ट**थूणाग**सन्निवेशाद् निष्क्रम्य ग्रामानुग्रामेण परिभ्रमन्, स्थाने स्थाने सुरविसरेण पूज्यमानः, अभणन् अपि निजमाहात्म्येन प्राणिगणं प्रतिबोधन् प्राप्तः काननोद्यान-दीर्घिकारमणीयं **राजगृहम्** नगरम्। तस्य च अदूरदेशे समुत्तुङ्गप्रासादसहस्रसमध्यासितः **नालन्दः** नामकः सन्निवेशः। तत्र धन-कनकसमृद्धः

## પ્રસ્તાવ છઠ્ઠો, પ્રભુને ઉપસર્ગો

પૂર્વે ઉપાર્જન કરેલાં પાપનો વિનાશ કરવા એકાકી શ્રી વીર જિનેશ્વરે જે ઉપસર્ગો સહન કર્યા તે બધા અનુક્રમે બતાવ્યા. (૧)

હવે ગોશાલક દુષ્ટ શિષ્ય યુક્ત તે મહાવીરને જે ઉપસર્ગો સહન કરવાના છે તે બતાવવામાં આવતાં, તમે એકાગ્ર ચિત્તે શ્રવણ કરો. (૨)

હવે પૂર્વે બતાવેલ **થૂણાગ** સંનિવેશથકી નીકળી, ગ્રામાનુગ્રામે પરિભ્રમણ કરતાં, સ્થાને સ્થાને દેવસમૂહવડે પૂજાતાં, મૌન રહ્યા છતાં પોતાના માહાત્મ્યથી પ્રાણીઓને પ્રતિબોધ પમાડતાં ભગવાન્ ઉદ્યાન, કાનન, દીર્ઘિકાવડે રમણીય એવા **રાજગૃહ** નગરે આવ્યા. તેની નજીકમાં ઉંચા હજારો પ્રાસાદોવડે શોભાયમાન એવો **નાલંદ** નામે સંનિવેશ છે. ત્યાં ધન, કનકથી સમૃદ્ધ એવો **અર્જુન** નામે વણકર રહેતો હતો. તેના અનેક કર્મકરો-નોકરો વિશાળ

य अणेगे कम्मकरा विसालसालासु संठिया विसिट्ठपट्टदूसाइं वुणंति। भयवंपि वासारत्तं काउकामो अज्जुणं अणुजाणाविऊण एगंतभूयाए, तसपाणविरहियाए सुन्नसालाए मासखमणं पढममुवसंपज्जित्ता विहरइ। इओ य **गोसालो** नाम **मंखलिमंख**स्स पुत्तो चित्तफलगोवजीवी एगागी परिभमंतो तत्थेव सालाए ठिओ जत्थ भयवं पलंबियभुओ चिट्ठइत्ति। जहिं च एयस्स उप्पत्ती तं पच्छा भण्णिही, पढमं ताव जस्स सगासाओ मंखलीमंखो जाओ तहा कहिज्जइ।

**उत्तरावह**विसए अत्थि **सिलिंधो** नाम संनिवेसो। तत्थ **केसवो** नाम गामरक्खगो। तस्स पाणप्पियाए विणीयाए **सिवा**भिहाणाए भारियाए कुच्छिंसि संभूओ **मंखो** नाम पुत्तो। सो य कमेण जोव्वणमुवगओ, अन्नया सो पिउणा सह सरोवरं गओ, जलमज्जणं च काऊण तडे निवन्नो पेच्छइ चक्कवायमिहुणं अन्नोन्ननिब्भरपेमाणुरागरंजियहिययं विविहकीला-

---

**अर्जुनः** नामकः तन्तुवायः परिवसति। तत्र च अनेके कर्मकराः विशालशालासु संस्थिताः विशिष्टपट्टदूष्यानि कुर्वन्ति। भगवानपि वर्षारात्रं कर्तुकामः अर्जुनं अनुज्ञाप्य एकान्तभूतायां, त्रसप्राणविरहितायां शून्यशालायां मासक्षपणं प्रथमम् उपसम्पाद्य विहरति। इतश्च सः **गोशालकः** नामकः मङ्खलीमङ्खस्य पुत्रः चित्रफलकोपजीवी एकाकी परिभ्रमन् तत्रैव शालायां स्थितवान् यत्र भगवान् प्रलम्बितभुजः तिष्ठति। यत्र च एतस्य उत्पत्तिः तत्पश्चात् भणिष्यामि, प्रथमं तावद् यस्य सकाशात् मङ्खली मङ्खः जातः तथा कथ्यते।

उत्तरापथविषये अस्ति **शिलिन्धः** नामकः सन्निवेशः। तत्र **केशवः** नामकः ग्रामरक्षकः। तस्य प्राणप्रियायाः, विनीतायाः **शिवा**ऽभिधानायाः भार्यायाः कुक्षौ सम्भूतः **मङ्खः** नामकः पुत्रः। सः च क्रमेण यौवनमुपगतः। अन्यदा सः पित्रा सह सरसि गतः, जलमज्जनं च कृत्वा तटे निषण्णः प्रेक्षते चक्रवाकमिथुनम्

---

શાળાઓમાં રહેતાં વિશિષ્ટ પટ-વસ્ત્ર વણતા હતા. ભગવંતે પણ ચાતુર્માસ કરવાની ઇચ્છાથી અર્જુનની અનુજ્ઞા માગી. ત્રસજીવ રહિત એકાંત શૂન્ય શાળામાં પ્રથમ માસખમણ આદરીને ત્યાં રહ્યા. એવામાં મંખલિમંખનો પુત્ર, ચિત્રફલક-પાટીયા પર કહાડેલ ચિત્રથી આજીવિકા ચલાવનાર અને એકલો ભમતો એવો ગોશાળો તે જ શાળામાં આવીને ઉતર્યો, કે જ્યાં ભગવંત ભુજા લંબાવી ધ્યાન ધરી રહ્યા છે. જ્યાં એની ઉત્પત્તિ થઈ તે આગળ કહેવામાં આવશે, પરંતુ પ્રથમ જેની પાસેથી મંખલી મંખ થયો, તે વાત કહેવામાં આવે છે.

ઉત્તર પ્રદેશમાં **શિલિંધ** નામે સંનિવેશ છે. ત્યાં **કેશવ** નામે ગ્રામરક્ષક રહેતો. તેની પ્રાણપ્રિયા અને વિનીત **શિવા** નામની ભાર્યાના ઉદરથી **મંખ** નામે પુત્ર જન્મ્યો. તે અનુક્રમે યૌવન પામ્યો. એકવાર પિતાની સાથે તે સરોવર પર ગયો. ત્યાં સ્નાન કરીને તે તટ પર બેઠો. એવામાં અન્યોન્ય મનનાં અતિશય પ્રેમાનુબંધથી રંજિત

विसेसे कुणमाणे, कहं चिय?-

चंचपुडछिन्ननवनलिणिनाललवसंविभागफुडपणयं।
सूरत्थमणासंकाकयनिविडपरोप्परसिलेसं ।।१।।

जलपडिबिंबियनियरूवपेक्खणुप्पन्नविरहपरिसंकं।
अन्नोन्नविहियनिक्कवडचाडुवक्खित्तमणपसरं ।।२।।

एरिसं च तं नाऊणं मंदं मंदं परिसप्पिणा कयंतेणेव अमुणियागमणेण पारद्धिएण आयन्नंतमाकड्ढिऊण खित्तो तदभिमुहो सिलीमुहो। अह दिव्वसंजोगेण लग्गो चक्कवायस्स, मम्मिओ य सो तेण घाएणं। जावऽज्जवि न वावज्जइ ताव तं तहाविहं पेच्छिऊण खणं रुणुझुणिऊण य सकरुण विवन्ना चक्कवाई, इयरोऽवि मुहुत्तमेत्तं जीविऊण पंचत्तमुवगओत्ति।

---

अन्योन्यनिर्भरप्रेमानुरागरञ्जितहृदयम् विविधकीडाविशेषम् कुर्वन्तम्। कथमेव-

चञ्चुपुटच्छिन्ननवनलिनीनाललवसंविभागस्फुटप्रणयम्।
सूर्याऽस्तमनाऽऽशङ्काकृतनिबिडपरस्परश्लेषम् ।।१।।

जलप्रतिबिम्बनिजरूपप्रेक्षणोत्पन्नविरहपरिशङ्कम्।
अन्योन्यविहितनिष्कपटचाटुव्याक्षिप्तमनःप्रसरम् ।।२।।

एतादृशं च तं ज्ञात्वा मन्दं मन्दं परिसर्पिणा कृतान्तेन इव अज्ञाताऽऽगमनेन पापार्द्धिकेन आकर्णमाऽऽकृष्य क्षिप्तः तदभिमुखं शिलीमुखः। अथ दैवसंयोगेन लग्नः चक्रवाकस्य मर्मितः (मर्मस्थाने विद्धः) च सः तेन घातेन। यावदद्यापि न व्यापद्यते तावत्तं तथाविधं प्रेक्ष्य क्षणं क्रन्दित्वा च सकरुणं विपन्ना चक्रवाकी, इतरोऽपि मुहूर्त्तमात्रं जीवित्वा पञ्चत्वमुपगतः। एवं च तद्व्यतिकरमवलोक्य मङ्खः मूर्च्छानिमिलिताक्षः

---

તથા વિવિધ ક્રીડા કરતું એવું ચક્રવાકનું યુગલ તેના જોવામાં આવ્યું કે જે

ચંચુપુટથી છેદેલ નવ-નલિનના નાલલેશના સંવિભાગથી (= આપવા વડે) પરસ્પર પ્રગટ પ્રેમ બતાવતું, સૂર્યાસ્તની શંકાથી પરસ્પર નિબિડ આશ્લેષ કરતું, જળમાં પ્રતિબિંબિત થયેલ પોતાના રૂપને જોતાં વિરહની શંકા પામતું અને અન્યોન્ય નિષ્કપટ પ્રેમોક્તિમાં મન લગાડતું (૧/૨)

એવું તે યુગલ જોતાં મંદ મંદ પગે ચાલી, પોતાના આગમનને જણાવા ન દેતાં કૃતાંતની જેમ શિકારીએ આકર્ણ ધનુષ્ય ખેંચીને તેની તરફ બાણ છોડ્યું. દૈવયોગે તે ચક્રવાકને લાગ્યું, એટલે તે માર્મિક ઘાતથી ઘાયલ થતાં જેટલામાં હજી તેણે પ્રાણ ન છોડ્યા તેટલામાં તેને મરણતોલ જોઈ, ક્ષણવાર સકરુણ કલકલાટ કરતી ચક્રવાકી મરણ પામી, એવામાં ચક્રવાક પણ મુહૂર્ત્ત માત્ર જીવીને પંચત્વ પામ્યો. એ પ્રમાણે તેનો વ્યતિકર જોઈ, મંખ મૂર્ચ્છાથી

एवं च तव्वइयरमवलोइऊण मंखो मुच्छानिमीलियच्छो निवडिओ धरणिमंडले, दिट्ठो य केसवेण अहो किमेवमतक्कियमावडियंति विम्हियमणेण। समासासिओ सिसिरोवयारेहिं। खणंतरेण उवलद्धचेयणो पुच्छिओ य- 'पुत्त! किं समीरखोभो? उय पवलपित्तदोसो? अहवा नित्थामत्तणं? अन्नो वा कोइ हेऊ? जेणेवं निस्सहंगो चिरं मोहमुवगओऽसि?, साहेसु परमत्थं।' तेणावि पिउवयणमायन्निऊण विमुक्कदीहुस्सासेण भणियं-'ताय! एवंविहं चक्कवायमिहुणं नियच्छिऊण मए पुव्वजाई सरिया। किर अहं पुव्वभवे माणससरोवरे एवं चिय चक्कवायमिहुणत्तणेण वट्टंतो पुलिंदमुक्कमग्गणाभिहओ तक्खणविरहफुट्टहियययाए चक्कवाईए अणुगओ मओऽम्हि। मरिऊण संपयं तुह पुत्तत्तणेण उववन्नो। इण्हिं च चिरपणइणीए तीसे चक्कवाईए विरहं सोढुं न पारेमि।' केसवेण भणियं-'वच्छ! अलं समइक्कंतदुक्खसुमरणेणं, एसो च्चिय सहावो एयस्स दढकयंतस्स जं न सहइ दट्ठुं चिरकालं पियसंपओगसुहियं कमवि जणं, अवि य-

---

निपतितः धरणीमण्डले, दृष्टश्च केशवेन 'अहो किम् एवम् अतर्कितम् आपतितम्' इति विस्मितमनसा। समाऽऽश्वासितः शिशिरोपचारैः। क्षणान्तरेण उपलब्धचेतनः पृष्टश्च 'पुत्र! किं समीरक्षोभः?, उत प्रबलपित्तदोषः?, अथवा निस्थामत्वम्?, अन्यः वा कोऽपि हेतुः? येनैवं निःसहाऽङ्गः चिरं मोहमुपगतः? कथय परमार्थम्।' तेनाऽपि पितृवचनमाकर्ण्य विमुक्तदीर्घोच्छ्वासेन भणितं 'तात! एवंविधं चक्रवाकमिथुनं दृष्ट्वा मया पूर्वजातिः स्मृता। किल अहं पूर्वभवे मानससरसि एवमेव चक्रवाकमिथुनत्वेन वर्तमानः पुलिन्दमुक्तमार्गणाऽभिहतः तत्क्षणविरहस्फुटहृदयया चक्रवाक्या अनुगतः मृतोऽहम्। मृत्वा साम्प्रतं तव पुत्रत्वेन उपपन्नः। इदानीं च चिरप्रणयिण्याः तस्याः चक्रवाक्याः विरहं सोढुं न पारयामि।' केशवेन भणितं 'वत्स! अलं समतिक्रान्तदुःखस्मरणेन, एषः एव स्वभावः एतस्य दृढकृतान्तस्य यन्न सहते द्रष्टुं चिरकालं प्रियसम्प्रयोगसुखिकं कमपि जनम्। अपि च -

---

લોચન મીંચાઇ જતાં ધરણીતલ પર પડી ગયો. ત્યારે 'અહો! આ અણધાર્યું શું થયું?' એમ વિસ્મય પામતા કેશવે તેને જોયો. પછી શીતોપચારથી તેને આશ્વાસન પમાડતાં ક્ષણાંતરે તે સાવધાન થયો. એટલે કેશવે તેને પૂછ્યું કે- 'હે પુત્ર! શું વાયુવિકાર થયો કે પ્રબલ પિત્તનો દોષ છે? અથવા નિર્બળતા કે અન્ય કાંઇ કારણ લાગે છે કે જેથી આમ અચાનક અશક્ત બની લાંબો વખત તું મૂર્ચ્છા પામ્યો? હે વત્સ! એનો પરમાર્થ કહે.' એમ પિતાનાં વચન સાંભળતાં, દીર્ઘ નિસાસા મૂકીને તેણે જણાવ્યું કે-'હે તાત! આવા પ્રકારનું ચક્રવાક યુગલ જોઈ, મને જાતિસ્મરણ જ્ઞાન થયું કે હું પૂર્વભવે માનસરોવરમાં એ રીતે ચક્રવાક-યુગલપણે વર્ત્તતો. એવામાં ભીલના બાણથી ઘાયલ થતાં, તરત વિરહથી હૃદય ફુટી જતાં ચક્રવાકીના મરણ પછી હું મરણ પામ્યો. ત્યાંથી મરણ પામીને હું તમારા પુત્રપણે ઉત્પન્ન થયો. અત્યારે લાંબા વખતની તે પ્રણયિની ચક્રવાકીનો વિરહ સહન કરવાને હું અસમર્થ છું.' કેશવે કહ્યું- 'હે વત્સ! ગતકાલનું દુઃખ યાદ કરવાથી શું? એ સમર્થ કૃતાંતનો એવો સ્વભાવ છે કે પ્રિયસંયોગથી સુખી થયેલા કોઈપણ પ્રાણીને લાંબો વખત જોઇને તે સહન કરતો નથી. વળી

देवाविय नियपणइणीविरहुब्भवदुक्खदहणसंतत्ता।
मत्तव्व मुच्छिया इव कहकहवि गमंति नियजीयं ।।१।।

तुम्हारिसाण पुत्तय! केत्तियमेत्तं इमं अओ दुक्खं।
जेसिं चम्मोणद्धं देहं सव्वावयासज्जं ।।२।।

ता विरम पुव्वभवसुमरणाउ वट्टेसु वट्टमाणेणं।
तीयाणागयचिंतणवसेण सीयइ सरीरंपि ।।३।।

तेणं चिय संसारो नूणमसारो इमो दढं जाओ।
जं जम्म-मरण-जर-रोग-सोगपमुहाइं दुक्खाइं ।।४।।

---

देवाः अपि च निजप्रणयिनीविरहोद्भवदुःखदहनसन्तप्ताः।
मत्ताः इव मूर्छिताः इव कथंकथमपि गमयन्ति निजजीवम् ।।१।।

युष्मादृशाणां पुत्र! कियन्मात्रम् इदम् अतः दुःखम्।
येषां चर्माऽवनद्धं देहं सर्वाऽऽपत्सज्जम् ।।२।।

तस्माद्विरम पूर्वभवस्मरणाद् वर्तस्व वर्तमानेन।
अतीताऽनागतचिन्तनवशेन सीदति शरीरमपि ।।३।।

तेनैव संसारः नूनम् असारः अयं दृढं जातः।
यद् जन्म-मरण-जरा-रोग-शोक प्रमुखानि दुःखानि ।।४।।

---

પોતાની પ્રાણપ્રિયાના વિરહાગ્નિથી સંતપ્ત થયેલા દેવતાઓ પણ મદોન્મત્ત કે મૂર્ચ્છિતની જેમ મહાકષ્ટે પોતાનું જીવિત વ્યતીત કરે છે; (૧)

તો હે પુત્ર! જેમનું ચર્મથી મઢેલ અને સર્વ આપદાના સ્થાનરૂપ શરીર છે એવા તમારા જેવાને એ દુઃખ શું માત્ર છે? (૨)

માટે પૂર્વભવના સ્મરણથી વિરામ પામ અને વર્ત્તમાન પ્રમાણે ચાલ. અતીત-અનાગતની ચિંતા કરવાથી શરીર પણ સીદાય છે. (૩)

જ્યાં જન્મ, જરા, મરણ, રોગ, શોક પ્રમુખ અનેક દુઃખો ભરેલાં છે, તેથી જ આ સંસાર અત્યંત અસાર ગણાય છે.' (૪)

इय पन्नविउं विविहप्पयारहेऊहिं केसवेणं सो।
नीओ कहमवि गेहे विरहमहावेयणाभिहओ ।।५।।

तत्थ गओऽवि सो पमुक्कपाणभोयणो, सुन्नमणो, धरणिनिसियलोयणो, महाजोगिव्व निरुद्धवावारंतरपरिचिंतणो, तणंपि व नियजीवियंपि गणेमाणो अच्छइ। एयावत्थं च तं पासिऊण जायचित्तपरितावेण सयणवग्गेण मा छलणाविगारो कोऽवि होज्जत्ति संकियमणेण सव्वायरेण वाहराविया तंत-मंतवाइणो, दंसिओ तेसिं, कया य उवयारा। न जाओ मणागंपि विसेसो। अन्नया य देसंतराओ आगओ एगो थेरपुरिसो, ठिओ एयस्स चेव गिहे। दिट्ठो अणेण मंखो, पुट्ठो य पासवत्ती केसवो, जहा-'भद्द! किं कारणं जं एसो जुवावि, रोगाइणा निरुवहओवि ससल्लो इव लक्खिज्जइ?', केसवेणवि साहिओ दोसुब्भवो। तेण भणियं-'कयं किंपि तुमए एवंविहदोसस्स पडिविहाणं?।' केसवेण भणियं-'दंसिओ एसो

---

इति प्रज्ञाप्य विविधप्रकारहेतुभिः केशवेन सः।
नीतः कथमपि गृहं विरहमहावेदनाऽभिहतः ।।५।।

तत्र गतोऽपि सः प्रमुक्तपान-भोजनः, शून्यमनाः, धरणीनिषण्णलोचनः, महायोगी इव निरुद्धव्यापारान्तर-परिचिन्तनः, तृणमिव निजजीवनमपि गणयन् आस्ते। एतदवस्थं च तं दृष्ट्वा जातचित्तपरितापेन स्वजनवर्गेण मा छलनाविकारः कोऽपि भवेदिति शङ्कितमनसा सर्वाऽऽदरेण व्याहारिताः तन्त्र-मन्त्रवादिनः, दर्शितः तेषाम्, कृताः च उपचाराः। न जातः मनागपि विशेषः। अन्यदा च देशान्तरतः आगतः एकः स्थविरपुरुषः, स्थितः एतस्यैव गृहे। दृष्टः अनेन मङ्खः, पृष्टश्च पार्श्ववर्ती केशवः यथा 'भद्र! किं कारणं यदेषः युवा अपि, रोगादिना निरुपहतोऽपि सशल्यः इव लक्ष्यते?।' केशवेन कथितः दोषोद्भवः। तेन भणितं 'कृतं किमपि त्वया एवंविधदोषस्य प्रतिविधानम्?।' केशवेन भणितं 'दर्शितः एषः प्रवरमन्त्र-तन्त्रादिज्ञान्।'

---

એમ વિવિધ હેતુ-વચનથી સમજાવતાં કેશવ, વિરહની મહાવેદનાથી હણાયેલ એવા તેને મહાકષ્ટે ઘરે તેડી ગયો. (૫)

ત્યાં જતાં પણ ખાન-પાન તજી, શૂન્ય મને પૃથ્વીમાં દૃષ્ટિ સ્થાપી, મહાયોગીની જેમ વ્યાપારાંતરના વિચારને અટકાવી, પોતાના જીવિતને તૃણ સમાન ગણતો તે રહેવા લાગ્યો. એટલે તેને આવી અવસ્થામાં જોઇ મનમાં ભારે સંતાપ પામતાં સ્વજનોએ આ કોઈ છળ-વિકાર તો ન હોય' એમ શંકા લાવી મંત્ર-તંત્રવાદીઓને બોલાવ્યા. તેમણે બતાવેલાં ઉપચારો કર્યા, છતાં કંઈપણ ફેર ન પડ્યો. એવામાં એક વખતે દેશાંતરથી કોઈ વૃદ્ધ પુરુષ આવી ચડ્યો અને તે એના જ ઘરે ઉતર્યો. ત્યાં મંખને જોઈ, પાસે રહેલ કેશવને તેણે પૂછ્યું કે-'હે ભદ્ર! આ યુવાન છતાં અને રોગાદિકથી રહિત છતાં સશલ્યની જેમ દેખાય છે, તેનું શું કારણ?' ત્યારે કેશવે પણ દોષ-વિકાર કહી સંભળાવ્યો. જે સાંભળતાં તેણે કહ્યું કે-'આવા દોષનો તમે કાંઈ પ્રતીકાર કર્યો છે?' કેશવ બોલ્યો-'મંત્ર-તંત્રના

पवरमंत-तंताइजाणगाणं।' थेरेण जंपियं-'निरत्थओ सव्वोवक्कमो पेमगहस्स, किं करिंति ते वरागा?, तहाहि-

उग्गविससप्पसंभूयवेयणोवसमकरणदक्खावि।
पंचाणण-दुट्ठकरिंद-रक्खसीथंभणपरावि ।।१।।

भूयसमुत्थोवद्दवविणासकुसलावि परमविज्जावि।
पेमपरव्वसहिययं पगुणं काउं न पारिंति ।।२।।

केसवेण भणियं-'किं पुण एत्तो कायव्वं?।' तेण भणियं-'जइ मं पुच्छसि ता जावज्जवि दसमिदसं न पावइ एस ताव आलिहावेसु चित्तफलहगे पुव्ववइयरं, जहा-पुलिंदेण चक्कवाओ सरेण पहओ, जहा तंमि जीवंते चेव तप्पणइणी मयत्ति। एवं च कारावेऊण चित्तफलगहत्थं एयं परिब्भमावेसु गाम-नगराइसु। मा एवं कए कहवि विहिवसेण पुव्वभव्वभज्जावि

---

स्थविरेण जल्पितं 'निरर्थकः सर्वोपक्रमः प्रेमग्रहस्य, किं कुर्वन्ति ते वराकाः? तथाहि -

उग्रविषसर्पसम्भूतवेदनोपशमकरणदक्षाः अपि।
पञ्चानन-दुष्टकरीन्द्र-राक्षसीस्तम्भनपराः अपि ।।१।।

भूतसमुत्थोपद्रवविणाशकुशलाः अपि परमवैद्याः अपि।
प्रेमपरवशहृदयं प्रगुणं कर्तुं न पारयन्ति ।।२।।

केशवेन भणितं 'किं पुनः अत्र कर्तव्यम्?।' तेन भणितं 'यदि मां पृच्छसि तदा यावदद्यापि दशमदशां न प्राप्नोति एषः तावद् आलिखय चित्रफलके पूर्वव्यतिकरम् यथा-पुलिन्देन चक्रवाकः शरेण प्रहतः, यथा तस्मिन् जीवति एव तत्प्रणयिनी मृता-इति। एवं च कारयित्वा चित्रफलकहस्तम् एनं परिभ्रामय ग्राम-

---

જાણનારા શ્રેષ્ઠ જનોને એ બતાવ્યો.' વૃદ્ધે જણાવ્યું કે-'એ સર્વ પ્રયત્ન નિરર્થક છે. પ્રેમ-ગ્રહનો તે બિચારા શો ઉપાય કરી શકે? કારણ કે

સર્પના ઉગ્ર વિષની વેદનાને શાંત કરવામાં દક્ષ છતાં, પંચાનન, દુષ્ટ ગજેંદ્ર અને રાક્ષસીને થંભી દેવામાં કુશળ છતાં, ભૂત-ઉપદ્રવનો નાશ કરવામાં નિષ્ણાત અને પરમ વિદ્યાશાળી છતાં તેઓ પ્રેમ-પરાધીન હૃદયને સ્વસ્થ કરવાને સમર્થ થતા નથી.' (૧/૨)

કેશવે પૂછ્યું-'તો હવે શું કરવું?' તે બોલ્યો-'જો મને પૂછતા હો તો જેટલામાં એ કામની દશમી અવસ્થા હજી પામ્યો નથી તેટલામાં ચિત્રફલક પર પૂર્વનો પ્રસંગ આળેખાવો કે-ભીલે બાણથી ચક્રવાકને ઘાયલ કર્યો અને તે હજી જીવતો હતો તેવામાં પ્રણયિની મરણ પામી. એમ આળેખાવી ચિત્રફલક એના હાથમાં આપીને ગ્રામ, નગરાદિકમાં

पावियमहिलाभावा फलगलिहियचक्कवायमिहुणवइयरावलोयणजायजाईसरणा इमिणा सद्धिं संघडेज्जा। सुव्वंति य पुराणागमेसु एरिसवुत्तंता। एवं च कए एसोऽवि आसाभुयग्गलाखलियजीओ कइवयदिणाणि जीवेज्जा।' एवमायन्निऊण केसवेण 'साहु साहु तुह बुद्धीए, को जाणइ परिणयमइणो पुरिसे मोत्तूण एवंविहविसमत्थनिन्नयं?' ति अभिणंदिऊण तव्वयणं निवेइयं मंखस्स। तेणावि भणियं-'ताय! किमजुत्तं?, सिग्घमुवट्ठवेह चित्तफलगं, एसो चेव हवउ कुवियप्पकल्लोलमालाउलस्स चित्तस्सुवक्खेवो।' तओ केसवेण मुणिऊण तदभिप्पायं आलिहावियं जहावट्ठियचक्कवायमिहुणरूवाणुगयं चित्तफलगं, समप्पियं च मंखस्स, दिन्नं संबलं। तयणंतरं च सो चित्तफलगहत्थो सहाइणा एगेण अणुगम्ममाणो नयर-पुर-खेड-कब्बड-मडंबपमुहेसु सन्निवेसेसु आसापिसायनडिओ निव्विस्सामं परिब्भमइ।

---

नगरादिषु। मा एवं कृते कुत्रापि विधिवशेन पूर्वभवभार्याऽपि प्राप्तमहिलाभावा फलकलिखितचक्रवाकमिथुनव्यतिकराऽवलोकन जातजातिस्मरणा अनेन सह सङ्घटेत। श्रूयन्ते च पुराणाऽऽगमेषु एतादृशवृत्तान्ताः। एवं च कृते एषोऽपि आशाभुजाऽर्गलास्खलितजीवः कतिपयदिनानि जीवेत्।' एवमाकर्ण्य केशवेन 'साधुः साधुः तव बुद्धेः, कः जानाति परिणतमतीन् पुरुषान् मुक्त्वा एवंविधविषमाऽर्थनिर्णयम्' इति अभिनन्द्य तद्वचनं निवेदितं मङ्खस्य। तेनाऽपि भणितं 'तात! किमयुक्तम्? शीघ्रम् उपस्थापय चित्रफलकम्, एषः एव भवतु कुविकल्पकल्लोलमालाऽऽकुलस्य चित्रस्य उपक्षेपः।' ततः केशवेन ज्ञात्वा तदभिप्रायम् आलिखापितं यथावस्थितचक्रवाकमिथुनरूपानुगतं चित्रफलकम्, समर्पितं च मङ्खस्य, दत्तं शम्बलम्। तदनन्तरं च सः चित्रफलकहस्तः सहायिना एकेन अनुगम्यमानः नगर-पुर-खेट-कर्बट-मडम्बप्रमुखेषु सन्निवेशेषु आशापिशाचनाटितः निर्विश्रामः परिभ्रमति।

---

એને ભમાવો. એમ કરતાં વખતસર વિધિયોગે પૂર્વભવની ભાર્યા કે જે સ્ત્રીપણાને પામી હોય અને ફલકમાં આળેખેલ ચક્રવાક યુગલનો વ્યતિકર જોવાથી જાતિસ્મરણ જ્ઞાન પામતાં તે એને મળી જાય. પુરાણ-આગમોમાં એવા વૃત્તાંતો સંભળાય છે અને વળી તેમ કરવાથી આશારૂપ ભુજા કે કડીવડે અટકી રહેતાં કેટલાક દિવસો એ જીવતો રહી શકશે.' એમ સાંભળતાં કેશવે કહ્યું-'અહો! તારી બુદ્ધિને ધન્ય છે. પાકી મતિના પુરુષો વિના એવા વિષમાર્થનો નિર્ણય કોણ જાણી શકે?' એવી તેની પ્રશંસા કરી, તે વાત તેણે મંખને સંભળાવી. એટલે તેણે કહ્યું કે-'હે તાત! એમાં ખોટું શું છે? શીઘ્ર ચિત્રફલક તૈયાર કરો. કુવિકલ્પરૂપ કલ્લોલમાં આકુળ થયેલ મનને ભલે એ જ ઉપાય ઉપયોગી થાય.' એટલે કેશવે તેનો અભિપ્રાય જાણી, યથાસ્થિત ચક્રવાક મિથુનના રૂપયુક્ત ચિત્રફલક આળેખાવ્યું. તે મંખને આપ્યું અને ભાતું પણ બંધાવ્યું. પછી ચિત્રફલક હાથમાં લઈ, એક સહાયક સાથે નગર, પુર, ખેટ, કર્બટ, મડંબ પ્રમુખ સંનિવેશોમાં તે આશાપિશાચનો દાસ બનીને સતત પરિભ્રમણ કરવા લાગ્યો.

दंसेइ पइगिहं चिय समूसियं तं च तिय-चउक्केसु।
चउमुह-महापहेसु य पवा-सभा-देउलेसुंपि ।।१।।

ताहे रहंगमिहुणं तहासरूवं निरूविऊण जणो।
कोऊहलेण पुच्छइ साहेइ य सो जहावित्तं ।।२।।

अणवरयंपि सवित्थरमसमत्थो नियकहं च सो कहिउं।
संखेवत्थनिबद्धं साहइ दुवईए नियवत्तं ।।३।।

जहा-माणससरोवरंमि अवरोप्परपोढपेमाणुरंजियं, नयणनिमेसमेत्तविरहदूमिज्जंतदेहयं। लुद्धयमुक्कनिसियसरविहुरियमह पंचत्तमुवगयं, संपइ संपओगमभिवंछइ एयं चक्कमिहुणयं ।।४।।

---

दर्शयति प्रतिगृहमेव समुच्छ्रितं तच्च त्रिक-चतुष्केषु।
चतुर्मुख-महापथेषु च प्रपा-सभा-देवकुलेषु अपि ।।१।।

तदा रथाङ्गमिथुनं तथास्वरूपं निरूप्य जनः।
कौतूहलेन पृच्छति कथयति च सः यथावृत्तम् ।।२।।

अनवरतमपि सविस्तरम् असमर्थः निजकथां च सः कथयितुम्।
संक्षेपार्थनिबद्धं कथयति **द्रुपद्यां** निजवृत्तम् ।।३।।

यथा-मानससरसि अपरापरप्रौढप्रेमाऽनुरञ्जितम्, नयननिमेषमात्रविरहदूतदेहकम्। लुब्धकमुक्तनिशित-शरविधुरितम् अथ पञ्चत्वमुपगतम्, सम्प्रति सम्प्रयोगम् अभिवाञ्छति एतत् चक्रमिथुनकम् ।।४।।

---

તે પ્રતિગૃહે, ત્રિક, ચતુષ્પથ, ચતુર્મુખ-મહામાર્ગ, પ્રપા-પરબ, સભા કે દેવલોમાં તે ચિત્રફલક ઉંચું કરીને બતાવવા લાગ્યો. (૧)

એટલે તથાસ્વરૂપ ચક્રવાક-મિથુનને જોઇ, લોકો કૌતૂહલથી તેને પૂછતા અને તે યથાર્થ કહી બતાવતો. (૨)

એમ નિરંતર સવિસ્તર કથા કહેવાને અસમર્થ એવો તે **દ્રુપદી** છંદમાં સંક્ષેપાર્થથી બાંધેલ પોતાનો વૃત્તાંત આ પ્રમાણે કહેવા લાગ્યો-(૩)

'માન સરોવરમાં પરસ્પર પ્રૌઢ પ્રેમથી રંજિત, એક ક્ષણભર પણ વિરહ થતાં ભારે સંતાપ પામનાર, લુબ્ધક-શિકારીએ છોડેલ તીક્ષ્ણ બાણથી વ્યાકુલ થતાં પંચત્વ પામેલ આ ચક્રવાકયુગલ અત્યારે સંયોગને ઇચ્છે છે.' (૪)

इमं च निसामिऊण केई पहसंति, केई अवहीरंति, केइ अणुकंपंति। सोऽवि अविलक्खचित्तो सकज्जपसाहणेक्कनिरओ परियडंतो चंपं नयरिं गओ। तत्थ य निट्ठियं पुव्वाणियं संबलं। तओ अन्नं जीवणोवायमपेच्छंतो तं चेव चित्तफलगं पासंडं ओड्डिऊण गायणाइं गायमाणो भिक्खं भमिउं पवत्तो। अविय-

अइतिक्खछुहाभिहयस्स पिययमाजोगऊसुयमणस्स।
एक्काविय से किरिया उभयत्थपसाहिया जाया ।।१।।

इओ य-तत्थेव पुरे वत्थव्वो **मंखली** नाम गिहवई, **सुभद्दा** य से भज्जा, सो य अपरिहत्थो वाणिज्जकलासु, अकुसलो नरिंदसेवाए, असमत्थो करिसणसमए, अलसो कट्ठकिरियाए, अवियक्खणो वावारंतरेसु, केवलं भोयणमेत्तपडिबद्धो कहं सुहेण निव्वाहो

---

इदं च निःशम्य केऽपि प्रहसन्ति, केऽपि अवहीलयन्ति, केऽपि अनुकम्पन्ते। सोऽपि अविलक्षचित्तः स्वकार्यप्रसाधनैकनिरतः पर्यटन् चम्पां नगरीं गतः। तत्र च निष्ठितं पूर्वाऽऽनीतं शम्बलम्। ततः अन्यं जीवनोपायम् अप्रेक्षमाणः तदेव चित्रफलकं पाखण्डम् अवगुण्ठ्य गायनानि गायन् भिक्षां भ्रमितुं प्रवृत्तः। अपि च-

अतितीक्ष्णक्षुधभिहतस्य प्रियतमायोगोत्सुकमनसः।
एकाऽपि च सा क्रिया उभयार्थप्रसाधिका जाता ।।१।।

इतश्च-तत्रैव पुरे वास्तव्यः **मङ्खली** नामकः गृहपतिः, **सुभद्रा** च तस्य भार्या। सश्च अनिपुणः वाणिज्यकलासु, अकुशलः नरेन्द्रसेवायाम्, असमर्थः कर्षणशास्त्रे, अलसः काष्ठक्रियायाम्, अविचक्षणः व्यापारान्तरेषु केवलं भोजनमात्रप्रतिबद्धः कथं सुखेन निर्वाहः भवेदिति अनवरतम् उपायान्तरं विचिन्तयन्

---

એમ સાંભળતાં કેટલાક હસતા, કેટલાક અવહીલના કરતા અને કેટલાક અનુકંપા લાવતા; છતાં તે પ્રત્યે અવિલક્ષ અને સ્વકાર્ય સાધવામાં બહુ જ તત્પર એવો તે ભ્રમણ કરતો કરતો **ચંપા** નગરીમાં ગયો. ત્યાં પૂર્વે લાવેલ ભાથુ ખલાસ થયું એટલે અન્ય આજીવિકાનો ઉપાય હાથ ન લાગવાથી તે જ ચિત્રફલકને પાખંડરૂપ બનાવી, ગાયન ગાતાં તે ભિક્ષા માટે ભમવા લાગ્યો. એમ

એક તરફ તે અતિ ક્ષુધાથી પીડિત હતો અને વળી પ્રિયતમના યોગને માટે તે ભારે ઉત્સુક હતો, જેથી તેની એક જ ક્રિયા બંને કાર્ય સાધનાર થઇ પડી. (૧)

હવે તે જ નગરીમાં એક **મંખલી** નામે ગૃહસ્થ રહેતો. તેની **સુભદ્રા** નામે ભાર્યા હતી. તે વાણિજ્ય-કળાઓમાં અજ્ઞાત, રાજસેવામાં અકુશળ, કૃષિકર્મમાં અસમર્થ, કષ્ટક્રિયામાં આળસુ અને અન્ય ઉદ્યોગમાં પણ અચતુર હતો; પરંતુ કેવળ ભોજન માત્રમાં પ્રતિબદ્ધ હતો. 'તે હવે સુખે નિર્વાહ કેમ થશે?' એમ સતત અન્ય અન્ય ઉપાય

होज्जत्ति अणवरयं उवायंतरं विचिंतंतो पेच्छइ मंखं चित्तपट्टपयडणपडियकणभिक्खावित्तीए पइदिणं सुहेण निव्वहंतं। तं च दट्ठूण चिंतियमणेण-अहो एयस्स इमा अणुवरोहिणी वित्ती अचोरहरणिज्जं भंडोल्लं, निच्चंदुहा कामधेणू, असलिला सस्सनिप्फत्ती, अपरिकिलेसो महानिही। ता जीविओऽम्हि चिरकालाओ जं पाविओ एस परमोवाओत्ति विगप्पिऊण गओ मंखस्स समीवं, पडिवन्ना तस्स सेवा, सिक्खियाइं गायणाइं। अह तंमि पुव्वभव्वभज्जा-विरहवज्जजज्जरियहिययंमि पंचत्तमुवगए मुणियतत्तं व अप्पाणं मन्नंतो महया वित्थरेण चित्तफलगमवरमालिहाविऊण समागओ नियगमंदिरं। भणिया नियगेहिणी-'पिए! पाडेसु संपयं छुहासिरे वज्जासणिं, पगुणा भवाहि य विहारजत्ताए।' तीए वुत्तं 'एसा पगुणाऽहं, वच्चसु जत्थ भे रोयइ', तओ चित्तफलगं घेत्तुं तीए समेओ नीहरिओ सो नयरीओ, तव्वित्तीए परिब्भमिउमारद्धो य देसंतरेसु। तव्वासिलोगोऽवि पुव्वदिट्ठनाएण तमागयं पेच्छिऊण

---

प्रेक्षते मङ्खं चित्रपट्टप्रकटनपतितकणभिक्षावृत्या प्रतिदिनं सुखेन निर्वहन्तम्। तं च दृष्ट्वा चिन्तितमनेन 'अहो! एतस्य इयम् अनुपरोधिनी वृत्तिः, अचौरहरणीयं धनसमूहम्, नित्यंदुहा कामधेनुः, असलिला शस्यनिष्पत्तिः, अपरिक्लेशः महानिधिः। ततः जीवितोऽहं चिरकालं यद् प्राप्तः एषः परमोपायः' इति विकल्प्य गतः मङ्खस्य समीपम्, प्रतिपन्ना तस्य सेवा, शिक्षितानि गायनानि। अथ तस्मिन् पूर्वभवभार्याविरहवज्रजर्जरितहृदये पञ्चत्वमुपगते ज्ञाततत्त्वं चाऽऽत्मानं मन्यमानः महता विस्तरेण चित्रफलकम् अपरम् आलेख्य समागतः निजमन्दिरम्। भणिता निजगृहिणी 'प्रिये! पातय साम्प्रतं क्षुध्शिरसि वज्राऽशनिम्, प्रगुणाभव च विहारयात्रायै।' तया उक्तं 'एषा प्रगुणाऽहम्, व्रजावः यत्र तुभ्यं रोचते।' ततः चित्रफलकं गृहीत्वा तया समेतः नीहृतः सः नगर्याः, तद्वृत्या परिभ्रमितुमारब्धवान् च देशान्तरेषु। तद्वासितलोकोऽपि पूर्वदृष्टन्यायेन तमागतं प्रेक्ष्य मङ्खः आगतः इति व्याहरति। एवं मङ्खली मङ्खोपदिष्टपाषण्डसम्बद्धेन

---

ચિંતવતો. એવામાં ચિત્રફલક બતાવતા કણભિક્ષા મેળવી સુખે નિર્વાહ ચલાવતા મંખને તેણે જોયો. તેને જોતાં મંખલીએ વિચાર કર્યો કે-'અહો! એની વૃત્તિ કોઇથી અટકાવી ન શકાય તેવી છે, ચોર ન ચોરી શકે તેવો એ ભંડોળ છે, નિત્ય દૂઝતી એ કામધેનુ છે, પાણી વિનાની એ ધાન્યોત્પત્તિ છે અને ક્લેશ વિનાનું એ મહાનિધાન છે; તો હવે હું ચિરકાલ જીવતો રહ્યો કે આ પરમ ઉપાય હાથ લાગ્યો.' એમ ધારી તે મંખની પાસે ગયો, તેની સેવા સ્વીકારી અને ગાયનો શીખ્યો. એવામાં પૂર્વભવની ભાર્યાના વિરહ-વજ્રથી હૃદયમાં જર્જરિત થતાં મંખ પંચત્વ પામ્યો. એટલે પોતાને તત્ત્વજ્ઞ સમાન માનતો તે મોટા વિસ્તારથી બીજું ચિત્રફલક આળેખાવી પોતે ઘરે આવ્યો અને પોતાની ગૃહિણીને કહેવા લાગ્યો કે-'હે પ્રિયે! હવે ક્ષુધાના શિરે વજ્ર માર. વિહાર-યાત્રા માટે તૈયાર થા.' તે બોલી-'હું તો આ તૈયાર છું. તમને ગમે ત્યાં ચાલો.' પછી ચિત્રફલક લઇ, સ્ત્રી સહિત તે નગરીથી ચાલી નીકળ્યો અને દેશાંતરોમાં ભમવા લાગ્યો. ત્યાંના લોકો પણ પૂર્વે જોયેલ ચિહ્નથી તેને આવેલ જોઇ 'મંખ આવ્યો'

मंखो आगओत्ति वाहरइ, एवं मंखली मंखोवइट्ठपासंडसंबद्धेण मंखो जाओत्ति। अन्नया य सो परिब्भमंतो पत्तो **सरवण**सन्निवेसे, ठिओ गोबहुलमाहणस्स गोसालाए। तत्थ निवसमाणस्स पसूया सुभद्दा, जाओ से दारगो, कयं उचियसमए गुणनिप्फन्नं **गोसालो**त्ति नामं, संवड्ढिओ कमेणं, अइक्कंतो बालत्तणं। सो य दुट्ठसीलो सभावेणं, कुणइ विविहाणत्थे सभावेण, न वट्टइ आणानिद्देसे, सिक्खविज्जमाणो पवहइ पओसं। अवि य-

सम्माणदाणपगुणीकओवि उज्जुत्तणं खणं धरइ।
सुणपुच्छंपिव पच्छा कुडिलत्तं झत्ति दंसेइ ।।१।।

अत्थक्कजंपिरं मम्मवेहगं कूडकवडपडिबद्धं।
वेयालं पिव तं पेच्छिऊण को को न संकेइ? ।।२।।

---

मङ्खः जातः। अन्यदा च सः परिभ्रमन् प्राप्तः **शरवण**सन्निवेशे, स्थितः गोबहुलब्राह्मणस्य गोशालायाम्। तत्र निवसतः प्रसूता सुभद्रा, जातः तस्य दारकः, कृतम् उचितसमये गुणनिष्पन्नं **गोशालः** इति नाम, संवर्धितः क्रमेण, अतिक्रान्तः बालत्वम्। सः च दुष्टशीलः स्वभावेन, करोति विविधाऽनर्थान् स्वभावेन, न वर्तते आज्ञानिर्देशे, शिक्षाप्यमानः प्रवहति प्रदोषम्। अपि च -

सन्मानदानप्रगुणीकृतः अपि ऋजुतां क्षणं धारयति।
श्वन्पृच्छमिव पश्चात् कुटिलतां झटिति दर्शयति ।।१।।

अकाण्डजल्पनशीलं मर्मवेधकं कूटकपटप्रतिबद्धम्।
वेतालमिव तं प्रेक्ष्य कः कः न शङ्कते ।।२।।

---

એમ કહેવા લાગ્યા. એવી રીતે મંખે ચલાવેલ પાખંડના સંબંધથી મંખલી મંખ કહેવાયો. એકદા પરિભ્રમણ કરતાં તે શરવણ સંનિવેશમાં ગયો અને ત્યાં **ગોબહુલ** બ્રાહ્મણની ગૌશાળામાં રહ્યો. ત્યાં રહેતાં સુભદ્રાએ એક પુત્રને જન્મ આપ્યો. યોગ્ય અવસરે તેનું **ગોશાલ** એવું ગુણનિષ્પન્ન નામ રાખ્યું. તે અનુક્રમે વૃદ્ધિ પામતાં તરુણ થયો. તે સ્વભાવે દુઃશીલ અને અનેક અનર્થ કરતો, આજ્ઞા માનતો નહિ અને શિખામણ આપતાં દ્વેષ બતાવતો

તેમજ સન્માન-દાન આપતાં પણ તે ક્ષણભર સરલતા ધરતો; પણ પછી કૂતરાના પુચ્છની જેમ તરત કુટિલતા બતાવતો. (૧)

વેતાલની જેમ મર્મવેધક અને કૂડ-કપટયુક્ત પ્રસંગ વિના બોલનાર એવા તેને જોઇને કોણ ભય ન પામતું? (૨)

'पाव! नवमासमेत्तं गब्भे वूढोवि पालिओवि बहुं।
सयवारंपि य भणिओ वट्टसि नो वयणमेत्तेऽवि' ।।३।।

इय जणणीए एसो वुत्तो पच्चुत्तरं इमं भणइ।
'अम्मो! ममोदरे विससु जेण दुगुणं तुमं धरिमो' ।।४।।

जत्थ दिवसंमि कलहं पिउणावि समं पउंजइ न एसो।
भोयणरुईवि पावस्स तस्स जायइ न तत्थ फुडं ।।५।।

नीसेसदोसनिवहेण निम्मिओ निच्छियं पयावइणा।
जं तारिसो न दीसइ अन्नो सव्वंमिवि जयंमि ।।६।।

तह कहवि तेण नियदुट्ठिमाइ लोगो परंमुहो विहिओ।
जह दुस्सीलजणाणं सो पढमनिदंसणं पत्तो ।।७।।

---

'पाप! नवमासमात्रं गर्भे उढः अपि, पालितोऽपि बहुः।
शतवारमपि च भणितः वर्तसे नो वचनमात्रेऽपि' ।।३।।

इति जनन्या एषः उक्तः प्रत्युत्तरं इदं भणति।
'अम्ब! ममोदरे विश येन द्विगुणं त्वां धारयामि' ।।४।।

यस्मिन् दिवसे कलहं पित्राऽपि समं प्रयुङ्क्ते न एषः।
भोजनरुचिः अपि पापस्य तस्य जायते न तत्र स्फुटम् ।।५।।

निःशेषदोषनिवहेन निर्मितः निश्चितं प्रजापतिना।
यत् तादृशः न दृश्यते अन्यः सर्वस्मिन् अपि जगति ।।६।।

तथाकथमपि तेन निजदुष्टतया लोकः पराङ्मुखः विहितः।
यथा दुःशीलजनानां सः प्रथमनिदर्शनं प्राप्तः ।।७।।

---

એક વખતે તેને માતાએ ઠપકો આપતાં કહ્યું કે-'અરે પાપી! નવ માસ ગર્ભમાં ધર્યો, બહુ પ્રકારે પાળ્યો અને અનેક વાર શિખામણ આપતાં તું એક વચનમાત્ર પણ માનીને વર્ત્તતો નથી.' એટલે તેણે જવાબ આપ્યો કે-'અમ્મા! મારા ઉદરમાં પેસી જા, તો હું તને તે કરતાં બમણો વખત ધારણ કરીશ.' (૩/૪)

વળી જે દિવસે પિતાની સાથે પણ એ કલહ ન કરતો તે દિવસે તે પાપાત્માને બરાબર ભોજન પણ ભાવતું નહિ. (૫)

સમસ્ત દોષ લઇને જ પ્રજાપતિએ તેને બનાવ્યો હશે, કારણ કે સર્વ જગતમાં તેવો અન્ય કોઇ દેખાતો ન હતો. (૬)

તેણે પોતાની દુષ્ટતાથી લોકોને એવા તો વિમુખ બનાવી દીધા કે જેથી દુઃશીલ જનોમાં તે એક પ્રથમ દૃષ્ટાંતરૂપ થઇ પડ્યો. (૭)

इय विसतरुव्व दिट्ठीविसोव्व पढमुग्गमेवि वट्टंतो।
दंसणमेत्तेणं चिय भयावहो सो जणे जाओ ।।८।।

अन्नया य सो पिउणा समं बाढं कलहिऊण तारिसयं चिय चित्तफलयं आलिहावेत्ता एक्कल्लो भमंतो उवागओ तत्थेव सालाए जत्थ भयवं ठिओत्ति। एसा गोसालगस्स उप्पत्ती ।।

अह सामी पढमं मासक्खमणं काऊण पारणगदिणे पविट्ठो भिक्खट्ठा, गोयरचरियाए पत्तो **विजया**भिहाणस्स सेट्ठिस्स मंदिरं, दिट्ठो य तेण भयवं। तओ परमहरिसवसविसप्पमाण-समुच्चरोमंचमुव्वहंतेण पाराविओ भूरिभक्खवंजणसनिद्धाए भोयणविहीए। पाउब्भूयाणि नहयले गंभीरभेरी-भंकारुम्मिस्सचउविहतूरसणाहाइं सिंदूरपूरारुणचामीयरधारापज्जवसाणाइं पंच दिव्वाइं, वियंभिओ तिय-चउक्क-चच्चरपहेसु विविहो साहुवाओ। निसामिओ गोसालेण

---

इति विषतरुः इव, दृष्टिविषः इव प्रथमोद्गमेऽपि वर्तमानः।
दर्शनमात्रेण एव भयाऽऽवहः सः जने जातः ।।८।।

अन्यदा च सः पित्रा समं बाढं कलहं कृत्वा तादृशमेव चित्रफलकं आलिख्य एकाकी भ्रमन् उपागतः तत्रैव शालायां यत्र भगवान् स्थितः। एषा गोशालकस्य उत्पत्तिः।

अथ स्वामी प्रथमं मासक्षपणं कृत्वा पारणकदिने प्रविष्टः भिक्षार्थम्, गोचरचर्यया प्राप्तः **विजया**भिधानस्य श्रेष्ठिनः मन्दिरं, दृष्टश्च तेन भगवान्। ततः परमहर्षवशविसर्पमाणसमुच्चरोमाञ्चम् उद्वहता पारापितः भूरिभक्ष्य-व्यञ्जनस्निग्धया भोजनविधिना। प्रादुर्भूतानि नभतले गम्भीरभेरी-भङ्कारोन्मिश्र-चतुर्विधतूरसनाथानि सिन्दूरपूराऽरुणचामीकरधारापर्यवसानानि पञ्चदिव्यानि, विजृम्भितः त्रिक-चतुष्क-चत्वरपथेषु विविधः साधुवादः। निश्रुतः गोशालेन एषः वृत्तान्तः। ततः चिन्तितमनेन 'अहो! न सामान्यमाहात्म्यः एषः देवार्यः, तस्मात्

---

એ પ્રમાણે પ્રથમાવસ્થામાં પણ વિષવૃક્ષ કે દૃષ્ટિવિષની જેમ વર્ત્તતાં તે લોકોમાં દેખાવ માત્રથી પણ ભયાનક થઇ પડ્યો. (૮)

પછી એક વખતે પિતા સાથે અત્યંત કલહ કરી, તેવું જ એક ચિત્રફલક આળેખાવી એકલો ભમતો ભમતો તે જ્યાં ભગવાન્ ધ્યાનસ્થ હતા તે જ શાળામાં આવી ચડ્યો. એ ગોશાળાની ઉત્પત્તિ કહી.

હવે સ્વામી પ્રથમ માસખમણ કરી પારણાના દિવસે ભિક્ષા માટે નીકળ્યા અને **વિજય** નામના શેઠના ઘરે ગયા. ત્યાં ભગવંતને જોતાં પરમ હર્ષથી રોમાંચ ધારણ કરતાં તેણે બહુ ભક્ષ્ય-વ્યંજનવડે સ્નિગ્ધ ભોજનથી પારણું કરાવ્યું. એટલે આકાશમાં ગંભીર ભેરીના ધ્વનિમિશ્રિત ચતુર્વિધ વાદ્યો વાગ્યાં અને સિંદૂરના પૂર સમાન અરુણ કનકની ધારા પ્રમુખ પંચ દિવ્યો પ્રગટ થયાં, જેથી ત્રિક, ચતુષ્પથ, ચોક પ્રમુખ માર્ગે વિવિધ સાધુવાદ શરૂ થયો.

एस वुत्तंतो। तओ चिंतियमणेण-अहो न सामन्नमाहप्पो एस देवज्जो, ता परिच्चइऊण चित्तपट्टिगापासंडं पडिवज्जामि एयस्स सीसत्तणं। न कयाइ निप्फला हवइ रयणायरसेवा। एवं विगप्पमाणस्स भयवं पारिऊण पत्तो तमेव तंतुवायसालं, ठिओ काउस्सग्गेणं। गोसालोऽवि सामिणो अट्ठंगं निवडिऊण चलणेसु विन्नवेइ-

एरिसमाहप्पं तुह देवज्जय! नो मए पुरा नायं।
कुसलोऽवि मुणइ नग्घं अहवा थवियाण रयणाणं ।।१।।

नियजणगच्चाओऽविहु वंछियसुहअत्थसाहगो जाओ।
अणुकूले वा दइवे अनओऽवि नयत्तणमुवेइ ।।२।।

---

परित्यज्य चित्रपट्टिकापाखण्डं प्रतिपद्ये एतस्य शिष्यत्वम्। न कदाचिद् निष्फला भवति रत्नाकरसेवा। एवं विकल्पमानस्य भगवान् पारयित्वा प्राप्तः तामेव तन्तुवायशालाम्, स्थितः कायोत्सर्गेण। गोशालोऽपि स्वामिनम् अष्टाङ्गम् निपत्य चरणयोः विज्ञापयति -

एतादृशं माहात्म्यं तव देवार्य! नो मया पुरा ज्ञातं।
कुशलोऽपि जानाति नाऽर्घम् अथवा स्थापितानां रत्नानाम् ।।१।।

निजजनकत्यागः अपि खलु वाञ्छितशुभार्थसाधकः जातः।
अनुकूले वा दैवे अन्यायोऽपि न्यायत्वमुपैति ।।२।।

---

તે વૃત્તાંત ગોશાળાના સાંભળવામાં આવ્યો, જેથી તેણે વિચાર કર્યો કે-'અહો! આ દેવાર્ય સામાન્ય મહિમાવાળા નથી, માટે ચિત્રફલકના પાખંડને તજી એનો શિષ્યભાવ સ્વીકારું. રત્નાકરની સેવા કદાપિ નિષ્ફળ થતી નથી.' એમ તે વિકલ્પ કરે છે તેવામાં ભગવંત પારણું કરીને તે જ વણકરની શાળામાં આવ્યા અને કાયોત્સર્ગે રહ્યા. ત્યાં ગોશાળો પણ અષ્ટાંગે સ્વામીના ચરણમાં પડીને વિનવવા લાગ્યો કે-

'હે દેવાર્ય! તમારું આવું માહાત્મ્ય હું પહેલાં જાણી ન શક્યો અથવા તો કુશળ પુરુષ પણ પ્રશસ્ત રત્નોની કિંમત જાણી ન શકે. (૧)

પોતાના પિતાનો ત્યાગ પણ મને વાંછિત સુખ-સાધક થઇ પડ્યો, અથવા તો દૈવ અનુકૂળ થતાં અન્યાય પણ ન્યાયપણાને પામે છે. (૨)

हवउ बहुजंपिएणं पडिवज्जिस्सामि तुम्ह सीसत्तं।
अब्भुवगमेसु सामिय! पत्तो एक्को तुमं सरणं ।।३।।

सामीवि इमं सुणित्तावि विहिपडिसेहे अकुणमाणो तुसिणिक्को ठिओ। इयरोऽवि नियया‌भिप्पाएण पडिवन्नसिस्सभावो भिक्खाए पाणवित्तिं काऊण भगवओ समीवं न मुयइ। अह बीयमासखमणपारणए **आणंद**नामस्स गिहवइस्स घरे गोयरचरियाए पविट्ठो भयवं, पडिलाभिओ य खज्जगविहीए। तइए य मासखमणपारणए **सुनंद**स्स मंदिरे सव्वकामगुणिएणंति। एत्तो चउत्थमासखमणमुवसंपज्जित्ता णं विहरइ, गोसालोऽवि बहुदिवससेवासंभावियपणयभावो कत्तियपुन्निमादिवसे संपत्ते पुच्छइ-'भयवं! एरिसियंमि वारिसियमहूसवे किमहमज्ज भत्तं लभिस्सामि?।' एत्थंतरे जिणवरतणुसंलीणेण भणियं सिद्धत्थवंतरेण-'भद्द! अज्ज तुमं पाविहिसि अंबिलेण समं कोद्दवकूरं, कूडरूवगं च

---

भवतु बहुजल्पितेन प्रतिपत्स्ये तव शिष्यत्वम्।
अभ्युपगच्छ स्वामिन्! प्राप्तः एकस्य तव शरणम् ।।३।।

स्वामी अपि इदं श्रुण्वनपि विधि-प्रतिषेधौ अकुर्वन् तुष्णीकः स्थितः। इतरोऽपि निजाऽभिप्रायेण प्रतिपन्नशिष्यभावः भिक्षया प्राणवृत्तिं कृत्वा भगवतः समीपं न मुञ्चति। अथ द्वितीयमासक्षपणपारणके **आनन्द**नामकस्य गृहपतेः गृहं गोचरचर्यया प्रविष्टः भगवान्, प्रतिलाभितश्च खाद्यविधिना। तृतीये च मासक्षपणपारणके **सुनन्दस्य** मन्दिरं सर्वकामगुणितेन। अथ चतुर्थमासक्षपणम् उपसम्पद्य विहरति। गोशालः अपि बहुदिवससेवासम्भावितप्रणयभावः कार्तिकपूर्णिमादिवसे सम्प्राप्ते पृच्छति 'भगवन्! एतादृशे वार्षिकमहोत्सवे किमहमद्य भक्तं लप्स्ये?।' अत्रान्तरे जिनवरतनुसंलीनेन भणितं सिद्धार्थव्यन्तरेण 'भद्र! अद्य त्वं प्राप्स्यसि

---

હવે બહુ કહેવાથી શું? હું તમારો શિષ્ય થઈશ. હે સ્વામિન્! એક તમારા શરણે હું આવ્યો છું, માટે મારો સ્વીકાર કરો.' (૩)

એમ સાંભળતાં વિધિ-પ્રતિષેધ ન કરતાં ભગવંત પણ મૌન રહ્યા. એટલે પોતાના અભિપ્રાય પ્રમાણે સ્વામીએ શિષ્યત્વ સ્વીકારેલ સમજી, ભિક્ષાવૃત્તિથી ગુજરાન ચલાવતો ગોશાળો ભગવંતના સમીપને મૂકતો નહિ. એવામાં બીજા માસખમણના પારણે પ્રભુ **આનંદ** નામના ગૃહસ્થના ઘરે ભિક્ષા નિમિત્તે ગયા. તેણે ખાદ્ય-સ્વાદિષ્ટ ભોજનથી પ્રભુને પ્રતિલાભ્યા. ત્રીજા માસખમણના પારણે **સુનંદ**ના ઘરે પ્રભુ શ્રેષ્ઠ આહાર પામ્યા. પછી ચોથું માસખમણ આવ્યું. એવામાં ઘણા દિવસની સેવાથી પ્રણય-ભાવની સંભાવના કરતા ગોશાળે કાર્તિક-પૂર્ણિમાના દિવસે ભગવંતને પૂછ્યું કે-'હે નાથ! આવા વાર્ષિક-મહોત્સવમાં આજે મને કેવા ભક્ત-ભોજનનો લાભ થશે?' એટલે જિનેશ્વરના શરીરમાં સંલીન એવા સિદ્ધાર્થ વ્યંતરે કહ્યું કે-'હે ભદ્ર! આજે તું આમ્લ-ખટાઈ યુક્ત કોદ્રવના ભાત પામીશ, અને દક્ષિણામાં ખોટો રૂપિયો મેળવીશ.' એમ સાંભળતાં સૂર્યોદયથી માંડીને બહુ ખંતથી સર્વ ઉંચ-નીચ

दक्खिणाएत्ति।' सो एवं निसामिऊण सूरुग्गमाए आरब्भ सव्वायरेण उच्चावएसु गिहेसु परिभमिउमारद्धो। जत्थ जत्थ वच्चइ तत्थ तत्थ आरनालकल्लवियं कोद्दवकूरमेव लब्भइ। अह जायंमि अवरण्हसमए छुहापिवासाभिहओ जाहे अन्नं किंपि न पावेइ ताहे एगेण कम्मारएण गेहे णेऊण जेमाविओ अंबिलोल्लियं कोद्दवकूरं, उवणीओ य से भोयणावसाणे रूवगो, गहिओ य तेण, नवरं वीहीए दंसिओ, कूडगो य जाओ, तओ सो 'जेण जहा भवियव्वं, न तं हवइ अन्नह'त्ति नियइवायं गिण्हइ।

भयवंपि तंमि चिय कत्तियपुण्णिमादिणे निक्खमिऊण नालंदाओ गओ कोल्लागसन्निवेसं। तत्थ य **बहुलो** नाम माहणो तद्दिणं दियवरे परमायरेणं भुंजावेइ। तस्स य गिहे चउत्थमास-खमणपारणगं काउकामो सामी पविट्ठो भिक्खं, दिट्ठो अणेण, तओ परमन्नेण घयमहुसणाहेण पडिलाभिओ। वियंभियाइं पंच दिव्वाइं। इओ य-

---

आचाम्लेन समं कोद्रवकूरम्, कूटकरूप्यं च दक्षिणायाम्' इति। सः एवं निःशम्य सूर्योद्गमाद् आरभ्य सर्वाऽऽदरेण उच्चावचेषु गृहेषु प्ररिभ्रमितुम् आरब्धवान्। यत्र यत्र व्रजति तत्र तत्र आरनालाऽऽर्द्रितं कोद्रवकूरमेव लभ्यते। अथ जाते अपराह्णसमये क्षुत्पिपासाऽभिहतः यदा अन्यत्किमपि न प्राप्नोति तदा एकेन कर्मकारेण गृहे नीत्वा जेमितः आम्लार्द्रम् कोद्रवकूरम्, उपनीतश्च तं भोजनाऽवसाने रूप्यकः, गृहीतश्च तेन, नवरं वीथिकायां दर्शितः, कूटश्च जातः ततः सः 'येन यथा भवितव्यं न तद्भवति अन्यथा' इति नियतिवादं गृह्णाति।

भगवानपि तस्मिनेव कार्तिकपूर्णिमादिने निष्क्रम्य नालन्दातः गतः कोल्लाकसन्निवेशम्। तत्र च बहुलः नामकः ब्राह्मणः तद्दिनं द्विजवरान् परमाऽऽदरेण भोजयति। तस्य च गृहे चतुर्थमासक्षपणपारणकं कर्तुकामः स्वामी प्रविष्टः, भिक्षार्थम्, दृष्टः अनेन, ततः परमान्नेन घृतमधुसनाथेन प्रतिलाभितः। विजृम्भितानि पञ्चदिव्यानि। इतश्च-

---

ઘરોમાં ભમવા લાગ્યો. જ્યાં જ્યાં તે જતો ત્યાં ત્યાં તે આમ્લમિશ્રિત કોદરાના ભાત જ પામતો. એવામાં પાછલો પહોર થતાં ક્ષુધા-પિપાસાથી પરાભવ પામતાં, જ્યારે અન્ય કાંઇ પણ ન પામ્યો ત્યારે એક કારીગરે પોતાને ઘરે તેડી જઇને તેને આમ્લ સહિત કોદ્રવના ભાત જમાડ્યા અને જમ્યા પછી એક રૂપિયો આપતાં ગોશાળે ગ્રહણ કર્યો, પણ બજારમાં બતાવવા જતાં તે ખોટો નીવડ્યો જેથી 'જે થવાનું છે તે અન્યથા થતું નથી' એવા નિયતિવાદને તેણે અંગીકાર કર્યો.

પછી ભગવાન્ પણ તે જ કાર્તિકી પૂર્ણિમાના દિવસે નાલંદાથકી નીકળીને **કોલ્લાગ** સંનિવેશમાં ગયા. ત્યાં **બહુલ** નામે બ્રાહ્મણ તે દિવસે અન્ય બ્રાહ્મણોને પરમ ભક્તિથી જમાડતો હતો. ચોથા માસખમણના પારણે સ્વામી ભિક્ષા નિમિત્તે તેના ઘરમાં ગયા. એટલે ભગવંતને જોતાં તેણે ઘી-સાકરમિશ્રિત પરમાન્ન-ખીરથી પ્રભુને પ્રતિલાભ્યા. ત્યાં પંચ દિવ્યો પ્રગટ થયાં.

कूडगरूवयहत्थो लज्जाए मंदमंदसंचरणो।
जाए वियालसमए गोसालो एइ सालाए ।।१।।

जिणनाहमपेच्छंतो संभंतो पुच्छई समीवगयं।
लोयं जिणप्पउत्तिं पुणरुत्तं सव्वजत्तेणं ।।२।।

जाव न कोइ निवेयइ सबाहिरब्भंतरं समंतेणं।
नालंदं तावेसो हिंडइ सामिं निहालंतो ।।३।।

न य कत्थवि उवलद्धो तग्गमणविही तओ स चिंतेइ।
पडिकूलो मज्झ विही पुणोवि विहिउऽम्हि एगागी ।।४।।

---

कूटरूप्यकहस्तः लज्जया मन्दं मन्दं सञ्चरन्।
जाते विकालसमये गोशालः एति शालायाम् ।।१।।

जिननाथमप्रेक्षमाणः सम्भ्रान्तः पृच्छति समीपगतम्।
लोकम् जिनप्रवृत्तिं पुनरुक्तं सर्वयत्नेन ।।२।।

यावन्न कोऽपि निवेदयति सबहिरभ्यन्तरं समन्तात्।
नालन्दां तावदेषः हिण्डते स्वामिनम् निभालयन् ।।३।।

न च कुत्राऽपि उपलब्धः तद्गमनविधिः ततः सः चिन्तयति।
प्रतिकूलः मम विधिः पुनरपि विहितोऽहम् एकाकी ।।४।।

---

હવે અહીં ખોટા રૂપિયાને હાથમાં લઇ, લજ્જાને લીધે મંદ મંદ ચાલતાં, છેક સંધ્યા સમયે ગોશાળો તે શાળામાં આવ્યો. (૧)

ત્યાં જિનેશ્વરને ન જોવાથી સંભ્રાંત થઇ સર્વ યત્નપૂર્વક વારંવાર પાસેના લોકોને પ્રભુના સમાચાર પૂછવા લાગ્યો. (૨)

જ્યારે કોઇએ તેને જવાબ ન આપ્યો ત્યારે સ્વામીને શોધવા માટે તે ચોતરફ બહાર અને અંદર નાલંદ ગામમાં ભમવા લાગ્યો, (૩)

છતાં ભગવંત ગયાના સમાચાર તેને ક્યાંય પણ ન મળ્યા. એટલે તેણે વિચાર કર્યો કે-'અહો! દૈવ મને પ્રતિકૂળ છે કે જેથી ફરીને પણ મને એકલો કરી દીધો.' (૪)

एवं च सुचिरं परिझूरिऊण परिचत्तचित्तफलगपमुहोवगरणो विमुक्कनियंसणो सउत्तरोट्ठं सिरं खउराविऊण नीहरिओ तंतुवायसालाओ, तुरियं वच्चंतो य पत्तो कोल्लागे। तत्थ य बहिया जणो अण्णमण्णं एवं जंपेइ-'अहो धण्णो, कयउण्णो, उवलद्धजम्मजीवियफलो माहणो जस्स घरंभि तहाविहमहामुणिदाणवसेण निवडिया कणगवुट्ठी, तियसेहिं उग्घुट्ठं अहो दाणं, जाओ जयंमि निम्मलो साहुवाओ।' गोसालोऽवि एयभट्ठं जणंतियाओ सोच्चा हट्ठतुट्ठो एवं विचिंतेइ-'जारिसं महामुणिं एए वयंति तारिसप्पभावो सोच्चिय मम धम्मायरिओ महावीरो, जेण न खलु अत्थि अन्नस्स कस्सइ तहारूवस्स समणस्स वा माहणस्स वा एवंविहा इड्ढीसक्कारपरक्कम'त्ति निच्छिऊण कोल्लागसंनिवेसंमि स बाहिरब्भंतरं सुनिउणदिट्ठीए जाव पलोएइ ताव दिट्ठो भयवं काउस्सग्गमुवगओ। तं च पेच्छिऊण हरिसवसूससियरोमकूवो, वियसियवयणो, पावियचिंतारयणं व अप्पाणं मन्नंतो तिक्खुत्ता

---

एवं च सुचिरं परिशुच्य परित्यक्तचित्रफलकप्रमुखोपकरणः, विमुक्तनिवसनः, सोत्तरोष्ठं (श्मश्रु) शिरः क्षोरयित्वा निहृतवान् तन्तुवायशालातः, त्वरितं व्रजन् च प्राप्तः कोल्लाकम्। तत्र च बाह्यः जनः अन्योन्यम् एवं जल्पति 'अहो धन्यः, कृतपुण्यः, उपलब्धजन्मजीवितफलः ब्राह्मणः यस्य गृहे तथाविधमहामुनिदानवशेन निपतिता कनकवृष्टिः, त्रिदशैः उद्घृष्टम् 'अहो दानम्,' जातः जगति निर्मलः साधुवादः। गोशालः अपि एतदर्थं जनाऽन्तिकात् श्रुत्वा हृष्टतुष्टः एवं विचिन्तयति-'यादृशं महामुनिं एते वदन्ति तादृशप्रभावः सः एव मम धर्माचार्यः महावीरः, येन न खलु अस्ति अन्यस्य कस्याऽपि तथारूपस्य श्रमणस्य वा, ब्राह्मणस्य वा एवंविधाः ऋद्धि-सत्कार-पराक्रमाः' इति निश्चित्य कोल्लाकसन्निवेशे सबाह्याऽभ्यन्तरं सुनिपुणदृष्ट्या यावत् प्रलोकते तावद् दृष्टः भगवान् कायोत्सर्गमुपगतः। तं च प्रेक्ष्य हर्षवशउच्छ्रितरोमकूपः, विकसितवदनः,

---

એમ લાંબો વખત ખેદ કરતાં, ચિત્રફલક પ્રમુખ ઉપકરણ અને વસ્ત્ર તજી, મૂછ અને શિર મુંડાવી તે વણકરની શાળામાંથી બહાર નીકળ્યો અને ઉતાવળે જતાં કોલ્લાગ સંનિવેશમાં પહોંચ્યો. ત્યાં બહાર લોકો એક બીજાને આ પ્રમાણે કહેતા હતા કે-'અહો! બ્રાહ્મણ ધન્ય અને ભાગ્યશાળી, તથા જન્મ અને જીવિતનું ફળ પણ એણે જ મેળવ્યું કે જેના ઘરમાં તથાવિધ મહામુનિના દાનથી કનકવૃષ્ટિ થઇ, દેવતાઓએ 'અહો દાન'ની ઘોષણા કરી તથા જગતમાં તેનો નિર્મળ સાધુવાદ પ્રસર્યો.' આ વાત લોકોના મુખથી સાંભળતાં ભારે હર્ષ પામતાં ગોશાળો પણ ચિંતવવા લાગ્યો કે-'આ લોકો જેવા મહામુનિની વાત કરે છે તેવા પ્રભાવશાળી તો મારા ધર્માચાર્ય એક તે મહાવીર જ છે કે જેની ઋદ્ધિ, સત્કાર કે પરાક્રમની બરોબરી અન્ય કોઈ તથાવિધ શ્રમણ કે બ્રાહ્મણ કરી શકે તેમ નથી જ.' એમ નિશ્ચય કરી કોલ્લાગ ગામમાં બહાર અને અંદર તે બારીક દૃષ્ટિથી જેટલામાં જુએ છે તેવામાં કાયોત્સર્ગસ્થ ભગવંત તેના જોવામાં આવ્યા. તેમને જોતાં હર્ષથી રોમાંચિત થઇ વિકસિત મુખથી, જાણે ચિંતામણિ

आयाहिणपयाहिणं काऊण निवडिओ भयवओ चरणेसु, भालतले घडियपाणिसंपुडो य एवं भणिउं पवत्तो-

असरिसगुणगणरयणायरो तुमं तिहुयणस्स पुज्जो य।
विहलियजणसाहारो य जेण ता विण्णवेमि इमं ।।१।।

पुव्वं वत्थाइपरिग्गहेण जोग्गो न आसि दिक्खाए।
संपइ पुण परिचत्तंमि तंमि जाओ अहं जोगो ।।२।।

ता तेलोक्कदिवायर! पडिवज्जसु जेण संपइ भवामि।
तुह सिस्सो जा जीवं एत्तो तं चेव धम्मगुरू ।।३।।

---

प्राप्तचिन्तारत्नमिव आत्मानं मन्यमानः त्रिधा आदक्षिणप्रदक्षिणां कृत्वा निपतितः भगवतः चरणयोः, भालतले घटितपाणिसम्पुटः चैवं भणितुं प्रवृत्तवान्-

असदृशगुणगणरत्नाकरः त्वं त्रिभुवनस्य पूज्यः च।
विफलितजनाऽऽधारः च येन ततः विज्ञापयामि इदम् ।।१।।

पूर्वं वस्त्रादिपरिग्रहेण योग्यः न आसीत् दीक्षायै।
सम्प्रति पुनः परित्यक्ते तस्मिन् जातः अहं योग्यः ।।२।।

ततः त्रैलोक्यदिवाकर! प्रतिपद्यस्व येन सम्प्रति भवामि।
तव शिष्यः यावज्जीवं इतः त्वमेव धर्मगुरुः ।।३।।

---

પામેલ હોય તેમ પોતાને માનતો ગોશાળો ત્રણ પ્રદક્ષિણા દઇ, પ્રભુના પગે પડ્યો અને અંજલિ જોડીને કહેવા લાગ્યો કે-

'હે નાથ! તમે અસાધારણ ગુણ-ગણના રત્નાકર અને ત્રિભુવનને પૂજ્ય છો. વળી લોકોના આધારની દરકાર કરતા નથી, જેથી હું તમને વિનંતિ કરું છું કે (૧)

પૂર્વે વસ્ત્રાદિકના પરિગ્રહને લીધે હું દીક્ષાને યોગ્ય ન હતો, પરંતુ અત્યારે તેનો ત્યાગ કરી દેવાથી હું યોગ્ય થયો છું; (૨)

માટે હે ત્રિલોક-દિવાકર! તમે મારો સ્વીકાર કરો કે જેથી હું તમારો શિષ્ય થાઉં. હવે યાવજ્જીવ તમે જ મારા ધર્મગુરુ છો. (૩)

तुह थेवमेत्तविरहेवि नाह! हिययं कहंपि फुट्टंतं।
पुणरुत्तसंगमसमीहणेण कट्ठेण संधरियं ।।४।।

जाणामि वीयरागे कीरंतो नेव निव्वहइ नेहो।
पेमगहिलं सचित्तं किंतु न पारेमि पडिखलिउं ।।५।।

अन्नं च-अच्छउ दूरे सेसं वियसियनवनलिणमणहरच्छीए।
जं पेच्छसि तं तेणवि मुणेवि अब्भुवगओऽहंति ।।६।।

इय सविणयं सपणयं भणमाणे तंमि तिहुयणेक्कपहू।
उज्झियपेमवियारोवि तस्स वयणं पडिस्सुणइ ।।७।।

---

तव स्तोकमात्रविरहेऽपि नाथ! हृदयं कथमपि स्फुटत्।
पुनरुक्तसङ्गमसमीहमानेन कष्टेन संधृतम् ।।४।।

जानामि वीतरागे क्रियमाणः नैव निर्वहति स्नेहः।
प्रेमग्रहिलं स्वचित्तं किन्तु न पारयामि प्रतिस्खलितुम् ।।५।।

अन्यच्च-आस्तां दूरे शेषं विकसितनवनलिनमनोहराऽक्षिभ्याम्।
यद् प्रेक्षसे तदा तेनाऽपि ज्ञास्यामि अभ्युपगतः अहमिति ।।६।।

इति सविनयं सप्रणयं भणति तस्मिन् त्रिभुवनैकप्रभुः।
उज्झितप्रेमविकारोऽपि तस्य वचनं प्रतिश्रुणोति ।।७।।

---

હે નાથ! તમારો અલ્પ વિરહ થતાં પણ ફૂટી જતું મારું હૃદય ફરી સમાગમની ઇચ્છાથી મહાકષ્ટે અટકાવી રાખ્યું છે. (૪)

હું જાણું છું કે વીતરાગમાં સ્નેહ કરતાં તે નભતો નથી, છતાં પ્રેમાધીન સ્વચિત્તને હું કોઇ રીતે અટકાવી શકતો નથી. (૫)

અને વળી બીજું તો દૂર રહો, પણ વિકસિત નૂતન કમળ સમાન મનહર દ્રષ્ટિથી જો તમે નીહાળશો, તો પણ હું સમજી લઇશ કે તમે મારો સ્વીકાર કરી લીધો.' (૬)

એ રીતે સવિનય અને સપ્રેમ ગોશાળાના કહેવાથી પ્રેમવિકાર-વિચાર રહિત છતાં ભગવંતે તેના વચનનો સ્વીકાર કર્યો. (૭)

जाणंताविहु अइदुट्ठसीलयं भाविरं अणत्थं च।
गरुया पणएसु तहावि हुंति न परंमुहा कहवि ।।८।।

एवं च सामी तेण पडिवण्णसिस्सभावेण समेओ **सुवन्नखले** सन्निवेसे वच्चइ। तस्संतरे गोवाले बहुखीरं गहाय महतीए थालीए अखंडफुडिएहिं नवएहिं सालितंदुलेहिं पायसमुवक्खडेंते पेच्छिऊण गोसालो भणइ-'भयवं! दढं छुहाभिभूओऽम्हि, ता एह एत्थ पायसं परिभुंजामो।' अह सिद्धत्थेण चिरकाललद्धावगासेण भणियं-'भद्द! मा तम्मसु, एसा थाली अद्धसिद्धा चेव विहडीहि।' ताहे सो नियदुट्ठसीलयाए तं वयणं वितहं काउमणो गंतूण ते गोवे भणइ-'अरे एस देवज्जगो तीयाणागयजाणओ एवं कहेइ, जहा-एस पायसथाली अद्धसिद्धा चेव विवज्जिही, ता पयत्तेण संठवेह।' एवं च निसामिऊण ते भयभीया वंसदलेहिं तं पिढरं गाढं वेढिऊण रंधिउमारद्धा। अह पउरतंदुलपक्खेवविहसि(डि?)या निमेसमेत्तेण फुट्टा थाली। पच्छा गोवेहिं

---

जाननपि खलु अतिदुष्टशीलतां भावी अनर्थं च।
गुरुकाः प्रणतेषु तथापि भवन्ति न पराङ्मुखाः कथमपि ।।८।।

एवं च स्वामी तेन प्रतिपन्नशिष्यभावेन समेतः सुवर्णखले सन्निवेशे व्रजति। तस्याऽऽन्तरे गोपालान् बहुक्षीरं गृहीत्वा महत्या स्थाल्या अखण्डस्फुटैः नूतनैः शालीतन्दुलैः पायसम् उपस्कुर्वतः प्रेक्ष्य गोशालः भणति 'भगवन्? क्षुधाभिभूतः अहम्, ततः आगच्छ अत्र पायसं भुञ्ज्मः। अथ सिद्धार्थेन चिरकाललब्धाऽवकाशेन भणितं 'भद्र! मा ताम्य, एषा स्थाली अर्धसिद्धा एव विघटिष्यते। तदा सः निजदुष्टशीलतया तद् वचनं वितथं कर्तुमनाः गत्वा तान् गोपान् भणति 'अरे! एषः देवार्यकः अतीताऽनागतज्ञायकः एवं कथयति यथा-एषा पायसस्थाली अर्धसिद्धा एव विपत्स्यते, ततः प्रयत्नेन संस्थापयत।' एवं च निःशम्य ते भयभीताः वंशदलैः तं पिठरं गाढं विष्ट्वा रधितुमारब्धाः। अथ प्रचुरतन्दुलप्रक्षेपविहसिता निमेषमात्रेण स्फुटिता

---

ભવિષ્યમાં અનર્થ કરનાર અને અતિ દુષ્ટ એવા ગોશાળાને પ્રભુ જાણતા હતા, છતાં પ્રણતજનો (નમેલાઓ) પ્રત્યે મહાત્માઓ કદાપિ વિમુખ થતા નથી. (૮)

એ પ્રમાણે શિષ્યભાવે સ્વીકારેલ ગોશાળા સહિત સ્વામી **સુવર્ણખલ** નામના સંનિવેશ તરફ ચાલ્યા. ત્યાં માર્ગમાં ગોવાળો મોટી થાળીમાં બહુ દૂધ લઇ અખંડ નવા ચોખાથી દૂધપાક રાંધતા, તેમને જોતાં ગોશાળે કહ્યું કે-'હે ભગવન્! મને ક્ષુધા બહુ લાગી છે, માટે અહીં આવો. ખીર જમીએ.' એવામાં લાંબા વખતે અવકાશ મળતાં સિદ્ધાર્થે જણાવ્યું કે-'હે ભદ્ર! તું ખેદ ન કર. એ થાળી અધવચમાં ભાંગી પડશે.' એટલે પોતાના દુષ્ટ સ્વભાવને લીધે વચનને મિથ્યા કરવાને ઈચ્છતા તેણે જઇને ગોવાળોને કહ્યું કે-'અરે! આ દેવાર્ય ભૂત-ભાવીને જાણનાર એમ કહે છે કે-એ દૂધની થાળી અધવચ ફૂટી પડશે, માટે તેને બરાબર રાખો.' એમ સાંભળતાં ભયભીત થઇ વાંસના પત્ર-દળો તે ભાજનને મજબૂત વીંટાળીને તેઓ રાંધવા માંડ્યા. એવામાં ઘણા ચોખા નાંખવાથી પહોળી થયેલી તે

जं जहा पावियं तीसे पायसालिद्धं कप्परं तं तहा घेत्तूण परिभुत्तं। गोसालोऽवि कंदुकबिरालोव्व पेच्छमाणो विलक्खो चेव ठिओ सुट्ठुयरं च नियइवायं पडिवन्नो।

अह सामी **बंभण**गामं गओ। तत्थ य गामे दोन्नि पाडगा, तेसु दो भायरो **नंद-उवणंद**नामाणो सामित्तं कुणंति। भुवणगुरूवि छट्ठपारणगंमि पविट्ठो नंदपाडयंमि, दिट्ठो नंदेण, पडिलाभिओ दहिमिस्सेण वासियकूरेण। गोसालोऽवि गओ इयरपाडयं। उत्तुंगपासायमवलोइऊण पविट्ठो उवनंदस्स मंदिरे। भणिया उवनंदेण कम्मयरी, जहादेहि एयस्स भिक्खंति। उवणीओ अणाए वासियकूरो गोसालयस्स। सो य तं अणिच्छंतो उवणंदं एवं निब्भच्छेइ-

गामुक्कोडं गिण्हह नरनाहस्स व न देह किंपि करं।
विविहे कुणह विलासे अक्खलियं पावमायरह ।।१।।

---

स्थाली। पश्चाद् गोपैः यद् यथा प्राप्तं तस्याः पायसाऽऽश्लिष्टं कर्परं तत्तथा गृहीत्वा परिभुक्तम्। गोशालोऽपि कान्दविकबिडालः इव प्रेक्षमाणः विलक्षः एव स्थितः सुष्ठुतरं च नियतिवादं प्रतिपन्नः।

अथ स्वामी **ब्राह्मण**ग्रामं गतः। तत्र च ग्रामे द्वे पाटके, तयोः द्वौ भ्रातरौ **नन्दोपनन्द**नामकौ स्वामित्वं कुर्वतः। भुवनगुरुः अपि षष्ठपारणके प्रविष्टः नन्दपाटके, दृष्टः नन्देन, प्रतिलाभितः दधिमिश्रेण सुवासितकूरेण। गोशालकोऽपि गतः इतरपाटकम्। उत्तुङ्गप्रासादमवलोक्य प्रविष्टः उपनन्दस्य मन्दिरम्। भणिता उपनन्देन कर्मकरी यथा 'देहि एतस्य भिक्षाम्' इति। उपनीतः अनया वासितकूरः गोशालकस्य। सश्च तम् अनिच्छन् उपनन्दम् एवं निर्भर्त्सयति-

ग्रामोत्कटं गृह्णासि नरनाथस्य वा न देहि किमपि करम्।
विविधान् करोषि विलासान् अस्खलितं पापम् आचरसि ।।१।।

---

થાળી પલકારા માત્રમાં ફૂટી ગઈ. પછી જેમને જેમ મળ્યું તેમ તે ગોવાળોએ ખાધું અને છેવટે પાયસલિપ્ત તેના ભાંગેલ કટકા લઇને પણ તેઓ ચાટી ગયા. ત્યાં કંદોઇના બિલાડાની જેમ જોતો ગોશાળો પણ વિલક્ષ બની ઉભો રહ્યો અને નિયતિવાદનો તેણે વિશેષ નિશ્ચય કરી લીધો.

પછી સ્વામી **બ્રાહ્મણ** ગામમાં ગયા. ત્યાં બે પોળ-વિભાગ હતા. તેમાં નંદ અને ઉપનંદ નામના બે ભ્રાતા તેનું સ્વામિત્વ કરતા હતા. ભગવંત છઠ્ઠને પારણે નંદના ફળીયામાં ગયા. એટલે તેણે દધિમિશ્રિત સુવાસિત કમોદથી = ચોખાથી પ્રભુને પડિલાભ્યા. ત્યાં ગોશાળો બીજા પાટકમાં ગયો અને ઉન્નત પ્રાસાદ જોઇને તે ઉપનંદના ઘરમાં પેઠો. તેણે દાસીને હુકમ કર્યો કે-'એને ભિક્ષા આપ.' દાસી વાસી કમોદ ગોશાળાને આપવા માટે લાવી. તેને ન ઇચ્છતો ગોશાળો ઉપનંદને આ પ્રમાણે નિભ્રંછવા લાગ્યો કે-

'અરે! ગામનો કર લઇને રાજાને તો કાંઇ આપતો નથી, વિવિધ વિલાસ ભોગવે છે અને અસ્ખલિત પાપ આચરે છે; (૧)

अम्हारिसाण मुणिपुंगवाण गेहंगणमुवगयाणं।
वासियभत्तं दाविंतया कहं नेव लज्जेह? ।।२।।

एवं च आयन्निऊण रुट्ठेण उवणंदेण भणिया दासी-भद्दे! एयस्स चेव समणस्स सीसंमि पक्खिवसु भत्तमेयंति। खित्तं च तीए। तओ गोसालो बाढमुव्वूढाभिमाणो दट्ठोट्ठभिउडिभासुरो अन्नं किंपि तस्स अणत्थं काउमसमत्थो गेहदुवारे ठाऊण भणइ-'जइ मम धम्मायरियस्स अत्थि तवो वा तेओ वा ता एयस्स मणुयाहमस्स भवणं डज्झउ'त्ति। अह अहासन्निहिएहिं वाणमंतरेहिं भगवओ पक्खवायमुव्वहंतेहिं विउव्विओ हुयवहो, दड्ढं से मंदिरं।

तयणंतरं च भयवं **चंपा**नयरिं गओ, तत्थ य तइयं वासारत्तं ठाइ, दोमासिएण य खमणेण तवोकम्ममुवसंपज्जइ, विविहाणि य उक्कुडुयासणाईणि करेइ। चरिमदुमासिय-पज्जवसाणे य बाहिं पारेत्ता गोसालेण समेओ **कालायं** नाम सन्निवेसं वच्चइ। तहिं च

अस्मादृशाणां मुनिपुङ्गवानां गृहाङ्गणमुपगतानाम्।
वासितभक्तं दापयता कथं न लजसे ।।२।।

एवं च आकर्ण्य रुष्टेन उपनन्देन भणिता दासी 'भद्रे! एतस्यैव श्रमणस्य शिरसि प्रक्षिप भक्तमेतत्।' क्षिप्तं च तया। ततः गोशालकः बाढम् उद्वूढाऽभिमानः दष्टौष्ठभृकुटिभासुरः अन्यं किमपि तस्य अनर्थं कर्तुम् असमर्थः गृहद्वारे स्थित्वा भणति 'यदि मम धर्माचार्यस्य अस्ति तपः वा तेजः वा तदा एतस्य मनुजाऽधमस्य भवनं दहतु। अथ यथासन्निहितैः वानव्यन्तरैः भगवतः पक्षपातम् उद्वहद्भिः विकुर्वितः हुतवहः, दग्धं तस्य मन्दिरम्।

तदनन्तरं च भगवान् **चम्पा**नगरीं गतः, तत्र च तृतीयां वर्षारात्रिं तिष्ठति, द्विमासिकेन च क्षपणेन तपोकर्म उपसम्पद्यते, विविधानि च उत्कुटकाऽऽसनादीनि करोति। चरमद्विमासिकपर्यवसाने च बहिः पारयित्वा गोशालेन समेतः **कालाकं** नामकं सन्निवेशं व्रजति। तत्र च एकान्तभूते त्रसप्राणरहिते शून्याऽगारे

વળી ગૃહાંગણે આવેલા અમારા જેવા મુનિઓને વાસી ભાત અપાવતાં લજ્જા કેમ પામતો નથી?' (૨)

એમ સાંભળતાં ગુસ્સો પામીને ઉપનંદે દાસીને કહ્યું કે-'હે ભદ્રે! આ શ્રમણના શિર પર જ એ ભાત નાખી દે.' એટલે દાસીએ તેમ કર્યું જેથી ગોશાળો ભારે અભિમાન કરતો, હોઠ કરડીને ભીષણ ભ્રકુટી બતાવતો, અન્ય કાંઇ પણ તેનું ખરાબ કરવાને અસમર્થ થતો, તેના ગૃહદ્વારે ઉભા રહીને તેણે કહ્યું કે-'જો મારા ધર્માચાર્યનાં તપ કે તેજનો પ્રભાવ હોય તો આ અધમ પુરુષનું ઘર ભસ્મ થાઓ.' એવામાં પાસેના વાણવ્યંતર દેવોએ ભગવંતના પક્ષપાતને લઇને અગ્નિ વિકુર્વતાં તેનું ભવન દગ્ધ થયું.

ત્યારપછી ભગવાન્ **ચંપા** નગરીમાં ગયા. ત્યાં ત્રીજું ચોમાસું રહ્યા. બે માસખમણની તપસ્યા તથા વિવિધ **ઉત્કુટૂકાદિ** આસન કરતાં ચરમ દ્વિમાસિક તપના પારણે બહાર પારણું કરી, ગોશાલકની સાથે **કાલાક** નામના

एगंतभूए तसपाणरहिए सुन्नागारे निसासमयंमि पडिमं पडिवज्जइ, गोसालोऽवि चवलत्तणेण निरोहमसहमाणो गेहदुवारदेसे निलुक्को अच्छइ। एत्थंतरे सीहो नाम गामाहिवपुत्तो विज्जुमईनामाए दासीए समेओ भोगत्थी तं चेव सुन्नघरं पविट्ठो। तेण य महया सद्देण भन्नइ-'अहो जइ कोइ एत्थ समणो वा बंभणो वा पहिओ वा वसिओ ता सो साहेउ जेण अम्हे अन्नत्थ वच्चामो।' इमं च सुणिऊण सामी ताव पडिमापडिवन्नत्तणेण तुण्हिक्को जावेइ, इयरो पुण कवडेण न देइ पडिवयणं। ताणि य अणुवलद्धपडिवयणाणि निस्संकं सुरयविणोएण खणं अच्छित्ता नीहरिउमारद्धाणि। एत्थंतरे दुवारदेसंतरट्ठिएण गोसालेण गच्छंती छित्ता विज्जुमई। तओ तीए भणियं-अज्जउत्त! अहं पुट्ठा केणावि। एयं च निसामिऊण सीहेण वलित्ता गहिओ बाहाए गोसालगो, भणिओ य-'अरे कइयवेण अम्हे अणायारमायरमाणाणि पाससि, पुच्छिओऽवि न साहेसि जहा अहमिह निवसामि'त्ति निब्भच्छिऊण जहिच्छं पिट्टिओ लट्ठीए, गओ य सट्ठाणं। तओ गोसालो भणइ जिणं-

---

निशासमये प्रतिमां प्रतिपद्यते। गोशालोऽपि चपलत्वेन निरोधम् असहमानः गृहद्वारदेशे निलीनः आस्ते। अत्रान्तरे सिंहः नामकः ग्रामाधिपपुत्रः विद्युन्मतिनामिकया दास्या समेतः भोगार्थी तस्मिन्नेव शून्यगृहे प्रविष्टः। तेन च महता शब्देन भण्यते 'अहो यदि कोऽपि अत्र श्रमणः वा, ब्राह्मणः वा, पथिकः वा उषितवान् तदा सः कथयतु येन आवाम् अन्यत्र व्रजावः। इदं च श्रुत्वा स्वामी तावत् प्रतिमाप्रतिपन्नत्वेन तुष्णीकः जपति, इतरः पुनः कपटेन न दत्ते प्रतिवचनम्। तौ च अनुपलब्धप्रतिवचनौ निःशङ्कं सुरतविनोदेन क्षणम् आसित्वा निहर्तुमारब्धौ। अत्रान्तरे द्वारदेशान्तरस्थितेन गोशालेन गच्छन्ती स्पृष्टा विद्युन्मतिः। ततः तया भणितं 'आर्यपुत्र! अहं स्पृष्टा केनाऽपि।' एतच्च निःशम्य सिंहेन वलित्वा गृहीतः बाहुना गोशालकः, भणितश्च 'रे! कैतवेन आवाम् अनाचारम् आचरन्तौ पश्यसि; पृष्टोऽपि न कथयसि यथा अहमत्र निवसामि 'इति निर्भर्त्स्य यथेच्छं पिट्टितः यष्ट्या, गतश्च स्वस्थानम्। ततः गोशालः भणति जिनं -

---

સંનિવેશમાં ગયા. ત્યાં ત્રસ-જંતુ રહિત તથા એકાંતવાળા શૂન્ય ગૃહમાં રાત્રે પ્રતિમાએ રહ્યા. ગોશાળો પણ ચપલતાથી નિરોધ સહન ન કરતાં ઘરના દ્વાર આગળ છુપાઇને રહ્યો. એવામાં ગામના મુખીનો **સિંહ** નામે પુત્ર, **વિદ્યુન્મતિ** દાસી સાથે ભોગ કરવાની ઈચ્છાથી તે જ શૂન્ય ઘરમાં પેઠો. તેણે મોટા શબ્દે અવાજ કર્યો કે-'અહો! અહીં જો કોઇ શ્રમણ, બ્રાહ્મણ કે પથિક આવી વસ્યો હોય, તો બોલો કે-જેથી અમે બીજે ક્યાંય જોઇએ.' એમ સાંભળતાં સ્વામી તો પ્રતિમાસ્થિત હોવાથી મૌન રહ્યા, પરંતુ ગોશાળે કપટથી કંઇ જવાબ ન આપ્યો. એટલે સામે પ્રતિવચન ન મળવાથી નિઃશંકપણે થોડી વાર સુરતવિનોદ કરી બહાર નીકળ્યા. ત્યાં દ્વાર આગળ બેઠેલા ગોશાળાએ જતી વિદ્યુન્મતિનો સ્પર્શ કર્યો, જેથી તે બોલી ઉઠી કે-'હે આર્યપુત્ર! કોઇએ મારો સ્પર્શ કર્યો.' એમ સાંભળતાં સિંહ પાછો આવી, ગોશાળાનો હાથ પકડીને કહેવા લાગ્યો કે-'અનાચાર આચરતાં અમને કપટથી જુએ છે, અને પૂછતાં કાંઇ બોલતો પણ નથી કે હું અહીં બેઠો છું.' એમ નિર્ભ્રંછી લાકડીવતી ખૂબ તેને માર્યો અને પછી પોતાના સ્થાને ગયો. ત્યાં ગોશાળાએ પ્રભુને કહ્યું કે-

तुम्ह समक्खंपि एक्कओ अहयं।
एवं निट्ठुरघाएहिं कुट्टिओ कारणेण विणा ।।१।।

न मणागंपि हु तुम्हे निवारणं कुणह तस्स पावस्स।
मम घायणुज्जुयस्सवि जुज्जइ गरुयाण किमुवेहा? ।।२।। जुम्मं।

अह जिणतणुमल्लीणो सिद्धत्थो वागरेइ गोसालं।
रे दुट्ठसील! जइ तं सच्चं चिय सुहसमायारो ।।३।।

ता किं अनिमित्तं चिय तं महिलं छिवसि पाव! गच्छंतिं।
जह अम्हे संलीणा तह ठासि न गेहमज्झगओ ।।४।।

तुह पक्खं कुणमाणा अम्हेवि तुमं व नणु हणिज्जामो।
दुट्ठोवट्ठंभपरा होंति सदोसा अदोसावि ।।५।। त्रिभिः विशेषकम्।

---

तव समक्षमपि एकोऽहम्।
एवं निष्ठुरघातैः कुटितः कारणेन विना ।।१।।

न मनागपि खलु यूयं निवारणं करोषि तस्य पापस्य।
मम घातोद्युक्तस्याऽपि युज्यते गुरुकाणां किमुपेक्षा? ।।२।। युग्मम्।।

अथ जिनतनुलीनः सिद्धार्थः व्याकरोति गोशालम्।
रे दुष्टशील! यदि त्वं सत्यमेव शुभसमाचारः ।।३।।

ततः किं अनिमित्तमेव तां महिलां क्षिपसि पाप! गच्छन्तीम्।
यथा अहं संलीनः तथा तिष्ठसि न गृहमध्यगतः ।।४।।

तव पक्षं, अकरिष्याम् अहमपि त्वमिव ननु अहनिष्याम्।
दुष्टोपष्टम्भपरा भवन्ति सदोषाः अदोषाः अपि ।।५।। त्रिभिः विशेषकम्।।

---

'હે ભગવન્! તમે સમક્ષ છતાં મને એકલાને વિના કારણે તેણે આમ સખ્ત માર માર્યો, (૧)

પરંતુ તમે તે પાપીને જરા પણ અટકાવ્યો નહિ. એવી રીતે હું કૂટાયા છતાં તમારા જેવા મહાત્માઓને ઉપેક્ષા કરવી તે શું યુક્ત છે?' (૨)

એવામાં પ્રભુના શરીરમાં સંલીન થઈ રહેલ સિદ્ધાર્થે ગોશાળાને કહ્યું કે-'અરે દુરાચારી! જો તું ખરેખર સદાચારી જ હોય, તો હે પાપી! વિના કારણે બહાર નીકળતી તે મહિલાનો સ્પર્શ શા માટે કર્યો? જેમ અમે મૌન રહ્યા છીએ તેમ તું ઘરના મધ્યભાગમાં કેમ બેસી રહેતો નથી? તારો પક્ષ કરીને શું અમે પણ તારી જેમ કૂટાઇએ? દુષ્ટનો પક્ષ કરતાં નિર્દોષ પણ સદોષ થાય છે.' (૩/૪/૫)

एत्थंतरंमि सामी निक्खमिउं **पत्तकाल**गामंमि।
पुव्वविहाणेणं चिय सुन्नघरे संठिओ पडिमं ।।६।।

अह तत्थवि रयणीए गामउडसुओ उ खंदओ नाम।
नियभज्जालज्जाए एइ समेओ सदासीए ।।७।।

दंतलियानामाए ताहे पुव्वं व पुच्छइ इमोऽवि।
गोसालोऽवि निलुक्को भएण गेहेक्कदेसंमि ।।८।। जुम्मं।

विजणंति मन्नमाणो तत्तो तीए समं जहिच्छाए।
उवभुंजिऊण भोगे सो निस्सरिउं समारद्धो ।।९।।

तेसिं मिहो कहुल्लावसवणसंवड्ढमाणपरितोसो।
कहकहकहत्ति पहसइ गोसालो अह पिसाओव्व ।।१०।।

---

अत्रान्तरे स्वामी निष्क्रम्य **पत्रकाल**ग्रामे।
पूर्वविधानेन एव शून्यगृहे स्थितः प्रतिमायाम् ।।६।।

अथ तत्रापि रजन्यां ग्रामपुट(=ग्रामपति)सुतः तु खन्दकः नामकः।
निजभार्यालज्जया एति समेतः स्वदास्या ।।७।।

दन्तलिकानामिकया तदा पूर्वमिव पृच्छति अयमपि।
गोशालोऽपि निलीनः भयेन गृहैकदेशे ।।८।। युग्मम्।।

विजनमिति मन्यमानः ततः तया समं यथेच्छया।
उपभुञ्ज्य भोगान् सः निःसर्तुं समारब्धः ।।९।।

तयोः मिथः कथोल्लापश्रवणसंवर्धमानपरितोषः।
कहकहकह-इति प्रहसति गोशालः अथ पिशाचः इव ।।१०।।

---

એવામાં સ્વામી ત્યાંથી **પત્રાલક** ગામમાં ગયા અને પૂર્વ પ્રમાણે શૂન્ય ઘરમાં પ્રતિમાએ રહ્યા. (૬)

ત્યાં પણ તે જ રાત્રે ગામમુખીનો **ખંદક** નામે પુત્ર, પોતાની ભાર્યાની લજ્જાને લીધે **દંતલિકા** નામે દાસી સાથે આવી ચડ્યો. તેણે પણ પૂર્વની જેમ અવાજ કર્યો, પરંતુ ગોશાલો ભયથી તે ઘરના એક ભાગમાં છુપાઈ રહ્યો, (૭/૮)

ત્યાં શૂન્યતા સમજી, દાસી સાથે ઈચ્છા પ્રમાણે ભોગ ભોગવી તે બહાર નીકળવા લાગ્યો. (૯)

તેમના પરસ્પર કથા, આલાપ સાંભળતાં ભારે સંતોષ વધતાં, પિશાચની જેમ ગોશાળો ખડખડાટ હસી પડ્યો. (૧૦)

सोच्चा पहसियसद्दं खंदो कोवेण जट्ठिमुट्ठीहिं।
हणिऊण तं विमुंचइ ताहे सो एइ जिणमूले ।।११।।

भणइ य सोवालंभं नायगधम्मो किमेस संभवइ?।
पेच्छंताणवि तुम्हं जं एवमहं हणिज्जामि ।।१२।।

रक्खाकएण तुब्भे ओलग्गिज्जइ सया पयत्तेणं।
जइ पुण सावि न विज्जइ निरत्थिया ता धुवं सेवा ।।१३।।

अज्जवि सद्दोसाणवि पहुणो नियसेवगाण परिताणं।
सव्वायरेण कुव्वंति किं पुणो नीइनिरयाणं? ।।१४।।

सिद्धत्थेणं भणियं केत्तियमित्तो इमो विणिग्घाओ?।
अज्जवि मुहस्स दोसेण नत्थि तं जं न पाविहिसि ।।१५।।

---

श्रुत्वा प्रहसितशब्दं खन्दः कोपेन यष्टिमुष्टिभिः।
हत्वा तं विमुञ्चति तदा सः एति जिनमूलम् ।।११।।

भणति च सोपालम्भं नायकधर्मः किं एषः सम्भवति?।
प्रेक्षमाणः अपि त्वया यद् एवमहं हन्ये ।।१२।।

रक्षाकार्येण त्वं अवलग्यसे सदा प्रयत्नेन।
यदि पुनः साऽपि न विद्यते निरर्थिका ततः ध्रुवं सेवा ।।१३।।

अद्यापि सदोषाणामपि प्रभवः निजसेवकानां परित्राणम्।
सर्वाऽऽदरेण कुर्वन्ति किं पुनः नीतिनिरतानाम् ।।१४।।

सिद्धार्थेन भणितं कियन्मात्रः अयं विनिर्घातः?।
अद्यापि मुखस्य दोषेण नास्ति तद् यन्न प्राप्स्यसि ।।१५।।

---

એટલે હાસ્ય-શબ્દ સાંભળી ખંદકે કોપાયમાન થઇ, તેને લાકડી અને મુષ્ટિથી ખૂબ મારીને છોડી મૂક્યો. પછી તે જિનેશ્વર પાસે આવીને સોપાલંભ કહેવા લાગ્યો કે-'શું આ નાયકધર્મ છે કે તમારા દેખતાં મેં આમ માર ખાધો? (૧૧/૧૨)

રક્ષાની ખાતર જ ખાસ પ્રયત્નપૂર્વક મેં સદાને માટે તમારો આશ્રય લીધો છે. જો તે પણ ન થાય તો ખરેખર સેવા નિરર્થક છે. (૧૩)

હજી તો સ્વામીઓ પોતાના સદ્દોષ સેવકોનું પણ બહુ આદરપૂર્વક રક્ષણ કરે છે, તો નીતિયુક્તનું કહેવું જ શું?' (૧૪)

ત્યારે સિદ્ધાર્થ બોલ્યો-'અરે! આ તો માર શું માત્ર છે? હજી મુખના દોષથી તારા કેવા હાલ થશે તે અત્યારે કહી શકાતું નથી.' (૧૫)

तओ सामी **कुमार**संनिवेसं गओ, तत्थ य चंपगरमणिज्जाभिहाणे उज्जाणे पलंबियभुओ ठिओ काउस्सग्गेण। तहिं च सन्निवेसे अपरिमियधण-धन्नसमिद्धो अच्चंतसुरापाणप्पिओ **कुवणय**नाम कुंभकारो परिवसइ। तस्स आवणंमि पासजिणसिस्सा ससमय-परसमयत्थ-परिन्नाणनिउणा, भवोयहिनिवडंतपाणिगणसमुद्धरणसमत्था, छत्तीसगुणरयणनिहिणो, जहोवइट्ठपगिट्ठजइकिरियापरूवणापरायणा, अणेगदेसंतरागयविणेयभमरलिहिज्ज-माणसुयमयरंदा **मुणिचंदा** नाम सूरिणो निवसंति, तेय बाढं वुड्ढभावमुवगया एवं विचिंतंति-

सव्वण्णुजिणपणीओ धम्मो सव्वत्थ वित्थरं नीओ।
मिच्छत्तवसपसुत्ता सत्ता पडिबोहिया बहुसो ।।१।।

सुत्तत्थेहिं सिस्सा संपइ निप्फाइया जहासत्तिं।
परिवालिओ चिरं तह सबालवुड्ढाउलो गच्छो ।।२।।

---

ततः स्वामी **कुमारसन्निवेशं** गतः। तत्र च चम्पकरमणीयाऽभिधाने उद्याने प्रलम्बितभुजः स्थितः कायोत्सर्गेण। तत्र च सन्निवेशे अपरिमितधन-धान्यसमृद्धः अत्यन्तसुरापानप्रियः **कुवनय** नामकः कुम्भकारः परिवसति। तस्य आपणे पार्श्वजिनशिष्यः स्वसमय-परसमयार्थपरिज्ञाननिपुणः, भवोदधिनिपतत्प्राणिगणसमुद्धरणसमर्थः, षट्त्रिंशद्गुणरत्ननिधिः, यथोपदिष्टप्रकृष्टयतिक्रियाप्ररूपणापरायणः, अनकेदेशान्तराऽऽगतविनेय-भ्रमरलिह्यमानश्रुतमकरन्दः **मुनिचन्द्रः** नामकः सूरिः निवसति, सः च बाढं वृद्धभावमुपगतः एवं विचिन्तयति-

सर्वज्ञजिनप्रणीतः धर्मः सर्वत्र विस्तारं नीतः।
मिथ्यात्ववशप्रसुप्ताः सत्त्वाः प्रतिबोधिताः बहुशः ।।१।।

सूत्रार्थैः शिष्यसम्पद् निष्पादिता यथाशक्तिम्।
परिपालितः चिरं तथा सबाल-वृद्धाऽऽकुलः गच्छः ।।२।।

---

પછી સ્વામી **કુમાર** નામે સંનિવેશમાં ગયા અને ત્યાં **ચંપકરમણીય** નામના ઉદ્યાનમાં લાંબી ભુજા કરીને કાયોત્સર્ગ-ધ્યાને રહ્યા. તે ગામમાં અપરિમિત ધન, ધાન્યથી સમૃદ્ધ અને મદિરાપાનમાં અત્યંત આસક્ત એવો **કુવનય** નામે કુંભાર રહેતો, તેના મકાનમાં **પાર્શ્વનાથ**ના શિષ્યો કે જેઓ સ્વસમય અને પરસમયનો અર્થ જાણવામાં નિપુણ, ભવસાગરમાં પડતા પ્રાણીઓનો ઉદ્ધાર કરવામાં સમર્થ, છત્રીશ ગુણ-રત્નોના નિધાન, યથોપદિષ્ટ પ્રકૃષ્ટ યતિ-ક્રિયા પ્રરૂપવામાં પરાયણ, અનેક દેશાંતરથી આવેલા શિષ્ય-ભ્રમરો જેમની પાસે શ્રુત-મકરંદનું પાન કરી રહ્યા હતા એવા **મુનિચંદ્ર** નામે આચાર્ય રહેતા. તે અત્યંત વૃદ્ધતાને પામતા ચિંતવવા લાગ્યા કે-

'સર્વજ્ઞપ્રણીત ધર્મનો મેં સર્વત્ર વિસ્તાર કર્યો અને મિથ્યાત્વ-મોહિત ઘણા પ્રાણીઓને પ્રતિબોધ પમાડ્યા. (૧)

યથાશક્તિ સૂત્રાર્થથી શિષ્યો નિષ્પન્ન કર્યા અને આબાલ-વૃદ્ધ ગચ્છનું ચિરકાલ પરિપાલન કર્યું, (૨)

ता एत्तो जुत्तं मे विसेसपरिकम्मणं सरीरस्स।
काउं जहसत्तीए सव्वत्थवि उज्जमेयव्वं ।।३।।

इय चिंतिऊण सपए निवेसिओ तेण **वद्धणो** नाम।
सिस्सो पडिरूवगुणो विहिया से तह गणाणुन्ना ।।४।।

भणिओ य वच्छ! गच्छो जहा मए पालिओ पयत्तेण।
तुमएवि तहा एसो पालेयव्वो सयाकालं ।।५।।

सिद्धंतदेसणावि य अविगणियपरिस्समेण कायव्वा।
सिस्साणं एवं चिय रिणमोक्खो कम्मविगमो य ।।६।।

एत्तोऽवि भद्द! भद्दं नूणं भुवणत्तएवि नो अत्थि।
तो सुहसीलो होउं मुहाए मा हारिसिं एयं ।।७।।

---

तस्मादितः युक्तं मां विशेषपरिकर्म शरीरस्य।
कर्तुं यथाशक्त्या सर्वत्राऽपि उद्यतितव्यम् ।।३।।

इति चिन्तयित्वा स्वपदे निवेषितः तेन **वर्धनः** नामकः।
शिष्यः प्रतिरूपगुणः विहिता तस्य तथा गणाऽनुज्ञा ।।४।।

भणितश्च वत्स! गच्छः यथा मया पालितः प्रयत्नेन।
त्वयाऽपि तथा एषः पालयितव्यः सदाकालम् ।।५।।

सिद्धान्तदेशनाऽपि च अविगणितपरिश्रमेण कर्तव्या।
शिष्याणाम् एवमेव ऋणमोक्षः कर्मविगमश्च ।।६।।

इतोऽपि भद्र! भद्रं नूनं भुवनत्रयेऽपि नास्ति।
ततः सुखशीलः भूत्वा मुधा मा हारिष्यसि एतम् ।।७।।

---

તો હવે મારે યથાશક્તિ શરીરને વિશેષ કસવું તે યુક્ત છે; કારણ કે ઉદ્યમ તો સર્વત્ર કરવો.' (૩)

એમ ચિંતવી તેમણે પોતાના પદે ગુણવડે પ્રતિનિધિરૂપ **વર્ધન** નામે શિષ્ય સ્થાપ્યો, અને તેને ગણની અનુજ્ઞા આપતાં જણાવ્યું કે-(૪)

'હે વત્સ! જેમ મેં પ્રયત્નપૂર્વક ગચ્છ સંભાળ્યો તેમ તારે પણ સદાકાળ એને સંભાળવો, (૫)

તેમજ પરિશ્રમની દરકાર ન કરતાં તારે શિષ્યોને સિદ્ધાંતની દેશના પણ આપવી. એમ કરવાથી તું ઋણમુક્ત અને કર્મ રહિત થઇશ. (૬)

હે ભદ્ર! ત્રણે ભુવનમાં એ કરતાં અન્ય કંઇ પણ કલ્યાણરૂપ નથી, તો સુખશીલ થઇને તું વૃથા એ હારીશ નહિ. (૭)

भो मुणिणो! तुम्हेहिं पयट्टियव्वं इमस्स वक्कंमि।
निब्भच्छिएहिवि बहुं कमकमलं नेव मोत्तव्वं ।।८।।

जं किंपि मए पुव्वं तुम्हे सम्मं गुणेसु नो ठविया।
अपए वा सिक्खविया तं सव्वं मरिसणिज्जं मे ।।९।।

इय मुणिचंदमुणिंदा तक्कालोचियविहिं विहेऊण।
पारंभंति सुधीरा दुक्करजिणकप्पपरिकम्मं ।।१०।।

अन्नया य ते महाणुभावा भावियदुवालसविहभावणा पंचण्हं तुलणाणं तव-सत्त-सुत्त-एगत्त-बलसरूवाणं मज्झयाराओ बीयाए सत्ततुलणाए अप्पाणं भावेमाणा विहरंति। इओ य-

गोसालो मज्झंदिणसमए भगवंतं भणइ-'एहि पत्थावो वट्टइ, पविसामो गाममज्झे

---

भोः मुनयः! युष्माभिः प्रवर्तितव्यं अस्य वाक्ये।
निर्भर्त्सितेऽपि बहुः क्रमकमलं नैव मोक्तव्यम् ।।८।।

यत्किमपि मया पूर्वं यूयं सम्यग् गुणेषु नो स्थापिताः।
अपदे वा शिक्षापिताः तत्सर्वं मर्षणीयं मम ।।९।।

इति मुनिचन्द्रमुनीन्द्रः तत्कालोचितविधिं विधाय।
प्रारभते सुधीरः दुष्करजिनकल्पपरिकर्म ।।१०।।

अन्यदा च सः महानुभावः भावितद्वादशविधभावनाकः पञ्च तुलनानां तप-सत्व-सूत्रैकत्व-बल-स्वरूपाणां मध्ये द्वितीयया सत्त्वतुलनया आत्मानं भावयन् विहरति। इतश्च -

गोशालः मध्यन्दिनसमये भगवन्तं भणति 'एहि, प्रस्तावः वर्तते, प्रविशामः ग्राममध्ये भिक्षानिमित्तम्।'

---

હે મુનિઓ! તમે બધા એનાં વચન પ્રમાણે પ્રવર્ત્તજો. કદાચ કોઇવાર તમારી નિર્ભ્રંછના કરે, તો પણ એના ચરણ-કમળને તમે કદી મૂકશો નહિ. (૮)

તેમજ મેં પૂર્વે તમને કંઈ પણ સમ્યક્ પ્રકારે ગુણોમાં ન સ્થાપ્યા અથવા અસ્થાને શિક્ષા આપી, તે બધું મને ક્ષમા કરજો.' (૯)

એ પ્રમાણે તત્કાલને ઉચિત વિધિ કરી, ધીર એવા મુનિચંદ્રાચાર્યે દુષ્કર જિનકલ્પ આદર્યો. (૧૦)

એકદા બાર પ્રકારની ભાવના ભાવતાં, તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બલરૂપ પાંચ પ્રકારની તુલનાઓમાં બીજી સત્ત્વ તુલનામાં આત્માને તેઓ ભાવવા લાગ્યા.

એવામાં અહીં મધ્યાહ્ન સમયે ગોશાળાએ ભગવંતને કહ્યું કે-'હે ભગવન્! ચાલો, અત્યારે બરાબર વખત થયો છે. આપણે ભિક્ષા નિમિત્તે ગામમાં જઈએ.' સિદ્ધાર્થ બોલ્યો-'અમારે ભ્રમણ કરવું નથી.' એટલે ગોશાળો

भिक्खानिमित्तं।' सिद्धत्थेण भणियं-पज्जत्तं अम्ह अडुणेणं। तओ गोसालो पविट्ठो भोयणत्थं गामे, दिट्ठा य अणेण इओ तओ परिभमंतेण ते पासनाहसिस्सा विचित्तपडपाउरणा, पत्तपमुहोवगरणकलिया यत्ति। ते य पेच्छिऊण गोसालेण पुच्छिया-'के तुब्भे?।' तेहिं भणियं-'समणा निग्गंथा, सढकमढविणिम्मियमहामेहवारिधारोवसग्गावलोयणाउलफणिरायफणाफलगविरइयातुच्छछत्तस्स पासनाहस्स सिस्सा', इति सोच्चा सो सिरं धुणंतो भणइ-'अहो अहो निग्गंथा दुक्करकारया तुम्हे जे एत्तियमेत्तंपि गंथमुव्वहंता अत्तणो निग्गंथत्तणं ठावेह, अहो पच्चक्खमुसावाइत्तणं, अहो निन्निमित्तमत्तुक्कोसो तुम्हाणं, सव्वहा निग्गंथाणं मज्झे न केवि तुब्भे, मम धम्मायरिओ चेव दूरुज्झियवत्थाइपरिग्गहो दुक्करतवचरणनिरओ महप्पा जहत्थनिग्गंथो भन्नइ।' तेहि य जिणनाहं अयाणमाणेहिं उल्लुंठयाए भासंतं पेच्छिऊण भणियं-'भद्द! जारिसओ तुमं तं मन्ने धम्मायरिओऽवि तारिसो चेव, जओ-जाणिज्जइ पुत्तविसरिसचेट्ठाए जणणीए सीलसंपया, कंतिगुणेणवि मुणिज्जइ

सिद्धार्थेन भणितं 'पर्याप्तं मम अटनेन।' ततः गोशालः प्रविष्टः भोजनार्थं ग्रामे, दृष्टा च अनेन इतस्ततः परिभ्रमता ते पार्श्वनाथशिष्याः विचित्रपटप्रावरणाः, पात्रप्रमुखोपकरणकलिताः च। ते च प्रेक्ष्य गोशालेन पृष्टाः 'के यूयम्?।' तैः भणितं 'श्रमणाः निर्ग्रन्थाः, शठकमठविनिर्मितमहामेघवारिधारोपसर्गाऽवलोकनाऽऽकुलफणिराजफणफलकविरचिताऽतुच्छछत्रस्य पार्श्वनाथस्य शिष्याः।' इति श्रुत्वा सः शिरः धुन्वन् भणति 'अहो! निर्ग्रन्थाः दुष्करकारकाः यूयं ये एतावन्मात्रमपि ग्रन्थमुद्वहन्तः आत्मनः निर्ग्रन्थतां स्थापयथ, अहो प्रत्यक्षमृषावादिता, अहो निर्निमित्तमात्मोत्कर्षः युष्माकम्, सर्वथा निर्ग्रन्थानां मध्ये न केऽपि यूयम्, मम धर्माचार्यः एव दूरोज्झितवस्त्रादिपरिग्रहः दुष्करतपश्चरणनिरतः महात्मा यथार्थनिर्ग्रन्थः भण्यते।' तैश्च जिननाथम् अज्ञायमानैः उल्लुण्ठतया भाषमाणं प्रेक्ष्य भणितं 'भद्र! यादृशः त्वं तव मन्ये धर्माचार्योऽपि तादृशः एव यतः-ज्ञायते पुत्रविसदृशचेष्टया जनन्याः शीलसम्पद्, कान्तिगुणेनाऽपि ज्ञायते रत्नस्य

ભોજનાર્થે ગામમાં પેઠો અને આમતેમ ભમતાં તેણે તે પાર્શ્વ-સંતાનીય શિષ્યો જોયા કે જે વિચિત્ર પટ (વસ્ત્ર) યુક્ત અને પાત્ર પ્રમુખ ઉપકરણ સહિત હતા. તેમને જોતાં ગોશાળે પૂછ્યું કે-'તમે કોણ છો?' તેમણે કહ્યું-'શ્રમણ નિર્ગ્રંથો અને શઠ કમઠે વિકુર્વેલ મહામેઘની જળધારાના ઉપસર્ગને જોતાં વ્યાકુલ થયેલ ધરણેંદ્રે પોતાની ફણારૂપ અનુપમ છત્ર જેમના શિરે રચેલ એવા શ્રી **પાર્શ્વનાથ** ભગવાનના શિષ્યો છીએ.' એમ સાંભળી શિર ધુણાવતાં ગોશાળાએ જણાવ્યું કે-'અહો! તમે તો ખરેખર દુષ્કરકારક નિર્ગ્રંથ છો કે આટલો પરિગ્રહ ધારણ કર્યો છતાં પોતાના નિર્ગ્રંથપણાને સ્થાપન કરો છો. અહો! તમારું સાક્ષાત્ મૃષાવાદિત્વ. અહો! નિષ્કારણ આત્મોત્કર્ષ. નિર્ગ્રંથોમાં તમે સર્વથા કંઈ જ નથી. મારા ધર્માચાર્ય વસ્ત્રાદિ પરિગ્રહ રહિત, દુષ્કર તપમાં તત્પર, મહાત્મા અને યથાર્થ નિર્ગ્રંથ કહેવાય.' એટલે તેમણે વીર ભગવંતને ન જાણતાં, ઉદ્ધતાઈથી બકતા ગોશાળાને કહ્યું કે-'હે ભદ્ર! જેવો તું છે તેવો જ તારો ધર્માચાર્ય હશે, એમ લાગે છે; કારણ કે પુત્રની વિસદૃશ ચેષ્ટાથી માતાની શીલ-સંપદા જાણી શકાય અને

रयणस्स आगरस्स सुद्धी, ता अलं वन्नणाए'त्ति वुत्ते रुट्ठो गोसालो भणइ-'जइ मम धम्मगुरुणो तवो वा तेओ वा अत्थि ता एएसिं धम्मायरियदूसगाणं पडिस्सओ डज्झउ'त्ति। तो तेहिं भणियं-'न अम्हे तुम्ह वयणेणं डज्झामो।' तो विलक्खो सो गंतूण सामिं भणइ-'भयवं! अज्ज मए सारंभा सपरिग्गहा निग्गंथा दिट्ठा एवमाइ जाव पडिस्सओ न दड्ढोत्ति किमिह कारणं?।' सिद्धत्थेण भणियं-'ते पासावच्चेज्जा थेरा साहुणो, न तेसिं पडिस्सओ तुह वयणेण डज्झइ'त्ति। एत्थंतरे जाया रयणी, कज्जलभसलसामलाइं पसरियाइं दिसिमुहेसु तिमिरपडलाइं। इओ य ते मुणिचंदसूरिणो चउक्कंमि तद्दिणे रयणीए एगागिणो उस्सग्गेण ठिया। सोऽवि **कूवणय**कुंभकारो सेणिभत्तंमि निब्भरमइरापाणपरव्वसो विसंठुलघुलंतचलणो सभवणाभिमुहमइंतो पेच्छइ बाहिंमि काउस्सग्गपडिवन्ने ते सूरिणो। तओ 'चोरो एसो'त्ति जायकुवियप्पेण तेण निविडकरसंपुडेण पीडियं तेसिं गलयं, निरुद्धो उस्सासपसरो। तहवि अविचलियचित्ता सुभज्झाणे वट्टंता तक्खणमेव

---

आकरस्य शुद्धिः, तस्मादलं वर्णनया' इति उक्ते रुष्टः गोशालः भणति 'यदि मम धर्मगुरोः तपः वा तेजः वा अस्ति तदा एतेषां धर्माचार्यदूषकानां प्रतिश्रयः दहतु।' ततः तैः भणितं 'न वयं तव वचनेन दहामः।' ततः विलक्षः स गत्वा स्वामिनं भणति 'भगवन्! अद्य मया सारम्भाः सपरिग्रहाः निर्ग्रन्थाः दृष्टाः एवमादि यावत्प्रतिश्रयः न दग्धः इति किमत्र कारणम्?।' सिद्धार्थेन भणितं 'ते पार्श्वाऽपत्याः स्थविराः साधवः, न तेषां प्रतिश्रयः तव वचनेन धक्ष्यति।' अत्रान्तरे जाता रजनी, कमलभ्रमरश्यामलानि प्रसृतानि दिग्मुखेषु तिमिरपटलानि। इतश्च सः मुनिचन्द्रसूरिः चतुष्के तद्दिने रजन्यां एकाकी कायोत्सर्गेण स्थितः। सोऽपि **कूवनय**कुम्भकारः श्रेणीभक्ते निर्भरमदिरापानपरवशः विसंस्थुलघूर्णमानचरणः स्वभवनाभिमुखम् आगच्छन् प्रेक्षते बहिः तं सूरिम्। ततः 'चौरः एषः' इति जातकुविकल्पेन तेन निबिडकरसम्पुटेन पीडितं तस्य गलकम्, निरुद्धः उच्छ्वासप्रसरः। तथाऽपि अविचलितचित्तः शुभध्याने वर्तमानः तत्क्षणमेव कर्मलाघवतया

---

રત્નના કાંતિગુણથી ખાણની શુદ્ધિ સમજી શકાય છે માટે વર્ણન કરવાની જરૂર નથી.' એમ તેમના કહેવાથી રુષ્ટ થયેલ ગોશાળો કહેવા લાગ્યો કે-'જો મારા ધર્મગુરુના તપ કે તેજ હોય તો આ ધર્માચાર્યને દૂષણ લગાડનારાનો ઉપાશ્રય બળી જાઓ.' ત્યારે તેમણે કહ્યું-'અમે કાંઇ તારા વચનથી બળવાના નથી' એટલે વિલક્ષ થઇ, તેણે જઇને સ્વામીને કહ્યું-'હે ભગવન્! આજે મેં સારંભી અને પરિગ્રહી નિર્ગ્રંથો જોયા, તેમનો ઉપાશ્રય ન બળ્યો, તેનું શું કારણ?' સિદ્ધાર્થ બોલ્યો-'તે પાર્શ્વ-સંતાનીય સ્થવિર સાધુઓ છે. તારા વચનથી તેમનો ઉપાશ્રય ન બળે.' એવામાં રાત્રિ થવા આવી, ચોતરફ કાજળ અને ભ્રમર સમાન શ્યામ અંધકાર પ્રસરી રહ્યો, અહીં **મુનિચંદ્રસૂરિ** તે રાત્રે ચોકમાં એકલા કાયોત્સર્ગે રહ્યા. ત્યાં પેલા **કુવનય** કુંભારે પંક્તિમાં બેસીને ખૂબ મદિરાપાન કરવાથી પરાધીન બનતાં સ્ખલિત ગતિએ પોતાના ઘર ભણી જતાં, બહાર કાયોત્સર્ગે રહેલા તે આચાર્યને જોયા. એટલે 'આ ચોર છે' એવા કુવિકલ્પથી તેણે પોતાના કરસંપુટથી સખ્ત રીતે તેમનું ગળું દબાવ્યું, જેથી શ્વાસ અટકી પડ્યો છતાં ચિત્તથી ચલાયમાન ન થતાં, શુભ ધ્યાનમાં વર્ત્તતાં તત્કાલ કર્મલાઘવથી અવધિજ્ઞાન પામી, કાલ કરીને તેઓ

कम्मलाघवयाए समुप्पन्नोहिनाणा कालं काऊण देवलोयं गया। तेसिं च अहासन्निहियसुरेहिं कुसुमवरिसपुव्वयं कया महिमा। इओ य गोसालो ते देवे विज्जुपुंजभासुरसरीरे उप्पयंते निवयंते य साहुनिवाससमीवे पेच्छिऊण सामिस्स साहेइ-'भयवं! तेसिं तुम्ह पडिणीयाण पडिस्सओ डज्झइ।' सिद्धत्थो भणइ-'भद्द! मा एवमासंकेहि, तेसिं आयरिया देवलोगमुवगया, अओ देवा महिमं करेंति।' ताहे सो कोऊहलेण गओ तं पएसं। देवावि पूयं काऊण सट्ठाणं पडिनियत्ता। अह तत्थ गंधोदकं पुप्फवासं च दट्ठूण दुगुणजायहरिसो पडिस्सए गंतूण सज्झायझाणविणयकरणपरिस्संते निब्भरं पसुत्ते तेसिं सिस्से उट्ठविऊण वागरेइ-'अरे दुट्ठसिस्सा! तुब्भे मुंडियसिरा चेव हिंडह, जहिच्छं भिक्खं परिभुंजिऊण सव्वं रत्तिं सुयह, एत्तियंपि न मुणह-जहा सूरिणो महाणुभावा पंचत्तमुवगया, अहो तुम्हं गुरूसु पडिबंधो।' एवमाइ कलकलं करेंतंमि उट्ठिया साहुणो, णवरं तव्वयणासंकिया सहसा गया ते सूरिसमीवे जाव पेच्छंति कालगयमायरियं, तओ सुचिरं अद्धिइं काउमारद्धा। कहं?-

समुत्पन्नाऽवधिज्ञानः कालं कृत्वा देवलोकं गतः। तस्य च यथासन्निहितसुरैः कुसुमवर्षापूर्वकं कृतः महिमा। इतश्च गोशालः तान् देवान् विद्युत्पुञ्जभासुरशरीरान् उत्पततां निपततां च साधुनिवाससमीपं प्रेक्ष्य स्वामिनं कथयति 'भगवन् तेषां तव प्रत्यनीकानां प्रतिश्रयः दहति।' सिद्धार्थः भणति 'भद्र! मैवं आशङ्कस्व, तेषां आचार्यः देवलोकमुपगतः, अतः देवाः महिमानं कुर्वन्ति। तदा स कौतूहलेन गतः तं प्रदेशम्। देवाः अपि पूजां कृत्वा स्वस्थानं प्रतिनिवृत्ताः। अथ तत्र गन्धोदकं पुष्पवर्षां च दृष्ट्वा द्विगुणजातहर्षः प्रतिश्रये गत्वा स्वाध्याय-ध्यानविनयकरणपरिश्रान्तान् निर्भरं प्रसुप्तान् तेषां शिष्यान् उत्थाप्य व्याकरोति 'अरे! दुष्टशिष्याः! यूयं मुण्डितशीर्षाः एव हिण्डत, यथेच्छं भिक्षां परिभुञ्ज्य सर्वां रात्रिं स्वपितवन्तः, एतन्मात्रमपि न जानीथ यथा सूरयः महानुभावाः पञ्चत्वमुपगताः, अहोः युष्माकं गुरुषु प्रतिबन्धः!।' एवमादिकलकलं कुर्वति उत्थिताः साधवः, नवरं तद्वचनाऽऽशङ्कितताः सहसा गताः ते सूरिसमीपे यावत्प्रेक्षन्ते कालगतमाऽऽचार्यम्। ततः सुचिरम् अधृतिं कर्तुमारब्धाः। कथम् -

દેવલોકમાં ગયા. તે વખતે પાસેના દેવોએ કુસુમવૃષ્ટિપૂર્વક તેમનો મહિમા કર્યો. એવામાં વિદ્યુતના પુંજ સમાન ચળકતા શરીરવાળા દેવોને સાધુનિવાસ સમીપે જતા-આવતા જોઇને ગોશાળો સ્વામીને કહેવા લાગ્યો કે-'હે ભગવન્! તમારા તે વિરોધીઓનો ઉપાશ્રય બળે છે.' સિદ્ધાર્થે કહ્યું-'હે ભદ્ર! એવી આશંકા ન કર. તેમના આચાર્ય દેવલોકે ગયા જેથી દેવતાઓ મહિમા કરે છે.' એટલે કૌતૂહલથી ગોશાળો તે પ્રદેશમાં ગયો. દેવો પણ પૂજા કરીને સ્વસ્થાન પ્રત્યે નિવૃત્ત થયા, છતાં ત્યાં ગંધોદક અને પુષ્પવૃષ્ટિ જોઇ, ભારે હર્ષ પામતો તે ઉપાશ્રયમાં જઇ, સ્વાધ્યાય-ધ્યાન, વિનયાદિથી પરિશ્રાંત થઇ, નિશ્ચિંતપણે સૂતેલા તેમના શિષ્યોને જગાડીને કહેવા લાગ્યો કે-'અરે દુષ્ટ શિષ્યો! તમે શિર મુંડાવીને જ ચાલો અને યથેચ્છ ભિક્ષાભોજન કરીને આખી રાત સૂઈ રહો. તમે એટલું પણ જાણતા નથી કે મહાનુભાવ આચાર્ય પંચત્વ પામ્યા. અહો! ગુરુ પ્રત્યે તમારી ભક્તિ!' એમ ગોશાળે કલકલાટ કરતાં સાધુઓ ઊઠ્યા અને તેના વચનથી શંકા લાવીને તેઓ તરત સૂરિ પાસે ગયા અને ત્યાં આચાર્યને કાલધર્મ પામેલા જોઇ, ભારે અધૃતિ અને ખેદ કરવા લાગ્યા કે-

तह पालियावि तह पाढियावि तह गुणगणेसु ठवियावि।
तह सिक्खवियावि दढं हा हा अकयन्नुया अम्हे ।।१।।

किं दुक्करतवचरणेण अम्ह किं वावि कुसलबोहेणं।
किं चिरगुरुकुलसंवाससेवणाएवि विहलाए ।।२।।

जं असरिससंजमरयणरोहणं नियगुरुंपि कालगयं।
पच्चक्खधम्मरासिंपि नेव मुणिमो पमाएणं ।।३।।

इय ते नियदुच्चरियं पुणो पुणो चेव जंपिरे समणे।
गोसालो निब्भच्छिय बहुसो सामिं समल्लीणो ।।४।।

तओ सामी **चोराग**सन्निवेसं गओ। तत्थ य तद्दिवसं परचक्कभयमुवट्ठियं। तब्भएण य

---

तथा पालिताः अपि, तथा पाठिताः अपि, तथा गुणगणेषु स्थापिताः अपि।
तथा शिक्षापिताः अपि दृढं हा हा अकृतज्ञाः वयम् ।।१।।

किं दुष्करतपश्चरणैः अस्माकम् किं वाऽपि कुशलबोधेन।
किं चिरगुरुकुलसंवाससेवनयाऽपि विफलया ।।२।।

यद् असदृशसंयमरत्नरोहणं निजगुरुमपि कालगतम्।
प्रत्यक्षधर्मराशिमपि नैव जानीमः प्रमादेन ।।३।।

इति तान् निजदुश्चरितं पुनः पुनः एव जल्पतः श्रमणान्।
गोशालः निर्भर्त्स्य बहुशः स्वामिनं समालीनः ।।४।।

ततः स्वामी **चोराक**सन्निवेशं गतः। तत्र च तद्दिवसं परचक्रभयम् उपस्थितम्। तद्भयेन च खण्डरक्षाः

---

'અહો! તમે અમને પાળ્યા, પઢાવ્યા અને તેવી રીતે ગુણોમાં સ્થાપન કર્યા તેમજ શિક્ષા પમાડ્યા; છતાં હા! અમે તો અકૃતજ્ઞ જ રહ્યા. (૧)

અમારા દુષ્કર તપ-ચરણ કે કુશળ-બોધથી પણ શું? અને વિફલ ગુરુકુલવાસની સેવાથી પણ શું? (૨)

કે અસાધારણ સંયમ-રત્નના રોહણાચલ તથા સાક્ષાત્ ધર્મરાશિ સમાન એવા પોતાના ગુરુને કાળ ધર્મ પામતાં, પ્રમાદથી અમે જાણી જ ન શક્યા.' (૩)

એ પ્રમાણે વારંવાર પોતાના દુશ્ચરિત્રને નિંદતા તે શ્રમણોને અનેક વાર નિર્ભ્રંછીને ગોશાળો સ્વામી પાસે ગયો. (૪)

પછી ભગવંત **ચોરાક** સંનિવેશમાં ગયા. ત્યાં તે દિવસે પરચક્રનો ભય આવ્યો. તેના ભયને લીધે કોટવાળોએ

खंडरक्खा तिय-चउक्क-सुन्नमढ-सभा-देउल-काणणुज्जाणेसु अन्नेसु य तहाविहठाणेसु अपुव्वपुरिसं चारियसंकाए निभालेमाणा पेच्छंति भयवंतं एगंमि वणनिगुंजे फासुगविजणरूवे गोसालएण परिवुडं काउस्सग्गेण संठियंति। तं च पिच्छिऊण 'भीओ भयाइं पासइ' त्ति जायसंका चिंतिउमारद्धा-'अहो एरिसंमि एगंतदेसे एएसिं अवत्थाणं न कोसल्लमावहइ, तहाहि-जइ इमे निद्दोसा ता किं पयडे च्चिय नो गाममज्झे वुत्था?, अओ निच्छयं चारोवलंभत्थं परचक्कसंतिया केइ आगय'त्ति निच्छिऊण पुट्ठो तेहिं सामी गोसालगो य, 'अहो के तुब्भे? किं निमित्तं वा एत्थावत्थाणं'तिवुत्ते भयवं मोणेण चिट्ठइ। गोसालोऽवि तयणुवित्तीए तहेव जावेइ। जाव य पुणो पुणो वागरिज्जमाणाऽवि न देंति पच्चुत्तरं ताव 'निब्भंतं चारगा एए'त्ति कलिऊण तेहिं नीया कूवतडे, पारद्धा य वरत्ताए बंधिऊण तत्थ पक्खिविउं, नवरं पढमं गोसालं पक्खिवंति, पच्छा तं उत्तारिऊण भयवंतं बोलिंति। एवं च

---

त्रिक-चतुष्क-शून्यमठ-सभा-देवकुल-काननोद्यानेषु अन्येषु च तथाविधस्थानेषु अपूर्वपुरुषं चारिकशङ्कया निभालयन्तः प्रेक्षन्ते भगवन्तम् एकस्मिन् वननिकुञ्जे प्रासुकविजनरूपे गोशालकेन परिवृत्तं कायोत्सर्गेण संस्थितम्। तौ च प्रेक्ष्य 'भीतः भयानि पश्यति' इति जातशङ्काः चिन्तयितुमारब्धाः अहो! एतादृशे एकान्तदेशे एतयोः अवस्थानं न कौशल्यमाऽऽवहति, तथाहि-'यदि इमौ निर्दोषौ तदा किं प्रकटे एव नो ग्राममध्ये उषितौ?, अतः निश्चयं चारोपलब्धये परचक्रसत्कौः कौ अपि आगतौ 'इति निश्चित्य पृष्टः तैः स्वामी गोशालकश्च 'अहो! कौ युवाम्? किं निमित्तं वा अत्र अवस्थानम्' इति उक्ते भगवान् मौनेन तिष्ठति। गोशालकोऽपि तदनुवर्त्या तथैव यापयति। यावच्च पुनः पुनः व्याक्रियमाणौ अपि न दत्तः प्रत्युत्तरं तावद् 'निर्भान्तं चारकौ एतौ' इति कलयित्वा तैः नीतौ कूपतटे, प्रारब्धौ च वरत्रया बध्वा तत्र प्रक्षेप्तुम्, नवरं प्रथमं गोशालकं प्रक्षिपन्ति, पश्चात् तमुत्तार्य भगवन्तं बुडयन्ति। एवं च उद्बुडन-निबुडने क्रियमाणे

---

ત્રિક, ચતુષ્પથ, શૂન્ય મઠ, સભા, દેવળ, વન, ઉદ્યાન તેમજ તથાવિધ અન્ય સ્થાનોમાં અજ્ઞાત પુરુષને ચર-જાસુસની શંકાથી જોતાં, એક વનનિકુંજમાં નિર્દોષ સ્થાને ગોશાળા સહિત કાયોત્સર્ગે રહેલા ભગવંતને જોયા. તેમને જોતાં 'ભયભીત ભયને જુએ' એવી શંકાથી તેઓ ચિંતવવા લાગ્યા કે-'અહો! આવા એકાંત સ્થાનમાં એમનું અવસ્થાન સુખરૂપ નથી, કારણ કે જો એઓ નિર્દોષ હોય તો ગામમાં પ્રગટ કેમ ન રહ્યા? તેથી અવશ્ય કંઇ બાતમી મેળવવા પરચક્રના ચર-પુરુષો આવ્યા લાગે છે.' એમ નિશ્ચય કરી, તેમણે સ્વામી અને ગોશાળાને પૂછ્યું કે-'અહો! તમે કોણ છો? અને અહીં શા કારણે પડી રહ્યા છો?' એમ તેમના કહેતાં પણ ભગવંત તો મૌન જ રહ્યા અને ગોશાળો પણ તેમનું અનુકરણ કરીને મૌન જ રહ્યો. જ્યારે વારંવાર બોલાવ્યા છતાં તેમણે કંઈ પ્રત્યુત્તર ન આપ્યો એટલે 'આ તો અવશ્ય ચર-પુરુષો જ છે' એમ સમજીને તેઓ તેમને કૂવાના તટ પર લઈ ગયા અને વાધરમાં ચામડાની દોરીમાં બાંધીને તેમાં ઉતારવા લાગ્યા. તેમાં પ્રથમ ગોશાળાને નાખી, પછી ભગવંતને ઉતારી ડૂબાડવા લાગ્યા. એમ ઉન્મજ્જન-નિમજ્જન કરાવતા, તેવામાં પાર્શ્વનાથના તીર્થમાં દીક્ષા લીધા પછી પરીષહોથી

उब्बोलणनिबोलणे कुणमाणाण **सोमा-जयंती**नामाओ पासजिणतित्थपडिवन्नसामन्नुप्पन्न-परीसहपराइयाओ, जीविगानिमित्तधरियपरिव्वायगनेवत्थाओ पुव्वभणियस्स **उप्पल**नेमित्तियस्स भगिणीओ निसुणियएवंविहवइयराउ 'मा भयवं चरिमतित्थयरो गहियदिक्खो एस होज्ज'त्ति जायसंसयाउ जाव तत्थ पएसे आगच्छंति ताव पेच्छंति भयवंतं तहा वाहिज्जमाणंति। तओ ताहिं भणियं-'अरे रे दुरायारा! नूणं विणस्सिउकामा तुब्भे जे इमस्स सिद्धत्थनरवइसुयस्स सुरविसरपणयचलणस्स एवं उवसग्गं करेह।' एयं च निसामिऊण भयभीएहिं सबहुमाणं खामिऊण मुक्को खंडरक्खेहिं जयगुरू। तं च ताओ वंदिऊण भावसारं गयाओ सट्ठाणंमि।

सामीवि तत्थेव कइवय दिणाइं परिपालिऊण गोसालेण समेओ नीसेसनयर-मंडलमंडणाए **पिट्ठिचंपा**पुरीए गंतूण चउत्थं वासारत्तं उवसंपज्जइ। वीरासण-लगंडासणाइ-निसेज्जाहिं निरंतरं जावेइ चाउम्मासियं च महाखमणं करेइ। तस्स पज्जंतदिणंमि य अन्नत्थपारणयं

---

**सोमा-जयन्ती**-नामिके पार्श्वजिनतीर्थप्रतिपन्नश्रामण्योत्पन्नपरीषहपराजिते, जीविकानिमित्तधृतपरिव्राजकनेपथ्ये पूर्वभणितस्य **उत्पल**नैमित्तकस्य भगिन्यौ निश्रुतैवंविधव्यतिकरात् 'मा भगवान् चरमतीर्थकरः गृहीतदीक्षः एषः भवेदिति' - जातसंशये यावत्तत्र प्रदेशे आगच्छतः तावत्प्रेक्षेते भगवन्तं तथा उह्यमानम्। ततः ताभ्यां भणितं 'अरे! रे! दुराचाराः! नूनं विनष्टुकामाः यूयं यदस्य सिद्धार्थनरपतिसुतस्य सुरविसरप्रणतचरणस्य एवं उपसर्गं कुर्वन्ति। एवं च निःश्रुत्य भयभीतैः सबहुमानं क्षमयित्वा मुक्तः खण्डरक्षैः जगद्गुरुः। तं च ते वन्दित्वा भावसारं गते स्वस्थाने।

स्वामी अपि तत्रैव कतिपयदिनानि परिपाल्य गोशालेन समेतः निःशेषनगरमण्डलमण्डनायां **पृष्ठचम्पा**पुर्यां गत्वा चतुर्थीं वर्षारात्रिं उपसम्पद्यते। वीरासन-लगण्डाऽऽसनादिनिषद्याभिः निरन्तरं यापयति, चतुर्मासिकं च महाक्षपणम् करोति। तस्य पर्यन्तदिने च अन्यत्र पारणकं कृत्वा **कृताङ्गल**सन्निवेशं व्रजति। तत्र च

---

પરાજિત થયેલી, આજીવિકા નિમિત્તે પરિવ્રાજકનો વેશ ધારણ કરનાર, પૂર્વે કહેલ **ઉત્પલ** નૈમિત્તિકની **સોમા** અને **જયંતી** નામની બ્હેનો, એવા પ્રકારનો વ્યતિકર સાંભળતાં 'એ દીક્ષાધારી ચરમ તીર્થંકર તો નહિ હોય?' એવી શંકાથી તે સ્થાને આવતાં, તેવી રીતે બાંધી કૂવામાં ઉતારેલ ભગવંતને તેમણે જોયા એટલે તે કહેવા લાગી કે-'અરે દુરાચારો! ખરેખર તમે વિનાશ પામવાના છો કે આ સિદ્ધાર્થ રાજાના પુત્ર અને દેવોને પૂજનીય પ્રભુને આમ ઉપસર્ગ કરો છો.' એમ સાંભળતાં ભયભીત થઇ, તેમણે બહુમાનથી ખમાવીને પ્રભુને મૂકી દીધા. તે બે બ્હેનો પણ ભગવંતને ભક્તિથી વાંદીને પોતાના સ્થાને ગઇ.

સ્વામી પણ કેટલાક દિવસ ત્યાં રહી, ગોશાળા સાથે સમસ્ત નગરોના મંડનરૂપ એવી **પૃષ્ટચંપા** નગરીમાં જઈ તેમણે ચોથું ચોમાસું કર્યું. ત્યાં **વીરાસન, લગંડાસને** સતત ધ્યાન ધરતાં તેમણે ચાતુર્માસિક મહાખમણ આદર્યું. તેના છેલ્લા દિવસે પ્રભુ અન્યત્ર પારણું કરી **કૃતાંગલ** સંનિવેશમાં ગયા. ત્યાં **દરિદ્રસ્થવિર** નામના પાખંડીઓ આરંભ,

काऊण **कयंगल**सन्निवेसंमि वच्चइ। तत्थ य दरिद्दथेरा नाम पासंडत्था सारंभा समहिला सपरिग्गहा सपुत्तनत्तुगाइसयणा परिवसंति। तेसिं च गेहपाडगस्स मज्झे सकुलक्कमागयदेवयासमद्धासियब्भंतरं विउलपट्टसालपरिक्खेवमणहरं समुत्तुंगसिहरोवसोहिअं देवउलमत्थि। तस्स एगंतकोणे समागंतूण सामी ठिओ पडिमाए। तद्दिवसं च मंदमंदनिवडंत-जलतुसारवायं निरारियंतसिसिरमारुयं निवडइ महंतं सीयं। तेसिं च पासंडत्थाणं तंमि दिणे जाओ महूसवो। तम्मि दिणे देवउले मिलिऊण सडिंभा सदारा भत्तीए गायंति यं नच्चंति य। तेऽवि तहारूवे दट्ठूण अविगणियभाविभओ गोसालो सोवहासं भणिउमाढत्तो-

जत्थ गिहिणीसु पेमं झाणज्झयणेहिं सह महावेरं।
सुरयपवंचपरूवणपरायणाइं च सत्थाइं ।।१।।

जीवदयानामंपिवि न मुणिज्जइ जत्थ नूण सुमिणेऽवि।
निब्भरमइरापाणंमि निच्चसो उज्जमो जत्थ ।।२।।

---

**दरिद्रस्थविराः** नामकाः पाषण्डस्थाः सारम्भाः, समहिलाः, सपरिग्रहाः, सपुत्रनप्तृकादिस्वजनाः परिवसन्ति। तेषां च गृहपाटकस्य मध्ये स्वकुलक्रमाऽऽगतदेवतासमध्यासिताऽभ्यन्तरं, विपुलपट्टशालपरिक्षेपमनोहरं, समुत्तुङ्गशिखरोपशोभितं देवकुलमस्ति। तस्य एकान्तकोणे समागत्य स्वामी स्थितः प्रतिमया। तद्दिवसं च मन्द-मन्दनिपतज्जलतुषारवातं आप्रविशत्शिशिरमारुतं निपतति महत् शीतम्। तेषां च पाषण्डस्थानां तस्मिन् दिने जातः महोत्सवः। तस्मिन् दिने देवकुले मिलित्वा सडिम्भाः सदाराः भक्त्या गायन्ति च नृत्यन्ति च। तानपि तथारूपान् दृष्ट्वा अविगणितभाविभयः गोशालकः सोपहासं भणितुमारब्धवान् -

यत्र गृहिणीषु प्रेमः, ध्यानाऽध्ययनैः सह महावैरम्।
सुरतप्रपञ्चप्ररूपणापरायणानि च शास्त्राणि ।।१।।

जीवदयानामाऽपि न ज्ञायते यत्र नूनं स्वप्नेऽपि।
निर्भरमदिरापाने नित्यशः उद्यमः यत्र ।।२।।

---

મહિલા, પરિગ્રહ, પુત્ર, પૌત્રાદિ સ્વજનો સહિત રહેતા હતા. તેમના ગૃહ-પાટકના મધ્યમાં સ્વકુલ-ક્રમાગત દેવતાવડે શોભાયમાન, વિપુલ ઉપાશ્રયવડે મનોહર અને ઊંચા શિખરથી શોભિત દેવળ હતું, તેના એકાંત ભાગમાં આવીને પ્રભુ પ્રતિમાએ રહ્યા. તે દિવસે મંદ મંદ જળકણ પડતા અને શીતલ સખ્ત પવન લાગવાથી ભારે ટાઢ પડતી હતી. વળી તે દિવસે તે પાખંડીઓનો મહોત્સવ કે જેમાં તે બધા બાળક, સ્ત્રીઓના પરિવાર સહિત દેવળમાં ભેગા થઇને ભક્તિપૂર્વક ગાતા અને નાચતા હતા. તે બધાને તથારૂપ જોઇ, ભાવી ભયની દરકાર કર્યા વિના ગોશાળો સોપહાસ કહેવા લાગ્યો કે-'જ્યાં રમણીમાં પ્રેમ અને ધ્યાન કે અધ્યયન સાથે મહાવૈર છે, તથા સુરત-સંભોગના પ્રપંચની પ્રરૂપણા કરનાર શાસ્ત્રો છે, (૧)

જ્યાં સ્વપ્ને પણ જીવદયાનું નામમાત્ર પણ જણાતું નથી અને જ્યાં નિર્ભર મદિરાપાનમાં નિરંતર ઉદ્યમ ચાલુ છે, (૨)

गाइज्जइ नच्चिज्जइ सविलासं नियकुडुंबसहिएहिं।
को होज्ज नाम एसोऽवि कोऽवि पासंडपरमत्थो? ।।३।।

ते एवं फरुसक्खरं तं जंपमाणं पेच्छिऊण समुप्पन्नरोसा भणंति-'अरे बाहिं निच्छुभह एयं दुट्ठमुहं, न कज्जमेएण इहट्ठिएणं।' एवं कहिए कंठे घेत्तूण इयरेहिं निस्सारिओ देवउलस्स बाहिंमि गोसालो, तहिं च हिमतुसारसंवलियानिलेण अब्भाहओ समाणो निविडबाहुवल्लरीसंछाइयवच्छत्थलो कंपंतकाओ दंतवीणावायणं कुणमाणो समुद्धसियरोमकूवो अच्छिउं पवत्तो। तारिसं च तं दट्ठूण जायाणुकंपेहिं अइनीओ सो अन्नेहिं देवउलमज्झे। खणमेत्तं च जायसीयावगमो नियदुट्ठसीलयं पडिक्खलिउमपारयंतो पुणोऽवि वागरेइ-'जत्थ गिहिणीसु पेम'मिच्चाइ, तओ पुणोऽवि नीणिओ पवेसिओ य जाव तिन्नि वारे। चउत्थवाराए भवणमज्झपविट्ठो गोसालो भणइ-

---

गीयते, नृत्यते सविलासं निजकुटुम्बसहितैः।
कः भवेद् एषः अपि कोऽपि पाषण्डपरमार्थः? ।।३।।

ते एवं परुषाक्षरं तं जल्पमानं प्रेक्ष्य समुत्पन्नरोषाः भणन्ति 'रे बहिः निक्षिपत एतं दुष्टमुखम्, न कार्यमेतेन इहस्थितेन।' एवं कथिते कण्ठे गृहीत्वा इतरैः निस्सारितः देवकुलस्य बहिः गोशालकः। तत्र च हिम-तुषारसंवलिताऽनलेन अभ्याहतः सन् निबिडबाहुवल्लीसंछादितवक्षस्थलः कम्पमानकायः दन्तीवीणावादनं कुर्वन् समुद्भूतरोमकूपः आसितुं प्रवृत्तः। तादृशं च तं दृष्ट्वा जाताऽनुकम्पैः अतिनीतः सः अन्यैः देवकुलमध्ये। क्षणमात्रं च जातशीताऽपगमः निजदुष्टशीलं प्रतिस्खलितुम् अपारयन् पुनरपि व्याकरोति 'यत्र गृहिणीषु प्रेम...' इत्यादि, ततः पुनरपि निर्णीतः प्रवेशितश्च यावत् त्रिः वारम्। चतुर्थवारायां भवनमध्यप्रविष्टः गोशालः भणति-

---

પોતાના કુટુંબ સહિત જ્યાં વિલાસપૂર્વક ગાન, નૃત્ય થયા કરે છે, અહો! આવા પાખંડનો કાંઇ પરમાર્થ હશે?' (૩)

એમ કઠોર વચને બોલતા તેને જોઇને તેઓ ભારે રોષ લાવતાં બોલ્યા કે-'અરે! આ દુષ્ટ બોલનારને બહાર કાઢી મૂકો. એને અહીં રાખવાનું કાંઇ પ્રયોજન નથી.' એટલે ઇતર જનોએ ગળે પકડીને ગોશાળાને દેવળની બહાર કાઢી મૂક્યો. ત્યાં હિમકણમિશ્ર પવનવડે આઘાત પામતાં, નિબિડ બાહુથી વક્ષસ્થળને આચ્છાદિત કરી, કંપતા શરીરે, દંતવડે વીણા-વાદન કરતાં, ધ્રુજતો તે બેસી રહ્યો. તેને તેવી સ્થિતિમાં જોઇ, અનુકંપા આવતાં બીજા કેટલાક તેને દેવળમાં લઈ ગયા. ત્યાં ક્ષણાંતરે શીત દૂર થતાં, પોતાના દુષ્ટ સ્વભાવને અટકાવવાને અસમર્થ એવો ગોશાળો ફરીને પણ પ્રથમની જેમ કહેવા લાગ્યો. એટલે ફરી તેને બહાર કહાડી અને અંદર લાવ્યા. એમ ત્રણ

दूरे अच्छउ नियमयविगप्पियं जं न लब्भए वोत्तुं।
संब्भूयंपि न पावेमि भासिउं किं करेमि अहं? ।।१।।

नमिमो तिसंझमेयं ठाणं न जहिं सदुच्चरीयस्स।
रूसिज्जइ थेवंपिहु जइ पर फुडवाइणो चेव ।।२।।

एवं च निसामिऊण परिणयबुद्धीहिं भणिया-'एस इमस्स देवज्जगस्स कोऽवि पीढियावाहगो वा, छत्तधारगो वा, पडिचारगो वा होही, ता किं अरे एएण?, तुण्हिक्का अच्छह, नियनियकज्जाइं करेह, जइ सोढुं न तरेह ता सव्वतूराइं वाएह, जहा से सद्दो न सुणिज्जइ।' तहेव विहियं तेहिं।

अह जायंमि पभायसमए, समुग्गए दिणयरे, पच्चक्खीभूयंमि जीवनियरे तओ ठाणाओ पडिमं उवसंहरिऊण सामी **सावत्थिं** नयरिं गओ, ठिओ तीसे बाहिं पडिमाए। इओ य

---

दूरे आस्तां निजमतविकल्पितं यन्न लभ्यते वक्तुम्।
सद्भूतमपि न प्राप्नोमि भाषितुं किं करोमि अहम् ।।१।।

नमामि त्रिसन्ध्याम् एनं (मद्गुरुं) स्थानं न यत्र स्वदुश्चरितस्य।
रुष्यति स्तोकमपि खलु यदि परः स्फुटवादिः एव ।।२।।

एवं च निःशम्य परिणतबुद्धिभिः भणिताः 'एषः अस्य देवाऽर्यस्य कोऽपि पीठिकावाहकः वा, छत्रधरकः वा, प्रतिचारकः वा भविष्यति ततः किं अरे एतेन? तुष्णीकाः आध्वम्, निजनिजकार्याणि कुरुत, यदि सोढुं न शक्नुत तदा सर्वतूराणि वादयत, यथा सः शब्दः न श्रूयते। तथैव विहितं तैः ।।

अथ जाते प्रभातसमये, समुद्गते दिनकरे, प्रत्यक्षीभूते जीवनिकरे तस्मात् स्थानात् प्रतिमाम् उपसंहृत्य स्वामी **श्रावस्तीं** नगरीं गतः, स्थितः तस्याः बहिः प्रतिमया। इतश्च भोजनसमये गोशालः पृच्छति 'भगवन्,

---

વાર તેમણે કર્યું. પછી ચોથી વારે ભવનમાં આવીને ગોશાળો કહેવા લાગ્યો કે-'તમારા મતના વિકલ્પ તો દૂર રહો કે જે કહી પણ ન શકાય, પરંતુ હું શું કરું કે સદ્ભૂત વસ્તુને પણ કહી શકતો નથી. (૧)

આ ધ્યાની ગુરુને ત્રિકાલ નમસ્કાર હો કે જ્યાં સ્વદુશ્ચરિત્રનું નામ પણ નથી. બીજા કદાચ સ્ફુટવક્તા હોય, પરંતુ અલ્પ પણ રોષ કર્યા વિના ન રહે.' (૨)

એમ સાંભળતાં પાકી બુદ્ધિના લોકો કહેવા લાગ્યા કે-'એ આ દેવાર્યનો સેવક, છત્રધારક કે આસન ઉપાડનાર હશે તો અરે! એને મારવાથી શું? તમે બધા મૌન રહો અને પોતપોતાનાં કામ કર્યા કરો. જો તમે સહન ન કરી શકતા હો તો બધાં વાદ્યો વગાડો કે જેથી તેનો શબ્દ સાંભળવામાં ન આવે.' એટલે તેમણે તેમ કર્યું.

પછી પ્રભાત સમય થતાં, સૂર્ય ઉદય પામતાં અને જીવલોક સાક્ષાત્ દૃષ્ટિગોચર આવતાં, પ્રતિમા પારીને સ્વામી તે સ્થાનથી નીકળી **શ્રાવસ્તી** નગરી પ્રત્યે ગયા. ત્યાં બહાર પ્રતિમાએ રહ્યા. ભોજન સમયે ગોશાળાએ

भोयणसमए गोसालो पुच्छइ-'भयवं! तुब्भे भिक्खट्ठं अईयह?।' सिद्धत्थो भणइ-'अज्ज अम्ह उववासो', सो पुच्छइ-'भयवं! अज्ज किमाहारं भुंजिस्सामि?।' सिद्धत्थो भणइ-'अज्ज तुमए माणुसमंसं खाइयव्वं।' सो भणइ-'अज्ज मए तं भोत्तव्वं जत्थ इयरमंससंभवोऽवि नत्थि, किमंग पुण माणुसभंसस्स?।' एवं निच्छयं काऊण सव्वत्थ हिंडिउमारद्धो।

इओ य-तत्थेव नयरीए **पियदत्तो** नाम गाहावई। तस्स **सिरिभद्दा** नाम भारिया। सा य मरंतवियायणी, पुत्तभंडजीवणनिमित्तं उवयरेइ मंतवाइणो पुच्छेइ, संवच्छरिए सविसेसं पूएइ देवयाओ तहवि न जाओ कोइ विसेसो, तंमि य समए वेलामासे वट्टमाणे देसंतरागयं पसिद्धं **सिवदत्त**नामधेयं नेमित्तियं पुच्छइ-'कह मम पया जीविस्सइत्ति?।' तेण भणियं-'जइ जायमेत्तं मयल्लयं बालं ससोणियमंसं पीसिऊण दुद्धपक्खेवपुव्वयं पायसविहाणेण रंधिऊण घयमहूहिं सुसंभियं काऊण सुतवस्सिणो उद्धूलियचरणस्स सबहुमाणं भोयणत्थं

---

त्वं भिक्षार्थम् अतिगच्छसि?।' सिद्धार्थः भणति 'अद्य मम उपवासः।' सः पृच्छति 'भगवन्, अद्य किमाहारं भुञ्जिष्यामि?।' सिद्धार्थः भणति 'अद्य त्वया मानुषमांसं खादितव्यम्।' सः भणति 'अद्य मया तद् भोक्तव्यं यत्र इतरमांससम्भवः अपि नास्ति, किम्पुनः मानुषमांसस्य!।' एवं निश्चयं कृत्वा सर्वत्र हिन्डीतुमारब्धवान्।

इतश्च तत्रैव नगर्यां **प्रियदत्तः** नामकः गाथापतिः। तस्य **श्रीभद्रा** नामिका भार्या। सा च मृतकजननी, पुत्रभाण्डजीवननिमित्तं उपचरति मन्त्रिवादिनम् पृच्छति, संवत्सरे सविशेषं पूजयति देवताः तथापि न जातः कोऽपि विशेषः। तस्मिन् च समये वेलामासे वर्तमाने देशान्तराऽऽगतं प्रसिद्धं **शिवदत्त**नामधेयं नैमित्तिकं पृच्छति 'कथं मम प्रजा जीविष्यति?।' तेन भणितं 'यदि जातमात्रं मृतं बालं सशोणितमांसं पिष्ट्वा दुग्धप्रक्षेपपूर्वकं पायसविधानेन रधित्वा घृत-मधुभिः सुसंभृतं कृत्वा सुतपस्विनः उद्धूलितचरणस्य सबहुमानं भोजनार्थं अर्पयसि तदा प्रजा स्थिरा भविष्यसि।' केवलं तस्मिन् कृतभोजने स्वस्थानमुपगते गृहस्य

---

પૂછ્યું કે-'હે ભગવન્! તમે ભિક્ષા લેવા નીકળશો?' સિદ્ધાર્થે કહ્યું-'આજે અમારો ઉપવાસ છે.' તેણે પુનઃ પૂછ્યું-'ભગવન્! આજે મને કેવો આહાર મળશે?' સિદ્ધાર્થ બોલ્યો-'આજે તું મનુષ્ય-માંસ ખાઇશ.' ગોશાળો બોલ્યો-'આજ મારે ઇતર માંસનો પણ જ્યાં સંભવ ન હોય તેવું જમીશ, તો મનુષ્ય-માંસ તો ક્યાંથી?' એમ નિશ્ચય કરી તે સર્વત્ર ભમવા લાગ્યો.

હવે તે જ નગરીમાં **પ્રિયદત્ત** નામે એક ગૃહસ્થ રહેતો. તેની શ્રીભદ્રા નામે ભાર્યા હતી. તેને બધાં મૃત બાલકો જન્મતાં એટલે પુત્ર જીવતા જન્મે તેને માટે તે મંત્રવાદી, જ્યોતિષી અને દેવતાઓને સવિશેષ પૂછતી અને પૂજતી હતી, તથાપિ તેને કંઇ ફાયદો ન થયો. એવામાં તે વખતે પ્રસૂતિસમય લગભગ નજીક આવતાં, દેશાંતરથી આવેલ **શિવદત્ત** નામના કોઇ પ્રસિદ્ધ નૈમિત્તિકને તેણે પૂછ્યું-'મારી પ્રજા જીવતી કેમ રહે?' તેણે કહ્યું-'જો તરતના જન્મેલા મૃત બાળકને પીસી, તેમાં દૂધ નાખી, ખીર રાંધી, તેને ઘી, સાકરથી મિશ્રિત બનાવી, કોઇ શ્રેષ્ઠ તપસ્વીને બહુમાનપૂર્વક ભોજનમાં આપીશ તો તારી પ્રજા સ્થિર થશે; પરંતુ ભોજન કરીને તેના ગયા પછી ઘરનું દ્વાર બીજી

पणामसि ताधे पया थिरा होइत्ति, केवलं तंमि कयभोयणे सट्ठाणमुवगए गेहस्स अन्नओमुहं दारं करेज्जासि, मा सो कहंपि मुणित्ता भोयणसरूवं गेहं दहेज्ज'त्ति। पडिवन्नं च सयलं तीए। तम्मि य दिणे पसूया सा मएल्लयदारयं, तओ जहाभणियविहाणेण पायसं काऊण दुवारदेसे ठिया अतिहिं निहालेइ।

एत्थंतरे गोसालो अणेगमंदिरपरिच्चागं कुणमाणो समागओ तं पएसं। दिट्ठो अणाए, सायरं उवणिमंतिओ य समाणो पविट्ठो तंमि गेहे। दिन्नमासणमिमीए। उवविट्ठो एसो। ठावियं से पुरओ भायणं, परिवेसियं च घयमहुसणाहं पुव्वसंसिद्धं पायसभत्तं, 'कहं एत्थ मंससंभवो'त्ति सबुद्धीए निच्छिऊण संतोसमुव्वहंतेण भुत्तमणेणं। भुंजिऊण गओ भगवओ मूलं, ईसिं विहसियं काऊण भणिउं पवत्तो-'भयवं! तुमए चिरं नेमित्तिगत्तणं कयं, नवरि अज्ज विहडियं', सिद्धत्थेण भणियं-'भद्द! मा ऊसुगो होसु, अवितहमम्ह वयणं, जइ पुण न सद्दहेसि ता उव्वमेसु जेण पच्चक्खं हवइ।' तओ अंगुलिं गलए दाऊण वमियमणेण।

---

अन्यतोमुखं द्वारं क्रियताम्, मा सः कथमपि ज्ञात्वा भोजनस्वरूपं गृहं दहेत्' इति। प्रतिपन्नं च सकलं तया। तस्मिन् च दिने प्रसूता सा मृतदारकम्, ततः यथाभणितविधानेन पायसं कृत्वा द्वारदेशे स्थिता अतिथिं निभालयति।

अत्रान्तरे गोशालः अनेकमन्दिरपरित्यागं कुर्वन् समागतः तं प्रदेशम्। दृष्टः अनया, सादरम् उपनिमन्त्रितश्च सन् प्रविष्टः तस्मिन् गृहे। दत्तमासनम् अनया। उपविष्टः एषः। स्थापितं तस्य पुरतः भाजनं, परिवेषितं च घृत-मधुसनाथं पूर्वसंसिद्धं पायसभक्तम्। कथमत्र मांससम्भवः! इति स्वबुद्ध्या निश्चित्य सन्तोषमुद्वहता भुक्तमनेन। भुक्त्वा गतः भगवतः मूलम्, ईषद् विहसितं कृत्वा भणितुं प्रवृत्तवान् 'भगवन्! त्वया चिरं नैमित्तिकत्वं कृतम्, नवरं अद्य विघटितम्।' सिद्धार्थेन भणितं 'भद्र! मा उत्सुकः भव, अवितथं मम वचनम्, यदि पुनः न श्रद्दधासि तदा उद्वम येन प्रत्यक्षं भवति।' ततः अङ्गुलीं गलके दत्वा वमितम् अनेन। दृष्टा

---

બાજુ કરી લેવું કારણ કે કદાચ ભોજનનું સ્વરૂપ જાણીને તે ઘરને બાળે નહિ.' એ બધું તેણે કબૂલ કર્યું. પછી તે જ દિવસે તેણે મૃત બાળકને જન્મ આપ્યો એટલે પૂર્વોક્ત વિધિ પ્રમાણે પાયસ બનાવી, અતિથિની રાહ જોતી તે દ્વાર પર બેઠી. એવામાં અનેક ભવનોનો ત્યાગ કરતાં ગોશાળો તે સ્થાને આવ્યો. એટલે આદરપૂર્વક તેણે નિમંત્રણ કરતાં તે ઘરમાં દાખલ થયો. ત્યાં તેણે આસન આપતાં તે બેઠો અને તેની આગળ ભાજન મૂકી, પૂર્વે તૈયાર કરેલ ઘૃત-મધુ સહિત પાયસ પીરસ્યું. ત્યારે 'આમાં માંસનો સંભવ ક્યાંથી?' એમ સ્વબુદ્ધિથી નિશ્ચય કરી, સંતોષ પામતાં તેણે ભોજન કર્યું. પછી જમીને ભગવંત પાસે જતાં જરા હસીને તે કહેવા લાગ્યો કે-'હે ભગવન્! તમે લાંબો વખત નૈમિત્તિકપણું કર્યું, પણ આજે તે ખોટું પડ્યું.' સિદ્ધાર્થે કહ્યું-'હે ભદ્ર! ઉતાવળો ન થા. અમારું વચન કદી મિથ્યા ન થાય. જો તને ખાત્રી ન થતી હોય તો વમન કર કે જેથી સાક્ષાત્ સમજવામાં આવે.' પછી ગળામાં આંગળી નાખીને તેણે વમન કર્યું અને તે વિકૃત પાયસમાં માંસ, કેશાદિના સૂક્ષ્મ અવયવો જોયા. તે જોતાં

दिट्ठा कुवियंमि पायसे मंसकेसाइसुहुमावयवा, तद्दंसणे य रुट्ठो सो तं घरं मग्गिउमारद्धो। तं पुण तेहिं घरं तब्भएण चेव अन्नओमुहं कयं। सो य तंमि पएसे पुणो पुणो हिंडमाणो जाव न लहइ ताव भणइ-'जइ मम धम्मगुरुणो तवतेयप्पभावो अत्थि ता डज्झउ इमो पएसो।' जिणमाहप्पमवितहं कुणमाणेहिं अहासन्निहियवाणमंतरेहिं निद्दड्ढो सव्वो सो पएसो।

भयवंपि कइवयदिणाइं विगमिऊण गंतुं पयट्टो, संपत्तो **हलद्दुया**भिहाणंमि गामे। तस्स बहिया अणेगसाहप्पसाहाभिरामो बहलपत्तपडलपडिखलियतरणिमंडलपभापसरो महाखंधो हलिद्दगो नाम तरुवरो। तस्स हेट्ठओ ठिओ भयवं काउस्सग्गेणं। इओ य सावत्थिं नयरिं गंतुकामो रयणिंमि आवासिओ तत्थेव सत्थो। सो य सीयपीडिओ संतो पज्जालिऊण जलणं सुचिरं तप्पिऊण य पभायसमए उट्ठित्ता गओ, जलणोऽवि जणेण अविज्झविओ निद्दहंतो कमेण पत्तो जिणंतियं। गोसालेण भणियं-'भयवं! नासह एस हुयवहो एइ',

---

कुवान्ते पायसे मांस-केशादिसूक्ष्माऽवयवाः। तद्दर्शने च रुष्टः सः तद् गृहं मार्गयितुम् आरब्धवान्। तत्पुनः तैः गृहं तद्भयेन एव अन्यतोमुखं कृतम्। सश्च तस्मिन् प्रदेशे पुनः पुनः हिण्डमानः यावन्न लभते तावद् भणति 'यदि मम धर्मगुरोः तपस्तेजोप्रभावः अस्ति तदा दह्यताम् अयं प्रदेशः। जिनमाहात्म्यम् अवितथं कुर्वद्भिः यथासन्निहितवानव्यन्तरैः निर्दग्धः सर्वः सः प्रदेशः।

भगवान् अपि कतिपयदिनानि विगम्य गन्तुं प्रवृत्तः, सम्प्राप्तः **हलद्रुता**ऽभिधाने ग्रामे। तस्य बहिः अनेकशाखा-प्रशाखाऽभिरामः बहुपत्रपटलप्रतिस्खलिततरणिमण्डलप्रभाप्रसरः महास्कन्धः **हरिद्रकः** नामकः तरुवरः। तस्याऽधः स्थितः भगवान् कायोत्सर्गेण। इतश्च श्रावस्तीं नगरीं गन्तुकामः रजन्याम् आवासितः तत्रैव सार्थः। सः च शीतपीडितः सन् प्रज्वाल्य ज्वलनं, सुचिरं तर्पयित्वा च प्रभातसमये उत्थाय गतः, ज्वलनः अपि जनेन अविध्यापितः निर्दहन् क्रमेण प्राप्तः जिनाऽन्तिकम्। गोशालेन भणितं 'भगवन्! नश्य, एष हुतवहः एति।

---

રુષ્ટ થઇને ગોશાળો તે ઘર શોધવા લાગ્યો, પરંતુ તેમણે તેના ભયને લીધે ઘરનું દ્વાર બીજી બાજુ કરેલ, એટલે તે પ્રદેશમાં વારંવાર ભટકતાં પણ જ્યારે તે ઘર હાથ ન લાગ્યું ત્યારે તે કહેવા લાગ્યો કે-'જો મારા ધર્મગુરુના તપ કે તેજનો પ્રભાવ હોય તો આ પ્રદેશ બળી જાઓ.' ત્યારે જિન-માહાત્મ્યને અવિતથ કરતા પાસેના વાણવ્યંતર દેવોએ તે પ્રદેશ બાળી નાંખ્યો.

ભગવંત પણ કેટલાક દિવસ ત્યાં વીતાવી **હલદ્રુત** (હરદુ) નામે ગામમાં ગયા. તેની બહાર અનેક શાખા-પ્રશાખાથી અભિરામ, ઘણા પત્ર-પાંદડાથી સૂર્યપ્રભાને પ્રતિસ્ખલિત કરનાર તથા મહાસ્કંધ યુક્ત એવું **હરિદ્ર** નામે વૃક્ષ હતું તેની નીચે પ્રભુ કાયોત્સર્ગે રહ્યા. એવામાં **શ્રા**વસ્તી નગરી પ્રત્યે જવાને ઇચ્છતા કોઇ સાર્થ ત્યાં રાત્રે આવાસ કર્યો. તે શીતથી પરાભવ પામતાં અગ્નિ સળગાવી, લાંબો વખત તપી, પ્રભાતે ઊઠીને ચાલ્યો ગયો. અગ્નિ પણ લોકોએ ન બુઝવવાથી બળતો બળતો પ્રભુ પાસે પહોંચ્યો. એટલે ગોશાળાએ કહ્યું-'હે ભગવન્! ભાગો, આ અગ્નિ આવે છે.'

इय निसुणिएऽवि सामी अविचलचित्तो तहेव जावेइ।
अह पसरिएण सहसा पयकमलं झामियं सिहिणा ।।१।।

गोसीसचंदणंपिव तुसारवरिसं व सिसिरसलिलं व।
परिभाविंतो तिव्वं सिहिदाहं सहइ जिणनाहो ।।२।।

गोसालोऽवि तहाविहमसमंजसमिक्खिऊण भयभीओ।
अइदूरमवक्कंतो नियजीवियरक्खणट्ठाए ।।३।।

अह उवसंतंमि जलणंमि सामी **मंगला**भिहाणे गामे गओ। तहिं च वासुदेवमंदिरे ठिओ पडिमाए। गोसालोवि निलुक्को एगत्थ पएसे, केवलं केलिकलहाइविणोयाभावेण बाढं दुक्खमणुहवंतो फालचुक्कोव्व मक्कडो दिसीओ अवलोएइ। एत्थंतरे कीलानिमित्तमागयाइं

---

इति निश्रुतेऽपि स्वामी अविचलचित्तः तथैव यापयति।
अथ प्रसृतेन सहसा पदकमलं दग्धं शिखिना ।।१।।

गोशीर्षचन्दनमिव, तुषारवर्षामिव, शिशिरसलिलमिव।
परिभावयन् तीव्रं शिखिदाहं सहते जिननाथः ।।२।।

गोशालः अपि तथाविधम् असमञ्जसम् ईक्षित्वा भयभीतः।
अतिदूरम् अपक्रान्तः निजजीवितरक्षणार्थम् ।।३।।

अथ उपशान्ते ज्वलने स्वामी **मङ्गला**ऽभिधानं ग्रामं गतः। तत्र च वासुदेवमन्दिरे स्थितः प्रतिमायाम्। गोशालोऽपि निलीनः एकत्र प्रदेशे, केवलं केलिकलहादिविनोदाऽभावेन बाढं दुःखं अनुभवन् फालाभ्रष्टः इव मर्कटः दिक्षु अवलोकयति। अत्रान्तरे क्रीडानिमित्तम् आगतानि तं प्रदेशं ग्रामचेटकरूपाणि। ततः तानि

---

એમ સાંભળતા પણ મનમાં ક્ષોભ ન પામતાં સ્વામી ત્યાં જ ધ્યાનસ્થ રહ્યા. એવામાં તરત પ્રસરતા અગ્નિવડે પ્રભુના ચરણકમળ દગ્ધ થયાં, (૧)

છતાં ગોશીર્ષચંદન, જળવર્ષણ અથવા શીત સલિલ સમાન સમજતા જિનેશ્વરે તીવ્ર અગ્નિદાહને સહન કરી લીધો. (૨)

તથાવિધ અસમંજસ જોઇ ભયભીત થયેલ ગોશાળો પોતાના જીવનની રક્ષા માટે અતિ દૂર ભાગી ગયો. (૩)

પછી અગ્નિ શાંત થતાં ભગવાન્ **મંગલ** નામના ગામમાં ગયા અને ત્યાં વાસુદેવના મંદિરમાં પ્રતિમાએ રહ્યા. ગોશાળો પણ એક પ્રદેશમાં ભરાઈ બેઠો, પરંતુ કેલિ, કલહાદિ-વિનોદના અભાવે અત્યંત દુઃખ અનુભવતો તે છલાંગથી ભ્રષ્ટ થયેલ મર્કટની જેમ ચોતરફ જોવા લાગ્યો. એવામાં ગામના બાળકો ક્રીડા નિમિત્તે તે સ્થાને આવી

तं पएसं गामचेडरूवाइं। तओ ताइं पेच्छिऊण उवलद्धरयणनिहाणं व पच्चुज्जीवियं व मण्णमाणो विडंबियवयणकंदरो, दूरं निल्लालियलोलजीहो, पसारियबीभच्छच्छिजुयलो धाविओ वेगेण भयजणणनिमित्तं तेसिमभिमुहं ।।

अह तं भीसणरूवं दट्ठूणमतक्कियं समुहमिंतं।
गामाभिमुहं भयओ चेडाइं लहु पधावंति ।।१।।

धावंताणं ताणं पक्खलणवसेण केसिमवि जंघा।
भज्जइ अन्नेसिं पुण फुट्टइ सीसं टलइ चलणो ।।२।।

इयरेसिं पुण वियलंति देहनद्धाइं भूसणाइंपि।
केसिं चिय वत्थाइं निवडंति तदा भयवसेण ।।३।।

---

प्रेक्ष्य उपलब्धरत्ननिधानमिव प्रत्युज्जीवितमिव मन्यमानः विडम्बितवचनकन्दरः, दूरं निर्लालितलोलजिह्वः, प्रसारितबिभत्साक्षियुगलः धावितः वेगेन भयजननिमित्तं तेषामभिमुखम्।

अथ तं भीषणरूपं दृष्ट्वा अतर्कितं सम्मुखम् आगच्छन्तम्।
ग्रामाऽभिमुखं भयतः चेटानि लघुः प्रधावन्ति ।।१।।

धावतां तेषां प्रस्खलनवशेन केषामपि जङ्घा।
भञ्जति अन्येषां पुनः स्फटति शीर्षं, टलति चरणम् ।।२।।

इतरेषां पुनः विचलन्ति देहनद्धानि भूषणानि अपि।
केषां एव वस्त्राणि निपतन्ति तदा भयवशेन ।।३।।

---

ચડ્યા. તેમને જોતાં જાણે રત્નનિધાન પ્રાપ્ત થયું હોય અથવા જાણે ફરી જીવિત પામ્યો હોય તેમ માની, વદનરૂપી ગુફાને ફાડી, ચંચળ જીવ્હાને બહાર કહાડી, બીભત્સ લોચનને ફેરવતો તે તેમને ભય પમાડવા એકદમ વેગથી સામે દોડ્યો. એટલે

અચાનક સન્મુખ આવતાં તેના ભીષણ સ્વરૂપને જોઇ બાળકો તરતજ ભય પામી ગામ ભણી દોડી ગયા, (૧)

પણ ઉતાવળે જતાં સ્ખલના પામવાથી કેટલાકની જંઘા ભાંગી, કેટલાકનું માથું ફુટ્યું, કેટલાકના પગ મરડાયા, (૨)

કેટલાકના શરીરે પહેરેલા આભૂષણો પડી ગયા અને ભયને લીધે તે વખતે કેટલાકનાં વસ્ત્રો પડી ગયાં. (૩)

अह तारिसमसमंजसमम्मापियरो पलोइऊणेसिं।
रोसेण दोसमूलं गोसालं संपवज्जंति ।।४।।

रे पाव पिसाय किमम्हं चेडरूवाइँ तमिह भाएसि।
इय तज्जिऊण तेहिं कुट्टिज्जइ सो दढं विवसो ।।५।।

ताहे तं हम्मंतं दट्ठुं वारिंति गामजणवुड्ढा।
देवज्जगस्स एसो खु नूणं सिस्सो अओ मुयहा ।।६।।

कहमवि तेहि विमुक्को गोसालो वागेरइ जिणनाहं।
किं मइ हणिज्जमाणे तुम्हाणं जुज्जइ उवेहा? ।।७।।

एत्तियदिणाइं समसोक्खदोक्खसहणेवि नेव पडिबंधो।
किं उप्पन्नो तुम्हं? अहो सिलानिट्ठुरं हिययं ।।८।।

---

अथ तादृशमसमञ्जसं अम्बापितरौ प्रलोक्य।
रोषेण दोषमूलं गोशालं सम्प्रपद्यन्ते ।।४।।

रे पाप! पिशाच! किमस्माकं चेटरूपाणि त्वमिह भापयति।
इति तर्जयित्वा तैः कुट्यते सः दृढं विव्रशः ।।५।।

तदा तं हन्यमानं दृष्ट्वा वारयन्ति ग्रामजनवृद्धाः।
देवाऽऽर्यकस्य एषः खलु नूनं शिष्यः अतः मुञ्चत ।।६।।

कथमपि तैः विमुक्तः गोशालः व्याकरोति जिननाथम्।
किं मयि हन्यमाने युष्माकं युज्यते उपेक्षा? ।।७।।

एतावद्दिनानि समसुख-दुःखसहनेऽपि नैव प्रतिबन्धः।
किं उत्पन्नः युष्माकं? अहो शिलानिष्ठुरं हृदयम् ।।८।।

---

એમ તેમની વ્યાકુળતા જોતાં, માબાપોએ તેમ થવામાં કારણભૂત ગોશાળાને પકડ્યો, (૪)

'અરે! પાપી પિશાચ! અમારા બાળકોને તું અહીં શા માટે બીવરાવે છે?' એમ તર્જના પમાડી તેમણે તે વિવશ ગોશાળાને ખૂબ માર્યો. (૫)

ત્યારે માર ખાતાં તેને જોઈ, ગામના વૃદ્ધોએ નિવારણ કરતાં કહ્યું કે-'આ દેવાર્યનો શિષ્ય છે માટે મૂકી દો.' (૬)

આથી તેમણે મહાકષ્ટે છોડ્યો. એટલે ગોશાળાએ પ્રભુને કહ્યું કે-'હું કૂટાતા તમારે ઉપેક્ષા કરવી શું યોગ્ય છે? (૭)

આટલા દિવસ સુખ-દુઃખ સમાનપણે સહન કર્યા છતાં તમને પ્રતિબંધ કેમ ઉત્પન્ન ન થયો? અહો! પત્થર સમાન નિષ્ઠુર હૃદય!' (૮)

सिद्धत्थेणं भणियं-किं रूससि निन्निमित्तमम्हाणं?।
अप्पाणमप्पणच्चिय दोसकरं भो निरुंभेसु ।।९।।

अह उस्सग्गं पाराविऊण सामी तओऽवि निक्खमिउं।
**आवत्त**नामगामे **बलदेवगिहे** ठिओ पडिमं ।।१०।।

तत्थवि कलहिक्करुई गोसालो दारिएक्कवयणेण।
पुव्वाणत्थं विसमरिऊण डिंभाइं भेसेइ ।।११।।

रुयमाणाइं ताइं गंतुं मायापिऊण साहिंति।
तेहि पुणोवि हणिज्जइ गोसालो पुव्वनाएणं ।।१२।।

गामपहाणजणेणं भणियं किं हम्मए मुहा एसो?।
एयमनिवारयंतस्स होइ दोसो गुरुस्स इमो ।।१३।।

---

सिद्धार्थेन भणितं 'किं रुष्यसि निर्निमित्तम् अस्मासु।
आत्मानमात्मनैव दोषकरं भोः निरुणद्धि ।।९।।

अथ कायोत्सर्गं पारयित्वा स्वामी ततः अपि निष्क्रम्य।
**आवर्त्त**नामकग्रामे **बलदेव**गृहे स्थितः प्रतिमायाम् ।।१०।।

तत्राऽपि कलहैकरुचिः गोशालः दारितैकवदनेन।
पूर्वाऽनर्थं विस्मृत्य डिम्भानि भेषयति ।।११।।

रुदन्ति तानि गत्वा मातापितॄन् कथयन्ति।
तैः पुनरपि हन्यते गोशालः पूर्वन्यायेन ।।१२।।

ग्रामप्रधानजनेन भणितं किं हन्यते मुधा एष?।
एवम् अनिवारयतः भवति दोषः गुरोः अयम् ।।१३।।

---

ત્યારે સિદ્ધાર્થ બોલ્યો કે-'અરે! અમારા પર વિના કારણે કેમ રોષ લાવે છે? તું તારા દોષિત આત્માને જ નિયમિત રાખ.' (૯)

પછી કાયોત્સર્ગ પારી, ત્યાંથી નીકળતાં સ્વામી **આવર્ત** ગામમાં આવી, બળદેવના મંદિરમાં પ્રતિમાએ રહ્યા. (૧૦)

ત્યાં પણ કલહપ્રિય ગોશાળો પૂર્વાવસ્થા ભૂલી જઈ, મુખ ફાડીને બાળકોને બીવરાવવા લાગ્યો. (૧૧)

એટલે રોતાં રોતાં તેમણે જઈને માબાપને કહ્યું જેથી તેમણે પણ તેને ખૂબ માર્યો (૧૨)

અને પૂર્વની જેમ ગામના પ્રધાન જનો અટકાવતાં બોલ્યા કે-'અરે! તમે એને વૃથા શામાટે મારો છો? એને ન અટકાવતાં ગુરુનો દોષ છે.' (૧૩)

इय कहिए झत्ति जएक्कचक्खुणो सम्मुहं च ते लोया।
उग्गीरियदढदंडा उवट्ठिया ताडणट्ठाए ।।१४।।

एत्थंतरंमि जिणपक्खवाइणा वंतरेण सा पडिमा।
लोआण भेसणत्थं नंगलहत्था समुट्ठविया ।।१५।।

ताहे अदिट्ठपुव्वं पडिमाचलणं पलोइउं झत्ति।
भयभीया ते सामिं भूरिपयारेहिं खामिंति ।।१६।।

खामिऊण विमुक्को जयगुरू **चोराय**सन्निवेसं गओ, तत्थ पच्छन्नपएसे पडिमं पडिवन्नो, गोसालोऽवि छुहाए परिकिलंतो पुच्छइ-'भयवं! अज्ज चरियव्वं न वा?।' सिद्धत्थो वागरेइ-अंतरं अम्हं। तओ गोसालो पविट्ठो गाममज्झे। तहिं च गोट्ठीभोयणकएण बहुभक्खभोयणजायं

---

इति कथिते झटिति जगदैकचक्षुषः सम्मुखं च ते लोकाः।
उद्गीरितदृढदण्डाः उपस्थिताः ताडनार्थम् ।।१४।।

अत्रान्तरे जिनपक्षपातिना व्यन्तरेण सा प्रतिमा।
लोकानां भेषणार्थं लाङ्गलहस्ता समुत्थापिता ।।१५।।

तदा अदृष्टपूर्वं प्रतिमाचलनं प्रलोक्य झटिति।
भयभीताः ते स्वामिनम् भूरिप्रकारैः क्षामयन्ति ।।१६।।

क्षामयित्वा विमुक्तः जगद्गुरुः **चोराक**सन्निवेशं गतः। तत्र प्रच्छन्नप्रदेशे प्रतिमां प्रतिपन्नः। गोशालः अपि क्षुधा परिक्लान्तः पृच्छति 'भगवन्! अद्य चरितव्यं न वा?।' सिद्धार्थः व्याकरोति 'अन्तरम् अस्माकम्।' ततः गोशालः प्रविष्टः ग्राममध्ये। तत्र च गोष्ठिभोजनकार्येण बहुभक्ष्यभोजनजातं उपस्क्रियते। सश्च

---

એમ કહેતાં તે લોકો મજબૂત દંડ લઈ તરતજ ભગવંતને મારવા માટે સન્મુખ આવ્યા. (૧૪)

એવામાં જિનના પક્ષપાતી વ્યંતરે લોકોને ભય પમાડતા તે પ્રતિમાને હાથમાં હળ બતાવતી કરી દીધી, (૧૫)

જેથી પૂર્વે કદી ન જોયેલ એવી પ્રતિમાને જોતાં, તરતજ ભયભીત થતાં તે લોકો સ્વામીને અનેક પ્રકારે ખમાવવા લાગ્યા. (૧૬)

ત્યાંથી પ્રભુ **ચોરાક** સંનિવેશમાં ગયા અને ગુપ્ત સ્થાનમાં પ્રતિમાએ રહ્યા. એવામાં ક્ષુધાતુર થયેલ ગોશાળાએ ભગવંતને પૂછ્યું કે 'ભગવન્! આજે ગોચરીએ જવું છે કે નહિ?' સિદ્ધાર્થે કહ્યું-'અમારે તો હજી વખત છે.' પછી ગોશાળો ગામમાં પેઠો. ત્યાં મિત્રમંડળને જમાડવા એક સ્થાને બહુ ભક્ષ્ય ભોજન તૈયાર થતું હતું એટલે 'તે ક્યારે

उवक्खडिज्जइ। सो य अत्थिरत्तणेणं केवलं देसकालो भविस्सइत्ति जाणणट्ठा निहुओ होऊण पुणो पुणो तयभिमुहमवलोयइ। तत्थ य गामे तद्दियहं महंतं चोरभयं, ताहे गामवासिणो जणा जाणंति-'एस पुणो पुणो पलोएइ, मन्ने चारो चारिओ वा हवेज्जा, ता जइ पुण कहंपि एत्तो पुव्वमोसोवलद्धी जाइज्ज'त्ति विगप्पिऊण गहिओ तेहिं निस्सढं(ट्ठं?) हणिउमारद्धो, य, पुच्छिज्जमाणो जाव न किंपि जंपेइ ताव मुक्को कुट्टिऊण। तओ सो विलक्खो चिंतेइ-'अच्छउ दूरे भोयणसंपत्ती, सरीरस्सवि जं न चुक्को तमच्छरियं वट्टइ। अहो निक्कारणदुज्जणाण मीलगो, अहवा किमेएण?, जइ अत्थि मम पहुणो पभावो ता डज्झउ एएसिं पावाणं मंडवो'त्ति भणिए निद्दड्ढो जिणाणुरागिणा वाणमंतरेण।

जिणिंदो पहाविओ **कलंबुया**भिहाणसन्निवेसाभिमुहं। तत्थ य दो पच्चन्तिया भायरो **मेहो कालहत्थी** य, सामित्तं कुणंति य। तम्मि पत्थावे कालहत्थी भडचडयरपरियरिओ,

---

अस्थिरत्वेन केवलं देशकालौ भविष्यति इति ज्ञानार्थं निभृतः भूत्वा पुनः पुनः तदभिमुखम् अवलोकते। तत्र च ग्रामे तद्दिवसं महत् चौरभयम्। तदा ग्रामवासिनः जनाः जानन्ति 'एषः पुनः पुनः प्रलोकते, मन्ये चौरः चारिकः वा भवेत्, ततः यदि पुनः कथमपि एतस्मात् पूर्वमोषोपलब्धिः जायेत इति विकल्प्य ग्रहित तैः प्रचुरं हन्तुमारब्धः च, पृच्छ्यमानः यावन्न किमपि जल्पति तावन्मुक्तः कुट्टयित्वा। ततः सः विलक्षः चिन्तयति 'आस्ताम् दूरे भोजनसम्पत्तिः, शरीरादपि यन्न मुक्तः तदाऽऽश्चर्यं वर्त्तते। अहो! निष्कारणदुर्जनानां मेलकः। अथवा किम् एतेन, यद्यस्ति मम प्रभोः प्रभावः तदा दहतु एतेषां पापानां मण्डपः' इति भणिते निर्दग्धः जिनाऽनुरागिना वानव्यन्तरेण।

जिनेन्द्रः प्रधावितः **कलम्बुका**ऽभिधानसन्निवेशाऽभिमुखम्। तत्र च द्वौ प्रत्यन्तिकौ भ्रातरौ **मेघः कालहस्तिः** च, स्वामित्वं कुरुतः च। तस्मिन् प्रस्तावे कालहस्तिः भट-चटकरपरिवृत्तः, करतलकलित-विविधप्रहरणः

---

તૈયાર થાય છે.' એમ કેવલ અસ્થિરપણાથી તે ભોજનના સ્થાનને અને સમયને જાણવા માટે છાનો રહીને વારંવાર ગોશાળો તે તરફ જોવા લાગ્યો. હવે તે દિવસે ગામમાં ચોરનો મોટો ભય જાગ્યો, જેથી ગામના લોકોએ જાણ્યું કે-'આ વારંવાર જોવે છે તેથી ચોર કે જાસુસ હશે, તો વખતસર એની પાસેથી પ્રથમની ચોરીનો માલ મળશે.' એમ ધારી તેમણે તેને પકડીને સખ્ત માર માર્યો અને પૂછતાં જ્યારે તે કાંઇ બોલ્યો નહિ ત્યારે તેને મારીને મૂકી દીધો. એટલે તે વિલક્ષ થઇને વિચારવા લાગ્યો કે-'અહો! ભોજન મળવાનું તો દૂર રહો, પરંતુ જીવતો રહ્યો તે જ આશ્ચર્ય છે. અહો! નિષ્કારણ દુર્જનોનો મેળાપ થયો અથવા તો એવા વિકલ્પથી શું? જો મારા પ્રભુનો પ્રભાવ હોય તો એ પાપીઓનો મંડપ બળી જાઓ.' એમ બોલતાં, જિનાનુરાગી વાણવ્યંતરે તે બાળી નાખ્યો.

ત્યાંથી પ્રભુ **કલંબુકા** નામના સંનિવેશ તરફ ચાલ્યા. ત્યાં **મેઘ** અને **કાલહસ્તી** નામના બે ભાઈ પાસે પાસે રહેતાં સત્તા ચલાવતા. તે વખતે સેવક અને સુભટો સહિત હાથમાં વિવિધ શસ્ત્રો લઇને કાલહસ્તી ચોરોની પાછળ

करयलकलियविविहपहरणो चोराणुमग्गलग्गो जाव केत्तियंपि भूभागं गच्छइ ताव पेच्छइ समुहमिंतं जिणं गोसालयं च। ते य दट्ठूण भणइ-'के तुब्भे?।' सामी तुसिणीए जावेइ। गोसालोऽवि केलिपियत्तणेण मोणमवलंबिऊण ठिओ। तओ सो रुट्ठो निस्सट्ठं हणिऊण भयवंतं गोसालगं च बंधिऊण महल्लगस्स भाउणो मेहस्स पेसेइ। सो य भयवंतं तहारूवं दट्ठूण समुट्ठिओ बंधणावणयणपुव्वयं पूएइ खामेइ य। तेण किर सामी कुंडग्गामे नयरे सिद्धत्थनरवइणो समीवमुवगएण दिट्ठो आसि। अह तेण मुक्को समाणो भयवं ओहीए इमं आभोएइ-अज्जवि बहुं कम्मं निज्जरियव्वं, तं च सहायविरहेण निज्जरिउं न सक्किज्जइ, ता अत्थारियादिट्ठंतो एत्थ जुत्तो, सो य एवं-

जह फलभरविणमंतग्गसंस्ससभारपूरियं छेत्तं।
दट्ठूण तस्स सामी सिग्घं गहणं समीहंतो ।।१।।

---

चौराऽनुमार्गलग्नः यावद् कियन्तमपि भूभागं गच्छति तावद् प्रेक्षते सम्मुखमाऽऽगच्छन्तं जिनं गोशालकं च। ते च दृष्ट्वा भणन्ति 'कौ युवाम्?।' स्वामी तुष्णीकेन यापयति। गोशालोऽपि केलिप्रियत्वेन मौनमवलम्ब्य स्थितः। ततः सः रुष्टः प्रचुरं हत्वा भगवन्तं गोशालकं च बध्वा वृद्धं भ्रातारं मेघं प्रेषति। सश्च भगवन्तं तथारूपं दृष्ट्वा समुत्थितः, बन्धनाऽपनयनपूर्वं पूजयति क्षमयति च। तेन किल स्वामी कुण्डग्रामे नगरे सिद्धार्थनरपतेः समीपमुपगतेन दृष्टः आसीत्। अथ तेन मुक्तः समानः भगवान् अवधिना इदम् आभोगयति 'अद्यपि बहु कर्म निर्जरितव्यम्, तच्च सहायविरहेण निर्जरितुं न शक्यते, तस्माद् कर्मकरदृष्टान्तः अत्र युक्तः, सः च एवम् -

यथा फलभरविनमदग्र-संशस्यभारपूरितं क्षेत्रम्।
दृष्ट्वा तस्य स्वामी शीघ्रं ग्रहणं समीहमानः ।।१।।

---

લાગ્યો, અને કંઈક આગળ જતાં સન્મુખ આવતા ભગવંત અને ગોશાળો તેના જોવામાં આવ્યા. તેમને જોતાં કાલહસ્તીએ કહ્યું-'તમે કોણ છો?' એટલે સ્વામી તો મૌન રહ્યા અને ગોશાળો પણ કૌતુકપ્રિયપણાથી મૌન ધરી રહ્યો, જેથી તેણે રૂષ્ટ થઈ સખ્ત માર મારી, ભગવંત અને ગોશાળાને બાંધી પોતાના ભાઈ **મેઘ** પાસે મોકલ્યા. ત્યાં તથારૂપ પ્રભુને જોઇ, ઊઠી તેણે બંધનમુક્ત કરી, પ્રભુને પૂજીને ખમાવ્યા. કારણ કે પૂર્વે કુંડગ્રામ નગરમાં સિદ્ધાર્થ રાજા પાસે જતાં તેણે સ્વામીને જોયા હતા. ત્યાંથી મુક્ત થતાં ભગવાન્ અવધિજ્ઞાનથી વિચારવા લાગ્યા કે-'હજી મારે બહુ કર્મ નિર્જરવાના છે, તે સહાય વિના નિર્જરવા અશક્ય છે; માટે અહીં કર્મચારીનો દૃષ્ટાંત યુક્ત છે. જેમકે

ફળભારથી લચી રહેલ અનાજથી પૂર્ણ ક્ષેત્રને જોતાં, તેને શીઘ્ર લેવાને ઇચ્છતાં, (૧)

एगागि च्चिय लुणिउं अपारयंतो परंपि बहुलोगं।
समुचियमुल्लपयाणेण सस्सलुणणे पयट्टेइ ।।२।।

तह मज्झवि चिरभवसंभवस्स कम्मस्स निज्जरणिमित्तं।
जुज्जइ अणज्जजणसंगएसु देसेसु विहरेउं ।।३।।

जं तत्थ अणज्जजणो निक्कारणकोवसंगओ धणियं।
उवसग्गणेण काही साहेज्जं कम्मनिज्जरणे ।।४।।

इय चिंतिऊण नाहो लाढाविसए मिलेच्छजणकिन्ने।
गोसालेण समेओ अह निज्जाओ विजियमोहो ।।५।।

अह तत्थ गयं नाहं हेरियबुद्धीए केइ पाविट्ठा।
निट्ठुरमुट्ठिपहारेहिं विद्दवंति निरणुकंपा ।।६।।

---

एकाकी एव लवितुम् अपारयन् परमपि बहुलोकम्।
समुचितमूल्यप्रदानेन शस्यलवने प्रवर्तयति ।।२।।

तथा ममाऽपि चिरभवसम्भवस्य कर्मणः निर्जरणनिमित्तम्।
युज्यते अनार्यजनसङ्गतेषु देशेषु विहर्तुम् ।।३।।

यत्तत्र अनार्यजनः निष्कारणकोपसङ्गतः गाढम्।
उपसर्गेण करिष्यति साहाय्यं कर्मनिर्जरणे ।।४।।

इति चिन्तयित्वा नाथः लाढाविषये म्लेच्छजनाऽऽकीर्णे।
गोशालेन समेतः अथ निर्यातः विजितमोहः ।।५।।

अथ तत्र गतं नाथं हेरिकबुद्ध्या केऽपि पापिष्ठाः।
निष्ठुरमुष्टिप्रहारैः विद्रवन्ति निरनुकम्पाः ।।६।।

---

એકાકી લણવાને અસમર્થ એવા માલિકે યોગ્ય મજુરી આપી બીજા ઘણા લોકોને ધાન્ય લણવામાં લગાડ્યા. (૨)

તેમ ચિરકાલનાં કર્મ ખપાવવા માટે મારે પણ અનાર્ય દેશોમાં વિચરવાની જરૂર છે, (૩)

કારણ કે ત્યાં અનાર્ય લોકો નિષ્કારણ કોપાયમાન થઈ, ભારે ઉપસર્ગ કરતાં, કર્મ-નિર્જરામાં મને સહાય કરશે.' (૪)

એમ ચિંતવી મલેચ્છ જનોથી વ્યાપ્ત એવા લાટ દેશમાં મોહવિજયી સ્વામી ગોશાળા સાથે ગયા. (૫)

ત્યાં કેટલાક નિર્દય પાપી જનો આવેલ નાથને જાસુસની બુદ્ધિથી સખ્ત મુષ્ટિપ્રહારોવડે મારવા લાગ્યા, (૬)

अन्ने असब्भवयणेहिं तज्जणं हीलणं च कुव्वंति।
अइचंडतुंडसाणेहि पेसणेणं वहंति परे ।।७।।

वंतर-सुरऽसुरवइ-जक्ख-रक्खसपमुहंमि देवसंघाए।
बहुमाणपरेऽवि जिणो एगागी सहइ उवसग्गे ।।८।।

धम्मायरिओ एसोत्ति मज्झ हिययंमि निहियपडिबंधो।
पट्ठि ठिउ गोसालोऽवि सामिणो दुक्खमणुहवइ ।।९।।

अह तत्थ भूरितरकम्मनिज्जरं पाविऊण जिणनाहो।
आरियखेत्ताभिमुहं आगच्छइ पुन्नवंछोव्व ।।१०।।

आरियखेत्ताभिमुहंमि तस्स भयवओ पुन्नकलसाभिहाणगामसन्निहिंमि वट्टमाणस्स दोन्नि

---

अन्ये असभ्यवचनैः तर्जनां हीलनां च कुर्वन्ति।
अतिचण्डतुण्डश्वभिः प्रेषणेन वहन्ति परे ।।७।।

व्यन्तर-सुरासुरपति-यक्ष-राक्षसप्रमुखे देवसङ्घाते।
बहुमानपरेऽपि जिनः एकाकी सहते उपसर्गान् ।।८।।

धर्माचार्यः एषः इति मम हृदये निहितप्रतिबन्धः।
पृष्ठं स्थितः गोशालोऽपि स्वामिनः दुःखमनुभवति ।।९।।

अथ तत्र भूरितरकर्मनिर्जरां प्राप्य जिननाथः।
आर्यक्षेत्राभिमुखम् आगच्छति पूर्णवाञ्छः इव ।।१०।।

आर्यक्षेत्राऽभिमुखे तस्य भगवतः **पूर्णकलशा**ऽभिधानग्रामसन्निहिते वर्तमानस्य द्वौ चौरौ लाटविषयमुषणार्थं

---

કેટલાક અસભ્ય વચનોથી તર્જના અને હીલના કરતા અને કેટલાક અતિપ્રચંડ કૂતરા તેમની પાછળ દોડાવતા. (૭)

એમ વ્યંતર, સુર, અસુરપતિ, યક્ષ, રાક્ષસ પ્રમુખ દેવો બહુમાન-પરાયણ છતાં સ્વામી એકલા ઉપસર્ગો સહન કરતા. (૮)

'આ મારા ધર્માચાર્ય છે અને મારા હૃદયમાં રહેલા છે' એમ ધારી પ્રભુ પાછળ રહેલા ગોશાળો પણ દુઃખ સહેવા લાગ્યો. (૯)

ત્યાં ઘણા કર્મોની નિર્જરા કરી, જાણે વાંછા પૂર્ણ થઇ હોય તેમ જિનેશ્વર આર્યક્ષેત્ર ભણી આવવા લાગ્યા. (૧૦)

માર્ગમાં **પૂર્ણકલશ** નામના સંનિવેશની નજીકમાં આવતાં, બે ચોર **લાટ** દેશ લુંટવા નીકળ્યા અને અપશુકન

चोरा लाढाविसयमुसणट्ठा नीहरंता अवसउणोत्तिकाऊण जमजीहासन्निहं खग्गं उग्गिरिऊण धाविया संमुहं, एत्थंतरे पुरंदरो 'कहिं जिणो वसइ'त्ति जाणणट्ठं जाव ओहिं पउंजेइ ताव पेच्छइ थेवेणासंपत्ते आयड्ढियकरवाले चोरे वहनिमित्तं जिणस्स उवट्ठिए, अह जायतिव्वकोवावेगेण तेण तहट्ठिएणेव समुत्तुंगगिरिसिहरदलणदुल्ललिएण निहया कुलिसेणं।

सामीवि गामाणुगामं विहरमाणो गओ **भद्दिल**नयरिं। तत्थ य वासारत्तो पंचमो समुवागओ, तो भयवं विचित्तासणाइं कुणमाणो चाउम्मासियं खमणमुवसंपज्जइ। कमेण समइक्कंते वासारत्ते बाहिं पारित्ता विहरमाणो पत्तो **कयलिसमागमे** गामे। तत्थ य तद्दिवसमत्थारियाभत्तं जहिच्छं भोयणं पहिय-कप्पडियाईण विपणामिज्जइ। गोसालोऽवि तं दट्ठूण पविट्ठो, सामिं भणइ-'एह एत्थ जामो।' सिद्धत्थो भणइ-'अज्ज अंतरं अम्हाणं।' एवं निसामिय गओ गोसालो अत्थारियाभत्तट्ठाणे, उवविट्ठो भोयणत्थं, परिवेसिउमारद्धं जणेण। सो य बहुयासित्तणेण

---

निहरन्तौ अपशकुनः इति कृत्वा यमजिह्वासन्निभं खड्गम् उद्गीर्य धावितौ सम्मुखम्। अत्रान्तरे पुरन्दरः कुत्र जिनः वसति इति ज्ञानार्थं यावदवधिं प्रयुनक्ति तावत्प्रेक्षते स्तोकेन असम्प्राप्तौ आकृष्टकरवालौ चौरौ वधनिमित्तं जिनस्य उपस्थितौ। अथ जाततीव्रकोपाऽऽवेगेन तेन तथास्थितेनैव समुत्तुङ्गगिरिशिखरदलनदुर्ललितेन निहतौ कुलिशेन।

स्वामी अपि ग्रामानुग्रामं विहरन् गतः **भद्दिलनगरीम्**। तत्र च वर्षारात्रिः पञ्चमी समुपागता। ततः भगवान् विचित्राऽशनानि कुर्वन् चातुर्मासिकं क्षपणम् उपसम्पद्यते। क्रमेण समतिक्रान्तायां वर्षारात्रौ बहिः पारयित्वा विहरमाणः प्राप्तः **कदलीसमागमं** ग्रामम्। तत्र च तद्दिवसं कर्मकरभक्तं यथेच्छं भोजनं पथिक-कार्पटिकादीनां अर्प्यते। गोशालः अपि तं दृष्ट्वा प्रविष्टः, स्वामिनम् भणति 'एहि, अत्र यावः।' सिद्धार्थः भणति 'अद्य अन्तरं आवयोः।' एवं निःशम्य गतः गोशालकः कर्मकरभक्तस्थाने, उपविष्टः भोजनार्थम्,

---

સમજીને યમજીભ્વા સમાન તરવાર ઉગામીને ભગવંત પ્રત્યે દોડ્યા. એવામાં ઇંદ્ર 'ભગવાન્ ક્યાં વિચરે છે?' તે જાણવા માટે જેટલામાં અવધિથી જુએ છે તેવામાં થોડે આંતરે રહેલા, તરવાર ઉગામતા તે ચોરો પ્રભુના વધ નિમિત્તે તૈયાર થયેલા તેના જોવામાં આવ્યા. એટલે તીવ્ર ક્રોધાવેશ આવતાં તેણે ઉંચા પર્વતોના શિખરોને ભેદનાર વજ્રવડે તેવી સ્થિતિમાં જ તેમને મારી નાખ્યા.

હવે સ્વામી પણ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ભદ્દિલ નગરીમાં ગયા. ત્યાં પાંચમું ચોમાસું રહ્યા, અને વિચિત્ર આસનો કરતાં ચાતુર્માસિક ઉપવાસ કર્યા. અનુક્રમે ચાતુર્માસ વ્યતીત થતાં બહાર પારણું કરી, વિહાર કરતાં પ્રભુ **કદલીસમાગમ** નામે ગામમાં ગયા. તે દિવસે ત્યાં કર્મચારીઓ, પથિક અને કાર્પટિકાદિકને યથેચ્છ ભોજન આપતા હતા. તે જોઇ ગોશાલો પણ સ્વામીને કહેવા લાગ્યો કે-'પ્રભુ! આપણે અહીં જઇએ.' સિદ્ધાર્થે કહ્યું. 'અમારે હજી વખત છે.' એમ સાંભળી ગોશાળો તે સ્થાને ગયો અને ભોજન કરવા બેઠો. લોકોએ તેને ભોજન પીરસ્યું, પરંતુ

न पावइ कहिंपि तित्तिं। ततो गामजणेण महल्लं भायणं दहिकल्लवियकूररस्स भरिऊण समप्पियं एयस्स। सोऽवि समग्गमवि तं भोत्तुमपारयंतो भणइ-'एत्तियं न नित्थरिही।' तओ 'पाव! दुक्कालकवलिओव्व नियभोयणमाणंपि न याणसि'त्ति भणिऊण रोसेण खित्तं तं भायणं से मत्थयंमि जणेण, पच्छा उयरं परामुसंतो गओ सो जहागयं।

पुणोवि **जंबूसंडं** गाममुवागयस्स जयपहुणो तहेव सो अत्थारियाभत्तमल्लीणो खीरं कूरं च जेमिओ, तहेव पज्जंते जणेण धरिसिओ य। अह सामी अहाणुपुव्वीए विहरमाणो **तंबाय**नामसन्निवेसं गओ। तस्स बहिया ठिओ पडिमाए। तत्थ य गामे बहुस्सुया बहुपरिवारा पासजिणसंताणवत्तिणो **नंदिसेणा** नाम थेरा गच्छचिंतं मोत्तूण मुणिचंदसूरिणोव्व जिणकप्पपरिकम्मं करेंति। गोसालो य पविट्ठो गाममज्झे। ते समणे सवत्थ-कंबलोवगरणे दट्ठूण पुव्वसाहूणं पिव खिंसं काऊण सामिस्स सयासमेइ। ते य नंदिसेणा थेरा तीए चेव

---

परिवेषितुमारब्धं जनेन। सश्च बहु आसक्तत्वेन न प्राप्नोति कथमपि तृप्तिम्। ततः ग्रामजनेन महद् भाजनं दध्यार्द्रितकूरस्य भृत्वा समर्पितं एतस्य। सोऽपि समग्रमपि तद् भोक्तुम् अपारयन् भणति एतावद् न निस्तरिष्यति। ततः 'पाप! दुष्कालकवलितः इव निजभोजनमानमपि न जानासि' इति भणित्वा रोषेण क्षिप्तं तद्भाजनं तस्य मस्तके जनेन। पश्चाद् उदरं परामर्षन् गतः सः यथाऽऽगतम्।

पुनरपि **जम्बूखण्डं** ग्राममुपागतस्य जगत्प्रभोः तथैव सः कर्मकरभक्तम् आलीनः क्षीरं कूरं च जेमितः, तथैव पर्यन्ते जनेन धर्षितः च। अथ स्वामी यथानुपूर्व्या विहरन् **तम्बाक**नामसन्निवेशं गतः। तस्य बहिः स्थितः प्रतिमया। तत्र च ग्रामे बहुश्रुतः, बहुपरिवारः पार्श्वजिनसन्तानवर्ती नन्दिषेणनामकः स्थविरः गच्छचिन्तां मुक्त्वा मुनिचन्द्रसूरेः इव जिनकल्पपरिकर्म करोति। गोशालश्च प्रविष्टः ग्राममध्ये। तान् श्रमणान् सवस्त्र-कम्बलोपकरणान् दृष्ट्वा पूर्वसाधून् इव खिंसां कृत्वा स्वामिनः सकाशम् एति। सः च

---

અત્યાસક્તિને લીધે તે કોઇ રીતે તૃપ્તિ ન પામ્યો, એટલે ગામના જનોએ એક મોટું ભાજન દહીંમિશ્ર ભાતથી ભરીને તેને સોંપ્યું. તે બધું ન ખાઈ શકવાથી ગોશાળો કહેવા લાગ્યો કે-'આટલું હવે ખાઈ શકીશ નહિ.' ત્યારે લોકોએ નિર્ભ્રંછના કરતાં જણાવ્યું કે-'અરે પાપી! દુકાળીયાની જેમ પોતાના ભોજન પ્રમાણને પણ જાણતો નથી?' એમ રોષ લાવી લોકોએ તે ભાજન તેના જ મસ્તક પર નાખ્યું. પછી ઉદર પર હાથ ફેરવતો તે યથાસ્થાને ગયો.

निवार्यमाणः अपि निजप्रधानपरिजनेन 'कियन्मात्रः एषः?, अद्यैव क्षोभयामि इमम्' इति प्रतिज्ञां कृत्वा निहृतः आस्थानमण्डपात्, गतः भगवतः समीपम्। ततः दर्शनवशोत्पन्नगाढकोपेन विकुर्वितः प्रलयकालः इव प्रबलः **धूलिनिवहः**। तेन च चरणयुगलाद् आरभ्य यावद् अक्षिणी श्रवणे च तावत् प्रच्छादितः, स्वामी जातः निरुच्छ्वासः, नवरं तिलतुषमात्रमपि न चलितः ध्यानतः। अचलितचित्तं च ज्ञात्वा कृतः अनेन कुलिशकठिनचण्डतुण्डभीमः **पिपीलिका**समूहः, सः च लब्धाऽवसरः दुर्जनः इव जिनं विद्रवितुं प्रवृत्तवान्, किन्तु निर्भग्नजनमनोरथः इव जातः निष्फलः। ततः दुर्निवारान् सुचितीक्ष्णमुखान् **उद्दंशान्** प्रेषति, तैरपि अक्षुभ्यमाणे भुवनबान्धवे **घृतेलिकाः** चण्डमुखमण्डला निवर्तयते, ताभिरपि खाद्यमानशरीरे निष्प्रकम्पे जगन्नाथे निर्मिता पिङ्गलशरीररुचयः अतुच्छपृच्छविषाऽऽलिद्धकठिनकण्टकाः **वृश्चिकाः**। तेषु अपि यथाशक्तिकृतप्रहारप्रतिहतसामर्थ्येषु प्रसरन्मत्सरेण विकुर्विता दंष्ट्रा**कलाप**कराला **नकुलाः**। तैः अपि अभिभावितं भगवतः शरीरम्, न पुनः ईषदपि सत्त्वम्।

---

પોતાના પ્રધાન પરિજને નિવાર્યા છતાં 'એ શું માત્ર છે એને આજે જ ચલાયમાન કરી આવું.' એવી પ્રતિજ્ઞા કરી તે સભામંડપથી બહાર નીકળ્યો અને ભગવંત પાસે ગયો. ત્યાં પ્રભુને જોતાં ગાઢ કોપ કરતાં તેણે પ્રલયકાળની જેમ પ્રબળ **ધૂલિ**સમૂહ વિકુર્વ્યો, જેથી પગથી માંડીને આંખ અને કાન સુધી આચ્છાદિત થતાં સ્વામીનો શ્વાસ બંધ થઇ ગયો, છતાં ધ્યાનથી લેશમાત્ર પણ પ્રભુ ચલાયમાન ન થયા. એમ ભગવંતને અચળ જોઇ તેણે વજ્ર સમાન તીક્ષ્ણ મુખવાળી **કીડી**ઓ વિકુર્વી. તે દુર્જનની જેમ અવકાશ પામતાં જિનને ડંખવા લાગી, પરંતુ નિર્ભાગીના મનોરથની જેમ તે નિષ્ફળ નીવડ્યો, એટલે સોય સમાન તીક્ષ્ણ મુખવાળા અને દુર્નિવાર એવા **ડાંસ** પ્રગટાવ્યા. તેમનાથી પણ ભગવંત ક્ષોભ ન પામતાં, તેણે પ્રચંડ મુખવાળી **ધીમેલો** વિકુર્વી. તેમનાથી શરીર ખવાતાં પણ જિનનાથ નિષ્કંપ રહેતાં, તેણે પીંગલ અને કઠિન કાંટાવાળા **વીંછી** પ્રગટાવ્યા. તેમણે તીવ્ર ડંખ મારતાં પણ પ્રભુ અડગ રહ્યા એટલે ભારે મત્સર લાવતા તેણે દાઢાવડે વિકરાલ **નોળીયા** વિકુર્વ્યા. તેમણે પણ પ્રભુના શરીરને ભારે વેદના ઉપજાવી, છતાં તે ધ્યાનથી ચાલ્યા નહિ.

अह सविसेसवियंभियकोवप्पसरेण तेण तियसेण।
मुक्का फुरंतफणरयणभासुरा दुस्सहा **भुयगा** ।।१।।

चंदणतरुणोव्व तणू जिणस्स आवेढियं दढं तेहिं।
अइतिक्खदीहदंतग्गदसणतंडवियतुंडेहिं ।।२।।

न मणागंपि विचलियं तिलोयनाहं पलोइउं तियसो।
ताहे **मूसग**निवहं निव्वत्तइ दिव्वसत्तीए ।।३।।

पुणरवि पयंड**दोघट्ट**घट्टयं तक्खणं पयट्टेइ।
उल्लालियसुंडादंडभीसणं सेलतुंगतणुं ।।४।।

तेणवि विविहकयत्थणविसेससंपीडिएवि देहंमि।
धम्मज्झाणाउ जिणो न चालिओ वालमेत्तंपि ।।५।।

---

अथ सविशेषविजृम्भितकोपप्रसरेण तेन त्रिदशेन।
मुक्ता स्फुरत्फणरत्नभासुराः दुःसहाः **भुजङ्गाः** ।।१।।

चन्दनतरोः इव तनु जिनस्य आवेष्टितं दृढं तैः।
अतितीक्ष्णदीर्घदन्ताग्रदशनताण्डवितुण्डैः ।।२।।

न मनागपि विचलितं त्रिलोकनाथं प्रलोक्य त्रिदशः।
तदा **मूषक**निवहं निर्वर्तते दिव्यशक्त्या ।।३।।

पुनरपि प्रचण्ड**हस्ति**घटां तत्क्षणं प्रवर्तयति।
उल्लालितकरदण्डभीषणां शैलतुङ्गतनुम् ।।४।।

तेनाऽपि विविधकदर्थनाविशेषसम्पीडितेऽपि देहे।
धर्मध्यानाद् जिनः न चालितः वाल(=केश)मात्रमपि ।।५।।

---

આથી ભારે કોપ પ્રગટતાં તે દેવે ફણા-રત્નથી ભાસુર અને દુસ્સહ એવા **ભુજંગ** જગાડ્યા. (૧)

અતિતીક્ષ્ણ અને લાંબી દાઢવાળા તેમણે જિન-શરીરને ચંદન વૃક્ષની જેમ દૃઢપણે વીંટી લીધું અને સખ્ત રીતે ડંખવા લાગ્યા. (૨)

તેમ છતાં જરા પણ ચલાયમાન ન થયેલ જિનેશ્વરને જોઇ, તેણે દિવ્ય શક્તિથી **ઉંદરો** પ્રવર્ત્તાવ્યા, (૩)

તેમજ પર્વત સમાન ઉંચા તથા ઉછળતી સુંઢવડે ભીષણ એવા પ્રચંડ **હાથી**ઓ પણ તરત પ્રગટાવ્યા. (૪)

તેનાથી વિશેષ કદર્થના અને વિવિધ પીડા પામતાં પણ એક લેશમાત્ર પ્રભુ ધર્મ-ધ્યાનથી ચલિત ન થયા. (૫)

एवं चिय **करणी**हिवि **पिसाय**निवहेहिं एवमेव जिणो।
खोभेउं पारद्धो तेणं सुरकुलकलंकेणं ।।६।।

अचलंतंमि जिणिंदे करालदंतग्गविसिहभीममुहो।
सज्जिज्जइ **सद्दूलो** तेण लहुं जिणवरस्सुवरिं ।।७।।

अइतिक्खनक्खदाढाहिं पीडिउं सोवि जयगुरुं बाढं।
विज्झाओ झत्ति पउससमयदुग्गयपईवोव्व ।।८।।

इय खलियारणनिवहे पागयजणजीवियंतकरणखमे।
पकएवि जिणं दट्ठुं सुनिच्चलं दूमिओ देवो ।।९।।

तओ जहावट्ठियरूवं **सिद्धत्थरायं तिसलादेविं** च विउव्वइ। ताणि य कलुणाइं विलवंति,

---

एवमेव **करणीभिः** अपि **पिशाच**निवहैः एवमेव जिनः।
क्षोभयितुं प्रारब्धः तेन सुरकुलकलङ्केन ।।६।।

अचलति जिनेन्द्रे करालदन्ताग्रविशिखभीममुखः।
सज्यते **शार्दूलः** तेन लघुं जिनवरस्योपरिम् ।।७।।

अतितीक्ष्णनखदंष्ट्रैः पीडयित्वा सोऽपि जगद्गुरुं बाढम्।
विध्यातः झटिति प्रद्वेषसमयदुर्गतप्रदीपः इव ।।८।।

इति स्खलिताऽऽचरणनिवहे प्राकृतजनजीवितान्तकरणक्षमे।
प्रकृतेऽपि जिनं दृष्ट्वा सुनिश्चलः दूतः देवः ।।९।।

ततः यथावस्थितरूपं **सिद्धार्थराजा**नं **त्रिशलादेवीं** च विकुर्वति। तौ च करुणं विलपतः, भणतः च

---

એ રીતે **હાથણી**ઓ તથા **પિશાચો** પ્રગટાવીને તે અધમ દેવ જિનને ક્ષોભ પમાડવા લાગ્યો, (૬)

છતાં વિભુ ચલાયમાન ન થતાં, તેણે વિકરાલ દંતાગ્રરૂપ બાણથી ભયંકર એવો **વાઘ** તરત જ જિન ઉપર વિકુર્વ્યો. (૭)

તે પણ અતિતીક્ષ્ણ નખ અને દાઢવડે જગગુરુને અત્યંત પીડા પમાડી, પ્રભાતના દીપકની જેમ નિસ્તેજ બની ગયો. (૮)

એમ દુર્જનના આચારના સમૂહ જેવા સામાન્ય જનના જીવિતને મૂકાવનાર ઉપસર્ગો કર્યા છતાં પ્રભુને નિશ્ચલ જોઇને તે દેવ ખેદ કરવા લાગ્યો. (૯)

પછી તેણે યથાસ્થિત **સિદ્ધાર્થ રાજા** અને **ત્રિશલા રાણી**ને વિકુર્વતાં તેઓ કરુણ-વિલાપપૂર્વક કહેવા લાગ્યા કે-

भणंति य-'पुत्त! किं तए दुक्करमिममारद्धं?, उज्झाहि पव्वज्जं आगंतूण परिपालेह अम्हे, तुह विरहे वच्छ! असरणाणि अत्ताणाणि य जायाणि'त्ति। एएणवि जा न सक्को खोभिउं ताव **खंधावारं** विउव्वइ। सो य पेरंतेसु आवासिओ जिणस्स। तत्थ सूयारो पत्थरे अलभमाणो जिणचलणोवरि पिढरं ठविऊण हेट्ठा वज्जानलजालणेण **रंधिउं** पयत्तो। अह तक्कालसविसेससमुच्छलियधम्मज्झाणजलुप्पीलकल्लोलविज्झाविएव्व निप्फलत्तणं पाविए तंमि पक्कणं निम्मवेइ। सो य अणेगाइं **सउणिपंजरगाणि** जयगुरुणो सवणे भुयदंडेसु खंधतलंमि जंघाजुयले य ओलंबेइ, तेहिंतो य नीहरिऊण पक्खिणो नहसिहाहिं तिक्खग्गचंचुप्पहारेहि य विद्दवंति जिणसरीरं। तहावि अखुभिए जयनाहे पइसमयवड्ढंतकोवेणं उप्पाइओ जुगखयसमएव्व सक्करुक्करकलुसो **खरानिलो**। तेणावि समहियं सामिस्स पज्जालिओ कम्मतणगहणम्मि झाणानलो, न उण चित्तसंखोभोत्ति, पच्छा **कलंकलियावायं** विरएइ, तेणवि चक्काविद्धोव्व सलिलावत्तनिवडिओव्व भामिओ जिणो देहमेत्तेण, न उण चित्तासएणं।

---

'पुत्र! किं त्वया दुष्करमिदम् आरब्धम्?, उज्झ प्रव्रज्याम्, आगत्य परिपालय अस्मान्, तव विरहे वत्स! अशरणौ आत्मकौ च जातौ' इति। एतेनाऽपि यावन्न शक्तः क्षोभयितुं तावत् **स्कन्धावारं** विकुर्वति। सः च पर्यन्तेषु आवासितः जिनस्य। तत्र सूपकारः प्रस्तरान् अलभमानः जिनचरणोपरि पिठरं स्थापयित्वा अधः वज्राऽनलज्वालनेन **रन्धितुं** प्रवृत्तवान्। अथ तत्कालसविशेषसमुच्छलितधर्मध्यानजलराशिकल्लोलविद्यापिते इव निष्फलतां प्राप्ते तस्मिन् पक्कणं (=अनार्यविशेषं) निर्मापयति। सः च अनेकानि **शकुनिपञ्जराणि** जगद्गुरोः श्रवणे, भुजदण्डयोः, स्कन्धतले, जङ्घायुगले च अवलम्बते। तेभ्यः निहृत्य पक्षिणः नखशिखाभिः तीक्ष्णाऽग्रचञ्चुप्रहारैः च विद्रवन्ति जिनशरीरम्। तथाऽपि अक्षुभिते जगन्नाथे प्रतिसमयवर्तमानकोपेन उत्पाटितः युगक्षयसमयः इव शर्करोत्करकलुषः **खराऽनिलः**। तेनाऽपि समधिकं स्वामिनः प्रज्वालितः कर्मतृणगहने ध्यानाऽनलः, न पुनः चित्तसंक्षोभः इति **कलङ्कलिकावातं** विरचयति। तेनाऽपि चक्रविद्धः इव, सलिलाऽऽवर्तनिपतितः इव भ्रामितः जिनः देहमात्रेण, न पुनः चित्ताऽऽशयेन।

---

'હે પુત્ર! તેં આ શું દુષ્કર આરંભ્યું છે? તું દીક્ષા તજીને અમારું પરિપાલન કર. તારા વિરહે હે વત્સ! અમો અશરણ અને અત્રાણ બન્યા છીએ.' એથી પણ જ્યારે તે ક્ષોભ પમાડવાને સમર્થ ન થયો ત્યારે **સેના** વિકુર્વી, તે જિનની ચોતરફ છાવણી નાખી રહી. ત્યાં પત્થર ન મળતાં રસોયા, જિનના પગ પર વાસણ મૂકી, નીચે વજ્રાનલની જ્વાળાથી **રાંધવા** લાગ્યા, એટલે સવિશેષ ધર્મધ્યાનરૂપ જળ-કલ્લોલ ઉછળતાં જાણે શાંત થઇ ગયેલ હોય તેમ નિષ્ફળતા મળતાં પક્કણ જાતિના અનાર્યને સંગમે બનાવ્યા. પછી તે દેવતાએ અનેક **પક્ષીઓનાં પાંજરા** પ્રભુના શ્રવણે, ભુજાએ, સ્કંધે અને જંઘામાં લટકાવ્યા. તેમાંથી બહાર નીકળતા પક્ષીઓ નખ તેમજ તીક્ષ્ણ ચંચુ-પ્રહારથી જિન-શરીરને કરડવા લાગ્યા, છતાં પ્રભુ અક્ષુબ્ધ રહેતાં, પ્રતિસમયે વધતા કોપવડે તેણે કલ્પાંત કાલ સમાન રજકણોથી વ્યાપ્ત **પ્રખર વાયુ** પ્રગટાવ્યો. તેણે પણ કર્મ-તૃણને બાળવામાં સ્વામીનો ધ્યાનાનલ અધિક જગાડ્યો, પરંતુ ચિત્તક્ષોભ ન પમાડ્યો. પછી તેણે **ઉદ્‌ભ્રામક વાયુ** રચ્યો, તેથી જાણે ચક્રે વીંધાયા હોય કે સલિલાવર્ત્તમાં પડ્યા હોય તેમ તેણે પ્રભુને દેહમાત્રથી ભમાડ્યા, પરંતુ માનસિક ભાવથી નહિ.

इय एवंविहतिव्वोवसग्गकरणेऽवि निच्चलं नाहं।
आभोगिऊण चिंतइ संगमओ जायगुरुकोवो ।।१।।

वज्जसरीरो एसो खलीकओऽविहु बहुप्पयारेहिं।
नो तीरइ खोभेउं किं काउं जुज्जइ इयाणिं? ।।२।।

जइ एयमुज्झिऊणं सुरालयं जामि भग्गसपइन्नो।
ता सुरवइपमुहेहिं आजीवमहं हसिज्जामि ।।३।।

किंच-नियय्स्सवि हिययस्सा नत्थि एवं कयंमि परितोसो।
पारद्धवत्थुनिव्वाहणंमि पुरिसाण पुरिसवयं ।।४।।

अहवा होउ विगोवण निहणं एयं नएमि कूडमुणिं।
एयस्स विणासंमी झाणंपि विणस्सिही नूणं ।।५।।

---

इति एवंविधतीव्रोपसर्गकरणेऽपि निश्चलं नाथं।
आभोग्य चिन्तयति सङ्गमः जातगुरुकोपः ।।१।।

वज्रशरीरः एषः खलीकृतः अपि खलु बहुप्रकारैः।
नो शक्यते क्षोभयितुं किं कर्तुम् युज्यते इदानीम् ।।२।।

यदि एनम् उज्झित्वा सुरालयं यामि भग्नस्वप्रतिज्ञः।
तदा सुरपतिप्रमुखैः आजीवम् अहं हसिष्यामि ।।३।।

किञ्च-निजस्याऽपि हृदयस्य नास्ति एवं कृते परितोषः।
प्रारब्धवस्तुनिर्वाहे पुरुषाणां पुरुषव्रतम् ।।४।।

अथवा भवतु विगोपनम् निधनं एनं नयामि कूटमुनिम्।
एतस्य विनाशे ध्यानमपि विनष्यति नूनम् ।।५।।

---

એ પ્રમાણે તીવ્ર ઉપસર્ગ કર્યા છતાં ભગવંતને નિશ્ચલ જોઈ, ભારે કોપ પામતાં સંગમક ચિંતવવા લાગ્યો કે- 'અહો! આ તો વજ્રશરીરી અનેક પ્રકારે સ્ખલના પમાડ્યા છતાં ક્ષોભ ન પામ્યો, તો હવે શું કરવું ઉચિત છે? (૨)

હવે જો એને તજી, પોતાની પ્રતિજ્ઞા ભાંગીને દેવલોકમાં જાઉં તો ઇંદ્ર પ્રમુખ બધા દેવો જીવતાં સુધી મારી હાંસી કર્યા કરશે, (૩)

અને વળી તેમ કરવા જતાં પોતાના હૃદયને પણ સંતોષ થાય તેમ નથી; કારણ કે આરંભેલું કામ પૂર્ણ કરવામાં પુરુષોનું પૌરુષ વ્રત છે (૪)

અથવા તો હવે એને સતાવવામાં સાર નથી. એ કૂટમુનિનો નાશ કરું એટલે એનો વિનાશ થતાં ધ્યાન પણ અવશ્ય ધ્વસ્ત થશે. (૫)

एवंपि य निव्वाहियगरुयपइण्णाभरो भविस्सामि।
सुरवइपमुहाणमहं अहीलणिज्जो य तियसाणं ।।६।।

इय निच्छिऊण पज्जलियजलणजालाकलावसंवलियं।
विज्जुलयाउलयसमयमेहचंदं व दुप्पेच्छं ।।७।।

कालायस भारसहस्सकोडिघडणुब्भडं महा**चक्कं**।
जंबुद्दीवसमुग्गयवयणपिहाणं व घेत्तूण ।।८।।

उप्पइओ संगमओ दूरं गयणंगणं गुणविमुक्को।
थालकरो तइलोक्कं भोत्तुं छुहिओ कयंतोव्व ।।९।।

तो तं सुमेरुचुन्नणपयंडमाहप्पपायडं चक्कं।
मुक्कं सव्वससत्तीए तेण जयबंधुणो उवरिं ।।१०।।

---

एवमपि च निर्वाहितगुरुप्रतिज्ञाभरः भविष्यामि।
सुरपतिप्रमुखाणाम् अहम् अहीलनीयः च त्रिदशानाम् ।।६।।

इति निश्चित्य प्रज्वलितज्वलनज्वालाकलापसंवलितम्।
विद्युल्लताऽऽकुलसमयमेघचन्द्रमिव दुर्प्रेक्षम् ।।७।।

कृष्णायोभारसहस्रकोटिघटनोद्भटं महा**चक्रम्**।
जम्बूद्वीपसमुद्गकवदनपिधानमिव गृहीत्वा ।।८।।

उत्पतितः सङ्गमः दूरं गगनाङ्गणं गुणविमुक्तः।
स्थालकरः त्रिलोकं भोक्तुं क्षुधितः कृतान्तः इव ।।९।।

ततः तं सुमेरुचूर्णनप्रचण्डमाहात्म्यप्रकटं चक्रम्।
मुक्तं सर्वस्वशक्त्या तेन जगद्बन्धोः उपरिम् ।।१०।।

---

એ પ્રમાણે હું મોટી પ્રતિજ્ઞા પાળનાર ગણાઇશ અને ઇંદ્ર પ્રમુખ દેવોમાં હીલનાપાત્ર ન થઇશ.' (૬)

એમ નિશ્ચય કરી, પ્રજ્વલિત અગ્નિજ્વાળાથી ઓતપ્રોત, વિદ્યુલ્લતા-સમયના મેઘ સમાન દુષ્પ્રેક્ષ્ય, કાળા રંગના તથા એક હજાર-કોટિભાર (ભાર = અમુક વજન) લોખંડવડે બનાવેલ, જંબૂદ્વીપરૂપ ડાબલાના મુખનું જાણે ઢાંકણ હોય તેવા મહા**ચક્ર**ને લઇને, જાણે ક્ષુધિત કૃતાંત ત્રણ લોકને ખાવા તૈયાર થયો હોય તેમ ગુણહીન અને થાળ જેવા હાથવાળો **સં**ગમક દૂર આકાશમાં ઉડ્યો, (૭/૮/૯)

અને મેરૂને ચૂર્ણ કરવાનું પ્રગટ માહાત્મ્ય ધરાવનાર તે ચક્ર, તેણે પોતાની સર્વ શક્તિથી ભગવંત પ્રત્યે છોડ્યું. (૧૦)

तेणावि जिणिंदतणू तडत्ति संताडिया गुरुभरेणं।
आकरनहं निमग्गा महीए दढवज्जसंकुव्व ।।११।।

तत्थवि छज्जीवहियं झायंतं जिणवरं मुणेऊणं।
वेलक्खमुवगओ सो चिंतइ तियसाहमो एवं ।।१२।।

लल्लक्कचक्कपहओवि नेव पंचत्तमेइ जो एस।
सो सत्थस्साविसओ ता संपइ किं करेमि अहं? ।।१३।।

एवंविहोवसग्गा दिट्ठावि हरंति जीयमियराणं।
किं पुण सरीरगोयरमुवागया दुस्सहा नूणं? ।।१४।।

इइ विगप्पिऊण एगूणवीसइमोवसग्गपज्जंते जइ पुण अणुकूलयाए खोभिज्जइत्ति

---

तेनाऽपि जिनेन्द्रतनु तडिति संताडिता गुरुभारेण।
आकरनखं निमग्ना महौ दृढवज्रशङ्कुः इव ।।११।।

तत्रापि षड्जीवहितं ध्यायन्तं जिनवरं ज्ञात्वा।
वैलक्ष्यमुपगतः सः चिन्तयति त्रिदशाधमः एवम् ।।१२।।

भयङ्करचक्रप्रहतः अपि नैव पञ्चत्वमेति यः एषः।
सः शस्त्रस्याऽविषयः तदा सम्प्रति किं करोमि अहम्? ।।१३।।

एवंविधोपसर्गाः दृष्टाः अपि हरन्ति जीवम् इतरेषाम्।
किं पुनः शरीरगोचरमुपागताः दुःसहा नूनम् ।।१४।।

इति विकल्प्य एकोनविंशतितमोपसर्गपर्यन्ते 'यदि पुनः अनुकूलतया क्षुभ्यते' इति जातविभ्रमेण

---

તે અત્યંત ભારે ચક્રથી તાડના પામેલા પ્રભુનું શરીર વજના દૃઢ ખીલાની જેમ હાથના નખ સુધી પૃથ્વીમાં પેસી ગયું. (૧૧)

તેમ છતાં છકાય જીવની દયા ચિંતવતા જિનેશ્વરને જાણી, તે દેવાધમ વિલક્ષ થઇને વિચારવા લાગ્યો કે- 'ભયંકર ચક્રથી જ્યારે એ પંચત્વ ન પામ્યો, તો શસ્ત્રથી એનું શરીર ઘાયલ થાય તેમ નથી. હવે શું કરવું? (૧૨/૧૩)

આવા ઉપસર્ગો જોવામાત્રથી સામાન્ય જનોનું જીવિત ખલાસ થાય, તો એ દુસ્સહ શરીરને લાગતાં તો કહેવું જ શું?' (૧૪)

એમ ધારી ઓગણીશમા ઉપસર્ગને અંતે 'હવે કદાચ અનુકૂળતાથી ક્ષોભ પામશે' એમ સમજી, સંગમકે

जायविब्भमेण संगमएण विणिम्मियं नाणामणिकिरणचिंचइयं पवरं विमाणं। तंमि समारूढो दिव्वाभरणपहाविच्छुरियसरीरो नियंसियविमलदुगुल्लो दिव्वं सामाणियदेविड्ढिं दंसेमाणो महुरेहिं वयणेहिं भयवंतं भणिउं पवत्तो-'भो महरिसि! तुट्ठोम्हि तुह सत्तेण, तवेण, खमाए, बलेणं, पारद्धवत्थुनिव्वहणेणं, जीवियनिरवेक्खत्तणेणं, पाणिगणरक्खणुज्जयमणेण य। ता अलाहि एत्तो तवकिलेसाणुभावणेणं, जइ भणसि ता पवरसुररमणीजणाभिरामं, अणवरयपयट्टविसट्टनट्टं, विचित्तसत्तिजुत्तामरकीरमाणच्छरियं इमिणाच्चिय सरीरेण तुमं नएमि तियसालयं। अहवा उत्तरोत्तरभयपरंपरापरूढजराइदोसनिवहरहियं एंगतियसुहूसणाहं पणामेमि सिद्धिनिवासं। अहवा इहेव धरामंडले मंडलाहिवसहस्ससविणयाणुसरिज्जमाणसासणं, पउरकरि-तुरय-रह-जोह-कोससंभिवमेगच्छत्तं संपाडेमि नरिंदत्तणं। वरेसु एएहिं किंपि जं भे रोयइ, उज्झसु संखोहं, परिच्चयसु कुवियप्पं'ति भणिएवि जाव भयवं पलंबियभुओ

---

सङ्गमेन विनिर्मितं नानामणिकिरणमण्डितं प्रवरं विमानम्। तस्मिन् समारूढः दिव्याऽऽभरणप्रभाविच्छुरितशरीरः निवसितविमलदुकुलः दिव्यां सामानिकदेवर्द्धिं दर्शयन् मधुरैः वचनैः भगवन्तं भणितुं प्रवृत्तवान् 'भोः महर्षे! तुष्टोऽहं तव सत्त्वेन, तपसा, क्षमया, बलेन, प्रारब्धवस्तुनिर्वाहेन, जीवितनिरपेक्षत्वेन, प्राणिगणरक्षणोद्यतमनसा च। तस्माद् अलम् इतः तपःक्लेशाऽनुभावेन, यदि भणसि तदा प्रवरसुररमणीजनाऽभिरामम्, अनवरतप्रवृत्तविश्लिष्टनाट्यम्, विचित्रशक्तियुक्ताऽमरक्रियमाणाऽऽश्चर्यम् अनेनैव शरीरेण त्वां नयामि त्रिदशाऽऽलयम्। अथवा उत्तरोत्तरभयपरम्पराप्ररूढजरादिदोषनिवहरहितम् एकान्तिकसुखसनाथं अर्पयामि सिद्धिनिवासम्। अथवा इहैव धरामण्डले मण्डलाधिपसहस्रसविनयाऽनुस्रियमाणशासनम्, प्रचुरकरि-तुरग-रथ-योध-कोशसम्भृतम् एकच्छत्रम् सम्पादयामि नरेन्द्रत्वम्। वरस्व एतेभ्यः किमपि यत् त्वं रोचसे, उज्झ संक्षोभम्, परित्यज कुविकल्पमिति भणितेऽपि यावद् भगवान् प्रलम्बितभुजः

---

નાનાવિધ મણિ-કિરણોથી વ્યાપ્ત એવું એક પ્રવર વિમાન રચ્યું. તેના પર આરૂઢ થઇ, દિવ્યાભરણની પ્રભાથી પ્રકાશિત, નિર્મળ દેવદૂષ્ય ધારણ કરનાર તથા સામાનિક દિવ્ય દેવર્દ્ધિ બતાવતાં મધુર વચનોથી તે ભગવંતને કહેવા લાગ્યો કે-'હે મહર્ષિ! તારા સત્ત્વ, તપ, ક્ષમા, બળ, પ્રારબ્ધ વસ્તુનો નિર્વાહ, પોતાના જીવિતની નિરપેક્ષતા તથા પ્રાણીઓની રક્ષા કરવામાં તત્પરતા એ ગુણોથી હું પ્રસન્ન થયો છું, તો હવે તેવા તપ-ક્લેશાદિકથી સર્યું. જો તું કહેતો હોય, તો આ જ શરીરે, પ્રવર દેવાંગનાઓથી અભિરામ, સતત જ્યાં વિસ્તૃત નાટક પ્રવર્ત્તી રહેલ છે, વિચિત્ર શક્તિવાળા દેવતાઓ જ્યાં આશ્ચર્ય બતાવી રહ્યા છે એવા સ્વર્ગમાં તને લઈ જાઉં, અથવા ઉત્તરોત્તર ભયપરંપરાથી પ્રગટતા જરાદિ દોષો રહિત અને એકાંતિક સુખપૂર્ણ એવો મોક્ષ-નિવાસ તને આપું અથવા તો આ જ ધરામંડળમાં અનેક સામંતો જ્યાં વિનયથી શાસનમાં વર્ત્તી રહ્યા છે તથા સંખ્યાબંધ હસ્તી, અશ્વો, રથ, યોધા, ભંડારથી ભરેલ એકછત્ર નરેંદ્રત્વ તને આપું. એમાં જે તને રુચે તે માગી લે. ક્ષોભ તજી, કુવિકલ્પ મૂકી દે.' એમ કહ્યાં છતાં જ્યારે ભગવંત ભુજા લંબાવી, એકાગ્રચિત્તે ધર્મ-ધ્યાનમાં પરાયણ રહી કંઇ પણ બોલ્યા નહિ ત્યારે

एगग्गचित्तो धम्मज्झाणपडिवन्नो न किंचि जंपइ ताव संगमएण अलद्धपडिवव(य?)णेण चिंतियं, जहा-'दुव्विलंघं मयरद्धयरायसासणं, महामुणीणवि कुणइ चित्तसंखोहं, ता तस्स सव्वस्सभूयाओ पेसेमि दिव्वकामिणीओ, जइ पुण ताहिं हीरिज्जा एयस्स मणं'ति कलिऊण कओ समकालं सव्वेसिं उऊण समवाओ। तप्पभाविण य फुल्लिया सहयारा, पल्लविया कंकिल्लिणो, जायं दुद्दिणं, पयट्टो मलयमारुओ, उच्छलिओ परहूयारावो, मउरिया नीवा, षणच्चिया व(ब?)रहिणो, वियंभिओ य कमलपरिमलो, जायाइं कासकुसुमपंडुराइं दिसिमुहाइं। मुक्का भगवओ पेरंतेसु दसद्धवन्ना कुसुमवट्ठी। तयणंतरं च विसज्जियाओ विविहसरमंडल-पहाणगेयकुसलाओ, करणप्पवंचमणहरनट्टविहिवियक्खणाओ, वीणावेणुप्पमुहाउज्जसंजुयाओ, पवरालंकारधारिणीओ तियसविलासिणीओ, संपत्ताओ य जयगुरुसमीवं, सविलासं वियंभिउं पवत्ताओ य, कहं चिय? -

---

एकाग्रचित्तः धर्मध्यानप्रतिपन्नः न किञ्चिद् जल्पति तावत् सङ्गमकेन अलब्धप्रतिवचनेन चिन्तितम् यथा - 'दुर्विलङ्घ्यं मकरध्वजराजशासनम्, महामुनीनामपि करोति चित्तसंक्षोभम्, ततः तस्य सर्वस्वभूताः प्रेषामि दिव्यकामिनीः, यदि पुनः ताभिः ह्रियेत एतस्य मनः' इति कलयित्वा कृतः समकालं सर्वासाम् ऋतूनां समवायः। तत्प्रभावेण च फुल्लिताः सहकाराः, पल्लविताः कङ्केलयः, जातं दुर्दिनम्, प्रवृत्तः मलयमारुतः, उच्छलितः परभृताऽऽरावः, मुकुलिताः नीपाः, प्रणर्तिताः बर्हिणः, विजृम्भितश्च कमलपरिमलः, जातानि काशकुसुमपाण्डुराणि दिग्मुखानि। मुक्ता भगवतः पर्यन्तेषु दशार्धवर्णा कुसुमवृष्टिः। तदनन्तरं च विसर्जिताः विविधस्वरमण्डलप्रधानगेयकुशलाः, करणप्रपञ्चमनोहरनाट्यविधिविचक्षणाः, वीणा-वेणुप्रमुखातोद्यसंयुताः, प्रवराऽलङ्कारधारिण्यः त्रिदशविलासिन्यः, सम्प्राप्ताः च जगद्गुरुसमीपम्, सविलासं विजृम्भितुं प्रवृत्ताः च। कथमेव?-

---

પ્રત્યુત્તર ન પામતાં સંગમકે વિચાર કર્યો કે-'કામ શાસન દુર્લંઘનીય છે, તે મહા મુનિઓને પણ સંક્ષોભ પમાડે છે; માટે તેના સર્વસ્વરૂપ દિવ્ય કામિનીઓ મોકલું કે જે એના મનને ચલાયમાન કરે.' એમ સમજી તેણે બધી ઋતુઓ સમકાળે પ્રગટાવી. તેના પ્રભાવે આમ્રવૃક્ષો ફૂલ્યા, અશોક વૃક્ષો પલ્લવિત થયા, દુર્દિન થયું, મલય-વાયુ પ્રવર્ત્યો, કોયલનો કલરવ પ્રસર્યો, કદંબવૃક્ષોમાં કળીઓ આવી, મયૂરો નૃત્ય કરવા લાગ્યા, કમળ-પરિમલ પ્રસરી રહ્યો, કાસ-કુસમ સમાન ઉજ્વળ દિશાઓ ભાસવા લાગી, ભગવંતની ચોતરફ પંચ વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ કરવામાં આવી. પછી વિવિધ સ્વરે પ્રધાન સંગીતમાં કુશળ, હાવભાવપૂર્વક વિવિધ નાટ્ય-વિધાનમાં વિચક્ષણ, વીણા, વેણુ પ્રમુખ વાજંત્રયુક્ત, પ્રવર અલંકારથી અલંકૃત એવી દેવાંગનાઓ તેણે પ્રગટાવી. તે પ્રભુ પાસે આવીને સવિલાસ ચેષ્ટા કરવા લાગી.

उब्भडसिंगारसना(ह)देहलायन्नजलपवाहेण।
सरियव्व वणाभोगं लीलाए पूरयंतीओ ।।१।।

पम्हलविसालदीहरतरलच्छिच्छोहचक्कवालेणं।
दिसिदिसिविसट्टकंदोट्टपयरसंकं कुणंतीओ ।।२।।

काओवि कुणंति नमंतसीसनिवडंतकुसुमदामाओ।
जिणसंगमसोक्खुक्कंखिरीउ बाढं पयावणइं ।।३।।

काओऽविहु गलियंसुयसंजमणमिसेण पायडिंति पुरो।
जयगुरुणो पीवरकणयकलसपरिरेहिणं सिहिणं ।।४।।

मिच्छच्चिय कारुणियत्तणं तुमं उव्वहेसि हे सुहय!।
मयणसरजज्जरंगंपि जं न रक्खेसि जुवइजणं ।।५।।

---

उद्भटशृङ्गारसनाथदेहलावण्यजलप्रवाहेण।
सरिद् इव वनाऽऽभोगं लीलया पूरयन्त्यः ।।१।।

पश्मविशाल-दीर्घ-तरलाक्षिक्षोभचक्रवालेन।
दिशि दिशि विश्लिष्टनीलकमलप्रकरशङ्कां कुर्वत्यः ।।२।।

काः अपि कुर्वन्त्यः नमत्शीर्षनिपतत्कुसुमदामाः।
जिनसङ्गमसौख्योत्काङ्क्षिताः बाढं प्रतापयन्ति ।।३।।

काः अपि खलु गलिताश्रुसंयमनमिषेण प्रकटयन्ति पुरः।
जगद्गुरोः पीवरकनककलशपरिराजमानं स्तनम् ।।४।।

मिथ्यैव कारुणिकत्वं त्वमुद्वहसि हे सुहृद्!।
मदनशरजर्जराङ्गमपि यन्न रक्षसि युवतीजनम् ।।५।।

---

ઉદ્ભટ શૃંગારયુક્ત દેહલાવણ્યરૂપ જળપ્રવાહવડે સરિતાની જેમ લીલાપૂર્વક વનવિભાગને પૂરતી, (૧)

સુંદર વાળવાળી વિશાળ, દીર્ઘ અને ચંચળ અક્ષિ-ક્ષોભવડે ચોતરફ વિકસિત કમળોની શંકા કરાવતી, (૨)

કેટલીક નમતા શિર પરથી પડતા પુષ્પોની માળાઓ બનાવતી અને કેટલીક જિનસમાગમના સુખને ઇચ્છતી, સ્વામીને અત્યંત સતાવવા લાગી. (૩)

કેટલીક ગળતા આંસુ લુંછવાના મિષે ભગવંતની આગળ પીવર, કનક-કળશ સમાન શોભતા પોતાના સ્તન પ્રગટ બતાવતી. (૪)

વળી કેટલીક આ પ્રમાણે તર્જના કરતાં બોલતી કે-'હે સુભગ! તું મિથ્યા કારૂણ્યને ધારણ કરે છે, કારણ કે મદનબાણથી જર્જરિત છતાં આ યુવતીઓનું રક્ષણ કરતો નથી. (૫)

मुंच कढिणत्तणं देहि नाह! पडिवयणमम्ह दुहियाणं।
पेम्मपरायत्तमणं सप्पुरिसा नावहीरंति ।।६।।

तुह दंसणमेत्तेणवि दसमदसं पाविउव्व एस जणो।
एत्तोऽवि मा उवेहसु एवं तज्जंति काओऽवि ।।७।।

इय सविलासं सुरकामिणीहिं पायडियबहुवियाराहिं।
न मणागंपि विचलियं चित्तं झाणाओ जगगुरुणो ।।८।।

अह उग्गयंमि सूरे अखुभियहिययं पलोइउं नाहं।
संगमओ हयसत्ती चिंतिउमेवं समाढत्तो ।।९।।

अणुकूलुवसग्गेहिवि न चलइ एसो मुणी महासत्तो।
ता किं एत्तो मोत्तुं एयं वच्चामि सुरलोए? ।।१०।।

---

मुञ्च कठिनतां देहि नाथ! प्रतिवचनम् अस्माकं दुःखितानाम्।
प्रेमपराऽऽयत्तमनः सत्पुरुषाः नाऽपधीरयन्ति ।।६।।

तव दर्शनमात्रेणाऽपि दशमदशां प्राप्त इव एषः जनः।
इतः अपि मा उपेक्षस्व एवं तर्जयन्ति काः अपि ।।७।।

इति सविलासं सुरकामिनीभिः प्रकटितबहुविकाराभिः।
न मनागपि विचलितं चित्तं ध्यानतः जगद्गुरोः ।।८।।

अथ उद्गते सूर्ये अक्षुब्धहृदयं प्रलोक्य नाथम्।
सङ्गमकः हतशक्तिः चिन्तयितुमेवं समारब्धवान् ।।९।।

अनुकूलोपसर्गैः अपि न चलति एषः मुनिः महासत्त्वः।
तदा किम् इतः मुक्त्वा एनं व्रजामि सुरलोके? ।।१०।।

---

હે નાથ! કઠિનતા તજી, અમ દુઃખીઓને બોલાવ. સત્પુરુષો પ્રેમાધીન મનનો તિરસ્કાર કરતા નથી. (૬)

આ યુવતીઓ તારા દર્શનમાત્રથી જાણે કામની દશમી અવસ્થા પામી છે, તો હવે ઉપેક્ષા ન કર એમ કેટલીક ઠપકો આપે છે.' (૭)

એ પ્રમાણે બહુ વિકાર પ્રગટાવી, સવિલાસ સુરાંગનાઓ જગગુરુનું મન ધ્યાનથકી લેશ પણ ચલાયમાન કરી ન શકી. (૮)

પછી સૂર્યોદય થતાં પ્રભુને અક્ષુભિત જોઇ, હતશક્તિ સંગમક ચિંતવવા લાગ્યો કે-(૯)

'આ મહાસત્ત્વ મુનિ અનુકૂળ ઉપસર્ગોથી પણ ચલાયમાન થતો નથી, તો હવે એને મૂકીને શું હું સ્વર્ગે ચાલ્યો જાઉં? (૧૦)

अहवा न जुज्जइ इमं काउं मे दीहरेण कालेण।
उवसग्गियस्स जइ पुण इमस्स चित्तं पकंपेज्जा ।।११।।

इय कलुसासयगोयरगएण तइलोक्कबंधुणो धणियं।
उवसग्गं गामेविहू विहरं परिचत्तभत्तस्स ।।१२।।

वालुयपंथ सुभूमे सुछेत्त मलयंमि हत्थिसीसंमि।
ओसलि-मोसलि-तोसलिपमुहेसुं संनिवेसेसुं ।।१३।।

ते केवि तेण तियसाहमेण विहरंतयस्स उवसग्गा।
विहिया अइदुव्विसहा जे कहिउंपि हु न तीरंति ।।१४।। जुम्मं।

एएणं चिय ते कारणेण चरिए न एत्थ वित्थरिया।
सिद्धंताओ कुसलेहिं किंतु सयमेव नायव्वा ।।१५।।

---

अथवा न युज्यते इदं कर्तुं मम दीर्घेण कालेन।
उपसृष्टस्य यदि पुनः अस्य चित्तं प्रकम्पेत ।।११।।

इति कलुशाऽऽशयगोचरगतेन त्रिलोकबन्धोः गाढम्।
उपसर्गं(कृतं) ग्रामेऽपि खलु विहरतः परित्यक्तभक्तस्य ।।१२।।

वालुकापन्थे, सुभूमे, सुक्षेत्रे, मलये, हस्तिशीर्षे।
ओसलि-मोसलि-तोसलिप्रमुखेषु सन्निवेशेषु ।।१३।।

ते केऽपि तेन त्रिदशाऽधमेन विहरतः उपसर्गाः।
विहिताः अतिदुर्विसहाः ये कथितुमपि खलु न शक्यन्ते ।।१४।। युग्मम्।

एतेन एव ते कारणेन चरिते नाऽत्र विस्तृताः।
सिद्धान्ततः कुशलैः किन्तु स्वयमेव ज्ञातव्याः ।।१५।।

---

અથવા તો એમ કરવું મને યુક્ત નથી. લાંબો વખત ઉપસર્ગ કરતાં પણ વખતસર એનું ચિત્ત ચલાયમાન થશે.' (૧૧)

એવા ક્લિષ્ટ ભાવમાં વર્ત્તતા સંગમકે આહારત્યાગી અને ગામમાં વિચરતા વિભુને પણ સતાવ્યા. (૧૨)

વાલુકપંથ, સુભૂમ, સુક્ષેત્ર, મલય, હસ્તિશીર્ષ, ઓસલિ, મોસલિ, તોસલિ પ્રમુખ સંનિવેશોમાં વિચરતા ભગવંતને તે અધમ દેવે જે ઉપસર્ગો કર્યા, તે અતિદુસ્સહ અને કહી પણ ન શકાય તેટલા હતા, જેથી આ ચરિત્રમાં તે વિસ્તારીને બતાવ્યા નથી. કુશળ જનોએ પોતે સિદ્ધાંતથકી સમજી લેવા. (૧૩/૧૪/૧૫)

एवं तदुवसग्गवग्गावि अविचलचित्तो गामाईणं बहिया बहुकालं गमिऊण सामी छम्मासियं पारणयं काउकामो समागओ **वय**गामे गोउलंमि। तत्थ य तद्दिवसं ऊसवविसेसो, सव्वत्थ पायसं उवक्खडिज्जइ। तिहुयणेक्कनाहोऽवि अणवरयमुवसग्गवग्गं कुणमाणस्स संगमयामरस्स जाया छम्मासा, नेव उवसग्गेइ संपयं, 'जइ पुण परिस्संतो सट्ठाणं गओ होज्जा', इय विगप्पिऊण पविट्ठो भिक्खानिमित्तं। संगमएणवि तत्थ पत्थावे जहिं जहिं गिहे भयवं वच्चइ तहिं तहिं समारंभिया अणेसणा। सामिणाऽवि पउत्तो ओही, मुणिओ य एसो। तयणंतरमद्धहिंडिओ चेव नियत्तिऊण ठिओ पडिमाए। संगमएणावि आभोइओ भयवं,-'किं भग्गपरिणामो नव'त्ति?, जाव पेच्छइ ताव छज्जीवहियमेव परिचिंतियंतं जिणवरं। ताहे संखुद्धो चिंतेइ-'जो छहिं मासेहिं भूरिप्पयारोवसग्गेहिं अणवरयं कीरमाणेहिवि न चलिओ सो दीहेणावि कालेण न सक्को चालिउं, निरत्थओ मज्झ उवक्कमो, दीहकालं चुक्कोऽम्हि सुरविलासाणं, अहो नियसामत्थमचिंतिऊण कहं मए अप्पा विनडिओ?।' इय बहुप्पयारेहिं

एवं तदुपसर्गवर्गेष्वपि अविचलचित्तः ग्रामादीनां बहिः बहु कालं गमयित्वा स्वामी षड्मासिकं पारणकं कर्तुकामः समागतः **व्रज**ग्रामे गोकुले। तत्र च तद्दिवसे उत्सवविशेषः, सर्वत्र पायसं उपस्क्रियते। त्रिभुवनैकनाथः अपि अनवरतमुपसर्गवर्गं कुर्वतः सङ्गमकाऽमरस्य जाता षड् मासानि, नैव उपसृजति साम्प्रतम्, 'यदि पुनः परिश्रान्तः स्वस्थानं गतः भवेत्' इति विकल्प्य प्रविष्टः भिक्षानिमित्तम्। सङ्गमेनाऽपि तत्र प्रस्तावे यत्र यत्र गृहे भगवान् व्रजति तत्र तत्र समारब्धा अनेषणा। स्वामिनाऽपि प्रयुक्तः अवधिः, ज्ञातश्च एषः। तदनन्तरम् अर्धहिण्डितः एव निवर्त्य स्थितः प्रतिमायाम्। सङ्गमेनाऽपि आभोगितः भगवान् 'किं भग्नपरिणामः न वा?' यावत्प्रेक्षते तावद् षड्जीवहितमेव परिचिन्तयन्तं जिनवरम्। तदा संक्षुब्धः चिन्तयति 'यः षड्भिः मासैः भूरिप्रकारोपसर्गैः अनवरतं क्रियमाणैः अपि न चलितः सः दीर्घेन अपि कालेन न शक्यः चालयितुम्, निरर्थकः मम उपक्रमः, दीर्घकालं भ्रष्टोऽहं सुरविलासेभ्यः, अहो

એ પ્રમાણે તેના ઉપસર્ગોથી પણ સ્વામી અવિચળ રહી બહુ કાળ ગામાદિકની બહાર વીતાવી, છ-માસિક પારણું કરવાની ઇચ્છાથી તેઓ **વ્રજ** ગામના ગોકુળમાં ગયા. ત્યાં તે દિવસે ઓચ્છવ ચાલતો તેથી સર્વત્ર પાયસ રંધાતું. ત્યારે ભગવંત પણ 'સતત ઉપસર્ગ કરતાં સંગમકને છ મહિના થયા, એટલે હવે ઉપસર્ગ નહિ કરે, તે પરિશ્રાંત થઇને વખતસર પોતાના સ્થાને ચાલ્યો ગયો હશે.' એમ ધારી ભિક્ષા નિમિત્તે ગામમાં પેઠા. તે વખતે ભગવાન જે જે ઘરે જતા ત્યાં ત્યાં સંગમક આહાર-દોષ પ્રગટાવતો. એટલે પ્રભુએ અવધિ પ્રયુંજતાં સંગમકને જોયો, જેથી અધવચ પાછા ફરીને સ્વામી પ્રતિમાએ રહ્યા. ત્યાં સંગમકે પણ ભગવંતને જોયા કે-'એના પરિણામ ભગ્ન થયા છે કે નહિ?' એમ ધારી, જેટલામાં ઉપયોગ કર્યો તેવામાં છકાયનું હિત ચિંતવતા જિનેશ્વરને તેણે જોયા. તે વખતે ક્ષોભ પામીને તે ચિંતવવા લાગ્યો કે-'જે છ મહિના અનેક પ્રકારના સતત ઉપસર્ગો કરતાં પણ ચલાયમાન ન થયા, તે લાંબા કાળે પણ ચલિત કરવાને શક્ય નથી. અહો! મારો પ્રયત્ન નિરર્થક થયો. સુરવિલાસોમાં હું લાંબો

नियचिट्ठियं दूसिऊण निवडिओ भगवओ चलणेसु, भणिउमाढत्तो य-'भयवं! भग्गपइन्नोऽहं, तुब्भे पुण समत्तपइन्ना, अवितहं भणियं महाणुभावेण सभागएण सुरवइणा, केवलं दुट्ठु कयं मए जं न तइया सद्दहियं।

अलमेत्तो भणिएणं खमेसु मे पुव्वदुक्कडं कम्मं।
उवसंतोऽहं संपइ तुह उवसग्गं न काहामि ।।१।।

ता वच्चसु निस्संकं गामागरपमुहविविहठाणेसु।
पविससु भिक्खनिमित्तं किलिस्ससे किं छुहाभिहओ? ।।२।।

एत्थंतरंमि भणियं जिणेण संगमय! मुंच मम तत्तिं।
पत्थावे च्चिय अम्हे सकज्जकिरियासु वट्टेमो ।।३।।

---

निजसामर्थ्यं अचिन्तयित्वा कथं मया आत्मा विनाटितः?' इति बहुप्रकारैः निजचेष्टां दूषयित्वा निपतितः भगवतः चरणयोः, भणितुमारब्धश्च 'भगवन्! भग्नप्रतिज्ञः अहम्, त्वं पुनः समाप्तप्रतिज्ञः, अवितथं भणितं महानुभावेन सभागतेन सुरपतिना, केवलं दुष्टं कृतं मया यन्न तदा श्रद्धितम्।

अलम् इतः भणितेन क्षमस्व मम पूर्वदुष्कृतं कर्म।
उपशान्तः अहं सम्प्रति त्वाम् उपसर्गं न करिष्यामि ।।१।।

ततः व्रज निःशङ्कं ग्रामाऽऽकरप्रमुखविविधस्थानेषु।
प्रविश भिक्षानिमित्तं क्लिश्यसि किं क्षुधाभिहतः? ।।२।।

अत्रान्तरे भणितं जिनेन 'सङ्गम! मुञ्च मम तप्तिम्।
प्रस्तावे एव वयं स्वकार्यक्रियासु वर्तामहे ।।३।।

---

કાળ ચૂક્યો. અરે! પોતાનું સામર્થ્ય સમજ્યા વિના મેં પોતાના આત્માને કેમ નચાવ્યો?' એમ અનેક પ્રકારે પોતાની ચેષ્ટાને દૂષિત કરીને તે ભગવંતના પગે પડી, કહેવા લાગ્યો કે-'હે ભગવન્! મારી પ્રતિજ્ઞા ભગ્ન થઇ પણ તમારી પ્રતિજ્ઞા તો અચળ જ છે. ઇંદ્રસભામાં મહાનુભાવ ઇંદ્રે સત્ય કહ્યું, પણ મેં બહુ ખોટું કર્યું કે તે વખતે તે વચન માન્યું નહિ.

હવે વધારે કહેવાથી શું? મારૂં પૂર્વ દુષ્કૃત તમે ક્ષમા કરો. હું હવે થાક્યો (શાંત થયો) છું, તમને ઉપસર્ગ કરવાનો નથી; (૧)

માટે ગામ, નગર પ્રમુખ વિશિષ્ટ સ્થાનોમાં નિઃશંકપણે જાઓ અને ભિક્ષા નિમિત્તે ફરો. આમ ક્ષુધિત થઇ શા માટે ક્લેશ પામો છો?' (૨)

ત્યારે પ્રભુએ કહ્યું કે-'હે સંગમક! મારી ચિંતા મૂકી દે. અમે અવસરે પોતાના કાર્યમાં પ્રવર્ત્તશું.' (૩)

इय सोउं जिणनाहं पणमिय **परमायरेण** संगमओ।
अइपावभरक्कंतोवि पट्ठिओ सुरपुराभिमुहं ।।४।।

इओ य-सोहम्मे देवलोए तंकालं सव्वे देवा देवीओ य उव्विग्गा, निराणंदा, निरुच्छाहा अच्छंति। सक्कोऽविय मुक्कविलेवणालंकारो, समुज्झियपेच्छणयाइविलासो परिचिंतेइ-'अहो एत्तियमेत्तस्स भगवओ अणत्थसत्थस्स अहं मूलकारणं जाओ, जओ मम पसंसाकुविएण इमिणा सुराहमेण इमं महापावं ववसियं'ति। एत्थंतरे सयलतइलोयजीवरासिविणासजणिय-पावपंकविलित्तोव्व नीसेसावजसपंसुपडलविलुत्तगत्तोव्व, अकल्लाणावलीकलिओव्व पणट्ठ-पुव्वकंतिपब्भारो पडिभग्गपइन्नाविसेसुम्मिल्लंतलज्जाभरसंकुचियलोयणो संपत्तो सोहम्मसभाए संगमयाहमो। तं च दट्ठूण पुरंदरो ठिओ परंमुहो, भणिउमारद्धो य -

---

इति श्रुत्वा जिननाथं प्रणम्य परमाऽऽदरेण सङ्गमः।
अतिपापभारक्रान्तोऽपि प्रस्थितः सुरपुराऽभिमुखम् ।।४।।

इतश्च सौधर्मे देवलोके तत्कालं सर्वे देवाः देव्यः च उद्विग्नाः, निरानन्दाः, निरुत्साहाः आसते। शक्रोऽपि च मुक्तविलेपनाऽलङ्कारः, समुज्झितप्रेक्षणकादिविलासः परिचिन्तयति 'अहो! एतावतः भगवतः अनर्थसार्थस्य अहं मूलकारणं जातः, यतः मम प्रशंसाकुपितेन अनेन सुराऽधमेन इदं महापापं व्यवसितम्' इति। अत्रान्तरे सकलत्रिलोकजीवराशिविनाशजनितपापपङ्कविलिप्तः इव निःशेषाऽपयशःपांसुपटलविलिप्तगात्रः इव अकल्याणाऽऽवलीकलितः इव प्रणष्टपूर्वकान्तिप्राग्भारः प्रतिभग्नप्रतिज्ञाविशेषोन्मिलल्लज्जाभरसङ्कुचितलोचनः सम्प्राप्तः सौधर्मसभायां सङ्गमाऽधमः। तं च दृष्ट्वा पुरन्दरः स्थितः पराङ्मुखः, भणितुमारब्धश्च -

---

એમ સાંભળી, પ્રભુને પરમ આદરથી પ્રણામ કરી, અતિપાપના ભારથી આક્રાંત છતાં સંગમક સ્વર્ગ ભણી ચાલ્યો. (૪)

એવામાં અહીં સૌધર્મ દેવલોકમાં તે વખતે સર્વ દેવ-દેવીઓ ઉદ્વિગ્ન, આનંદ રહિત, ઉત્સાહહીન થઇ રહ્યાં. ઇંદ્ર પણ અલંકાર-વિલેપન મૂકી, નાટકાદિ વિલાસ તજીને ચિંતવવા લાગ્યો કે-'અહો! ભગવંતના એ અનર્થનું મૂળ કારણ હું પોતે થયો, કારણ કે મારી પ્રશંસાથી કુપિત થયેલા એ સુરાધમે આ મહાપાપ આચર્યું.' તેવામાં સકળ ત્રણ લોકના જીવોના નાશથી થયેલ પાપ-પંકથી જાણે લિપ્ત થયેલ હોય, સમસ્ત અપયશરૂપ ધૂળથી જાણે શરીરે લેપાયેલ હોય, અકલ્યાણની શ્રેણિથી જાણે પૂર્ણ હોય, પૂર્વ કાંતિનો સમૂહ જેનો નષ્ટ થયો છે, પ્રતિજ્ઞાભંગથી થતી લજ્જાને લીધે જેના લોચન સંકુચિત થઇ ગયા છે એવો અધમ સંગમક સૌધર્મ-સભામાં આવ્યો. તેને જોઈ પુરંદર વિમુખ થઈ બેસતાં કહેવા લાગ્યો કે-

भो भो सुरा! निसामह मम वयणं एस संगमयदेवो।
चंडालो इव तुम्हं दट्ठुंपि न जुज्जइ कयावि ।।१।।

एएण पावमइणा चिरमवरद्धं निराणुकंपेण।
जं अम्ह पूयणिज्जो कयत्थिओ तिहुयणेक्कपहू ।।२।।

जइ ताव इमस्स नत्थि पडिब्भयं भीमगुरुभवाहिंतो।
ता किं ममवि न भीओ ववसंतो दढमकज्जमिमं? ।।३।।

जह जयगुरुणा निच्चलसामाइयगुरुभरो समुक्खित्तो।
तह किं मएवि जं एस मज्झ संकंपि नो कुणइ? ।।४।।

---

भोः भोः सुराः! निश्रुणुत मम वचनम् एषः सङ्गमकदेवः।
चण्डालः इव युष्माभिः द्रष्टुमपि न युज्यते कदापि ।।१।।

एतेन पापमतिना चिरमपराद्धं निराणुकम्पेन।
यद् अस्माकं पूजनीयः कदर्थितः त्रिभुवनैकप्रभुः ।।२।।

यदि तावद् अस्य नास्ति प्रतिभयं भीमगुरुभवेभ्यः।
तदा किं मदपि न भीतः व्यवस्यन् दृढम् अकार्यमिदम् ।।३।।

यथा जगद्गुरुणा निश्चलसामायिकगुरुभारः समुत्क्षिप्तः।
तथा किं मयाऽपि यदेषः मम शङ्कामपि नो करोति ।।४।।

---

'હે દેવો! તમે મારું વચન સાંભળો. આ સંગમક દેવની સામે ચંડાળની જેમ તમારે કદી નજરે જોવું પણ યુક્ત નથી. (૧)

એ નિર્દય પાપાત્માએ મારો અપરાધ કર્યો કે અમારા પૂજનીય ભુવનગુરુની એણે ભારે કદર્થના કરી. (૨)

એને કદાચ ભીમ ભવસાગરથી તો પ્રતિભય ન લાગ્યો, પરંતુ એ ભારે અકાર્ય કરતાં મારાથી પણ શું ડર્યો નહિ? (૩)

ભગવંતે જેમ નિશ્ચલ સામાયિકનો મહાભાર ઉપાડ્યો છે, તેમ શું મેં પણ તે ઉપાડ્યો છે કે એણે મારી શંકા પણ ન કરી? (૪)

एएण जिणिंदऽवमाणणेण जणिओ पयंडपावभरो।
तुम्हे पुण इत्थ ठिया पाविहिह इमस्स संगेण ।।५।।

किमहमिमं निग्गहिउं सक्को नेवोवसग्गकालंमि?।
किंतु मुणिस्सइ एसो हरिस्स निस्साए तवइ जिणो ।।६।।

पज्जत्तं एत्तो जंपिएण निव्विसयमाणवेह इमं।
वरि सुन्न च्चिय साला मा भरिया चोरवग्गेण ।।७।।

इय सुरनाहेण सरोसभासिणा चलणकोडिणा विवसो।
निच्छूढो संगमओ एगागी सुरपुरीहिंतो ।।८।।

एवंविहं च माणमलणं पेच्छिऊण चिंतियं संगमएण-अहो एयाइं ताइं असमिक्खियकयाइं

---

एतेन जिनेन्द्राऽपमानेन जनितः प्रचण्डपापभरः।
यूयं पुनः अत्र स्थिताः प्राप्स्यन्ति अस्य सङ्गेन ।।५।।

किमहं इमं निग्रहीतुं शक्तः नैव उपसर्गकाले?।
किन्तु ज्ञास्यति एषः हरेः निश्रया तपति जिनः ।।६।।

पर्याप्तं इतः जल्पितेन निर्विषयम् आज्ञापय इमम्।
वरं शून्यैव शाला मा भृता चौरवर्गेण ।।७।।

इति सुरनाथेन सरोषभाषिणा चरणकोटिना विवशः।
निक्षिप्तः सङ्गमकः एकाकी सुरपुरीभ्यः ।।८।।

एवंविधं च मानमालिन्यं प्रेक्ष्य चिन्तितं सङ्गमेन 'अहो! एतानि तानि असमीक्षितकृतानि प्रकटीभवन्ति

---

પ્રભુને કદર્થના પમાડવાથી એણે પ્રચંડ પાપ-ભાર પેદા કર્યો અને તમે એના સંગથી અહીં બેઠા તે પાપના ભાગીદાર થશો. (૫)

ઉપસર્ગ કરતી વખતે શું હું એનો નિગ્રહ કરવાને સમર્થ ન હતો? પરંતુ તેમ કરવા જતાં એ માની લેત કે- 'જિનેશ્વર ઇંદ્રની નિશ્રાએ તપ તપે છે.' (૬)

હવે વધારે કહેવાથી શું? એને અહીંથી કહાડી મૂકો. ચોરોના નિવાસ કરતાં શૂન્ય મકાન સારૂં.' (૭)

એમ રોષથી બોલતાં ઇંદ્રે સ્વર્ગમાંથી એકલા સંગમકને પોતાના પગવતી હડસેલી કહાડ્યો. (૮)

એમ પોતાની માનહાનિ જોતાં સંગમકને વિચાર કર્યો કે-'અહો! આ વિચાર્યા વિના કરેલ કાર્યોનું દુષ્ટ

पायडीहवंति संपइ दुव्विलसियाइं। इय झूरिऊण सो जाणएण विमाणेण पट्ठिओ मंदिराभिमुहं। तओ अक्कोसिज्जमाणो सुरविलयाहिं, हीलिज्जमाणो नियपरिवारेण, पेल्लिज्जमाणो सक्कसुहडेहिं, उवेहिज्जमाणो सामाणियदेवेहिं नीहरिऊण सुरपुरीओ ठिओ मंदरचूलियाए, तस्स य सागरोवमं सेसमाउयंति। इओ य-से अग्गमहिसीहिं विन्नविओ पुरंदरो-जइ सामि! तुम्ह आएसो हवइ ता अम्हे पियमणुसरामो। तओ विसज्जियाओ य इंदेण, सेसो पुण परिवारो पडिसिद्धोत्ति।

इओ य-भयवं वद्धमाणसामी जायंमि निरुवसग्गे तत्थेव गामे बीयदिवसे पविट्ठो गोयरचरियाए, हिंडंतो य समागओ वच्छवालथेरीगिहे, तओ तीए भत्तिभरनिस्सरंतपयडपुलय-पडलाए वासियपायसभत्तेण पडिलाभिओ छमासस्स निरसणो भयवं। एत्थंतरे चिरकालजाय-जिणपारणगदंसणपरितुट्ठेहिं अहासन्निहियसुरनिवहेहिं पहयाइं तूराइं, मुक्का कणगवुट्ठी,

---

सम्प्रति दुर्विलसितानि। इति निन्दित्वा सः यानकेन विमानेन प्रस्थितः मन्दराऽभिमुखम्। ततः आक्रुश्यमानः सुरविलयाभिः, हील्यमानः निजपरिवारेण, प्रेर्यमाणः शक्रसुभटैः, उपेक्ष्यमाणः सामानिकदेवैः निह्नत्य सुरपुरीतः स्थितः मन्दरचूलिकायाम्, तस्य च सागरोपमं शेषं आयुष्कमिति। इतश्च तस्य अग्रमहिषीभिः विज्ञप्तः पुरन्दरः 'यदि स्वामिन्! तव आदेशः भवति तदा वयं प्रियम् अनुसरामः।' ततः विसृष्टाः च ईन्द्रेण, शेषः पुनः परिवारः प्रतिषिद्धः।

इतश्च भगवान् वर्द्धमानस्वामी जाते निरुपसर्गे तत्रैव ग्रामे द्वितीयदिवसे प्रविष्टः, हिण्डमानश्च समागतः वत्सपालस्थविरागृहे। ततः तया भक्तिभरनिःसरत्प्रकटपुलकपटलया (सु)वासितपायसभक्तेन प्रतिलाभितः षड्मासस्य निरशनः भगवान्। अत्रान्तरे चिरकालजातजिनपारणकदर्शनपरितुष्टैः यथासन्निहितसुरनिवहैः प्रहतानि तूराणि, मुक्ता कनकवृष्टिः, परिक्षिप्तः कुसुमनिकरः, वर्षितं गन्धोदकम्,

---

પરિણામ હવે પ્રગટ થાય છે.' એમ ભારે શોકમાં તે કૃત્રિમ વિમાનથી મેરૂ ભણી ચાલ્યો, એટલે દેવાંગનાઓથી આક્રોશ પામતો, પોતાના પરિવારથી હીલના પામતો, ઇંદ્રના સુભટોથી આગળ હડસેલાતો, સામાનિક દેવોથી ઉપેક્ષા કરાતો તે સંગમક સ્વર્ગથકી નીકળીને મેરૂની ચૂલિકા પર રહ્યો. તેનું શેષ આયુષ્ય એક સાગરોપમનું હતું. તેવામાં તેની અગ્રમહિષીઓએ પુરંદરને વિનંતિ કરી કે-'હે સ્વામિન્! જો તમારી આજ્ઞા હોય તો અમે સ્વામી પાછળ જઇએ.' એટલે ઇંદ્રે તેમને જવા દીધી અને શેષ પરિવારને જવાનો પ્રતિષેધ કર્યો.

હવે ભગવાન્ વર્ધમાનસ્વામી નિરુપસર્ગ થતાં બીજે દિવસે તે જ ગામમાં ભિક્ષા નિમિત્તે નીકળ્યા, અને ભ્રમણ કરતાં એક વૃદ્ધ ગોવાલણના ઘરે ગયા. તેણે ભક્તિથી રોમાંચિત થતાં છ માસના ઉપવાસી પ્રભુને સુવાસિત પાયસથી પ્રતિલાભ્યા. એવામાં ચિરકાલે જિનેશ્વરના પારણાથી સંતુષ્ટ થયેલા પાસેના દેવતાઓએ વાદ્યો વગાડ્યાં, કનક, કુસુમ અને ગંધોદકની વૃષ્ટિ સાથે 'અહોદાન, અહોદાન!' એવી ઘોષણા કરી. તે ગોવાલણની દરિદ્રતા દૂર

परिखित्तो कुसुमनियरो, वरिसियं गंधोदयं, अहो दाणमहो दाणंति उग्घोसणा कया। तत्थेव ताव जाया अदरिद्दा थेरी। अह सामी निव्ववियसरीरो गओ **आलभिया**भिहाणं नयरिं। तत्थवि पडिमापडिवन्नस्स भत्तिनिब्भरो हरीनाम विज्जुकुमारिंदो तिपयाहिणापुव्वगं निवडिऊण चलणेसु संथवं काउं पवत्तो। कहं? -

जय निज्जियदुज्जयकुसुमबाण!, अविणस्सरपावियसुहनिहाण!।
उवसग्गवेरसमरेक्ककधीर!, तुह सच्चं नाउँ जिणिंद वीर! ।।१।।

संसारजलहिनिवडंतसत्त, पइं एक्किं रक्खियबहुदुहत्त।
तुह सुमरणमित्तेवि पावरासि, नासइ तिमिरं पिव रविपयासि ।।२।।

तुह दंसणमेत्तेऽवि जे न बुद्ध, ते तिक्खदुक्खलक्खेहिं रुद्ध।
तुह चलणकमलमुद्दंकियस्स, भद्दाइं होंति धरणीयलस्स ।।३।।

---

'अहो दानम् अहोदानम्' इति उद्घोषणा कृता। तत्रैव तावद् जाता अदरिद्रा स्थविरा। अथ स्वामी निर्वापितशरीरः गतः आलंभिकाऽभिधानां नगरीम्। तत्राऽपि प्रतिमाप्रतिपन्नस्य भक्तिभरनिर्भरः **हरिः** नामकः विद्युत्कुमारेन्द्रः त्रिप्रदक्षिणापूर्वकं निपत्य चरणयोः संस्तवं कर्तुं प्रवृत्तवान्। कथम् -

जय निर्जितदुर्जयकुसुमबाण! अविनश्वरप्राप्तसुखनिधान!
उपसर्गवैरसमरैकधीर! तव सत्यं नाम जिनेन्द्र वीर! ।।१।।

संसारजलधिनिपतत्सत्त्वस्य प्रति एकं रक्षितबहुदुःखार्त्तः ।।
तव स्मरणमात्रेऽपि पापराशिः नश्यति तिमिरमिव रविप्रकाशे ।।२।।

तव दर्शनमात्रेऽपि ये न बुद्धाः ते तीक्ष्णदुःखलक्षैः रुद्धाः।
तव चरणकमलमुद्राऽङ्कितस्य भद्राणि भवन्ति धरणीतलस्य ।।३।।

---

થઇ. પછી શરીરથી નિરપેક્ષ એવા પરમાત્મા **આલંભિકા** નગરીમાં ગયા. ત્યાં ભક્તિનિર્ભર **હરિ** નામે વિદ્યુત્કુમારોનો ઇંદ્ર, પ્રતિમાસંપન્ન સ્વામીને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પગે પડી, સ્તુતિ કરવા લાગ્યો-

'દુર્જય કુસુમબાણ-કામને જીતનાર, અવિનશ્વર સુખ-નિધાનને પામનાર, ઉપસર્ગ-સમરાંગણમાં એક-ધીર એવા હે જિનેંદ્ર! તમે સાચા વીર જય પામો. (૧)

સંસાર-સાગરમાં પડતાં દુઃખાર્ત્ત પ્રાણીઓને એકી સાથે સુરક્ષિત કરનાર, તમારા સ્મરણ માત્રથી રવિના પ્રકાશે અંધકારની જેમ પાપરાશિ નાશ પામે છે. (૨)

તમારા દર્શન માત્રથી જે પ્રતિબોધ ન પામ્યા, તે લાખો તીક્ષ્ણ દુઃખોથી ઘેરાયા. તમારા ચરણ-કમળની મુદ્રાથી અંકિત ધરણીતલનું કલ્યાણ થાય છે. (૩)

स कयत्थ जाय हरिहरिणपमुह, भुवणेसर! ते तेरिच्छनिवह।
गिरिकंदरपडिमासंपवन्नु, तुहं दिट्ठु जेहिं जिण! कणयवन्नु ।।४।।

तावच्चिय घोरभवाडवीए, निवडंति जीवा दुहसंकडाए।
जावऽज्जवि तुम्ह पयारविंद-सेवं कुणंति नो जिणवरिंद! ।।५।।

हिमवंतपमुहकुलपव्वएसु, खीरोयहिवेइरसायलेसु।
गायंति कित्तिं तुह भुवणनाह!, किन्नरसमूह दइयासणाह ।।६।।

तुह एक्कह कह वित्थारु पत्त, नीसेसकहंतर जणिहिं चत्त।
उइयंमि अहव रविमंडलंमि, खज्जोय न सोहइं नहयलंमि ।।७।।

---

ते कृतार्थाः जाताः हरि-हरिणप्रमुखाः, भुवनेश्वर! ते तिर्यग्निवहः।
गिरिकन्दराप्रतिमासम्प्रपन्नः त्वं दृष्टः यैः जिन! कनकवर्णः ।।४।।

तावदेव घोरभवाटव्यां निपतन्ति जीवा दुःखसङ्कटायाम्।
यावद् अद्यापि तव पादाऽरविन्दसेवां कुर्वन्ति नो जिनवरेन्द्र! ।।५।।

हिमवन्तप्रमुखकुलपर्वतेषु, क्षीरोदधि-वैताढ्य-रसातलेषु।
गायन्ति कीर्तिं तव भुवननाथ! किन्नरसमूहः दयितासनाथः ।।६।।

तव एकस्य कथा विस्तरं प्राप्ता, निःशेषकथान्तराणि जनैः त्यक्तानि।
उदिते अथवा रविमण्डले, खद्योतः न शोभते नभतले ।।७।।

---

હે ભુવનેશ્વર! સિંહ, હરિણ પ્રમુખ તે તિર્યંચો પણ કૃતાર્થ છે કે જેઓ ગિરિગુફામાં પ્રતિમાસંપન્ન કનકવરણા તમારા દર્શન કરે છે. (૪)

જીવો દુઃખપૂર્ણ આ ઘોર ભવાટવીમાં ત્યાં સુધી જ પડે છે કે હે દેવાધિદેવ! જ્યાં સુધી તમારા ચરણ-કમળની સેવા કરતા નથી. (૫)

હે ભુવનનાથ! હિમવંત પ્રમુખ કુલપર્વતો, ક્ષીરોદધિ, વૈતાઢ્ય અને પૃથ્વીમાં પોતાની પત્નીઓ સહિત કિન્નરો તમારી કીર્ત્તિ ગાઇ રહ્યા છે. (૬)

એક તમારી કથા વિસ્તારથી પામતાં, લોકો બીજી બધી કથાઓ તજી દે છે અથવા તો સૂર્યોદય થતાં આકાશમાં ખદ્યોત-ખરજુઓ શું શોભે? (૭)

इय विज्जुकुमारिंदो थोउं कहिउं च केवलुप्पत्ती।
पच्चासन्नं पच्छा नियभवणं अइगओ नमिउं ।।८।।

सामीवि **सेयवियानयरिमुवगओ**, तत्थवि **हरिस्सहो** नाम भवणाहिवई देवो एइ वंदइ य पियं च पुच्छइ, जहा-'भयवं! नित्थिन्ना बहूवसग्गा, थेवमियाणिं सोढव्वं, केवलनाणं च लहुं उप्पज्जिहि'त्ति भणिऊण जहागयं पडिनियत्तो। तिहुयणपहूवि तत्तो विहरिऊण **सावत्थी**ए नयरीए परिसरे पलंबियभुयदंडो ठिओ काउस्सग्गेणं। तम्मि य दिणे लोगो सिंगारियसरीरो, गहियसुरहिकुसुमदामो, विविहविलेवणभरियकच्चोलयसणाहो खंदपडिमाए पूयणत्थं भयवंतं अइक्कमिऊण गंतुं पयट्टो। सा य खंदपडिमा तव्वेलं ण्हविया विलित्ता य जावऽज्जवि न समारोविज्जइ रहवरे ताव 'कहं महावीरो विहरइ'त्ति परिन्नाणनिमित्तं पउत्तो ओही सुराहिवेण, दिट्ठो सो पुरजणो भयवंतं मोत्तूण खंदपडिमाए पूयामहिमं कुणमाणो।

इति विद्युत्कुमारेन्द्रः स्तुत्वा कथयित्वा च केवलोत्पत्तिम्।
प्रत्यासन्नां पश्चात् निजभवनं अतिगतः नत्वा ।।८।।

स्वामी अपि श्वेताम्बिकानगरीम् उपगतः। तत्राऽपि **हरिस्सहः** नामकः भवनाधिपतिः देवः एति, वन्दते च, प्रियं च पृच्छति यथा-'भगवान्! निस्तीर्णाः बहूपसर्गाः, स्तोकमात्राः सोढव्याः, केवलज्ञानं च लघुः उत्पत्स्यते' इति भणित्वा यथागतं प्रतिनिवृत्तः। त्रिभुवनप्रभुः अपि तस्मात् स्थानात् विहृत्य **श्रावस्त्याः** नगर्याः परिसरे प्रलम्बितभुजदण्डः स्थितः कायोत्सर्गेण। तस्मिन् च दिने लोकः शृङ्गारितशरीरः, गृहीतसुरभिकुसुमदामः, विविधविलेपनभृतकच्चोलकसनाथः स्कन्दप्रतिमायाः पूजनाय भगवन्तम् अतिक्रम्य गन्तुं प्रवृत्तवान्। सा च स्कन्दप्रतिमा तद्वेलां स्नापिता विलिप्ता च यावदद्यापि न समारोप्यते रथवरे तावद् 'कथं महावीरः विहरति?' इति परिज्ञाननिमित्तं प्रयुक्तः अवधिः सुराधिपेन, दृष्टश्च सः पुरजनः भगवन्तं मुक्त्वा स्कन्दप्रतिमायाः पूजामहिमानं कुर्वन्। तदनन्तरं अवतीर्णः सुरलोकतः, अनुप्रविष्टश्च

એમ વિદ્યુત્કુમારનો ઇંદ્ર સ્તુતિ કરી, કેવલોત્પત્તિ પ્રત્યાસન્ન કહી, નમીને પોતાના સ્થાને ગયો. (૮)

પછી ભગવાન્ **શ્વેતાંબિકા** નગરીમાં ગયા. ત્યાં **હરિસ્સહ** નામે ભવનાધિપતિ દેવે આવી વંદના કરી અને શાતા પૂછતાં કહ્યું કે-'હે ભગવન્! તમે ઘણા ઉપસર્ગો સહન કર્યા. હવે બહુ જ અલ્પ સહન કરવાનું છે. કેવળજ્ઞાન આંટા મારી રહ્યું છે! તમને બહુ જ થોડા કાલમાં ઉત્પન્ન થશે.' એમ કહી તે સ્વસ્થાને ગયો. મહાવીર પણ ત્યાંથી વિહાર કરી, **શ્રાવસ્તિ** નગરીની બહાર ભુજદંડ લંબાવીને કાયોત્સર્ગે રહ્યા. તે દિવસે લોકો શૃંગાર પહેરી, સુગંધી પુષ્પોની માળાઓ લઇ, વિવિધ વિલેપનથી કટોરા ભરી, **સ્કંદપ્રતિમા**ને પૂજવા માટે ભગવંતને ઓળંગીને ચાલ્યા. તે વખતે સ્કંદપ્રતિમાને ન્હવરાવી, વિલેપન કરી જેટલામાં રથ પર તેમણે સ્થાપન ન કરી તેટલામાં-'ભગવંત કેમ વિચરે છે?' તે જાણવા માટે ઇંદ્રે અવધિ પ્રયુંજતાં, પ્રભુને તજી લોકો સ્કંદપ્રતિમાનો પૂજામહિમા કરતા જોવામાં

तयणंतरं ओयरिओ सुरलोयाओ, अणुपविट्ठो य खंदपडिमं। ताहे पुरंदराहिट्ठिया चलिया भयवओऽभिमुहं खंदपडिमा, तं च सयमेव चलंतिं दट्ठूण तुट्ठो लोगो-'अहो देवो! सयमेव रहं आरुहइ'त्ति, खंदपडिमावि रहं मोत्तूण गया भगवओ समीवं, तिपयाहिणदाणपुव्वयं च पडिया पाएसु, भूमितलनिविट्ठा य पज्जुवासिउमारद्धा। लोगाऽवि तहाविहमच्छरियं पेच्छिऊण विम्हिया चिंतंति-'अहो वंदियवंदणिज्जो एस कोइ महप्पा निप्पडिमप्पभावसंगओ य ता सव्वहा न जुत्तमायरियमम्हेहिं जं इममइक्कमिऊण गय'त्ति अत्ताणं निंदंतेहिं सामिणो कया सव्वायरेण महिमा। अह जाए पत्थावे जयगुरू तओ पएसाओ निक्खमिऊण गओ **कोसंबिं** नयरिं, तत्थ य उस्सग्गमुवगयस्स जयगुरुणो जोइसचक्काहिवइणो सूरससहरा सविमाणा वंदणत्थं ओयरिया वसुंधरापीढं, गाढविम्हयक्खित्तनरनियरपलोइज्जमाणा य तिपयाहिणापुव्वयं पणमिऊण तइलोक्केक्कल्लमल्लं जयबंधवं, निसन्ना जहोइयट्ठाणेसु, पुच्छिया सुहविहारवत्ता, खणमेक्कं च ते जिणरूवदंसणसुहमणुहविऊण जहागयं पडिनियत्ता।

---

स्कन्दप्रतिमायाम्। तदा पुरन्दराऽधिष्ठिता स्कन्दप्रतिमाऽपि रथं मुक्त्वा गता भगवतः समीपम्, त्रिप्रदक्षिणादानपूर्वकं च पतिता पादयोः, भूमितलनिविष्टा च पर्युपासितुम् आरब्धा। लोकाः अपि तथाविधमाश्चर्यं प्रेक्ष्य विस्मिताः चिन्तयन्ति 'अहो वन्दितवन्दनीयः एषः कोऽपि महात्मा निष्प्रतिमप्रभावसङ्गकः च, ततः सर्वथा न युक्तम् आचरितम् अस्माभिः यद् इमम् अतिक्रम्य गताः इति आत्मानं निन्दद्भिः स्वामिनः कृता सर्वाऽऽदरेण महिमा। अथ जाते प्रस्तावे जगद्गुरुः ततः प्रदेशतः निष्क्रम्य गतः **कौशाम्बीं** नगरीम्। तत्र च कायोत्सर्गम् उपगतस्य जगद्गुरोः ज्योतिष्कचक्राधिपतेः सूर्य-शशधरौ सविमानौ वन्दनार्थम् अवतीर्णौ वसुन्धरापीठम्, गाढविस्मयक्षिप्तनरनिकरप्रलोक्यमानौ च त्रिप्रदक्षिणापूर्वं प्रणम्य त्रिलोकैकमल्लं जगद्बन्धुं, निषण्णौ यथोचितस्थाने पृष्टा सुखविहारवार्ता, क्षणमेकं च तौ जिनरूपदर्शनसुखमनुभूय यथागतं प्रतिनिवृत्तौ।

---

આવ્યા. એટલે તે સ્વર્ગથી ઉતરી, સ્કંદપ્રતિમામાં પેઠો. એમ પુરંદરથી અધિષ્ઠિત થયેલ સ્કંદપ્રતિમા ભગવંતની સન્મુખ ચાલી. તેને સ્વયંમેવ ચાલતી જોઇ, લોકો સંતુષ્ટ થઇને કહેવા લાગ્યા કે-'અહો! દેવ પોતાની મેળે રથ પર આરૂઢ થાય છે.' એવામાં સ્કંદપ્રતિમા રથ મૂકીને પ્રભુ પાસે ગઇ અને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ભગવંતના પગે પડી, તેમજ ભૂમિતળે બેસીને તે ઉપાસના કરવા લાગી. ત્યારે લોકો પણ એવું આશ્ચર્ય જોઇ, વિસ્મય પામતાં ચિંતવવા લાગ્યા કે-'અહો! આ કોઇ મહાત્મા દેવને પણ વંદનીય અને અપ્રતિમ પ્રભાવયુક્ત છે, તો આપણે એને ઓળંગીને ગયા તે કોઇ રીતે સારૂં ન કર્યું.' એમ આત્મનિંદા કરતા તેમણે ભારે આદરથી સ્વામીનો મહિમા કર્યો. પછી યોગ્ય અવસરે પ્રભુ ત્યાંથી **કૌશાંબી** નગરીએ ગયા. ત્યાં પ્રતિમાએ રહેલા ભગવંતને વંદન નિમિત્તે જ્યોતિષ-ચક્રના અધિપતિ ચંદ્ર-સૂર્ય પોતાના મૂળ વિમાને પૃથ્વી પર ઉતર્યા, અને ગાઢ આશ્ચર્ય પામતા લોકોના જોતાં, ત્રણ પ્રદક્ષિણાપૂર્વક જગબંધવ પ્રભુને પ્રણમીને તેઓ યથોચિત સ્થાને બેઠા. પછી સુખ-વિહારની વાત પૂછતાં, ક્ષણભર જિનરૂપ-દર્શનનું સુખ અનુભવીને તેઓ યથાસ્થાને ગયા.

अह जयनाहो गामाणुगामयं विहरिऊण भूवीढं।
वाणारसीए पत्तो तत्थ य महिओ सुरिंदेण ।।१।।

पुणरवि रायगिहंमि य फुरंतमणिरयणमंडियसिरेण।
ईसाणतियसवइणा थुयमहिओ पुच्छिओ य पियं ।।२।।

म(मि?)हिलानयरीएवि हु पत्थिवजणगेण परमभत्तीए।
धरणिंदेण य नागाहिवेण हिट्ठेण पणिवइओ ।।३।।

गामागराइसु चिरं विहरिय पत्तंमि वरिसयालंमि।
**एक्कारस**मे सामी **वेसाली**ए पुरीए गओ ।।४।।

तस-पाण-बीयरहिए थी-पसु-पंडगविवज्जिए ठाणे।
चाउम्मासियखमणं पडिवज्जित्ता ठिओ पडिमं ।।५।।

---

अथ जगन्नाथः ग्रामानुग्रामं विहृत्य भूपीठम्।
वाराणस्यां प्राप्तः तत्र च महितः सुरेन्द्रेण ।।१।।

पुनरपि राजगृहे च स्फुरन्मणिरत्नमण्डितशिरसा।
ईशानत्रिदशपतिना स्तुतमहितः पृष्टश्च प्रियम् ।।२।।

मिथिलानगर्यामपि खलु पार्थिवजनकेन परमभक्त्या।
धरणेन्द्रेण च नागाधिपेन हृष्टेन प्रणिपतितः ।।३।।

ग्रामाऽऽकरादिषु चिरं विहृत्य प्राप्ते वर्षाकाले।
**एकादशमे** स्वामी **वैशालीं** पुरीं गतः ।।४।।

त्रस-प्राण-बीजरहिते स्त्री-पशु-पण्डकविवर्जिते स्थाने।
चातुर्मासिकक्षपणं प्रतिपद्य स्थितः प्रतिमायाम् ।।५।।

---

હવે જગનાથ ગ્રામાનુગ્રામ વિચરતાં **વા**ણારસી નગરીમાં ગયા. ત્યાં દેવેંદ્રે આવીને પૂજન-મહિમા કર્યો. (૧)

ત્યાંથી ફરી **રા**જગૃહમાં આવતાં, મુગટ-મંડિત ઇશાનેંદ્રે મહિમા ગાઇ, પ્રભુને શાતા પૂછી. (૨)

ત્યાંથી **મિથિલા** નગરીના રાજા જનકે પરમ ભક્તિથી અને નાગાધિપ ધરણેંદ્રે ભારે હર્ષથી પ્રભુને પ્રણિપાત કર્યા. (૩)

એમ ગ્રામાનુગ્રામ વિચરતાં **અગિયારમું ચોમાસું** આવતાં ભગવંત **વૈશાલી** નગરીમાં આવ્યા. (૪)

ત્યાં ત્રસ અને બીજ રહિત તથા સ્ત્રી, પશુ કે નપુંસકવર્જિત સ્થાને ચાતુર્માસિક-ક્ષમણ આદરીને પ્રતિમાએ રહ્યા. (૫)

भूयाणंदो य तहिं भुयगवई भगवओ भवभएण।
भत्तिभरनिब्भरंगो पूयामहिमं पयट्टेइ ।।६।।

अह तत्थेव पुरीए सावगधम्ममि बद्धपडिबंधो।
दक्खिन्न-दया-पसमाइपवरगुणरयणरयणनिही ।।७।।

नामेण **जुन्नसेट्ठी** सुसावगो वसइ विस्सुयजसोहो।
अन्नो मिच्छादिट्ठी अहिणवसेट्ठित्ति नामेण ।।८।। जुम्मं।

एगम्मि वासरंमी कज्जवसा नयरि बाहि नीहरिओ।
सो जुन्नसेट्ठी सड्ढो परमवियड्ढो गुणड्ढो य ।।९।।

पेच्छइ कंचणसच्छहसरीरकरपसरभरियनहविवरं।
नीसेसलक्खणधरं उस्सग्गठियं महावीरं ।।१०।।

---

**भूतानन्द**श्च तत्र भुजगपतिः भगवतः भवभयेन।
भक्तिभरनिर्भराङ्गः पूजामहिमानं प्रवर्तयति ।।६।।

अथ तत्रैव पुर्यां श्रावकधर्मे बद्धप्रतिबन्धः।
दाक्षिण्य-दया-प्रशमादिप्रवरगुणरत्नरत्ननिधिः ।।७।।

नाम्ना **जीर्णश्रेष्ठी** सुश्रावकः वसति विश्रुतयशः ओघः।
अन्यः मिथ्यादृष्टिः अभिनवश्रेष्ठी इति नाम्ना ।।८।। युग्मम्।

एकस्मिन् वासरे कार्यवशाद् नगर्याः बहिः निहृतः।
सः जीर्णश्रेष्ठी श्राद्धः परमविदग्धः गुणाढ्यश्च ।।९।।

प्रेक्षते कञ्चनसदृशशरीरकरप्रसरभृतनभविवरम्।
निःशेषलक्षणधरम् कायोत्सर्गस्थितं महावीरम् ।।१०।।

---

ત્યાં ભક્તિભાવે **ભૂતાનંદ** ભુજંગપતિએ ભવભયથી બચવા માટે પ્રભુનો પૂજા-મહિમા પ્રવર્ત્તાવ્યો. (૬)

એવામાં તે જ નગરીમાં શ્રાવકધર્મનો પૂર્ણ ઉપાસક, દાક્ષિણ્ય, દયા, પ્રશમાદિક પ્રવર ગુણ-રત્નોનો ભંડાર તથા યશ-કીર્ત્તિથી વિખ્યાત એવો **જીર્ણશેઠ** નામે સુશ્રાવક રહેતો અને બીજો **અભિનવશ્રેષ્ઠી** નામે મિથ્યાત્વી શેઠ હતો. (૭/૮)

એક દિવસે પરમ હોંશિયાર અને ગુણાઢ્ય એવો જીર્ણશ્રેષ્ઠી શ્રાવક કંઇ કાર્યવશે નગરીની બહાર નીકળ્યો. (૯)

ત્યાં કાંચન સમાન દેહકાંતિથી દિશાઓને પ્રકાશિત કરનાર, સમસ્ત લક્ષણો ધરનાર અને કાયોત્સર્ગે રહેલા એવા શ્રીમહાવીરને તેણે જોયા. (૧૦)

तं पेच्छिऊण निच्छउमजायसव्वण्णुनिच्छओ सहसा।
हरिसुच्छलंतरोमंचकंचुओ वंदिउं सामिं ।।११।।

सो चिंतिउं पवत्तो भिक्खाकालेऽवि नीइ जन्न पहू।
पडिमोवगओ चिट्ठइ तं अज्जुववासिओ मन्ने ।।१२।।

जइ कल्लंमि य कल्लाणवल्लिकंदो करिज्ज पारणयं।
एसो भयवं मह मंदिरंमि ता सुंदरं होइ ।।१३।।

इय चिंतंतो पइवासरंमि सो पज्जुवासए सामिं।
ता जाव चउम्मासक्खमणं पज्जंतमणुपत्तं ।।१४।।

तो बीयवासरे आगयंमि मुणिऊण पारणगसमयं।
सामिं निमंतइत्ता तुरियं गेहं गओ सेट्ठी ।।१५।।

---

तं प्रेक्ष्य निश्छद्मजातसर्वज्ञनिश्चयः सहसा।
हर्षोच्छलद्रोमाञ्चकञ्चुकः वन्दित्वा स्वामिनम् ।।११।।

सः चिन्तयितुं प्रवृत्तवान्-भिक्षाकालेऽपि 'एति यन्न प्रभुः।
प्रतिमोपगतः तिष्ठति तद् अद्य उपोषितः मन्ये ।।१२।।

यदि कल्ये च कल्याणवल्लीकन्दः करोति पारणकम्।
एषः भगवान् मम मन्दिरे तदा सुन्दरं भवति ।।१३।।

इति चिन्तयन् प्रतिवासरे सः पर्युपासते स्वामिनम्।
तावद् यावत् चातुर्मासक्षपणं पर्यन्तम् अनुप्राप्तम् ।।१४।।

ततः द्वितीयवासरे आगते ज्ञात्वा पारणकसमयम्।
स्वामिनं निमन्त्र्य त्वरितं गृहं गतः श्रेष्ठी ।।१५।।

---

તેમને જોતાં તરત જ સર્વજ્ઞનો બરાબર નિશ્ચય થતાં, ભારે હર્ષથી રોમાંચિત થઈ, સ્વામીને વંદન કરીને (૧૧) તે ચિંતવવા લાગ્યો કે-'ભિક્ષાકાલ વ્યતીત થતાં પણ પ્રભુ પ્રતિમાએ રહ્યા છે, તેથી આજે ઉપવાસી લાગે છે. (૧૨) હવે કાલે કલ્યાણ-લતાના કંદ સમાન એ ભગવંત મારા ઘરે પારણું કરે તો બહુ જ સારૂં થાય.' (૧૩) એમ ચિંતવતાં તે પ્રતિદિવસે સ્વામીની ઉપાસના કરવા લાગ્યો. એમ કરતાં ચાતુર્માસ-ખમણ પૂરૂં થવા આવ્યું. (૧૪) પછી બીજે દિવસે પારણાનો સમય જાણી, સ્વામીને નિમંત્રીને જીર્ણશ્રેષ્ઠી તરત પોતાના ઘરે ગયો. (૧૫)

पगुणीकयाइं तेण य सनिमित्तं पुव्वकालसिद्धाइं।
फासुयएसणियाइं भत्तीए पवरभोज्जाइं ।।१६।।

एयाइं अज्ज जयबंधवस्स दाहामऽहंति कयबुद्धी।
अणिमिसवियसियनयणो जयगुरुमग्गं पलोयंतो ।।१७।।

धन्नो कयपुन्नोऽहं सुलद्धनरजम्मजीवियफलो य।
होहामि अज्ज नूणं तिहुअणपहुणो पयाणेण ।।१८।।

चिरभवपरंपरज्जियनिविडासुहकम्मनिगडजडिअस्स।
संपज्जइ जइ परमज्जमेव मोक्खो धुवं मज्झ ।।१९।।

इय चिंतंतो सुविसुज्झमाणलेसो स जायए जाव।
ताव पविट्ठो सामिय अहिणवसेट्ठिस्स गेहंमि ।।२०।।

---

प्रगुणीकृतानि तेन च स्वनिमित्तं पूर्वकालसिद्धानि।
प्रासुकैषणीयानि भक्त्या प्रवरभोज्यानि ।।१६।।

एतानि अद्य जगद्बान्धवस्य दास्यामि अहमिति कृतबुद्धिः।
अनिमेषविकसितनयनः जगद्गुरुमार्गं प्रलोकयन् ।।१७।।

धन्यः कृतपुण्यः अहं सुलब्धनरजन्मजीवितफलश्च।
भविष्यामि अद्य नूनं त्रिभुवनप्रभवे प्रदानेन ।।१८।।

चिरभवपरम्पराऽर्जितनिबिडाऽशुभकर्मनिगडजटितस्य।
सम्पद्यते यदि परम् अद्यैव मोक्षः ध्रुवं मम ।।१९।।

इति चिन्तयन् सुविशुद्ध्यमानलेश्यः सः जायते यावद्।
तावद् प्रविष्टः स्वामी अभिनवश्रेष्ठिनः गृहे ।।२०।।

---

તેણે પોતાના નિમિત્તે અગાઉથી તૈયાર કરાવેલ, પ્રાસુક અને એષણીય 'આ પ્રવર ભોજ્ય આજે હું ભક્તિથી જગબંધુને વ્હોરાવીશ.' એવી ભાવનાથી અનિમિષ વિકાસ પામેલા લોચને પ્રભુની રાહ જોતાં તે પુનઃ ચિંતવવા લાગ્યો કે-(૧૬/૧૭)

'હું ધન્ય, કૃતપુણ્ય છું કે જગદ્ગુરુને આજે દાન આપતાં મારા નરજન્મ અને જીવિત સફળ થશે, (૧૮)

તેમજ લાંબા વખતની ભવ-પરંપરાથી ઉપાર્જન કરેલ નિબિડ અશુભ કર્મરૂપ સાંકળથી બંધાયેલ એવા મને જો પ્રભુ પ્રાપ્ત થશે તો આજે જ મોક્ષ છે.' (૧૯)

એમ સમજી શુભ લેશ્યામાં તે પ્રવર્ત્તે છે તેવામાં સ્વામી અભિનવશ્રેષ્ઠીના ઘરમાં દાખલ થયા, (૨૦)

अच्चंतविभववित्थरदप्पगव्वेण सेट्ठिणा तेण।
भणिया दासी भद्दे! समणं दाउं विसज्जेहि ।।२१।।

तीएविहु तव्वयणाणुरोहओ चट्टुएण कुम्मासा।
उवणीया दाणत्थं पहुणावि पसारिओ पाणी ।।२२।।

खित्ता य तीए तयणंतरं च देवेहिं दुंदुही पहया।
परिमुक्का वसुहारा चेलुक्खेवो कओ झत्ति ।।२३।।

घुट्ठं च अहोदाणं महया सद्देण पंचवन्नाणं।
वुट्ठी विहिया कुसुमाण सुरहिगंधुद्धुराणं च ।।२४।।

मिलिओ य नयरलोगो रायावियं विम्हिओ गिहं पत्तो।
वित्तंतमिमं पुट्ठो य तेहिं सेट्ठी पहिट्ठेहिं ।।२५।।

---

अत्यन्तविभवविस्तारदर्पगर्वेण श्रेष्ठिना तेन।
भणिता दासी 'भद्रे! श्रमणाय दत्वा विसर्जं' ।।२१।।

तथाऽपि खलु तद्वचनानुरोधतः काष्ठभाजने कुल्माषाः।
उपनीताः दानार्थम् प्रभुणाऽपि प्रसारितौ पाणी ।।२२।।

क्षिप्ता च तया तदनन्तरं च देवैः दुन्दुभिः प्रहता।
परिमुक्ता वसुधारा, वस्त्रक्षेपः कृतः झटिति ।।२३।।

घोषितं च 'अहो दानं' महता शब्देन पञ्चवर्णानाम्।
वृष्टिः विहिता कुसुमानां सुरभिगन्धोद्धूराणाम् च ।।२४।।

मिलितश्च नगरलोकः राजाऽपि च विस्मितः गृहं प्राप्तः।
वृत्तान्तमिदं पृष्टश्च तैः श्रेष्ठी प्रहृष्टैः ।।२५।।

---

એટલે ભારે સમૃદ્ધિના વિસ્તારથી ગર્વિષ્ઠ થયેલ તે શ્રેષ્ઠીએ દાસીને હુકમ કર્યો કે-'હે ભદ્ર! આ શ્રમણને દાન આપી, વિસર્જન કર.' (૨૧)

ત્યારે તેના વચનના અનુરોધથી તેણે પણ લાકડાના વાસણમાં અડદ લાવી આપવા માંડ્યા. ત્યાં ભગવંતે હાથ પ્રસાર્યા (૨૨)

અને તેણે તે હસ્તસંપુટમાં નાખ્યા. તેવામાં દેવોએ તરત દુંદુભી વગાડી, વસુધારા અને ચેલ-વસ્ત્રોત્ક્ષેપ કર્યો, 'અહો દાન'ની મોટા શબ્દે ઘોષણા કરી તથા પાંચ પ્રકારના સુગંધી પુષ્પોની વૃષ્ટિ કરી, (૨૩/૨૪)

જેથી નગરજનો ભેગા થયા અને રાજા પણ વિસ્મય પામતો ત્યાં આવ્યો. તેમણે ભારે હર્ષ પામતાં શેઠને એ વૃત્તાંત પૂછ્યો. (૨૫)

तेणावि कवडसीलत्तणेण काउं बहुं फडाडोवं।
सिट्ठं जहा महप्पा एसो परमन्नपाणेहिं ।।२६।।

सयमेव मए पाराविओत्ति अच्चंतभत्तिजुत्तेण।
एत्तो च्चिय तियसेहिं घुट्ठमहो दाणमेयंति ।।२७।। जुम्मम् ।।

सोच्चा एवं लोगो रायाविय गाढहरिसपडिहत्थो।
तग्गुणगहणं काउं जहागयं पडिनियत्तोत्ति ।।२८।।

सो पुण पुराण सेट्ठी अच्चंतविसुज्झमाणसुहभावो।
दुंदुहिसद्दं सोच्चा झडत्ति सोगाउलसरीरो ।।२९।।

पडिचिंतिउं पवत्तो हाहाऽहं मंदभग्गजणजणगो।
जणिओ विहिणा नूणं जस्स घरं लंघिउं नाहो ।।३०।।

---

तेनाऽपि कपटशीलत्वेन कृत्वा बहुः आडम्बरं।
शिष्टं यथा महात्मा एषः परमान्नपानैः ।।२६।।

स्वयमेव मया पारितः इति अत्यन्तभक्तियुक्तेन।
अतः एव त्रिदशैः धृष्टम् 'अहो दानम्' एतद् इति ।।२७।। युग्मम् ।।

श्रुत्वा एवं लोकः राजाऽपि च गाढहर्षपूर्णः।
तद्गुणग्रहणं कृत्वा यथाऽऽगतं प्रतिनिवृत्तः ।।२८।।

सः पुनः पुराणश्रेष्ठी अत्यन्तविशुध्यमानशुभभावः।
